ઈ-આવૃત્તિ

શ્વેતા

પ્રવીણ શાસ્ત્રી
(USA)

VISIT…

શ્વેતા – પ્રવીણ શાસ્ત્રીની વહેતી વાર્તા

"SWETA" Novel by Pravin Shastri

6,Saveria Court, H,owell NJ 07731-1460

E-Mail shastripravinkant@gmail.com

Phone: 001-732-961-6427

*

પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૧

પ્રતઃ ૫૦૦

ટાઇપ સેટિંગ્સ અને મુદ્રણઃ

ચિન્મય જોષી,

શ્રી રંગ પ્રિન્ટર્સ, સુરત

ઈ-આવૃત્તિ

૨૦૧૭

મૂલ્યઃ

આપ વાચક મિત્રોનો પ્રેમ.

અર્પણ

જીવન સંગિની

હૃદયસ્વામિની

My

Boss

યોગિની ને

સપ્રેમ, સાદર

અનુક્રમણિકા

કોઈ પણ પ્રકરણ પર 'ક્લિક' કરી ત્યાં પહોંચી શકશો

અર્પણ.....3

અનુક્રમણિકા.....4

થોડી અંગત વાત.....6

મિત્રને વધાઈ.....10

આશીર્વચન.....12

પ્રકરણ ૧.....14

પ્રકરણ ૨.....18

પ્રકરણ ૩.....25

પ્રકરણ ૪.....33

પ્રકરણ ૫.....41

પ્રકરણ ૬.....46

પ્રકરણ ૭.....51

પ્રકરણ ૮.....56

પ્રકરણ ૯.....64

પ્રકરણ ૧૦.....71

પ્રકરણ ૧૧.....77

પ્રકરણ ૧૨.....86

પ્રકરણ ૧૩ 92

પ્રકરણ ૧૪ 101

પ્રકરણ ૧૫ 109

પ્રકરણ ૧૬ 117

પ્રકરણ ૧૭ 125

પ્રકરણ ૧૮ 133

પ્રકરણ ૧૯ 141

પ્રકરણ ૨૦ 150

પ્રકરણ ૨૧ 159

પ્રકરણ ૨૨ 169

પ્રકરણ ૨૩ 178

પ્રકરણ ૨૪ 185

પ્રકરણ ૨૫ 196

પ્રકરણ ૨૬ 206

પ્રકરણ ૨૭ 215

પ્રકરણ ૨૮ 225

પ્રકરણ ૨૯ 235

અંતિમ પ્રકરણ ૩૦ 245

હજુ જરા બાકી છે. 257

શ્વેતાને શુભાશિષ 265

થોડી અંગત વાત.

પ્રથમ પુસ્તકના પ્રકાશનની વેળાએ આપ સુજ્ઞ વાચકો સાથે મારી થોડી અંગત વાત.

૧૯૫૭-૫૮. કોલેજનું પહેલું વર્ષ.

પહેલી વાર્તા 'પાગલની પ્રેયસીઓ' મુંબઈથી પ્રગટ થતા સામાયિક 'નવવિધાન'મા પ્રગટ થઈ. ફોટા સાથે છપાયલી વાર્તા. જે મળે તેને વંચાવી. ખુબ ફુલાયો. બીજી વાર્તા 'વિલ' વાચકોને ખુબ ગમી. ત્રીજી 'રાહતના રાહે'ને ૧૫ રૂપિયાનો પુરસ્કાર પણ મળ્યો. સીલસિલો ચાલુ રહ્યો. પછી 'સ્ટ્રોબેરીનો પ્રસાદ', 'દહિંવડાના શુકન', 'સાભાર પરત', ' ભુરુ કવર'. અત્ર તત્ર પ્રગટ થતા રહ્યા.... વાર્તાના વ્યસને ઈન્ટરસાયન્સનું વર્ષ બગાડ્યું. વ્યસનને તિલાંજલી આપી. માત્ર લખવાનુંજ નહિ; વર્તમાન પત્રો સિવાય બીજું વાંચવાનું પણ બંધ કર્યું.

૧૯૬૮માં ભારત છોડી લંડન ગયો. મનની ચળ હાથમાં પહોંચી. એક એકાંકીનું સર્જન થયું. 'જુલીના ચક્કરમા'. ભજવાયુંયે ખરું.

૧૯૭૦મા અમેરિકા.

ડોલરના સરવાળા બાદબાકીના સમતોલનમા, આંખે નતો ગુજરાતી વાંચ્યું કે હાથે નતો ગુજરાતી લખ્યું....જાણે આડત્રીસ વર્ષનો માનસિક અંધકારયુગ! અડધી સદીના નામાંકિત વિદ્વાન સર્જકો અને તેના સર્જનથી તદ્દન અજાણ.

૨૦૦૯માં લગભગ સિત્તેરની ઉમ્મરે નિવૃત્ત થયો. નિવૃત્તિની પ્રવૃત્તિ તરીકે વાંચન માટે 'ગુજરાત દર્પણ' પુસ્તકાલયમાં સભ્ય થયો. તંત્રીશ્રી સુભાષભાઈ શાહનો પરિચય થયો. એમના પ્રોત્સાહનથી લખવાનું શરૂ કર્યું. એજ રીતે 'તિરંગા ઈન ન્યુજર્સી'ના શ્રી નિતીનભાઈ ગુર્જરે મારા સુસુપ્તમનને જાગૃત કર્યું.જીવન સંગિની યોગિનીએ જરૂરી સહકાર આપ્યો. ગુજરાતી લેખનના લીલાછમ ઉદ્યાનમાં એક પીળું બદામી પલ્લવ પાંગર્યું...નવોદિત.. ...પ્રવીણ શાસ્ત્રી.

મિત્રો અને સ્વજનોમા લેખક કહેવાયો. માત્ર લેખક.... જેઓ લખે તે બધાજ લેખક કહેવાતા હોય તો હું પણ લેખક. પાંચ વર્ષનું બાળક કક્કો લખે તો તે પણ લેખક. એજ રીતે હું પણ લેખક.

માત્ર લેખક..... સાહિત્યકારોના સાહિત્યમાં લખાતા શબ્દો નહિ , પણ શેરીઓમાં કે ઘરના સોફા પર બેસીને વાતોમાં બોલાતી આડંબર વગરની બોલીમા, કાલ્પનિક ઘટનાઓની વાત લખતો થયો. સાહિત્ય શબ્દ મારાથી ઊંચકી ન શકાય એટલો વજનદાર છે. હું સાહિત્યકાર નથી જ. આજુબાજુના જીવનના રંગ-તરંગોને મારી રીતે મુલવીને કાલ્પનિક રૂપાંતરિત વાતો લખું છું.

એક સત્ય ઘટના..... 'નવપરિણિતાને પતિએ કહી દીધું હું અન્યના પ્રેમમા છું. તારે માટે હું મરેલો છું તું આજથીજ વિધવા છે. પણ પ્રેમિકા બીજે પરણી જતા પરિણિતાનો પતિ છેવટે પત્નીને અપનાવે છે. પત્નિનો પ્રેમ સમજે છે, પણ ટૂંક સમયમા અકસ્માતમાં મૃત્યુ પામે છે. પત્ની બીજુ વૈધવ્ય ભોગવે છે.'

કથાબીજ પરથી એક "શ્વેતા"નું સર્જન થયું. એક વાર્તા 'અખંડ વૈધવ્ય'નો શબ્દ દેહ ઘડાવા માંડ્યો. પણ **એકવીસમી સદીની આધુનિક કથા નાયિકા શ્વેતાનું ભાવી સત્ય ઘટનાની કરૂણતા કરતા કંઈક જૂદું જ હતું. લેખક તરીકે હું મૂળ કથાબીજને** વફાદાર નહિ રહી **શક્યો** વહેતી રહેલી વાર્તાના વળાંકોએ નવલિકાને બદલે **"ન જાણું હું જાનકીનાથ, પ્રભાતે શું થવાનું છે"** લઘુનવલકથાનું સ્વરૂપ પકડ્યું. આ લઘુનવલને શ્રી સુભાષભાઈ શાહે, હપ્તાવાર પ્રકાશન માટે 'ગુજરાત દર્પણ'માં સ્થાન આપ્યું. **("ગુજરાત દર્પણ" સર્વોચ્ચ લોકપ્રિયતા અને સર્વાધિક વાચકો ધરાવતું અમેરિકાના ટ્રાય સ્ટેટ ઉપરાંત શિકાગો, જ્યોર્જીયા, કેલીફોર્નીયા અને કેનેડા,માંથી સર્વપ્રથમ પ્રસિધ્ધ થતું એક માત્ર ગુજરાતી નિઃશુલ્ક સામાજિક સામયિક છે.)** આજે આપના હાથમાં **એક 'વહેતી વાર્તા', મારા પ્રથમ પુસ્તક સ્વરૂપે** છે. આશા છે કે વાર્તાની નાયીકા શ્વેતા આપને નિરાશ ન જ કરે.

આ નવલની ભાષા અંગે સભાન પૂર્વકની ક્ષમાયાચના.

આ નવલમાં, સાંપ્રત સમયમાં મુંબાઈ કે અમેરિકામાં વસતા ગુજરાતીઓ દ્વારા બોલાતી સાહજિક અંગ્રેજી મિશ્રીત ગુજરાતી વાર્તાલાપનો ઉપયોગ થયો છે. શક્ય છે કે

શુધ્ધ ગુજરાતી કે શુધ્ધ અંગ્રેજી ભાષાના આગ્રહશીલ વિદ્વાન સાહિત્ય સર્જકો, સમીક્ષકો અને કેટલાક સુજ્ઞ વાચકોનો કોપ સહેવો પડે.

જેમના પ્રેમાશિષથી મારું એક વ્યક્તિ તરીકે ઘડતર થયું છે એવા મારા સ્વર્ગસ્થ વડિલોને સ્મરણાંજલી આપવાનું કેમ ચુકાય?

મારા સ્વ. દાદાજી કર્મકાંડાચાર્ય શ્રી ઘેલાભાઈ શાસ્ત્રી. આજન્મ શિક્ષક પિતાશ્રી મગનલાલ, માતુશ્રી નાનીગૌરી, કાકાશ્રી મોહનલાલ, માતૃતુલ્ય ભગિની ભાનુમતીબેન અને વડિલબંધુ શ્રી મધુસૂદનભાઈનો હું આજન્મ ઋણી રહિશ.

મારી લેખન પ્રવૃત્તિ અને આ પુસ્તક પ્રકાશનમાં અનેક રીતે માર્ગદર્શક અને સહાયક બનનાર શુભેચ્છક સ્નેહિઓના આભારદર્શન વગર મારી વાત અધુરી જ રહે.

ગુરુવર્ય પુજ્યશ્રી ડૉ.હરિકૃષણ જોષી, સર્જકોના સર્જક, ગુજરાત દર્પણના તંત્રીશ્રી સુભાષભાઈ શાહ, અને તેમના પુત્ર શ્રી કલ્પેશ શાહ, ગુજરાત દર્પણ પરિવારના લેખક મિત્રો; લેખક, પત્રકાર અને સામાજિક કાર્યકર શ્રી કૌશિક અમીન, અનેક પારિતોષિક વિજેતા, લોકલાડિલા હાસ્યલેખક શ્રી હરનિશ જાની, સાહિત્યકાર શ્રી પ્રવીણ પટેલ, ડૉ. નીલેશ રાણા, ડૉ. અમૃત હજારી, શ્રી આર.ડી. પટેલ, વડિલ મિત્ર શ્રી ભાનુભાઈ ત્રિવેદી, શ્રી જોસેફભાઈ પરમારના લેખન પ્રોત્સાહન બદલ હું હંમેશા ઋણી રહિશ.

આ નવલ માટે અભ્યાસુ સમીક્ષક શ્રીમતિ માધવીબેન દવે, મુદ્રણ વ્યવસ્થા સંભાળનાર શ્રી ચિન્મય જોષી અને વિતરણ સહાયક લઘુબંધુ શ્રી મહેશભાઈ ભટ્ટનો હું અત્યંત આભારી છું.

દરેક અંકમાં મારી નવલિકા પ્રગટ કરીને **“Contributing Writer”**તરીકે સ્થાન આપવા બદલ **"Tiranga in New Jersey "** ના પબ્લિશર શ્રી નીતિનભાઈ ગુર્જર નો આભાર માનવાનું પણ કેમ ભુલાય.

જો આપ મારી આ વાત વાંચી રહ્યા હો તો હું આપનો પણ; ખૂબ, ખૂબ, ખૂબ આભારી છું

અને અંતે, લગભગ અડધી સદીથી પડખે રહેનાર સ્નેહસંગિની મારી પત્ની યોગિનીના આગ્રહ, પ્રેરણા, અને સાથસહકાર વગર આ પુસ્તક પ્રકાશન શક્ય બન્યું ન હોત.

આપનો પ્રતિભાવ મારી લેખન પ્રવૃત્તિ માટે માર્ગદર્શક બની રહેશે.... લખશોને? ... આભારી થઈશ.

Pravinkant M. Shastri
6 Saveria Court
Howell, NJ 07731 USA 732-804-8045

મિત્રને વધાઈ

કોઈપણ પુસ્તકને બીજાકોઈ લેખકના પ્રાસ્તાવિકરૂપી પ્રમાણપત્રની જરૂર ખરી કે? મને નથી લાગતું કે પુસ્તકને અંગે બીજા લેખકના સહાનુભૂતિપૂર્ણ શબ્દો, વાચકોને તે પુસ્તક વાંચવા પ્રેરે! મારા આ પ્રાસ્તાવિકથી પ્રવીણભાઈ શાસ્ત્રીની કલમમાં કાંઈ ફેર નથી પડવાનો કે પુસ્તકના વેચાણ ઉપર કાંઈ અસર નથી થવાની. કહેવાય છે કે 'કૃતિ પોતેજ સર્જકનો પરિચય છે' પ્રવીણભાઈ એમ માને ચે કે પોતે નવા લેખક છે અને તેમને સિનિયર લેખ્કનો ટેકો મળે; તો કોલો તેમને વાંચતા થાય.

હું એમની એ વાત સાથે સંમત થતો નથી. એ નવા લેખક નથી. એમની કલમને કોઈના સહારાની જરૂર નથી. જો તમને મારી વાત ખોટી લાગતી હોય તો તેમે પુસ્તક વાંચી જોજો. પછી તમે જ નક્કી કરજો.

સિત્તેર વર્ષની ઉંમરે અને અમેરિકાના પચાસ વર્ષના લાંબા વસવાટ પછી જે લેખક સમજપૂર્વક કલમ ઉપાડતા હોય અને જેમની આવી કૌવતવાળી ભાષા-શૈલી હોય તેને ભલા નવોદિત લેખક કેમ કહેવાય! હું માનું કે તેઓ પચાસ વર્ષ અમેરિકામાં 'કોમા'માં નહોતા. અમેરિકામાં જીવન જીવ્યા છે. પત્ની અને બાળકો સાથે અમેરિકી જીવન શૈલીમાં સમય વિતાવ્યો છે. એકરસ થયા છે. નોકરી-ધંધામાં, અમેરિકન જીવનનું ભાથું ભર્યું છે. આ બધી વાતો એક સારા નવલકથાકાર માટે કાચો મસાલો છે. સાથે જરૂરી છે સાહિત્યપ્રેમ. તો તે તો છે જ. આટલા વાનાં જેની પાસે હોય તે નવોદિત શાના?

તેમના હાઈસ્કુલ જીવનથી તેઓ ટૂંકી વાર્તાઓ લખવાના શોખીન જણાયા છે. અગાઉ મેં જણાવ્યું તેમ અમેરિકામાં તેઓ કંઈ બેભાન અવસ્થામાં નહોતા. તેમણે ઘણું અનુભવ્યું છે, ઘણું નિરીક્ષણ કર્યું છે, ને તે બધું તેમણે અહીં પોતાની વિશિષ્ટ શૈલી-લઢણથી નિરૂપ્યું છે. આ નવલ કથા ભલે એમનું પ્રથમ પુસ્તક હોય; પણ આપણને એમના લખાણમાંથી આ વાતની સાબિતી મળે છે.

એમના પાત્રો સામાન્ય ગુજરાતી કુટુમ્બનાં પાત્રો છે. શ્વેતા આપણી જ બહેન-દીકરી લાગે. તેનો પતિ અક્ષય આમતો ભારતમાં વસે છે પણ અમેરિકામાં રહેતો ગ્રીન કાર્ડવાળો ગુજરાતી યુવક લાગે. અમેરિકામાં કેટકેટલા યુવાનો એ દેશમાં જઈને, ત્યાંથી પરણીને આવેલી કોડભરી કન્યાઓને, અહીંની અમેરિકન યુવતીઓના ચક્કરમાં રઝળાવી છે! પરંતુ સુંદરલાલ અને સુવર્ણાબહેન જેવાં શ્વેતાના સાસુ-સસરા તો કોઈ નસીબદારને જ મળે. લેખકે શ્વેતાને રણમાં મીથી વીરડી સમા સાસુ-સસરા આપ્યાં છે. જેને કારણે તે સરળ વિનમ્ર ગૃહલક્ષ્મીમાંથી ઝાંસીની લક્ષ્મી બની જાય છે. ફિલ્મવાળા કહે છે તેમ, વધુ માટે રૂપેરી પડદે જુઓ અથવા તો પુસ્તકનાં પાના ખોલો એમ કહી શકું.

એમાં નવાઈની વાત તો એ છે કે એમણે પચાસ વરસ (૪૦-૪૫ કરતાં ૫૦ નો આંકડો સારો લાગે) પછી કલમ ઉપાડી છે. વાર્તા સિદ્ધહસ્ત લેખકની જેમ વહેતી રહે છે. રસભંગ કે પ્રવાહભંગ થતો નથી. વળી આ નવલકથામાં વાચકને જકડી રાખવાનો બધો જ મસાલો છે. પ્રેમ - લગ્ન – બિઝનેસ – પાર્ટી – ડ્રગસ – દગો – પોલિસ અને જેના વિના વાર્તામાં રસ જ ન પડે એ – સેક્સની વાતો, સ્વેતાને છોડીને શ્વેત છોકરીના રોમાન્સમાં લેખકે અજમાવી છે. એ બતાવે છે કે કેખક સાઠનો દાયકો છોડીને નવા મિલેનિયમમાં પ્રવેશી ચૂક્યા છે અને વર્તમાન ગુજરાતી સમાજને ચિતર્યો છે.

જો કે આ નવલકથામાં લેખકે વાપરેલા ભર્પૂર અંગ્રેજી શબ્દો થોડા નિવારી શકાયા હોત. નવલકથા વાંચીએ તો લાગે કે લેખકના પાત્રો અંગ્રેજી માધ્યમવાળી સ્કૂલમાં ભણ્યાં હશે અને ગુજરાતી બોલવા સભાન પ્રયાસ કરી રહ્યાં છે. અમેરિકાની અસર જ સમજો.

પ્રવીણભાઈને આવી સુંદર વાર્તા પીરસવા બદલ અભિનંદન. લેખક ભવિષ્યમાં નવા નવા વિષયો સાથે આપણી સમક્ષ આવે એવી અભ્યર્થના. પ્રવીણભાઈ ભૂલતા નહીં કે તમે મોડી શરૂઆત કરી છે અને લોકો સિત્તેર વરસનાને નવોદિત નથી ગણતા. લગે રહો પ્રવીણભાઈ.

હરનિશ જાની
(હાસ્ય લેખક) June 1, 2011.
4, Pleasant Drive, YARDVILLE, NJ – 08620 –USA
E-Mail:-harnish5@yahoo.com : Phone 001-609-585-0861

આશીર્વચન

H R Joshi saheb on “SWETA”

નવાઈ જ લાગે, એવું સાભળીએ તો કે નિવૃત્ત થયા પછી સુષુપ્ત સાહિત્યપ્રીતિ સર્જનાત્મક્તાને સથવારે અનેક નવલિકાઓ અને નવલકથાનું નજરાણું સાહિત્યપ્રેમીઓને સાદર કરે.

હા, હું વાત કરવા ઈચ્છું છું ભાઈ પ્રવીણ શાસ્ત્રીની.

શાળામાં મારા વિદ્યાર્થી અને સહકર્મી રહી ચૂકેલા પ્રવીણભાઈ શિક્ષક-પરિવારની સંસ્કારપ્રીતિ, સમાજનું ઋણ અદાકરવાની નિષ્ઠા અને નિત નવું કરતાં રહેવાના અરમાનો સાથે જીવનપથ પર આગળ વધતા રહ્યા. આપબળે જ અડગ નિર્ધાર સાથે ઈંગ્લેન્ડ અને અમેરિકાની ધરતી પર પુરૂષાર્થ કરતા રહ્યા. એમણે એમના જ નહીં અનેક પરિવારોને અમેરિકામાં સ્થાયી વસવાટ માટે પ્રેર્યા. સહાય કરી અને માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. આજે નિવૃત્તિનો નિજાનંદ પ્રવીણભાઈ અનેક પરિવારના પ્રેરણામૂર્તિ છે.

વિપરીત સંજોગો સામે ઝઝુમી એમણે પ્રતિષ્ઠા, યશ અને સમૃદ્ધિ તો પ્રાપ્ત કરી જ પણ સાથે સાથે જીવનમાં શું કરવું જોઈએ, શું કરી શકાય અને અંતર્હિત સમૃદ્ધિને શી રીતે યોગ્ય દિશા ચીધી શકાય એનો આદર્શ પણ સામાન્યતામાં રાચતા અને આંતરિક શક્તિઓને અવગણતા યુવાધનને પૂરો પાડ્યો એમ કહેવામાંજરા ય અતિશયોક્તિ નથી.

જીવનના સાત દાયકા પછી માણસની આર્થિક અને અનુભવ સમૃદ્ધિ વધી જ હોય; જો એણે સાચી દિશામાંપ્રયાણો કરી મબલખ પુરૂષાર્થ કર્યો હોય. પ્રવીણભાઈએ પોતાના અનુભવ સાગરમાંથી પ્રાપ્ત મોક્તિકો સમાજને સાદર કરવાનું નક્કી કર્યું હોય એવું લાગે છે.

‘શ્વેતા’ એમની પ્રથમ લઘુનવલ છે. પ્રસંગો અને પાત્રોથી છલકાતી આ કૃતિ સાદ્યંત આસ્વાદ છે. ઘટના ક્રમની ઝડપ અને વૈવિધ્ય વાચકને કુતૂહલ પ્રેરિત આખે છે અને એકી બઠકે સમગ્ર કૃતિને માણિ લેવા પ્રેરે છે.

ભાઈ પ્રવીણની કલમ આવી અનેકાનેક આસ્વાદ્ય સમાજલક્ષી કૃતિઓ સમાજને ભેટ ધરે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

મારા ગુરુવર્ય શ્રી જોષી સાહેબ શ્વેતા માટે પ્રાસ્તાવિક નોંધ લખતાં જણાવે છે.....

પાત્રો,પ્રસંગો અને ઘટનાઓના મનભાવન મેળામાં મહાલતાં આનંદ તો થયો જ અને સાથે સાથે મનમાં આકાર લેતી અનુભૂતિમાં ખોવાતો પણ ગયો.

સુખી સમૃદ્ધ પરિવારમાં આનંદમય ભાવિનાં સ્વપ્ન આંખ્માં આંજી પ્રવેશેલી નવવધૂના અરમાનો પર થતો ક્ઠારાઘાત, છકેલા ને વંઠેલા પતિ સામેઅકલ્પ્ય મનોબળથી ઝૂઝતી નવવધૂઅને સંસ્કારરત પરિવારનું સાંપડતું સમર્થન વાચકને નિરાશા વચ્ચે પણ આશ્વાસ્ત રાખે છે. વાત વહેતી રહે છે, અનેક વળાંકો સાથે, છિન્નભિન્ન જીવન ગોઠવાતું લાગે ત્યાં તો નાયિકાના મનોરથ પર પ્રસંગચક્ર ફરી એકવાર ફરી વળે, અને વળી પાછી નાયિકા માટે એક નવી દિશા ઊઘડતી દેખાય. આ સ્ખાંત પણ નવા આશ્ચર્યથી વધુ સુખદ બને અને વ્યક્તિ, પરિવાર પરિવાર તથા સમાજને આવરી લેતાં આયોજનો સાથે વિરામ લે.

ઘટના-પ્રધાન એવી આ લઘુ-નવલના પ્રસંગો, પાત્રો અને મનોભાવો ભાવકને વાર્તા પ્રવાહમાં સફળતાપૂર્વક ખોવાયલો રાખે છે. સ્થળ-પસંદગી કે પ્રસંગવર્ણન પણ ઔચિત્યસભર રહ્યાં છે.

વાંચન-રસિકો અને જીવનના અવકાશને આનંદમય બનાવવા ઈચ્છતા સૌને આ લઘુ-નવલ ગમશે એટલું જ નહીં પણ એવી જ અન્ય વાર્તાઓની અપેક્ષા રાખતાં પણ કરશે.

ડૉ. હરિકૃષ્ણ જોષી

નિવૃત્ત આચાર્ય

વી.ટી.સી. સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત.

પ્રકરણ ૧

હાર્ટ શેઇપનો આધુનિક પલંગ મઘમઘતાં તાજાં રંગીન ફૂલોથી શણગારેલો હતો. બેડની ત્રણ બાજુની દિવાલો આકર્ષક આયનાઓથી મઢેલી હતી. મોડર્ન સાઉન્ડ સિસ્ટિમમાંથી ધીમા માદક સુરો વહેતા હતા. આછા ઝાંખાં પ્રકાશમાં નાની નાની મોમબત્તીની નાજુક તેજ શિખાઓ શૃગારીક સંગીતની સાથે જાણે ડોલતી હતી. ટેબલ પર ચાંદીના ગ્લાસમાં બદામ પિસ્તા કેસર અને ગુલાબની પાંદડીવાળું દૂધ દુલ્હારાજા અક્ષયની રાહ જોતું હતું. માત્ર કેશરીયા દૂધ જ નહિ; સૌભાગ્યનો શણગાર સજીને લાલ પાનેતરમાં બેઠેલી નવોઢા શ્વેતા, સુહાગરાતના કૌમાર્યભંગના કલ્પિત ભયના અનેરા સ્પંદનો અનુભવતી, પોતાના પતિ અક્ષયની રાહ જોતી હતી..... વિચારતી હતી.

આ બધું કેટલી ઝડપથી બની ગયું હતું! શ્વેતા તો ઇકોનોમિક્સ સાથે M.B.A. કર્યા પછી મોટાભાઈ સાથે એમના શેઠ, શ્રી સુંદરલાલ શેઠ પાસે નોકરી મેળવવા 'સુવર્ણા ફાઈનાન્સિયલ પ્રાઈવેટ લિમિટેડ'માં ગઈ હતી.

નરિમાન પોઈન્ટના પોશ એરિયામાં સુંદરલાલ શેઠની ઓફિસ હતી. દિલ્હી, ચેન્નાઈ અને અમદાવાદમાં પણ સુવર્ણા ફાઈનાન્સની શાખાઓ હતી. રોજ કરોડોની ઉથલપાથલ થતી હતી. ઓફિસ બિલ્ડીંગના બે ફ્લોર પર સહેજે દોઢસો માણસો કામ કરતા હશે. શ્વેતાને ખાત્રી હતી કે નોકરી મળી જ જશે કારણ કે શેઠજી જ્ઞાતીના જ હતા. દલાલ સ્ટ્રીટના બાદશાહ કહેવાતા હતા. શ્વેતાના પિતાના અવસાન પછી મોટાભાઈ, યોગેશભાઈ શ્રોફના લગ્ન એમના મિત્રની પુત્રી હેમાલી સાથે કરાવી આપ્યાં હતાં. પિતાના મૃત્યુ પછી મોટાભાઈ તાજા જ ગ્રેજ્યુએટ થયા હતા. કોઈ પણ અનુભવ ન્હોતો છતાંય સારો પગાર આપીને નોકરીએ રાખ્યા હતા. ત્યારે શ્વેતા માંડ દસ વર્ષની હશે.

શ્વેતા નાનપણથી જ તેજસ્વી છોકરી હતી. મોટાભાઈ લાડકીબેનના વખાણ કરતાં થાકતા ન હતા. સગાવ્હાલાં હોય કે આડોસી પાડોસી હોય, મિત્રો હોય કે સહકાર્યકર્તા હોય. મારી બેનડી કે મારી શ્વેતુની ગૌરવગાથા ગવાતી જ હોય. સુંદરલાલ શેઠ આ બધું સાભળતા. એમણે જ શ્વેતાને ઇનગ્લીશ મિડિયમની પ્રાઈવેટ સ્કુલમા દાખલ કરાવી હતી.

અક્ષય પણ એજ સ્કુલમાં બે વર્ષ આગળ ભણતો હતો. શેઠની આ સ્કુલમા મોટી સખાવત હતી. દર વર્ષે એમને હાથે અભ્યાસ ઉપરાંત અનેક પ્રવૃત્તિઓના ઈનામની વહેંચણી થતી. શ્વેતા દર વર્ષે ઘણાં ઈનામો મેળવતી. અક્ષયને માંડમાંડ ઉપર ચઢાવવામાં આવતો. ચાર વાર એસ.એસ.સીમાં નાપાસ થયા પછી કોઈક રીતે પાસ તો થયો પણ આગળ ભણવાનું માંડી વાળ્યું. શ્વેતા ઘણી આગળ નીકળી ગઈ.

કોલેજના ઈકોનોમી ફોરમની ડિબેટીંગ કોમ્પીટીશનમા શેઠ પણ એક જજ હતા. એમના હાથે જ શ્વેતાને પહેલું ઈનામ અપાયું હતું.

ભાભીના હાથના દહીંના શુકન લઈને જ ભાઈ સાથે નોકરી માટે શેઠને મળવા ગઈ હતી. યોગેશભાઈને નોકરી મળવાની ખાત્રી હતી. શ્વેતાને ભરપુર આત્મવિશ્વાસ હતો. નોકરી તો મળશે જ પણ પગાર શું માંગવો તેની દ્વિધા સતાવતી હતી. આખી રાત જાગીને તૈયાર કરેલો પોર્ટફોલિયો શેઠ સાહેબને આપ્યો. શેઠ સાહેબે જોયા વગર જ ટેબલ પર મુકી દીધો. હાઈબેક ચેર પર માથું અઢેલી, આંખો બંધ કરી બેસી રહ્યા. પૂરી સાત આઠ મિનિટ પછી આંખ ઉઘાડી. શેઠજીએ હળવેથી કહ્યું;

"દીકરી શ્વેતા! મારે તને મારી કંપનીની એમપ્લોઈ જ નહિ પણ પાર્ટનર અને મારા ઘરની ગૃહલક્ષમી બનાવવી છે. જો તમને મંજુર હોયતો દસ દિવસ પછી સરસ મુહુર્ત છે. લગ્ન ગોઠવી દઈએ. અક્ષય મારો એકનો એક દીકરો છે. બધી વ્યવસ્થા હું કરી દઈશ તમે જરાયે મુંઝાશો નહિ. મને રાત્રે ફોન કરજો. હું અને સુવર્ણા તમારા ફોનની રાહ જોઈશું."

સાંજે ભાઈ ભાભીએ બંધ બારણે ઘણી વાતો કરી. ભાભી કહેતા હતા "ધીમે ધીમે બધું થાળે પડી જશે. લગ્ન પછી ધીમેધીમે સૌ સારાવાના થઈ રહેશે . બહેના રાજ કરશે રાજ!" મોટાભાઈ કંઇક ખંચકાતા હતા. "આ તો દીવો લઈને કુવામાં ઉતરવા જેવું છે મારું મન નથી માનતું."

"પણ તમારી નોકરીનું શું? શેઠના આપણા પર કેટલા ઉપકાર છે! અક્ષય , કરોડપતિ બાપનો એકનો એક દીકરો છે. કેટલાએ ધનિકો અને રાજકારણીઓ આ સંબધને માટે શેઠના પગથીયા ઘસે છે. શ્વેતાએ ગયા જન્મમાં કેટલાયે પૂણ્ય કર્યા હશે ત્યારે એને આ તક મળે છે." શ્વેતાએ ભાભીને કહેતા સાંભળ્યા હતા.

મોટાભઈએ શ્વેતાને કહ્યું " બેન! અક્ષય ખાસ ભણેલો નથી. માંડ માંડ S.S.C. થયેલો છે. બાપ કમાઈ પર તાગડધિન્ના કરનારા અમીર સંતાનોમાં ન કલ્પેલા દુર્ગુણો ભરેલા હોય છે. છેલ્લા થોડા વર્ષોમાં તું એને મળી પણ નથી. અરે તેં એને જોયો પણ નથી. મારું મન નથી માનતું. ચિંતા થાય છે. કેમ મેળ બેસશે?"

“મને આપણી શ્વેતાની શક્તિ અને સંસ્કાર પર પૂરો ભરોસો છે. કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળે એવી કાબેલ છે. શેઠકાકાના આપણા પર કેટલા ઉપકાર છે. નગુણા થઈએ તો કદાચ તમારી નોકરી પણ ગુમાવવાનો વારો આવે. અને આપણા આઠ વર્ષના સૌરભનું ભવિષ્ય શું?” ભાભીએ વાસ્તવિકતાનો નિર્દેશ કર્યો.

‘મોટાભાઈ તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો. ઘરમાં સૌનો પ્રેમ હશે તો ભણતર આડું નહિ આવે.’ ભાભીએ તે રાત્રે હકારનો, ફોન પર ગ્રીન સિગ્નલ આપી દીધો.

બધું સ્વપ્નવત્ બની ગયું. આજે શ્રોફમાંથી શ્વેતા શેઠ બનેલી, સ્ત્રી જીવનની અણમોલ ઘડીની રાહ જોતી, શરમાતી મુંઝાતી અક્ષયની પ્રતીક્ષા કરતી બેઠી હતી.

બે કલાક વીતી ગયા. આખરે દોઢ વાગ્યે અક્ષય લથડતા પગે દારુની બોટલ સાથે રૂમમાં દાખલ થયો. એક પણ શબ્દ બોલ્યા વગર ખૂણા પરના સોફાપર બેઠો. વિચિત્ર દુર્ગંધ વાળી સિગારેટ સળગાવી. અક્ષયના મોંમાથી દારુની વાસ અને સિગરેટના ધૂમ્રવલયોથી ઘડી પહેલાનો મઘમઘતો રૂમ ગંદકી ભર્યો થઈ ગયો. શું આ શ્વેતાની ભાવિ જિંદગીનો અણસાર હતો?

"શ્વેતા! આ બધા ફિલ્મી ડ્રામાની હવે કાંઈ જરૂર નથી. ઘૂંઘટ ખોલ, કાન અને દિમાગ ખુલ્લા રાખ. હું જે કહું તે ધ્યાનથી સાંભળ. તું તો મારાથીયે ખુબ ભણેલી છેને! સાનમા સમજી જજે. હું મારું તન, મન અને અંગત ધન, કેથીને આપી ચુક્યો છું. મારો કેથી પ્રત્યેનો પ્રેમ અમર છે. મમ્મીએ સમાજને માટે અને પપ્પાએ કદાચ લગ્ન પછી હું કેથીને છોડી દઈશ એ આશાએ તારી સાથે લગ્ન કરાવ્યા છે. જો વારસા હકમાંથી કાઢી મૂકવાની ધમકી ન આપી હોત તો હું તને પરણતે જ નહિ.

તારે માટે અક્ષય મરી ચૂક્યો છે એમ માનીને જ તારે આ શેઠ ખાનદાનમાં જીવવાનું છે. અત્યારથી જ માની લે કે તું વિધવા છે.... લે, હું તને સરળતા કરી આપું."

અક્ષય ઉભો થયો. ઘૂંઘટ ઉઘાડી નિર્દયતાથી સેંથામાનું સૌભાગ્ય સિંદૂર અને કપાળ પરનો કુમકુમ ચાંદલો ભૂંસી નાંખ્યો.

શ્વેતાને તમ્મર આવતાં હતાં. ચારે બાજુના આયનામાં તેના જ અનેક પ્રતિબિંબો ડાકલાં વગાડતાં ભૂતાવળ સમા ભાસતાં હતાં. પોતાના જ પ્રતિબિંબો અમાનવીય નગ્ન નૃત્ય કરતા ગાઈ રહ્યા હતાં. 'શ્વેતા તું વિધવા છે...શ્વેતા તું વિધવા છે..' તદ્દન આછા પ્રકાશમા તેનું લાલ પાનેતર વૈધવ્યનો કાળો સાડલો ભાસતો હતો.

‘સાંભળી લે. આ તો માત્ર શરૂઆત જ છે. હજુ મારે એક નાટક કરવાનું બાકી છે. કાલની ફ્લાઈટમાં આપણે એક વીક માટે હનીમૂન માણવા સ્વીટ્ઝર્ડલેન્ડ જવાનું છે. મોં હસતું રાખી, તારા ભાઈની નોકરીની સલામતી માટે હું કહું તેમ કરતી રહેજે.’

શ્વેતાને ખબર ન હતી કે સવારે શું થવાનુ છે. એને સાંભળેલું સૂત્ર યાદ આવ્યું...

"ન જાણું હું જાનકીનાથ, પ્રભાતે શું થવાનું છે "

શ્વેતાની અનિશ્ચિત જિંદગીનો પ્રારંભ થયો.

પ્રકરણ ૨

ગઈ કાલની સુહાગ રાત , જિંદગીની ભયાનક રાત બની ગઈ હતી. સવારે પાંચ વાગ્યે, શરીર અને મન માંદલું થઈ ગયું હતું. હાથ પગ છુટ્ટા રાખીને નિરાંતે ઘસઘસાટ ઊંઘવાવાળી શ્વેતા, આખી રાત ટુંટિયું વાળીને જાગતી, રડતી પડી રહી હતી. છેવટે તે ઉઠી. પાનેતર અને શણગાર શરીરથી અળગો કર્યો. કદાચ કાયમને માટે.

નાઈટ ગાઉન ચઢાવ્યો. બાથરૂમમાં જઈ હૂંફાળા પાણીથી કપાળ સાફ કર્યું. અક્ષય હજુ સોફા પર સ્યૂટ બૂટ સાથે ઊંઘતો હતો. ઘડીભર તો એણે વિચાર્યું,'

લાવ, એના શૂઝ કાઢું, મારે એને કેથી પાસેથી છોડાવીને મારો કરવાનો છે. અક્ષયના કહેવા પ્રમાણે સુંદરલાલની પણ એજ ઈચ્છા છેને? પ્રેમ અને ધીરજથી એને હું જીતી લઈશ.'

શ્વેતાએ ધીમે રહીને અક્ષયના સૂઝ કાઢ્યા. અક્ષય જરા ચળવળ્યો. એણે શ્વેતાનો હાથ પકડ્યો. ઊંઘમા બબડતા બોલતો હતો, "ડાર્લીંગ કેથી! ડોન્ટ વરી, શ્વેતુડીને તો ઠેકાણે પાડી દઈશ"

શ્વેતા ચમકી ગઈ. ના શ્વેતા ના! મારે ઓગણીસમી સદીની હિરોઈન નથી બનવું. આતો એકવીસમી સદી છે.

એ ઈઝી ચેર પર બેસી રહી. શું કરવું તે સમજાતું ન્હોતું. શૂન્યમનસ્ક થઈને બેસી જ રહી. સવારે સાત વાગ્યા. અક્ષય જાગ્યો. એણે શ્વેતા તરફ જોયું. ખંધુ હસ્યો. નફ્ફટાઈથી કહ્યું

"ગુડ મોર્નિંગ હની, હાઉ વોઝ યોર નાઈટ? આઈ હોપ, યુ સ્લેપ્ટ વેલ."

શ્વેતાને ઉત્તર વાળવાનું જરૂરી ન લાગ્યું. તે ઉઠીને ડાઈનીંગ રૂમમાં ગઈ.

સુંદરલાલ અને સુવર્ણાબેન બ્રેકફાસ્ટ લેવાની તૈયારી જ કરતાં હતાં. શ્વેતાએ જયશ્રી ક્રિષ્ન કહી વડીલોના ચરણ સ્પર્શ કર્યા. એનો ઉજાગરા ભર્યો ચહેરો અને થકાવટ સુવર્ણાબેનની ધ્યાન બહાર ન્હોતા. એઓ મર્માળું મલક્યા.

"બેટી! બહુ જલદી ઊઠી ગઈ? થોડો આરામ કરવો હતોને!"

"રોજ વહેલા ઊઠવાની ટેવને! જાગી જવાયું."

એટલામાં અક્ષય પણ ડાયનિંગ રૂમમાં આવી પહોંચ્યો.

"ગુડ મોર્નિંગ પપ્પા, ગુડ મોર્નિંગ મમ્મી."

"અરે! આ શું? રોજ અગીયાર વાગ્યે વાગ્યે ઊઠનાર સૂર્યવંશી દીકરો વહેલો ઊઠી ગયો. ચાલો શ્વેતાને પગલે આ સુધારો તો થયો." સુવર્ણાબેન હરખાયાં.

"પપ્પા, આજે સાંજની ફ્લાઈટમાં સ્વીટરલેન્ડ જવાનું નક્કી કર્યું છે એક અઠવાડિયાનો પ્રોગ્રામ છે. એ બહાને અમે એકબીજાને ઓળખી શકીશું, સમજી શકીશું."

"હા, હા. એતો ખૂબ આનંદની વાત છે. જાઓ મજા કરો." સુંદરલાલને પોતાની ગણત્રી સાચી પડતી લાગી.

"પણ પપ્પા, હાલ પૂરતું મુલતવી રાખવું પડશે." શ્વેતાએ કહ્યું.

"કેમ?"

"અહીં મારો પાસપોર્ટ પણ નથી અને વીસા વગર થોડુ ફોરેન જઈ શકાય? અક્ષયને જવું હોયતો ભલે એકલા ફરી આવે. હું અહીં મમ્મી પાસે રહી ઘરની પ્રણાલિકાથી વાકેફ થઈશ."

"અરે ગાંડી! સુંદરલાલ શેઠની વહુ માટે કોઈ મુશ્કેલી હોય જ નહીં."

સુંદરલાલે પાસે પડેલો સેલફોન ઉપાડ્યો.

"જે શ્રી કૃષ્ણ યોગેશભાઈ. ગઈ કાલનો થાક ઉતર્યો કે નહીં? બે ચાર દિવસ આરામ કરજો. પણ તમારું એક કામ પડ્યું છે. અક્ષય અને શ્વેતા હનિમુન માટે સ્વીટ્ઝર્લેન્ડ જાય છે. તમારે એનો પાસપોર્ટ શોધી કાઢવાનો છે. હું આપણા એજન્ટ બાબુલાલને તમારે ત્યાં મોકલું છું. એ પાસપોર્ટ લઈને સીધો આપણી ઓફિસ પાસેની કોન્સ્યુલેટમા જઈ વીસા લઈ આવશે."

અને ખરેખર બપોરે બાર વાગ્યા પહેલા શ્વેતાના હાથમાં સ્વિસ વીસાના સ્ટેમ્પ સાથેનો પાસપોર્ટ આવી ગયો હતો.

બપોરે લંચ પછી જરા નેપ લેવાની ઈચ્છા હતી ત્યાં ભાભીનો ફોન આવ્યો.

"બેન! કોંગ્રેચ્યુલેશન. મને યાદ છે ત્યાં સુધીતો તેં કોઈ સોમવારે શિવજી પર દૂધ ચડાવ્યું નથી પણ તને તો વગર ભક્તિએ ફળ્યા છે. દીકરી આજથી જ તારી ગેરહાજરી સાલે છે. સૌરભ પણ તારા વગર ખૂબજ હિજરાય છે. તારા મોટાભાઈ તો ગઈ રાત્રે તને યાદ કરીને ખુબજ રડ્યા છે. બેન! ધીમે ધીમે સાસરામાં ગમી જશે. સ્વીટ્ઝર્લેન્ડ પહોંચીને તરત ફોન કરજે. અક્ષયકુમારને મારા વંદન પાઠવજે."

ભાભી એકધારું હૈયું ખાલવતાં હતા. શ્વેતા વરસતી આંખે મા સમાન ભાભીને સાંભળી રહી હતી. ભાઈ ભાભીએ પોતાની પુત્રીની જેમ એને ઉછેરી હતી.

ભાભી! મારી ચિંતા કરશો નહિ. તમે જ મને સંસ્કાર આપ્યા છે. એ સંસ્કારનું હું હમેશ જતન કરીશ. ભાઈને કહેજો શ્વેતા, સુખમાં મ્હાલે છે.

મા દીકરી જેવા ભાભી નણંદે વિરહની વેદનાના ડૂસકા સાથે ફોન મુક્યો.

એક બેગમાં બન્નેના જરૂર પૂરતાં કપડાં ભર્યા.

રાત્રે આંઠ વાગ્યાની સ્વિસ એરની ફ્લાઈટ હતી. સાત પિસ્તાળીસે અક્ષય અને શ્વેતાએ ફર્સ્ટ ક્લાસની કેબિનમાં પગ મુક્યો.

અક્ષય આજુબાજુ નજર કરી બારી પાસે બેઠેલી ટૂંકા અર્ધનગ્ન જેવા કપડામાં બેઠેલી યુવતી પાસે બેસી ગયો. શ્વેતા ફાંફા મારતી, બાઘાની જેમ ઉભી રહી. એર હોસ્ટેસે બોર્ડિંગ

પાસ જોઈને અક્ષયની આગળની સીટ પર બારી પાસેની જગ્યા પર આંગળી ચીંધીને કહ્યું "ધેટ્સ યોર સીટ."

"યુ મે બી મિસ્ટેકન. ધેટ મે બી માય સીટ. બાઈ માય હસબન્ડ " એણે ઓવરસાઈઝ બ્રેસ્ટવાળી યુવતી તરફ નિર્દેશ કર્યો."

“નો મેમ, ધેર ઈઝ નો મિસ્ટેક. ધેટ ઈઝ યોર સીટ.”

“વી આર રેડી ટુ ટેઈક ઓફ. પ્લીઝ ટેઈક યોર સીટ.”

શ્વેતાને બતાવાયલી સીટ પર ના છૂટકે બેસી જવું પડ્યું.. બેસતાં બેસતાં અક્ષય તરફ દયામણી નજરે જોયું પણ એતો પેલી યુવતીના હાથને રમાડવામાં મશગૂલ હતો.

એ વિચારતી હતી. દસ દિવસ પહેલા નોકરી શોધતી હતી. થોડું કમાયા પછી ચાર્ટરએકાઉન્ટ અને લૉ કરવુ હતું. છેલ્લા પાંચ દિવસમાં સ્વપના બદલાયા હતા. તે રાજકુમારને પરણીને વૈભવમા આળોટવાની હતી. રાજકુમારની સોડમા સમાઈ રહેવાની હતી. પણ આજે? આજે તેનો રાજકુમાર કોઈ રૂપાળી ડાકણીની સોડમા ભરાયો હતો.

એનો જીવ ડોહવાતો હતો. ઊબકા આવતા હતા. એ ઊબકા માત્ર શારીરિકજ ન હતા પણ માનસિક ઊબકા પણ હતા. પાછળની સીટ પર શું ચાલતું હતું તેતો એને દેખાતું ન્હોતુ માત્ર ખિલખિલાટ અને ગિલગિલાટ જ સંભળાતો હતો જે એને ન્હોતો સાંભળવો.

પ્લેઈન અંધારામાં વગર પ્રયાસે ઓટો પાયલોટ મોડ પર નિશ્ચિત દિશા તરફ ઊડી રહ્યુ હતું.

શ્વેતાનુ જીવન અંધારામાં કોઈ અનિશ્ચિત દિશામા જઈ રહ્યું હતું. સ્ટુઅર્ટ ડિનર મુકી ગઈ. ભૂખ મરી પરવારી હતી. તે ક્યારે ઊંઘી ગઈ તે એને ખબર પણ ન પડી. જ્યારે જાગી ત્યારે પ્લેઈન જીનિવા એરપોર્ટ પર લેન્ડ થતું હતું.

અક્ષયની પાછળ ઘસડાતી તે ટરમિનલની બહાર નીકળી. ત્રણે લિમોઝીનમાં બેઠા. નફ્ફટ યુવતિ, અક્ષય અને શ્વેતાની વચ્ચે ગોઠવાઈ. લિમો લ્યુસર્ન તરફ સરતી હતી.

"હાય, આઈ એમ કેથી. ઓન પેપર, આઈ એમ અક્ષય સેક્રેટરી, બટ એક્ચ્યુલી આઈ એમ હીઝ લાઈફ મેનેજર એન્ડ મચ મચ મોર.

વિકૃત રીતે હસીને કેથીએ અક્ષય સાથેના વિશિષ્ઠ સંબંધની ઓળખાણ અને જાણકારી આપી.

શ્વેતાનું જીવન પોતાના હાથમા હોય એ અધિકારથી બોલી "આઈ ઓર્ડર વેજીટેરિયન ફુડ ફોર યુ. બટ યુ ડીડન્ટ ઈટ એની થીંગ. તારી તબિયત તો સારી છેને?"

શ્વેતાએ પ્રત્યુત્તર વાળવાનુ ટાળ્યું. તે આંખો બંધ કરી બેસી રહી. હા, આ એજ કેથી હતી જેને અક્ષય સર્વસ્વ અર્પણની વાત કરતો હતો.

"અક્ષય, તારા બાપે તારે માટે આ બહેરૂં મૂંગું ડોબું પસંદ કર્યું લાગે છે. જોકે તે આપણા લાભની વાતજ છે કેમ ખરૂંને?" કેથી નિર્લજ્જતાથી હસી.

લિમો પાર્ક હોટેલ પર અટકી. એમનો સમાન એમના સ્વિટમાં ગોઠવાયો. એ ફાઈવ સ્ટાર હોટલનો માર્ક ટ્વાઈન સ્યૂટ, વિશાળ અને ભવ્ય હતો. હાર્ટ શેઈપ સુઝુકીના અત્યંત આધૂનિક બાથરૂમ ઉપરાંત બીજો પણ બાથરૂમ હતો. ખૂબ મોટો માસ્ટર બેડ. બેડ પર ખાસપ્રકારના વેલ્વેટી ફૂલોની પાંદડીઓનું લેયર હતું. હનીમુન માટેનો સેક્સી બેડ હતો. રેફ્રિજરેટેડ લીકર બાર અને કોઝી ફાયરપ્લેસ હતું. ખૂણા પર ઈટાલીયન મારબલની પૂરા કદની સ્ત્રી પુરૂષની શૃંગારિક નગ્ન પ્રતિમા હતી. સામેની દિવાલ પર સાઠ ઇંચનો ફ્લેટ સ્ક્રિન ટીવી. બૉસ સાઉન્ડ સિસ્ટિમ. એક સેપરેટ બેડ રૂમ હતો, કે જેનો ઉપયોગ ચિલ્ડ્રન રૂમ તરીકે પણ થઈ શકે. સ્યૂટને ત્રણ બાલ્કની હતી ત્યાંથી લ્યુસર્ન લેઈક અને નયન રમ્ય પર્વતોની હારમાળા દેખાતી હતી. પણ એ રૂમ શ્વેતાને માટે ન હતો. શ્વેતાને ભાગે બાળકો માટેનો રૂમ આવ્યો.

"અહીં નજીકમાંજ ઈન્ડિયન રેસ્ટોરાંટ 'કાંચી' છે. ચાલો ત્યાં જમી આવીએ."

શ્વેતાને ભૂખતો લાગી હતી પણ ના કહેવાઈ ગઈ.

અક્ષય અને કેથી હાથમા હાથ નાખી ચાલતા થયા.

થોડી વાર પછી ડોર બેલ સંભળાયો. શ્વેતાએ બારણું ખોલ્યું. હોટલના યુનિફોર્મમા એક યુવક કાર્ટમા ડીસ લઈને ઉભો હતો. એણે હીંદીમા કહ્યું "મેમ સાહબને આપકે લીયે વેજીટેરિયન થાલી ભેજી હૈ." ભૂખ લાગી હતી. હ્યુમિલીએશનને અવગણીને પેટમાં ઓરી દીધું.

એ બાલ્કનીમાં બેસીને લેઈકમાં પડતા પહાડોના પતિબિંબ જોતી રહી.

રાત્રે અક્ષય અને કેથી રૂમમા આવ્યા.

કેથીએ પર્સમાંથી એક ડિસ્પોઝેબલ સિરીંજ કાઢી. હાથમાં જાતે ઈન્જેકસન લીધું. અક્ષયે કોઈક વિચિત્ર દુર્ગંધવાળી સિગરેટ પીવા માંડી.

શ્વેતાને સમજાયું. તેઓ ડ્રગ લેતાં હતાં.

અને હવે તો અશ્લીલતાની હદ આવી ગઈ.

બન્નેએ એકબીજાને નિર્વસ્ત્ર થવામા મદદ કરવા માંડી.

શ્વેતા દોડીને એના રૂમમાં ભરાઈ ગઈ. બાજુના રૂમમાંથી લાંબા સમય સૂધી બિભત્સ અવાજો આવતા રહ્યા.

થોડી વાર પછી બારણે ટકોરા પડ્યા. અક્ષયે બુમ પાડી કહ્યું, "કાલે સવારે માઉન્ટ પિલાટસ જઈશું. આવવું હોયતો છ વાગ્યે તૈયાર રહેજે. એક રાત ત્યાંજ રોકાઈશું"

જિંદગીનું આ નવું નાટક હતું. એમાં પોતે એક પાત્ર હતી અને પ્રેક્ષક પણ હતી. રહસ્યમય નાટકના અંતની પાત્રને પણ ખબર ન હતી. શ્વેતા ગુંચવાતી હતી. વર્તમાન પરિસ્થિતિનો સ્વીકાર કરવો કે પ્રતિકાર કરવો. ભાગી છૂટવુ કે આખી જિંદગીની રિબામણી ભોગવવી. એ દરેક વિકલ્પોને વાસ્તવિકતાના ત્રાજવામા તોલતી રહી. છેવટે નિર્ણય લઈ લીધો. ભગવાનની પ્રાર્થના કરી પથારીમા લંબાવ્યું.

બીજી સવારે શ્વેતાનો અપેક્ષિત નકાર સાંભળી અક્ષયે પાંચસો યુરો શ્વેતા તરફ ફેંક્યા.. " જો નજીકમા ફરવું હોયતો ટેક્ષી મળશે. કાંચીમા જઈને ખાઈ લેજે. સીધી મરશે તો

વાંધો નહીં આવે. મારવી હશે તો પણ તને ભુખે પેટે નહી મારું. તું માને તેવો હું નિષ્ઠુર નથી. અમે કાલે રાત્રે પાછા આવીશું."

તેઓ વિદાય થયાં.

શ્વેતા તૈયાર જ હતી. એણે ટેક્ષી બોલાવી. સીટી સેન્ટરમા આવી. ત્યાંથી બીજી ટેક્ષી પકડી. જીનિવા એરપોર્ટપર આવી. ટિકીટ કાઉન્ટર પર જઈ આજની ફ્લાઈટમા ટ્રાન્સફર કરાવી મુંબાઈની દિશામાં ઉડવા માંડ્યું.

મનોભૂમિપર માત્ર બે શબ્દો જ એકમેકની સાથે હાથ મિલાવી ફેર કુદરડી ફરતા હતા. ડિવોર્સ, મુક્તિ, ડિવોર્સ, મુક્તિ.

એરપોર્ટથી એ ટેક્ષીમા 'સુવર્ણા વિલા' પર પહોંચી. સુંદરલાલ અને સુવર્ણાબેન બ્રેકફાસ્ટ કરતાં હતાં. શ્વેતા ડાઈનિંગરૂમમાં આવીને સુંદરલાલના પગ પાસે ફસડાઈ પડી.

પ્રકરણ 3

"બેટી શ્વેતા! તું અહીં ક્યાંથી? તું સ્વીટ્ઝરલેન્ડ નથી ગઈ?."

"પપ્પા, હું ગઈ'તી. ત્યાંથી હમણાં જ પાછી ફરી છું."

કેમ શું થયું? અક્ષય ક્યાં છે? મજામાંતો છેને?

"પપ્પા, આઈ વોન્ટ ડિવોર્સ. મારા જીવન સાથે ક્રુર રમત રમાઈ છે. મારી આંખે વૈભવના પાટા બાંધીને મને નરકમાં ધકેલી દીધી છે. પ્લીઝ મને મુક્ત કરો. હું સ્વીટ્ઝરલેન્ડથી ચાલી નથી આવી પણ છાનીમાની નાસી આવી છું. માત્ર તમને જણાવવા જ આવી છું. હું મોટાભાઈને ત્યાં ચાલી જઈશ. ભલે એમને નોકરી ગુમાવવી પડે. અહીં ન રહેવાય તો અમે ગામ ચાલ્યા જઈશુ."

"પ્લીઝ મારા પર દયા કરો. મને આ લગ્નમાંથી છૂટી કરો."

"અરે બેટી! આ તું શું બોલે છે? આવ બેટી. અહી મારી બાજુમા બેસ. આ પાણી પી અને સરખી વાત કર." સુવર્ણાબેને માથા પર હાથ ફેરવતા કહ્યું.

ગણપત કાકા કૉફી અને ગોટા ટેબલ પર મુકી, બીજા નોકરોની જીજ્ઞાસા રોકવા ડાઈનિંગ રૂમના બારણા બંધ કરી ચાલ્યા ગયા.

બેટી, કૉફી પી અને માંડીને વાત કર. સુંદરલાલે વ્હાલથી કહ્યું.

શ્વેતાએ બે ઘૂંટડા કૉફી પીધી.

એણે વાત શરૂ કરી. સુહાગ રાતથી માંડીને અત્યાર સુધીની શબ્દે શબ્દ વાત સંભળાવી.

“પપ્પા મમ્મી તમેજ કહો, તમે મને બેટી, બેટી કરો છો પણ તમારા જ પેટની દીકરી હોય તો તમે એને આવા ચારિત્ર્યહીન જમાઈ સાથે કેટલા દિવસ રાખશો?”

શ્વેતા કરગરતી હતી.

"હું તમારા સૌના જીવનમાંથી આશીર્વાદ સાથે વિદાય ઈચ્છું છું. પ્લીઝ મને આ લગ્ન બંધનમાંથી મુક્ત કરો

સુંદરલાલ જેમ જેમ સાંભળતા ગયા તેમ તેમ તેનો ચહેરો લાલ થતો ગયો. આંખમાં અગ્નિ જ્વાળા ભડકાતી હતી. સદાય સૌમ્ય સ્વરૂપના સુંદરલાલનો ક્રોધ જોઈને કે શ્વેતાની આપવીતી સાંભળીને સુવર્ણાબેન થરથર ધ્રૂજતા હતા. શેઠજીએ ડાઈનિંગ ટેબલ પર પડેલો ઠંડા પાણીનો જગ પોતાના માથાપર ઊંધો વાળ્યો.

"હા બેટી, હવે તું ખરેખર વિધવા છે. મેં અક્ષયના નામનું નાહી નાખ્યું છે. હવેથી તું આ ઘરની વહુ નહી પણ અમારી દીકરી છે. પણ આજેતો તને જવા નહીં દઉ. તને મનપસંદ યોગ્ય છોકરા સાથે ધામધુમથી પરણાવીને જ તને આ ઘરમાંથી વદા કરીશ.”

“બેટી મને માફ કર. વર્ષોથી તમારા ભાઈ બહેનના સંસ્કાર, તારું ઘડતર અને તારી તેજસ્વિતા અમારા મનમા વસી ગઈ હતી. મને અમારા કુપુત્રના લક્ષણોની ખબર તો હતી જ પણ એ બધી જ મર્યાદાઓ ઓળંગી ચુક્યો છે એ ખ્યાલ ન્હોતો. મને આશા હતી કે તારા જેવી પ્રતિભાશાળી છોકરી, એ વંઠેલને ઠેકાણે લાવી અમારા સૌનું જીવન સુધારશે. દીકરી તારે અહીં જ રહેવાનું છે.."

શ્વેતાએ ઉભા થઈ ટેબલ નેપકિનથી સુંદરલાલનું ભીનું માથું લૂછી નાખ્યુ.

"પપ્પા, હું અહી જ રહીશ. જો તમારા આશીર્વાદ અને ઈશ્વરકૃપા હશે તો હું મારા સત્યવાનને કેથી રૂપી યમ પાસેથી છોડાવીશ. ભૂંસાયલું સિંદુર અક્ષય પાસે જ પુરાવીશ. જો આજે તમો ઓફિસે જવાનું માંડી વાળો તો આપણે લંચ પછી વાતો કરી કંઈક રસ્તો કાઢીયે."

"દીકરી સુખદ દીર્ઘાયુષ્ય ભોગવ".

સુવર્ણાબેનના મોં માથી આપોઆપ આશિષ વરસી પડ્યા . બ્રેકફાસ્ટ પછી શ્વેતા શાવર લઈ ફ્રેશ થઈ ગઈ. સુંદરલાલે ફોનના થોડા નંબર દબાવ્યા. થોડી વાતો થઈ.

સફેદ હાકોબાના કુર્તા પાયજામા પહેરી શ્વેતાએ ફરી પપ્પા મમ્મીના ચરણ સ્પર્શ કર્યા. ઠાકોરજી આગળ દીવો કર્યો. નવજીવન માટે, બુદ્ધિ શક્તિ માટે યાચના કરી. ઠાકોરજી પાસેની એક ખાલી ડબ્બીમાં મંગળસૂત્ર મુકી દીધું. દેવસ્થાનમાંથી એક કાળો મણકો શોધી, લાલદોરામા પરોવી, કોઈને ન દેખાય એ રીતે પહેરી દીધો. જમણા હાથની એક સફેદ બંગડી પર માતાજીના કંકુનો ચાંલ્લો કર્યો. વિધવાના આવરણ નીચે સૌભાગ્ય પ્રતિક સાચવીને સંતાડ્યા. એને ખબર ન હતી કે પપ્પા મમ્મી પણ પાછળથી ભીની આંખે એ જોતા હતા.

લંચ પછી બંધ બારણે વાતનો દોર ચાલુ થયો.

"પપ્પા, આ કેથી કોણ છે?"

"કેથી મિરાન્ડા મૂળ ગોવાની છે. બાર ડાન્સર હતી. અક્ષય એને ઊંચકી લાવ્યો. એને પર્સનલ સેક્રેટરી બનાવી દીધી. મન્થલી દસ હજાર લે છે પણ એનો ડોળો કરોડો પર છે. મન ફાવે ત્યારે આવે છે અને ચાલી જાય છે. એણે અક્ષયને વશમા કરી લીધો છે. અમારું જીવન બરબાદ કરી રહી છે." સુંદરલાલે નિઃસાસો નાંખ્યો.

“આપણી ઓફિસમાં કેટલા માણસો કામ કરે છે?”

“બન્ને ફ્લોર મળીને લગભગ સવા બસો કામ કરે છે.“

“મને નોકરીએ રાખી શકો?”

“અરે આ શું પૂછે છે? એ તો તારી જ કંપની કહેવાય.”

“ના એમ નહીં. મને ઓફિસીયલી હાલ પુરતી હ્યુમન રિસોર્સિસ ડાયરેક્ટર બનાવી શકો?”

“ઈટ્સ ડન.”

“શિવરાજ ફાઈનાન્સીંગ સાથે આપણા કેવા સંબધ છે?”

“શિવુ તો મારો કોલેજનો દોસ્ત. અમે બન્ને સાથે મુંબઈ આવેલા. સાથે શેર બ્રોકરને ત્યાં નોકરી કરેલી. પોતપોતાનો ધંધો પણ સાથેજ શરૂ કરેલો. પણ એનું શું કામ પડ્યુ?”

“મોટાભાઈને શિવરાજમા નોકરી અપાવી શકો?”

“પણ કેમ? એ અમારી સાથે સુખી નથી? પગાર ઓછો પડે છે? કોઈની કનડગત છે?”

“ના પપ્પા. મોટાભાઈ મારા વડિલ છે. હું એમના કરતાં ઊંચા સ્થાને હોઉ તો મને કામ કરતા સંકોચ થાય. મર્યાદા ન જળવાય. વળી સારા કામનો રિવૉર્ડ આપીએ તો સ્ટાફમાં કચવાટ ઉભો થાય.”

“તારી વાત વ્યાજબી છે. છતાંયે યોગેશ જેવા માણસ ને ગુમાવવાનું ખટકે છે. ચાલ અત્યારેજ શિવુ સાથે નક્કી કરી લઉં.”

સુંદરલાલે શિવાનંદ સાથે ફોન જોડ્યો.

“શિવુ,એક ખાસ કામ પડ્યું છે. શ્વેતા અમારી ઓફિસમાં કામ કરવાની છે. પણ એને એના મોટાભાઈનો ક્ષોભ નડે છે. કહેછે કે શિવુ અંકલ મોટાભાઈને નોકરી આપે તો જ એ ઓફિસમાં આવી શકે. જગ્યા કરી શકશે? “

“અરે, બનિયે! આજ તુને બહોત ધરમકા કામ કીયા હૈ. થેન્ક્યુ. મારે ઈક્વીટી ફંડ માટે એના જેવાજ માણસની જરૂર છે. તું કેટલો પગાર આપે છે?”

“મહિને પંચાવન હજાર આપું છું.”

“સાલો મક્ખીચૂસ. તને મારા સ્કેલસ તો ખબર છે. એને કહેજે હું એને પંચોતેર આપીશ. વત્તા દર ત્રણ મહિને ઓછામાં ઓછું દસ ટકા બોનસ. યોગેશને પગાર ઓછો પડે તો વધારી આપીશ. મારે એને ગુમાવવો નથી.”

શ્વેતા બે ધંધાધારી મિત્રોની આત્મીયતા અને મોટાભાઈની ફાયનાન્સિયલ દુનિયામાની મહત્તા સ્પિકર ફોન પર સાંભળતી રહી.

સુંદરલાલે ફોનનું સ્પિકર ચાલુ રાખી યોગેશભાઈનો નંબર જોડ્યો.

"કેમ છો વેવાઈ? ઘરે અને ઓફિસમાં બધુ બરાબર છેને?"

"શેઠ સાહેબ હું તો તમારો સેવક. તમારો યોગેશ. વેવાઈ નહિ. માત્ર તમારો યોગેશ.

"ના ભાઈ ના. સેવક પણ નહીં અને યોગેશ પણ નહીં; હવે આપણે સરખે સરખા. હવેથી ભૂલમાંયે માત્ર યોગેશ કહેવાઈ જાય તો માફ કરજો. તમને યોગેશભાઈનું સંબોધન કરીશ્ હાં તો યોગેશભાઈ હું એમ કહેતો હતો કે હમણાં શિવુનો ફોન હતો. એને ઇક્વિટી ફંડમાટે તમારી જરૂર છે. બિચારો ખૂબ કાલાવાલા કરતો હતો. મારાથી હા ભણાઈ ગઈ છે. હવે મારા વચનનો સવાલ છે. તમે જશોને?"

"શેઠ સાહેબ તમારી ઈચ્છા એ મારે માટે શિરોમાન્ય આજ્ઞા. હું ત્યાં જઈશ."

"વેરી ગુડ. થેન્ક્યુ. વન મોર ગુડ ન્યુઝ. આવતા વિકથી આપણી શ્વેતા સુવર્ણામાં મેનેજિંગ ડાયરેકટર તરીકે કામ શરૂ કરશે. હમણા જ મેં એની સાથે લ્યુસર્ન ફોન પર વાત કરી છે. તમને જય શ્રીકૃષ્ણ અને પ્રણામ કહ્યા છે. હું જરા ઉતાવળમાં છું. સાંજે શિવાનંદને મળી આવજો. ગુડ લક."

ફરી વાર શિવાનંદનો નંબર જોડયો.

"શિવુ. યોગેશ સાથે નક્કી થઈ ગયું છે. આજે સાંજે એ તને મળવા આવશે. તેં રિક્વેસ્ટ કરી છે એમ કહ્યું છે. બફાટ ન કરતો. યાર અપની ઇજ્જતકા સવાલ હૈ."

"લબાડ, ધંટ, જૂઠ્ઠો."

"બસ બસ મારા વખાણ કરવાના બંધ કર. સુવર્ણા બધું સાંભળે છે."

"ઓહ આઈ એમ સોરી."

ફોન કટ થયો. બીજો નંબર જોડાયો.

સુવર્ણાબેન અને શ્વેતા સુંદરલાલની શીઘ્રનિર્ણય શક્તિને નિહાળતાં રહ્યાં.

"કેન આઈ ટોક ટુ મિસ્ટર રાયમોહન પ્લીઝ?"

"હી ઇઝ વિથ હિસ ક્લાયન્ટ. હુ ઇઝ સ્પિકિંગ પ્લીઝ?"

"ધીસ ઇઝ સુંદરલાલ શેઠ."

"સોરી સર. આઈ'લ કનેક્ટ રાઇટ વે સર."

"થેન્કસ."

"તમારે અરજન્ટ ડ્રાફ્ટ તૈયાર કરવાનો છે. મારા હાથ નીચે એક એક્ષીક્યુટિવ પોસ્ટ ક્રીએટ કરવાની છે. મેનેજીન્ગ ડયરેકટર કે સીઈઓ જે યોગ્ય લાગે તે."

"કોને એપોઇન્ટ કરવાના છો?"

"વહુ ગણો કે દીકરી ગણો. અમારી શ્વેતાને. સી ઈઝ વેલ ક્વોલિફાઈડ. સી હેઝ એમ.બી.એ ઇન ઈકોનોમિક્સ. અન્ડ મેની એવોર્ડસ."

"ઘરની જ છોકરી છે. પગાર કેટલો રાખવાનો છે?"

"મન્થલી દોઢ લાખ પ્લસ બોનસ અને એ ગ્રેડ સ્પેન્ડીંગ એકાઉન્ટ."

"કાલે સવારે તમારા હાથમા આવી જશે. બીજી કંઈ સેવા?"

"મારું નવું વિલ બનાવવાનું છે. મારી હયાતી બાદ મારી સ્વોપાર્જીત તમામ સ્થાવર જંગમ સંપત્તિ એક માત્ર વારસદાર મારી પુત્રવધૂ શ્વેતાને મળે. શ્વેતા મારા પુત્ર અક્ષય કરતા સુવર્ણાની વધારે કાળજી રાખશે એની મને ગળાસુધીની ખાત્રી છે."

“આર યુ સ્યોર એબાઉટ ધીસ સર?"

“એબ્સોલ્યુટલી"

"રાય અંકલ, પપ્પા, હું એક સુચન કરી શકું?" શ્વેતાએ અચકાતા અચકાતા પૂછ્યું

"કેમ નહી! ગો એહેડ." એડવોકેટ રાયમોહને સંમતિ આપી.

"મારા જેવી બીનઅનુભવી માટે દોઢલાખનો પગાર ઘણોજ વધારે કહેવાય. એના ચોથાભાગનો પણ વધારે કહેવાય. હું આટલા બધા પગારને લાયક નથી. સ્ટાફમા મારા કરતા વધુ લાયક વ્યક્તિને અન્યાય થાય."

"આઈ એમ ધ બૉસ. લાયકાત અને પગાર મારે નક્કી કરવાનો છે." સુંદરલાલ ગર્જ્યા.

"શ્વેતા, હી ઈઝ રાઈટ. બીઝનેસમા ઘરના પૈસા આ પગારના રૂપે ઘરમાં જ રહે. દરેક પ્રાઈવેટ બિઝનેસમા આ રીતે જ ચાલે છે. બીજું, સંપત્તિ એ સત્તાનું પ્રતિક છે. પગાર પ્રમાણે હોદ્દાનુ માન જળવાય છે. બીજું કાંઈ?"

"વિલની વાત હાલ પૂરતી મુલતવી રાખી ન શકાય?

"કેમ?"

"અત્યારનો નિર્ણય મને વ્યાજબી લાગતો નથી. હા, એકાદ ટ્રસ્ટ બનાવી તેના ટ્રસ્ટીઓને સમય સંજોગો પ્રમાણે નિર્ણય લેવાની છૂટ આપવી જોઈએ. ટ્રસ્ટી તરીકે શિવુકાકા, આપણા ચાર્ટર એકાઉન્ટર, રાય અંકલ અને વીટો પાવર સાથે મમ્મીની નિમણુક કરવી જોઈએ. આજની પરિસ્થિતિ વર્ષો પછી બદલાય એ સ્વાભાવિક છે. આજની લાગણીશીલતા અને ભવિષ્યની વ્યાહવારિકતા જુદી જ હોવાની."

"વેલ સેઇડ શ્વેતા. યુ આર રાઈટ. શેઠ સાહેબ, આ છોકરી તમારો ધંધો અને કુળ દિપાવશે."

"થેન્ક્યુ ફોર યોર ગુડ વીસીસ, મીસ્ટર રાયમોહન. અમારી શ્વેતા દસ વર્ષની હતી ત્યારથી જ મારી નજર એના પર છે. એનામાં ત્રણે દેવીઓના આશિષ ઉતર્યા છે. શક્તિ, લક્ષ્મી અને સરસ્વતી. કોલેજમાં હતી ત્યારે એન.સી.સી. માં કેપ્ટન હતી. સાથે સાથે હોમગાર્ડમાં પણ સેવા આપતી હતી. જાત જાતની સ્પોર્ટ્સ માં કેટલાયે ચંદ્રકો મેળવ્યા છે.

ભણવામાં પણ ફર્સ્ટ ક્લાસ સ્ટુડન્ટ. ઈન્ટર નેશનલ ઈકોનોમિક્સના એના પેપર્સને યુનિવરસીટી તરફથી ફાળવેલો એવૉર્ડ મારા હાથેજ અપાયો હતો. તમારી વાત તદ્દન સાચી છે. મને ખાત્રી છે કે એ ગૃહલક્ષ્મી મારું કુળ ઉજાળશે."

"શેઠ સાહેબ તમારા સદભાગ્ય, અને તમારી મનુષ્ય પરીક્ષા શક્તિ ધન્યવાદને પાત્ર છે."

રાયમોહને નમ્રતા પૂર્વક રજા માંગી; ઈફ યુ એલાઉ મી આઈ ગોટ ટુ ગો નાઉ. આજે સાંજે જ તમને તમારા ઘરના ફેક્ષ પર એપોઇન્ટમેન્ટ ડોક્યુમેન્ટ્સ મળી જશે. નમસ્તે સાહેબ.

ફોન કટ થયો.

સુંદરલાલ નિઃસાસા સાથે બબડ્યા " ઓળખ્યા છતાં માણસને માણસ તરીકે ઘડી ન શક્યો. શું એ લોહીના સંસ્કાર કે સંપર્કના સંસ્કાર?"

પ્રકરણ ૪

ડિવૉર્સનો નિશ્ચય કરીને આવેલી શ્વેતા ન સમજાય એ રીતે શેઠ પરિવારનું અવિભાજ્ય અંગ ની ગઈ. શું એ સાસુ સસરાના પ્રેમ પ્રવાહમા લાચારીથી તો હોતી ઘસડાતીને? શું એ તેમની પ્રમાણિક નિષ્ઠા હતી? દર્શાવાયલો પ્રેમ અને આત્મિયતા, દંભ અને માત્ર વ્યાપારી કુનેહ તો હોતીને? પગમા હિરા રત્નજડિત સુવર્ણ બેડીઓ તો હોતી પડતીને? ઘેરા આશંકા કુશંકાનું ઘાઢ ધુમ્મસ મગજમા ઘેરાઈ ગયું હતું.

“બેટી શ્વેતા, શું વિચારમા પડી ગઈ?” સુવર્ણાબેને પૂછ્યું.

શ્વેતા જવાબ આપે તે પહેલા ફોનની રીંગ વાગી.

“હલ્લો!.....કોણ! બેટા અક્ષય?”

સુંદરલાલે સુવર્ણાબેન અને શ્વેતા પ્રતિ નાક પર આંગળી મુકી ચુપ રહેવા ઈશારો કર્યો. એમણે ફરી સ્પીકર ઓન કર્યું. વાત ચાલુ થઈ.

"કેમ બેટા અક્ષય, મજામાં તો છે ને? તું પહોંચ્યા પછી તરત ફોન કરશે એવી આશા હતી. હું અને તારા મમ્મી ફોનની જ રાહ જોતા હતા. આપણી શ્વેતાને ગમે છે ને! તારે માટે લ્યુસર્ન નવું નથી પણ શ્વેતા તો પહેલી વાર જ આવીને. એને ફોન આપ. હું પણ જરા એની સાથે વાત કરી લઉ.”

“પપ્પા..”. ગભરાયલો અવાજ અચકાઈ ગયો.

“હા..હા. અક્ષય, શ્વેતાને ફોન આપને!”

સુંદરલાલ જાણે શિકારને સ્વસ્થતાથી રમાડતા હતા.

“પપ્પા...”

“પપ્પા, પપ્પા શું કર્યા કરે છે? ભસતો કેમ નથી? “

“પપ્પા શ્વેતા ગુમ થઈ ગઈ છે.... હોટેલ પર નથી.”

“ગુમ થઈ એટલે?”

“ગઈ કાલે એને ઠીક નહોતું લાગતું એટલે એણે માઉન્ટ પિલાટસ આવવાનું માંડી વાળ્યું. હું એકલો જ ગયો. શ્વેતા રૂમમાં આરામ કરવાની હતી.”

“ખરેખર, તું એકલોજ ગયો?”

“હા પપ્પા. હું એકલો જ ગયો.”

“તું તો ત્યાં ત્રણ વાર જઈ ચુક્યો છે. તારે નવું શું જોવાનું હતું. માંદી પરણેતરને મુકીને જતા કંઈ વિચાર જ ન આવ્યો? કંઈ જવાબદારીનું કંઈ ભાન છે કે નહીં? જેને પોતાની પરણેતરને સાચવવાની પડી નથી તે મારો વારસો શું સાચવવાનો.!”

“પપ્પા મેં તો જવાનું માડી વાળ્યું હતું, પણ શ્વેતાએજ આગ્રહ કરી મોકલ્યો હતો. કહેતી હતી કે મારે આજનો દિવસ આરામ કરવો છે. કાલે આપણે સાથે ફરીશું.”

“શ્વેતાને ડૉકટર સ્મિથ પાસે લઈ જવી હતીને. આપણે સાથે ગયા હતા ત્યારે મમ્મીને તકલીફ થઈ હતી ત્યારે ડૉકટર સ્મિથે જ સારી કરી દીધી હતીને! તું પણ એને ઓળખે છે.”

“પપ્પા, મેં તો કહ્યું હતું પણ શ્વેતાએ જ ના પાડી.”

“એટલે તું એકલો જ ફરવા ગયો એમને?“

“ પિલાટસથી આવ્યો ત્યારે શ્વેતા હોટેલ રૂમમાથી અદૃસ્ય થઈ ગઈ એમને?”

“મેં એને ન જોઈ એટલે મેનેજર બ્રાઉનને પૂછ્યું. એને કશીજ ખબર ન્હોતી. લોબી એટેન્ડટને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે મેમ સાહેબને ટેક્ષીમા જતાં જોયાં હતાં.”

“પછી તો મેં ટેક્ષી ડિસ્પેચર સાથે તપાસ કરી. કહે કે સવારે સાત ને દસનો પાર્ક હોટેલનો કોલ હતો. લેડી પેસેન્જરની સીટી સેંટર સુધીની જ રાઈડ હતી.”

“પપ્પા, મને તો લાગે છે કે એ નાસીજ ગઈ હોવી જોઈએ. રાત્રે મને કહેતી હતી કે મારા ભાઈએ મને પૈસાના લોભમાં બળજબરીથી પરણાવી છે. ખરેખરતો હું બીજાના પ્રેમમાં છું.”

સુંદરલાલે ઊલટ તપાસ પુરી કરી. હવે કંસલ્ટિંગ શરૂ થયું.

“ઓકે..ઓકે. તેં પોલીસને ખબર આપી છે.?”

“ના નથી આપી. શું કરવું તે સમજાતું નથી. પપ્પા કંઈ રસ્તો કાઢો.”

“શક્ય છે કે તેં જ એને પતાવી દીધી હોય. તારેયે ક્યાં પરણવું હતું. હું તને સારી રીતે ઓળખું છું. ને!”

“એક કામ કર પોલીસ પાસે જા અને કહે કે હિલ પરથી પગ લપસી ગયો એટલે ખીણમાં ગબડી ગઈ.”

“અગર જઈને કન્ફેશન કર કે તેં એને હિલ પરથી ગબડાવી દીધી છે. આપણે વકીલ રોકીશું. કદાચ તું નિર્દોષ છૂટી પણ જાય. કમનશીબે તું એકલો જ હતો એટલે તારી પાસે કોઈ એલિબાય પણ નથી.”

“પણ પપ્પા, મેં કશુ કર્યું જ નથી. પ્લીઝ બીલિવ મી. આઈ સ્વેર.”

“ઓલ રાઈટ. ઓલ રાઈટ. ઈન ધેટ કેઇસ, પોલીસ પાસે જવાની જરૂર નથી. પોલીસ પાસે જશે તો પોલીસને પણ મારી જેમ તારા પરજ શંકા જશે. જ્યાં સૂધી ઈન્ક્વાયરી પૂરી ન થાય ત્યાં સૂધી તને સ્વીટ્ઝરલેન્ડ છોડવા પણ ન દે. પ્લે કુલ. તારી રીતે તપાસ કરતો રહે. તું તારા સ્કેડ્યુઅલ પ્રમાણે પ્રોગ્રામ ચાલુ રાખ. એન્જોય યોર સેલ્ફ. કમ બેક ઓન યોર ટાઈમ. ડોન્ટ વરી આઈ એમ ગોઈંગ ટુ ટેઇક ગુઉઉઉડ કેર ઓફ યુ. કાલની કોને ખબર છે, બેટા! આજે થાય તેટલો આનંદ કરી લે.”

“પપ્પા તમે ખરેખર મારા માથા પરનો ભાર હલકો કરી નાંખ્યો. થેન્ક્સ પપ્પા. યુ આર ગ્રેઇટ.”

“અરે અક્ષય એક બીજી વાત. આજકાલ કેથી કાંઈ ઓફિસમા દેખાતી નથી! કંઈ માંદી બાંદીતો નથીને? કે એ પણ તને છોડીને ચાલી ગઈ?”

પડખામા ભરાયલી કેથી ગણગણી 'ડોસલાને શું ખબર કે દીકરો એની સોડમાં જ છે!'

“ના પપ્પા, મારો હનિમુનનો પ્રોગ્રામ હતો એટલે એણે પણ રજા લઈ લીધી. ગોવા જવાનું કહેતી હતી. સોમવારે એ આવી રહેશે. બાય પપ્પા.”

ફોન બંધ થયો.

“હવે તમને ખબર પડીને કે તમારો કુપુત્ર કેટલો લબાડ અને જૂઠ્ઠો છે!”

“શ્વેતા જ્યારે બાથરૂમમા હતી ત્યારે મેં લ્યુસર્ન હોટલ મેનેજર સાથે વાત કરી હતી. કેથી ગોવામાં નથી પણ લ્યુસર્નમા અક્ષયના રૂમમાં સાથે જ છે અને સાથે જ ફરે છે. કેથીનું નામ મિસીસ શેઠ તરીકે નોંધાવ્યું છે અને શ્વેતાનું કેર ટેકર તરીકે. મેં મેનેજરને સૂચના આપી છે કે એમની શક્ય એટલી એકટિવીટીના ફોટોગ્રાફ્સ મને ઈ મેઈલ થી મોકલી આપે. તમે પણ તમારા નંગના પરાક્રમો જોઈ, જાણી અને માણી શકો.”

અંદરની વેદના અને વ્યથા ગાતી હતી " કુપુત્રો જાયેત, ક્વચિદપિ કુમાતા ન ભવતિ"

સુંદરલાલના એક એક શબ્દે નિર્દોષ મા ના કાળજા પર ધગધગતા ડામ પડતા હતા.

“તમે જ એને પંપાળી પંપાળીને બગાડી મુક્યો છે. મેં તો એના નામનું નાહી નાખ્યું છે. મને મારી દીકરી મળી ગઈ છે. યાદ રાખજો, આ શ્વેતા જ તમને ઘડપણમાં સાચવશે.”

સુવર્ણાબેન મનમાં વિચારતા હતા 'ન જાણું હું જાનકીનાથ, પ્રભાતે શું થવાનું છે.' કોને ખબર; કોણ કોને સાચવશે? શેઠજીને એની સંપત્તિની પડેલી છે. દીકરાના સુખનો

વિચાર નથી. મારા હાથમાં હોત તો મેં તો કેથી સાથે પરણાવી દીધો હોત. આજે મારા ખોળામાં પૌત્ર રમતો હોત.

“શ્વેતા! મારે માટે તું નવી નથી. પણ તારે માટે અમે તદ્દન નવા છીએ. તું માત્ર મને તારા મોટાભાઈના શેઠ તરીકે જ ઓળખે છે. તારે મને પિતા તરીકે, સસરા તરીકે અને એક સફળ બીઝનેસમેન તરીકે પણ ઓળખી લેવો જરૂરી છે. મારા વાણી વર્તનમા ક્યાંય ગુંચવણ લાગે ત્યાં સ્પષ્ટતા માટે બેધડક પૂછી લેજે. અનુમાન કરવા જશે તો ખોટી પડશે.“

“બીજી વાત પણ ધ્યાનથી સાંભળી લે અને સમજી લે. કંપનીની જવાબદારી ઘણી મોટી છે. એક્ઝિક્યુટિવ પાવર દુર્ગા બનીને જાળવવો પડશે. મારા આશિષ અને સહકાર તારી સાથે જ છે.”

સાચું જ હતું. છેલ્લા પાંચ છ કલાકમા સુંદરલાલ શેઠના જુદા જુદા પાસાઓના દર્શન થઈ ચુક્યા હતા.

"પપ્પા, મારે બે વાત પૂછવી છે. તમને ગમશે કે નહીં તે ખબર નથી. પૂછી શકું?"

"સવાલ પૂછવા માટે પણ સવાલ પૂછવો પડે એ કેવું!" સુંદરલાલે હસતા હસતા ટકોર કરી. "જ્યારે ફોર્માલિટીનો અતિરેક થાય ત્યારે બે વ્યક્તિ વચ્ચે અંતર પડી જાય અને આત્મીયતા અદૃશ્ય થઈ જાય. હૃદયને બદલે માત્ર મગજથી જ વાણી વ્યવહાર થાય. હવેથી જે કાંઈ પૂછવું કહેવું હોય તે નિઃસંકોચ મોકળા મને જણાવી દેવું."

"તમે મને હંમેશા દીકરી કે બેટી કહી છે. મને ખુબ જ ગમે છે. હું ખૂબ નાની હતી ત્યારેજ મારા બા બાપૂજીએ તો વિદાય લીધી. ભાઈ ભાભીએ માતાપિતાનુ સ્થાન લીધું. એમને પણ મોટાભાઈ જ કહેતી રહી. હું તમને પપ્પા મમ્મી ને બદલે બા બાપૂજી કહી શકું?"

હાજર છ નયનોમાંથી પ્રેમાશ્રુ વહેતા હતા.

“દીકરી, તેં તો અમને થોડા કલાકોમા જ જીતી લીધા. બસ આ જ રીતે મારા અક્ષયને જીતીને તારો બનાવી લેજે. સુવર્ણાબેન લાગણી પુર્વક બોલ્યા. મારા કુપુત્રને સુંદરલાલ શેઠનો સુપુત્ર બનાવજે.”

તેઓ દાઢમાં બોલ્યા કે તેમની માતૃવેદના બોલી તે કળવું મુશ્કેલ હતું. થોડીક ક્ષણો નિઃશબ્દ પસાર થઈ. તેમણે સ્વસ્થ થઈ હળવેથી વાત વાળી લીધી. "પચ્ચીસ વર્ષે પપ્પા કહેવાતા ડોસાઓ પચાસ વર્ષે બાપૂજી કહેવાય એ જ વ્યાજબી છે. હું તો કહું છું કે બાપૂજીને બદલે બાપાજી કહેશે તો મને વધારે ગમશે. વાળમાં કલપ કરવાનો ખર્ચો અને માથાકૂટ બંધ થશે. કેમ બાપાજી મારી વાત બરાબર છેને?" સુંદરલાલ તરફ આંખ મિચકારતા સુવર્ણાબેને ટકોર કરી.

"શું હું ખરેખર ઘરડો લાગું છું?"

"લાગતા નથી પણ છો તો ખરાજને?"

શ્વેતા ભાવાત્મક દાંપત્ય નિહાળતી રહી.

“શ્વેતા, બીજી કઈ વાત પૂછવાની છે?”

“બાપૂજી, જ્યાં સુધી અક્ષય મારા સેંથામા જાતે સિંધુર નહીં પુરે ત્યાં સુધી હું એના રૂમમાં સુઈશ નહીં. મને બીજો એક નાનો રૂમ ફાળવી આપશો?”

સુંદરલાલે તરતજ કહ્યું, “બેટી તને જે ગમે તે રૂમ વાપરજે.”

સુવર્ણાબેનની આશા પર પાણી ફરી વળ્યું હોય એમ એમને કઠ્યું પણ શેઠજીએ તરતજ હા ભણી દીધી એટલે ચૂપ રહ્યા.

“શ્વેતા, તારા લગ્ન એટલા ઝડપથી લેવાઈ ગયા કે આપણા ઘરથી માહિતગાર થવાનો પણ સમય મળ્યો નથી. પહેલા હું તને જાતે આખું ઘર બતાવી દઉં. તું આપણા ડોમેસ્ટિક સ્ટાફને પણ મળી લે.” સુંદરલાલ ઘરના નોકર ચાકરોને માન પૂર્વક ડોમેસ્ટિક સ્ટાફ ગણતા.

“લેટસ ગો. લેટ મી બી યોર ગાઈડ.”

સુંદરલાલે સુવર્ણા વિલા બતાવવા માંડી. સાથે ગણપતકાકા પણ હતા.

બહારથી સામાન્ય દેખાતો બંગલો અંદરથી ભવ્ય અને વિશાળ હતો. આગળનો મુખ્ય દરવાજો લોખંડનો હતો. ગેઈટ ની નજીક ગેઈટકીપરની કેબિન હતી. કેબિનમા ફોન અને સિક્યુરિટિ મોનીટર હતું આગળના બન્ને ખૂણાપર શુશોભિત ઊંચા આસોપાલવના ઝાડ હતા. બંગલાની ચારે બાજુ લાલ ઈંટોથી પેવિંગ કરેલો ડ્રાઈવ વે હતો. રસ્તાની લગોલગ પાંચ ફૂટ ઊંચા કાંટાળા ગુલાબની વાડ હતી. લાલ રંગના ગુલાબની વાડની પાછળ દશ ફૂટ ઊંચી મહેંદીની વાડ હતી અને તે પણ ઈલેક્ટ્રીક વાયરથી સુરક્ષિત હતી.

બંગલાની પાછળ માછલી આકારનો નાનો ફુવારા વાળો સ્વિમિંગપુલ હતો. પુલની પાછળ પાંચ કારના ગરાજ હતા. ગરાજની ઉપર એક રૂમ, રસોડુ, સંડાસ, ચોકડી વાળી ડોમેસ્ટિક સ્ટાફને ફાળવેલી રૂમો હતી. ગરાજની બન્ને બાજુ ઊચી નાળિયેરીના વૃક્ષો ધીમે ધીમે ડોલતાં હતા.

બંગલામાં દાખલ થતાં ઈટાલિયન આરસના ફોયરમા સિદ્ધિ-બુદ્ધિ સહિતની ગણેશજીની કલાત્મક પ્રતિમા હતી. સિદ્ધિ બુદ્ધિની બાજુમા બે રાજકુંવર જેવા બાળકોની પ્રતિમા હતી. ભાગ્યેજ જોવા મળતા ગણેશ પરિવારમા એ બાળકો લાભ અને શુભ હતા. છતમાંથી ક્રિસ્ટલનું મોટું શેન્ડેલિયર હળવો પ્રકાશ રેલાવતું હતું.

ફોયર પછી એકી સાથે પચાસ માણસો સમાઈ શકે એવો સેન્ટ્રલ હૉલ હતો. આ હોલમાં જ સાદાઈથી શ્વેતાના લગ્ન લેવાયા હતા.

સિલીંગમાં રિસેસ લાઈટો ઉપરાંત સાત ઝુમ્મર પ્રકાશ પાથરતા હતા. વચ્ચે નાનકડા રંગીન ફુવારાની મધ્યમા ગાયમાતા સહિત રાધાકૃષ્ણની મુર્તિ હતી.

આ હોલમાં જરૂર પ્રમાણે પ્રસંગોચિત ફર્નિચર ગોઠવાઈ જતું. અક્ષયની હઠેચ્છા પ્રમાણે લગ્ન પણ મર્યાદિત સ્વજનોની હાજરીમા આ સેન્ટ્રલ હોલમાં જ થયા હતા.

સામાન્ય દિવસોમાં શેઠ શેઠાણીનો એક હિંચકો અને પાંચ સોફા સેટ, ષટ્કોણ આકારમાં ગોઠવાયલા રહેતા. હિંચકે શેઠ શેઠાણી ઝૂલતા. મહેમાનો સોફા પર બેસતા. એ એમનો ફેમિલીરૂમ હતો. હોલની એક બાજુ કોન્ફરનસ રૂમ હતો અને બીજી બાજુ ગેસ્ટ માટેનો પાવડર રૂમ હતો.

હોલની પાછળના ડાઈનિંગરૂમમા બાવીસ માણસો એકી સાથે જમી શકે એવું મારબલનું ડાઈનિંગ ટેબલ હતું. ડાઈનિંગ રૂમની ડાબીબાજુ મોટું મોડર્ન કિચન અને જમણી બાજુ પંચદેવતાનું શુશોભિત મંદિર હતું. મંદિરમા અખંડ દિવો અને પવિત્ર ધૂપસળી બળતા રહેતા.

સેન્ટલ હોલના બે અર્ધવર્તુળ દાદરથી બીજા માળે જવાતું. દાદરની બન્ને બાજુ બબ્બે વ્યક્તિ સમાઈ શકે એવી નાની લિફ્ટ પણ હતી જે ટેરેસ સુધી પહોંચતી હતી. મોટેભાગે સુવર્ણાબેન અને ગણપતકાકાજ લિફ્ટ વાપરતા.

બીજા ફ્લોર પર બે મોટા માસ્ટર બેડરૂમ શેઠજીના અને અક્ષયના હતા. બીજા સાત બેડરૂમ ગામથી આવતા મહેમાનો માટે હતા. જોકે એક રૂમ ગણપતકાકા વાપરતા હતા. દરેક રૂમ એક હોટેલરૂમની સગવડ વાળો હતો. દરેકમાં બે ડબલ બેડ, ટીવી, રેફ્રિજરેટર, માઈક્રોવેવ, કૉફી મેકર, ડેસ્ક, ચેર, ક્લોઝેટ અને ઓબ્ઝિંગ વાળી બાલ્કની હતી.

શ્વેતાએ સુંદરલાલની તદ્દન બાજુની રૂમ પસંદ કરી.

"તમો ટેરેસ પર જઈ આવો. હું શ્વેતામેડમનો રૂમ તૈયાર કરવાની વ્યવસ્થા કરું છું." ગણપત કાકાએ માણસો બોલાવી કામકાજ શરૂ કરી દીધું.

સુંદરલાલ અને શ્વેતા એલિવેટરમાં ઊપર ગયા.

ટેરેસમાં બરોબર વચ્ચે રંગીન ફૂલોથી મહેકતો ગાર્ડન હતો. ગાર્ડનની ચારે બાજુ છત્રી વાળા હિંચકાઓ હતા. અહીં નવરાત્રીના ગરબાઓ થતા. શરદ પુર્ણિમા અને ચંદની પડવાની ઉજાણીઓ થતી.

સુંદરલાલે એમના બંગલાની ટૂર પૂરી કરતાં કહ્યું હજુ કેટલુંક બતાવવાનું બાકી છે જે મેં અક્ષયને પણ હજુ બતાવ્યું નથી. માત્ર હું, મમ્મી અને ગણપત કાકાજ જાણીયે છીએ. ફરી કોઈવાર બતાવીશ. અત્યારેતો ડિનર પછી તારે સ્ટાફનો પરિચય કેળવવાનો છે.

પ્રકરણ ૫

સ્ટાફ ભેગો કરવાની એક અનોખી રસમ હતી. સામાન્ય રીતે કોઈ પણ ઘરનો નોકર વર્ગ માલિકની સામે સોફા પર બેસે નહીં. પણ અહીં જરા જુદું હતું. જ્યારે શેઠ તરફથી સેન્ટ્રલ હોલમાં મિટીંગ બોલાવાય ત્યારે બધાએ સારા કપડા પહેરીને, આવીને સોફાપર બેસવાનું. શેઠ શેઠાણી આવીને બધા નાના મોટા નોકરોને નમસ્તે કહેતા. કંઈ નવી વાત કે સુચના અપાતી. પછી હોલમા બુફે સ્ટાઈલની ખાણીપીણી ચાલતી. નોકરો, નોકરો મટી જતા અને એક ઉમદા પરિવારના સભ્ય બની જતા.

બરાબર નવ વાગ્યે બધા ભેગા થઈ ગયા. સુંદરલાલ, સુવર્ણાબેન અને શ્વેતા હોલમા દાખલ થયા. બધાએ ઉભા થઈ માલિકનું અભિવાદન કર્યું. શેઠજીએ બધાને નમસ્કાર કરી બેસી જવા હસતે મોઢે ઈસારો કર્યો. પોતે સ્ટાફની ઓળખવિધિની શરૂઆત ગણપતકાકાથી કરી.

“સ્ટાફમા તો બધાને ગણપતકાકાની બધીજ વાત ખબર છે. શ્વેતા મેડમને જણાવવા ફરીથી કહીશ.”

“તારા પિતાજી, હું અને ગણપતકાકા એકજ ગામના. હું નાનો હતો ત્યારથી એને મારી સંભાળ રાખવા રાખેલા. એમના હાથ નીચે હું મોટો થયો. એની સીધી સાદી વાતો અને પ્રેમાળ પ્રમાણિક વર્તન દ્વારા એણે મને સંસ્કાર આપ્યા.”

“એકવાર મારા પિતાજી ટ્રેઈનમા ચડવા ગયા ત્યારે પગ લપસ્યો. સાથે ગણપતકાકા હતા. એમણે પિતાજીનેતો પ્લેટફોર્મ અને ટ્રેઈન વચ્ચેથી ખેંચી લીધા પણ એમનું ધોતિયુ. ભેરવાયું. એમનો એક પગ ટ્રેઈનના ફૂટબોર્ડ સાથે ગસડાયો. પગ તુટ્યો. કાપી નાંખવો પડ્યો. વર્ષો સુધી ઘોડી લઈને ચાલ્યા. હું નોકરી માટે મુંબઈ આવ્યો ત્યારે મારી સંભાળ રાખવા હઠ કરીને એ મારી સાથે આવ્યા. તે વખતે શરૂઆતમા અમે ચાલીના એક રૂમમા રહેતા હતા. કાકા લોબીમા સૂઈ રહેતા. મારા પગાર ની છ મહિનાની

બચતમાંથી સુવર્ણાએ એમને માટે લાકડાનો પગ કરાવ્યો. એ અમારા નોકર નથી પણ એક માત્ર હયાત વડિલ છે.”

“કાકા આપણી શ્વેતાને આપના આશીર્વાદ આપો.”

શ્વેતાનું હૈયું ભરાઈ આવ્યુ. એ કેટલા ઉમદા અને ઉચ્ચ સંસ્કારી માણસોની વચ્ચે હતી. આ લોકોની સંગતમા રહેવા છતાં અક્ષય કેમ ગંધાતી ગટરમાં પડી ગયો એ સમજાતું ન હતું.

શ્વેતા આપોઆપ ગણપતકાકા પાસે પહોંચી ગઈ. માથા પર ઓઢણીનો છેડો નાંખ્યો અને ચરણ સ્પર્શ કર્યા. સાચા અને લાકડાના બન્ને પગો અશ્રુબીંદુથી ભીના થયા.

પોતાને હંમેશા શેઠ કુટુંબના સેવક માનતા વૃદ્ધ ગણપતકાકા ભાવવિભોર થઈને રડી પડ્યા.

“બેટી સુખી રહે અને શેઠ કુટુંબની વૃદ્ધિ કર.”

શ્વેતાના મનમાં ચક્રવાત જાગ્યો. પણ બીજી જ પળે શુદ્ધ ભાવનાથી અપાયલા આશીર્વાદને ઈશ્વરેચ્છા માનીને માથે ચડાવ્યા.

બધા પ્રતિ હાથ જોડી કહ્યું “આજથી હું એમને ગણપતકાકા નહિ કહું. હું તો વડિલને દાદાજી જ કહીશ. હું તો ઈચ્છું છું કે આપણે બધા જ એમને દાદાજી કહીએ.”

શેરખાને બુલંદ અવાજે કહ્યું "મેડમ સાહિબાને ઠીક બાત હી બતાઈ હૈ. આજસે હમ સબ અપને બુઝુર્ગકો દાદાજી કહકર હી બુલાયેંગે. અગર કીસીને ઓર કુછ બોલા તો ઉસે કટકા કરકે કૂત્તેકો ખીલા દુંગા.”

લાલાજી શેરખાનના સ્વભાવથી સૌ કોઈ પરિચિત હતા. આ એનું પેટન્ટ વાક્ય હતું. બધા રાગ કાઢીને હસતા હસતા એક સાથે બોલ્યા " હમ સબ દાદાજી હી કહેંગે." હાસ્યનું મોજું ફરી વળ્યુ.

"એક ઔર બિનતી લાલાજી, આપ સબકો બોલ દો કી મુઝે મેડમ કે બજાય સિર્ફ શ્વેતા હી કહે."

લાલાજીએ જમણો હાથ ઊચો કરી આંખ મીંચી. આ એમની વિરોધ કરવાની રીત હતી. એમણે જાહેર કર્યું

"મેડમ યે નહીં હો શકતા. દાદાજી ઔર કાંતામૌસી કે સિવા હમ સબ આપકો મેડમ હી કહેંગે. અગર કીસીને...."

બધાએ ફરીથી રાગ કાઢીને ગાયું..."ઓર કુછ બોલા તો કટકા કરકે કૂત્તેકો ખીલા દુંગા."

શેઠજી એ ખડખડાટ હસતા કહ્યું "ઓકે, ધેટ્સ ફાયનલ."

શ્વેતાએ પહેલી વાર શેઠજીને ખડખડાટ હસતા જોયા. અને તે પણ ઘરના નોકરો સાથે.

દાદાજીએ બધાની ઓળખાણ કરાવવા માંડી.

"આ આપણા લાલાજી, શેઠ સાહેબના બોડીગાર્ડ અને ડ્રાઈવર છે. એ હંમેશા ઓફિસમાં અને આખા બંગલામાં નજર રાખી ફરતા રહે છે. લાલાજી પાસે લાયસન્સવાળી ગન છે. અમારા સૌની સલામતીનું એઓ ધ્યાન રાખે છે. શ્રીફળ જેવો સ્વભાવ છે. ઉપરથી સખત અને અંદરથી નરમ."

ત્યાર પછી કિશન મહારાજ તરફ આંગળી ચિંધતા કહ્યું "આ આપણા કિશન મહારાજ જાત જાતની રસોઈ બનાવવામા એક્કા છે. એમના હાથની સુરતી, કાઠિયાવાડી, પંજાબી, બંગાળી, મદ્રાસી વાનગીઓ એક વાર ખાધી હોય તો બીજાની વાનગીઓ સ્વાદ વગરની જ લાગે. હવે તો એ ઈટાલિયન ચાઈનીસ અને મેક્સિકન શાકાહારી વાનગીઓ પણ બનાવતા થઈ ગયા છે."

પછી વલ્લભની ઓળખાણ કરાવી. "વલ્લભ આપણા ગામનો જ છે. જેઠા ગોરનો દીકરો. બધામાં નાનો. શેઠજી અને શેઠાણીબા એને બાબો જ કહે છે. એ આપણા પંચદેવની

પૂજા, પાઠ અને અભિષેક કરે છે. ઉંમર નાની છે પણ સરસ સંસ્કૃત જાણે છે. રોજ બપોરે સુવર્ણાબાને ધાર્મિક પાઠ વાંચી સંભળાવે છે. દર અગીયારસે સત્યનારાયણની કથા કરે છે. સરસ ભજન ગાય છે".

"લાલાજી, કિશન મહારાજ અને વલ્લભ ચોથા નંબરની રૂમમાં ભેગા રહે છે."

"ત્રીજા રૂમમા પાંડુરંગ અને એની પત્ની સાવિત્રી રહે છે. પાંડુભાઈ સબ બંદર કા વ્યાપારી છે. ઈલેક્ટ્રીકલ મિકેનીકલ કામ હોય કે કાર રિપેર કરવાની હોય, સિક્યોરિટી કેમેરા કે ઘરના ટીવી સંભાળવાના હોય. બાગકામ હોય કે સ્વિમીંગ પૂલ હોય; શોધી શોધીને હંમેશા કંઈ કર્યા જ કરતા હોય. સાવિત્રી ઘરની સફાઈ અને ગોઠવણીનું કામકાજ કરે છે."

"બીજા નંબરની રૂમમા કાંતામાસી અને વિમળાબહેન રહે છે. એ બન્ને રસોડામા કિશનમહારાજને મદદ કરે છે."

"એક નંબરની રૂમમાં જગદીશ અને જ્યોતિ રહે છે. બન્ને ગ્રેજ્યુએટ થયેલા છે. બન્ને સરસ અંગ્રેજી બોલે છે. જગદીશ શેઠજીને ઘરના ઓફિસ કામમાં મદદ કરે છે. અમે એને હોમ મિનીસ્ટર કહીયે છીએ. જ્યોતિ સુવર્ણાબાની પ્રાઈવેટ સેક્રેટરીની જવાબદારી નિભાવે છે. એ ડ્રાઈવ પણ કરે છે. સુવર્ણાબાને જ્યાં જવું હોય ત્યાં જ્યોતિ જ લઈ જાય છે."

"નાકા પરનો પાંચ નંબરનો રૂમ આપણા ગેસ્ટ રૂમ જેવોજ છે. સ્ટાફ મેમ્બરના જે કોઈ મહેમાન બહારગામથી આવે તેમને એ રૂમમાં ઉતારો આપવામાં આવે છે."

"શેઠજીએ અમારા જીવનમાં કોઈ અધુરપ રાખી નથી. અમે અમારી જાતને ખૂબ ભાગ્યશાળી સમજીએ છીયે." દાદાજીએ ઓળખવિધિનું સમાપન કર્યું.

બધા ઉભા થયા. વલ્લભે બુલંદ અવાજે શાંતી મંત્ર ભણ્યો.

મંત્ર પછી કાંતામાસીએ, કિશન મહારાજે તૈયાર કરેલી પાંઊભાજી અને ગુલાબજાંબુની ત્રણ ડીસ તૈયાર કરી શેઠજી, શેઠાનીબા અને શ્વેતાને આપી.

બધા પોતપોતાની રીતે વાનગી માણવા લાગ્યા. સંપૂર્ણ મુક્ત વાતાવરણ હતું.

સૌને વધારે મોકળાશ મળે એ હેતુથી સુંદરલાલ અને સુવર્ણાબેન પોતાના બેડરૂમમા ચાલ્યા ગયા.

એમને પગલે શ્વેતા પણ પોતાના નવા રૂમમાં ગઈ.

પસંદ કરેલો રૂમ આશ્ચર્યજનક રીતે ડિનર દરમ્યાન તૈયાર થઈ ગયો હતો.

મારબલ ફ્લોરની ઉપર જુની કરપેટને બદલે એક ઈંચ જાડો સુંદર અફઘાન રગ આવી ગયો હતો. બાલ્કની ડોર પાસે નવા ડ્રેઈપ્સ લાગી ગયા હતા. રેફ્રિઝરેટરમા દૂધ આઈસ્ક્રિમ વગેરે મુંકાઈ ગયું હતું. બાલ્કનીમા નેતરની ચેર લટકતી હતી. બાલ્કનીમા કાચનું નાનું ટેબલ અને બે ચેર મુકાઈ ગઈ હતી. રૂમના ટેબલ પર તાજા રાતરાણીના ફૂલોનો ગુલદસ્તો મઘમઘતો હતો. અક્ષયના રૂમમાંથી એની બે સ્યુટકેઇસ પોતાના ક્લોઝેટમાં આવી ગઈ હતી. આ વ્યવસ્થા માટે દાદાજીએ બધાને કામે લગાવી દીધા હતા. સ્ટાફમા બધાને જણાવી દીધું હતું કે નાના શેઠને એકદમ બિઝનેસ અંગે પેરિસ જવાનું થયું અને શ્વેતા મેડમ પાસે વિસા ન હોવાથી એ મુંબઈ પાછા આવી રહ્યા. દાદાજીની દરેક વાત સૌ શંકા વગર સ્વીકારી લેતા.

શ્વેતા વિચારતી હતી; એના સસરા ન પામી શકાય એટલી ઊંચાઈએ ઊભા હતા. બધુંજ સરસ હતું. પણ અક્ષય? પોતાના લગ્નજીવન નું શું? પોતે વરને પરણી હતી કે ઘરને?

પ્રકરણ ૬

બીજી સવારે જ્યારે શ્વેતા શાવર લઈને પોતાના રૂમમાંથી બહાર નીકળી ત્યારે સુંદરલાલ શેરખાન સાથે ઓફિસ જવા નીકળી ચૂક્યા હતા. એણે ગૃહમંદિરમા જઈ દીવો પ્રગટાવ્યો. સુવર્ણાબેન માળા કરતા હતા. વલ્લભ કોઈક પાઠ કરતો હતો. શ્વેતાએ જયશ્રી કૃષ્ણ કહી સુવર્ણાબેનની ચરણરજ માથે ચડાવી.

કાંતામાસીએ આવીને પૂછ્યું, "બેન, તમને બ્રેકફાસ્ટમાં શું ફાવશે?"

"માસી, મેં હમણાજ કૉફી પીધી છે. અત્યારે કંઈ ઈચ્છા નથી. આજે ઉઠવામાં ખૂબ મોડું પણ થયું છે, હવેતો બાની સાથે લંચ જ લઈશ."

“જ્યારે વહેલા ઊઠાય ત્યારે અમારી સાથે જ બ્રેકફાસ્ટ લેશે તો અમને ઘણું ગમશે.” શ્વેતાને સમજાયું નહી કે આ સુચન, માત્ર અપેક્ષા હતી કે ટકોર હતી.

શ્વેતા ફરી એના રૂમમા આવી. જોયું તો પાંડુરંગ એના રૂમમાં બે હેલ્પર સાથે દિવાલ પર મોટો ફ્લેટ ટીવી ફિક્સ કરતો હતો. ટેબલ પરના ટીવીની જગ્યાએ એક ડેસ્ક ટોપ અને એક લેપ ટોપ કોમ્પ્યુટર આવી ગયું હતું. ક્લોઝેટના સ્લાઈડિંગ ડોર પર ફુલ સાઈઝ મિરર આવી ગયા હતા. રેક પર તાજા ન્યુઝ પેપર અને મેગેઝિન ગોઠવાઈ ગયા હતા.

"મેડમ, આ બન્ને કોમ્પ્યુટરમા તમારા આઈ ડી અને પાસવર્ડ એન્ટર કરી દેજો. અહીં ત્રણ ફોન છે. કાળો ફોન જનરલ ફોન છે. બાજુમાનો લાલ ફોન ઓફિસમાં શેઠ સાહેબ અને મેનેજરોની ડાયરેક્ટ લાઈનનો છે. સફેદ ફોન આપણા ઘરનો ઈન્ટરકોમ છે. બીજી કોઈ જરૂરિયાત હોય તો મને જરૂરથી જણાવજો."

જરૂરિયાતનું વિચારી શકે તે પહેલાંતો આપોઆપ બધી સગવડો થઈ જતી. પાંડુરંગના ગયા પછી શ્વેતાએ પોતાની બેગમાંથી કાઢીને ક્લોઝેટમાં પોતાનાં કપડાં ગોઠવ્યા.

સાથે લાવેલ ફોટો ગોઠવ્યો. એમાં મોટાભાઈ, ભાભી સૌરભ અને પોતે હતા. એણે ફોટાને બકીઓ કરી. આંખમાંથી બે ચાર અશ્રૂબિંદુઓ ફોટા પર ટપકી પડ્યા. માત્ર થોડા દિવસ પરનું સરળ જીવન ન સમજાય એવો દૂરનો ભૂતકાળ હોય એવું ભાસતું હતું. એને ઘણી બધી વાતો સમજાતી ન્હોતી. ધનાઢ્ય પિતાના પૂત્ર અક્ષયે ઘરમાંજ, સાદાઈથી જ લગ્ન કરવાની જીદ કેમ પકડી? એણેતો પોતાના લગ્નના કેવા કેવા રંગીન સ્વપનાઓ જોયા હતા. કેથી સાથે અક્ષય સંકળાયો ન હોત તો પણ એણે કેટલું સમાધાન કર્યું હતું. ઓછું ભણતર, જરૂરકરતાં ભરાઉ અને ઘઉવર્ણ શરીર. પોતાના કરતાં દોઢ ઈંચ નીચો. કશી જ સામ્યતા નહીં. આ વર્તમાન મને કેવા ભવિષ્યમાં દોરી જશે? શું અક્ષય કેથીને છોડી મને સ્વીકારી શકશે? અરે અક્ષય મને સ્વીકારે તો પણ હું એને હૃદયથી સ્વીકારી શકીશ?

એણેતો કલ્પના પુરુષ ઘડ્યો હતો. ટોલ અને હેન્ડસમ. પ્રોફેનલ અને સ્માર્ટ. રોમૅન્ટિક, લવીંગ અને કાંઈન્ડ. એને બદલે મળ્યો'તો અક્ષય, જેનામાં ઈચ્છિત એક પણ ગુણ ન્હોતો. શું ધન અને સહાયબી ને ખાતર જ જિંદગીભર પીસાતી રહું? સુંદરલાલની પસંદગી સમાજ માન્ય છે. અક્ષયની પસંદ સમાજ માન્ય નથી. સ્પષ્ટ છે કે કેથીએ પ્રેમ ખાતર નહીં પણ ધન ખાતર અક્ષય પર કબજો જમાવ્યો છે. શું મારે પણ ધનલાલસાને કારણે જ અક્ષયને પોતાનો કરવાનો છે? મારામા અને કેથીમા ફેર શું?

બુદ્ધિશાળી તર્કનો સીધો સાદો ઉત્તર મેળવવા મથતી શ્વેતાને કાંતામાસીએ જાગૃત કરી. "બેન, શેઠાણીબા લંચ માટે તમારી રાહ જુએ છે."

લંચ પત્યું.

"શ્વેતા બેટી, તું કોઈ ખાસ કામમાં રોકાયલી ન હોય તો અમારા રૂમમાં આપણે બેસીયે. મારે થોડી વાતો કરવી છે."

“બા, મને પૂછવાનું ન હોય. હું તો તમારી દીકરી છું. આજ્ઞા જ કરવાની હોય ચાલો આપણે ઉપર જઈએ.”

બન્ને એલિવેટરમાં ઉપર ગયા. સુવર્ણાબેને શ્વેતાના રૂમમા જરા ડોકિયું કર્યું. પોતાના રૂમમાં શ્વેતા સાથે દાખલ થયા. એમણે ફોન કરી જગદીશને બોલાવ્યો.

"અરે ભઈલા, આટલા નાના રૂમમાં તો મેડમ ગુંગળાઈ મરશે. બાજુની રૂમ વચ્ચે ડબલ ડોર મુકાવી સ્લિપીંગ એરિયા અને સ્ટડી એરિયા અલગ કરી નાંખો. બે દિવસમાં બધું થઈ જવું જોઈએ. અને બીજું હમણાં કોઈનો પણ ફોન મને આપતો નહીં. હું જરા શ્વેતા સાથે રોકાયલી છું”.

સારું બા કહીને જગદીશ વિદાય થયો. સુવણાબેને એમના રૂમના બારણા બંધ કર્યા.

બન્ને સોફાપર બેઠા. સુવર્ણાબેને રિમોટ કન્ટ્રોલથી શેડ બંધ કર્યા. સિલીંગ પરની રિસેસ લાઈટ રૂમમાં આછો પ્રકાશ રેલાવતી હતી. સોફા સામેની દિવાલ આગળ સિલીંગમાંથી સ્ક્રીન ઉતરી આવ્યો. ઓડિયોમાંથી હળવા સંગીત સાથે સ્લાઈડ શો શરૂ થયો. સુવર્ણાબેન એક બાળકને હાથમા લઈને ઘરમાં પ્રવેશતા હતા.

"હું અક્ષયને લઈને મુંબઈ આવી ત્યારનો ફોટો છે."

એક પછી એક સ્લાઈડ વિલીન થતી ગઈ અને નવી ઉભરતી ગઈ. એક પિકચરમા સુવર્ણાબેન અને અક્ષય પર સુંદરલાલ ગુલાબના ફૂલોની વર્ષા કરતા હતા અને દાદાજી ચોખાની વર્ષા કરતા હતા. બંગલો આ ન હતો. નાની રૂમ દેખાતી હતી. બીજા એક પિકચરમા અક્ષય ઘોડિયામાં સૂતેલો હતો અને સુંદરલાલ અને સુવર્ણાબેન હિંચકો નાંખતા હતા. ત્યાર પછીની એક સ્લાઈડમા અક્ષયે સુવર્ણાબેનની પાછળથી આવીને આંખો બંધ કરી હતી. એક ફોટામાં સુંદરલાલ ઘોડો બન્યા હતા અને અક્ષય તેમની પીઠ પર બેઠો હતો. હાથમાંની નાની ચાબુક ફટકારતો હતો. એક ફોટામાં સુંદરલાલ અને સુવર્ણાબેન ચોપાટી પર ભેળ ખાતા હતા અને અક્ષય એમના ખભાપર બેસીને આઈસ્ક્રિમ ખાતો હતો. ત્યાર પછીની ઘણી સ્લાઈડ ફાસ્ટ ફોરવર્ડ થઈ ગઈ. એકદમ તેના લગ્નની થોડી સ્લાઈડો શરૂ થઈ. અક્ષયની મનાઈ છતાં શેઠજીએ જગદીશ પાસે લેવડાવી હતી. દંપતિના હસ્તમેળાપ

અને મંગળફેરા ફરાતા દૃશ્યો હતા. તેમાં સુવર્ણાબેન શ્વેતાના કાનમાં કંઈક કહેતા હતા. ત્યાં સ્લાઈડ ફિઝ થઈ.

"તને કંઈ સમજાય છે?" સુવર્ણાબેને શ્વેતાને પૂછ્યું.

ઉત્તરની રાહ જોયા વગર તેમણે આગળ ચલાવ્યું.

“મેં અને બીજા ચાર જણાએ તને આશીર્વાદ આપ્યા હતા. ‘અખંડ સૌભાગ્યવતી ભવ.’ આ એક માના પોતાની વહુને અપાયલા આશીર્વાદ હતા. એક બાપ, લાડ જતનથી ઉછેરેલા જીવિત દિકરાના નામનું નાહી નાખે અને નવી પરણેલી વહુ વૈધવ્યના સફેદ કપડા પહેરી ઘરમાં શોક મનાવતી હોય એ કઈ માથી સહન થાય? અત્યારે તો તું અમારી દીકરી બનીને રહે છે. પણ એક વાર મારી જગ્યા, મા ની જગ્યા લઈ જો. તું કેટલું તારા પેટમાં સમાવી શકશે? હું બીજું કાંઈ માંગતી નથી. તારી પાસે એક માત્ર ભીખ માંગું છું. બેટી આ વૈધવ્યનો લેબાસ છોડી દે.”

“મારા પર એટલી દયા કર.”

સાસુ વહુ બન્ને લાંબો સમય નિઃશબ્દ રહી આંસુ વહાવતાં રહ્યા.

ફરી સુવર્ણાબેને શરૂ કર્યું.

“બાપ ઘડાયલા સફળ બિઝનેસમેન છે. પુત્રને એ પોતાની જાયદાદ અને ઈન્વેસ્ટમેન્ટ ગણે છે. શક્તિ અને કાબેલિયતના એ પરીક્ષક છે. જ્યારે અક્ષય એમના માપદંડમાં ઉણો ઉતર્યો ત્યારે અચાનક એની નજર તારા પર પડી. તું દશેક વર્ષની હતી ત્યારથી મને કહેતા મેં અક્ષય માટે એક ઉમદા છોકરી શોધી કાઢી છે. એ છોકરી જ એને અને આપણને તારશે. બસ એને તારા પર મદાર કે તુંજ એને સાચા માર્ગે લાવશે. તારા ઘડતરમાં એમનો પરોક્ષ ફાળો ઓછો નથી. જો તને તારા પર આત્મવિશ્વાસ ન હોય તો મને કહી દે. હું બાપૂજીને સમજાવી દઈશ્ તને માનપૂર્વક, શુભશિષ સાથે ડિવોર્સ અપાવી દઈશું. પણ આ ઘરમાં વૈધ્વ્યતો છોડવું જ પડશે. મારાથી સહન નથી થતું”

“બા એક વિનંતી. હું લાલ રંગ સિવાય બધા રંગના કપડા પહેરીશ. જ્યારે અક્ષય મને સ્વીકારશે અને સેંથામાં સિંધુર પૂરશે ત્યારે લાલ પાનેતર પહેર્યા પછી લાલ રંગના વસ્ત્ર પહેરીશ. મારી રીત અલગ હશે. કેટલાક નિર્ણયો કઠોર હશે. હું અક્ષયને સાચો અક્ષય બનાવીશ્ મારા પર શ્રદ્ધા રાખી આશીર્વાદ આપી મારું બળ વધારતા રહેજો.”

“બા, આમાંથી મને એક અક્ષયનો અને એક અમારા બન્નેનો ફોટો કઢાવી આપોને. મારે મારા રૂમમાં ટેબલ પર મુકવો છે.“

સુવર્ણાબેન ખુશ થઈ ગયા. એણે જગદીશને બોલાવ્યો. શ્વેતાના હાથમાં આલબમ મુક્યું. “આમાંથી તને જે ફોટો ગમે તેની કોપી જગદીશ કાઢી આપશે.”

શ્વેતાએ બે ફોટા પસંદ કર્યા. એક એકલા અક્ષયનો અને એક લગ્ન વખતે પાડેલો સંયુક્ત.

"જગદીશભાઈ, આ બન્નેની બબ્બે કોપી કાઢીને ટેબલ ટોપ ફ્રેમ કરાવી શકશો? બીજી એક એક કોપી વોલેટ સાઈઝની બનાવડાવજો"

આખા ઘરમા બધા એને જગદીશ જ કહેતા. પહેલીવાર માત્ર શ્વેતા મેડમે જ જગદીશભાઈ કહ્યુ. જગદીશ પોરસાયો. “સ્યોર મેડમ.”

“મને મેડમને બદલે બેન કહેશો તો ચાલશે.”

“નો મેડમ. લાલાજીના વટ હુકમ વિરૂદ્ધ કોઈથી ન જવાય.”

ત્રણે ખડખડાટ હસી પડ્યા. વાતાવરણ હળવું થઈ ગયું. સુવર્ણાબેનના ચહેરા પર એક અનેરા સંતોષની સુરખી દેખાઈ. એમણે લાગણી પુર્વક શ્વેતાનો હાથ પોતાના હાથમા લઈ જાણે વિનંતિ કરતાં હોય એમ કહ્યું “મારા એકના એક દીકરાને માત્ર વોલેટમાંજ નહીં પણ હૈયામાં પણ સાચવજે.”

શેઠ પરિવારથી છૂટા થઈ જવું કે પરિવારમાં સમાઈ જવુ એ નિર્ણયમા લોલકની જેમ ઝોલા ખાતી શ્વેતા હજુ પણ સાસુજીની અપેક્ષા સંતોષી શકશે કે કેમ એ અંગે શંકાશીલ હતી.

પ્રકરણ ૭

સુવર્ણાબેનના ચહેરા પર એક અનેરા સંતોષની સુરખી દેખાઈ. એમણે લાગણી પુર્વક શ્વેતાનો

હાથ પોતાના હાથમા લઈ જાણે વિનંતિ કરતાં હોય એમ કહ્યું મારા એકના એક દીકરાને માત્ર વોલેટમાંજ નહીં પણ હૈયામાં પણ સાચવજે.

શેઠ પરિવારથી છૂટા થઈ જવું કે પરિવારમાં સમાઈ જવુ એ નિર્ણયમા લોલકની જેમ ઝોલા ખાતી શ્વેતા હજુ પણ સાસુજીની અપેક્ષા સંતોષી શકશે કે કેમ એ અંગે શંકાશીલ હતી.

બરાબર આજ વખતે અક્ષય સ્વીટ્ઝરલેન્ડની ટ્રેઈનના ફર્સ્ટ ક્લાસ પ્રાઈવેટ કંપાર્ટમેન્ટમાં કેથી સાથે ઇન્ટરલેકન જઈ રહ્યો હતો. ઈન્ટરલેકન આલ્પ્સના પહાડી સૌંદર્ય માટે વિશ્વ વિખ્યાત છે. વિન્ટર અને સમર સ્પોર્ટસ માટે આખા યુરોપમાંથી સહેલાણીઓ ત્યાં ઉતરી આવતા હતા. એ વિસ્તારમાં બોલિવુડની અનેક ફિલ્મો ઉતરી ચૂકી હતી. અક્ષય અને કેથીને સ્પોર્ટસ સાથે કાંઈ સ્નાન સૂતક ન્હોતું. એઓ તો માત્ર મોજમજા માટેજ જઈ રહ્યા હતા.

આછા ભૂરા કાચની બારીમાંથી દેખાતી લીલીછમ વનરાજી વાળા નયન રમ્ય પહાડો પાછળ સરતા જતા હતા. ટ્રેઈન આગળ વધતી હતી. કુદરતી સૌંદર્ય રમણીય હતું. પણ અક્ષય બીજું જ કુદરતી(?) સૌંદર્ય માણતો હતો. પડખે ભરાયલી કેથીના બ્રા લેસ ટીશર્ટમાં હાથ નાંખી એના મોટા સખત સ્તનોને રમાડતો હતો. કૃત્રિમ ઉત્તેજનાના ખોટા અવાજો કાઢતી કેથી ખરેખર તો વિચારતી હતી કે કેવી રીતે કરોડોની મિલકતની માલકણ બનવું.

બિચારા અક્ષયને ખબર ન હતી કે ખરેખર તો એ સંવેદના વગરના સિલીકોનના ગોળાઓ રમાડી ને ખુશ થતો હતો.

અક્ષય તો મુરખ હતો. બાપે કહ્યું કે દીકરા ચિંતા કર્યા વગર મજા કર. બસ જરાયે શ્વેતાડી વિષે વિચારતો નથી પણ કેથી ખરેખર વિચારતી હતી એ ક્યાં અદૃશ્ય થઈ ગઈ હશે. શું આત્મહત્યા કરી હશે કે કોઈ કિડનેપ કરી ગયું હશે. મારી જાણ બહાર અક્ષયે પતાવી દેવાનો કોઈની સાથે પ્લાન કર્યો હશે? અનેક વિચારોમા અટવાયલી કેથી ટેવ મુજબ કૃત્રિમ સેક્સી અવાજ કરી અક્ષયને ઉત્તેજતી રહી. અક્ષયનો એક હાથ ટીશર્ટમામ અને બીજો હાથ ટૂંકા સ્કર્ટ મા હતો.

કંપાર્ટેમેન્ટનું ડોર નૉક થયું. કેથી એ પુછ્યું , "હુ ઈઝ ધેર્?"

“ધીસ ઈઝ યોર ફોટોગ્રાફર જીમ. આઈ હેવ કોમ્પ્લીમેન્ટરી ડ્રીંકસ ફોર યુ, મેડમ.”

“ઈટ્સ ઓપન. કમોન ઇન.” જીમ ટ્રેમાં બ્લેક લેબલ, આઈસ બકેટ અને ચીલ્ડ ગ્લાસીસ સાથે કંપાર્ટમેન્ટમા દાખલ થયો. એના ગળામાં કેમેરો કટકતો હતો.

“મે આઈ ટેઈક કપલ ઓફ પિકચર પ્લીઝ?”

“ગો એહેડ” કેથી એ જવાબ આપ્યો. અર્ધ નશામાં રાચતા અક્ષયે હાથ ખસેડવાની પણ દરકાર કરી નહીં.

'યોર અનફરગેટેબલ મેમરિઝ્' પ્રોગ્રામ હેઠળ પાર્ક હોટેલ મેનેજરે એમને એક ફોટોગ્રાફર આપ્યો હતો. એ આ બન્નેની આજુબાજુ ઘુમતો રહેતો. અનેક ફોટા પડતા રહ્યા. છેલ્લે દિવસે એમને હાર્ડ કવર ગોલ્ડન આલ્બમ મળવાનું હતું. કેથી નિઃસંકોચ ફોટા પડાવ્યે રાખતી હતી. કેથીનો ઉદ્દેશ જુદો હતો. જો કોઈ રીતે અક્ષય છટકી જાય તો એને બ્લેક મેઈલ કરવામા આ ફોટાઓ ઉપયોગી થાય. વિકૃત ફોટાઓનો ઉપયોગ કરી ખોટી પ્રેગનન્સીનો દેખાવ પણ કરી શકાય. બધાની જુદી જુદી ગણત્રીઓ હતી.

શેઠજીને રોજના અનેક ફોટાઓ પર્સનલ ઈ-મેઇલ એડ્રેસપર મળતા રહેતા હતા.

શ્વેતા સાચી હતી અને અક્ષય કેટલો જુઠ્ઠો અને લબાડ પુરવાર થયો હતો. દરેક ફોટા પર ટાઈમ અને ડેઇટ હતા. ફોટાની નીચે સ્થળ પણ પ્રિન્ટ થતું હતું. બધી રીતે સફળ થયેલા સુંદરલાલ શેઠ અક્ષયને ઘડવામાં સદંતર નિષ્ફળ નિવડ્યા હતા.

બંધ બારણે ડિનર લેવાતું હતું. આખા દિવસની પ્રવૃતિની વાતો થતી હતી. સામાન્ય રીતે જ્યારે ડાઈનિંગ રૂમ ના આગળ પાછળના દરવાજા બંધ હોય ત્યારે ગણપત કાકા જ હાજર હોય. એ સાથે બેસીને ડિનર પણ લે અને સર્વ પણ કરે. આજે ગણપતકાકા હતા, પણ સર્વ કરવાની જવાબદારી શ્વેતા સંભાળતી હતી.

શેઠજીની નજરે નોંધ્યું હતું કે શ્વેતાએ આજે સફેદ ડ્રેસને બદલે આછા લીલા રંગની સાડી અને લીલી બંગડી પહેરી હતી. નાનકડો લીલો ચાંદલો કપાળ પર ચમકતો હતો. શેઠજીને પરિવર્તન ગમ્યું પણ ભાવ પ્રદર્શન અંકુશમા રાખ્યું.

"મેં શ્વેતાને મોકળાશ રહે એટલા માટે બન્ને રૂમ વચ્ચે મોટા ડબલ ડોર મુકીને સ્લીપીંગ અને સીટિંગ એરિયા જુદા કરી નાખવા કહી દીધું છે." સુવર્ણાબેને વાત શરૂ કરી

"હા તમારી વાત બરાબર જ છે. શ્વેતા કંઈ ટેમ્પરરી ગેસ્ટ નથી. આટલી નાની જગ્યામા બિચારી ગુંગળાઈ જાય. મને એમ થાય છે કે આ જગ્યા પણ સાંકડી પડેતો આપણે આપણો રૂમ શ્વેતાને આપીશું."

"ના બાપૂજી, મારે માટે તો અત્યારનો રૂમ પણ ઘણો મોટો છે. ખરેખરતો છે તેમનું તેમજ રાખીયે. કશી ભાંગફોડ કરવાની જરૂર નથી."

"અરે દીકરી થોડા સમય પછી તું જ કહેશે કે હવે તો આ બંગલો પણ નાનો પડે છે. અમે ચાલીની રૂમમાં રહેતા હતા ત્યારે સુવર્ણાદેવી પણ તારી જેમજ કહેતા હતા."

"હવે મારી વાત."

"આજે ઓફિસમાં જાહેર કરી દીધું છે કે સોમવારથી યોગેશભાઈ શિવરાજમાં જવાના છે. આવતી કાલે સાંજે કૃષ્ના પેલસમા એમનો વિદાય સમારંભ રાખ્યો છે. શ્વેતા અંગે

થોડી જુદી રજુઆત કરી છે. બધાને જણાવ્યું છે કે યોગેશભાઈના વિદાય સમારંભમાં હાજર રહેવા માટે શ્વેતા સ્વીટઝરલેન્ડથી બે દિવસ વહેલી આવી છે."

"હેમાલીભાભી અને સૌરભ પણ આવશે. શિવુ,, પાર્વતી બેન અને એમની ગ્રાન્ડડોટર, રાજુની દીકરી પ્રાચી પણ આવશે. ચાર વાગ્યા પછી બધા ટ્રાન્ઝેક્શનસ, પ્રોગ્રામ ટ્રેડિંગ પર મૂકી દઈશું. તમો જગદીશની સાથે આવી રહેજો. સાથે ગણપત કાકાને પણ લેતા આવજો. બરાબર ચાર વાગ્યે આવી રહેવાય એ રીતે નીકળજો. પરમ દિવસે એટલે કે શનિવારે સુવર્ણા અને શીવરાજની જોઇંટ ઈન્ટ્રોડકટરી મિટિંગ ઓબેરોયમાં રાખી છે. શીવરાજના ઓફિસર્સ અને આપણી અમદાવાદ, દિલ્હી અને ચિન્નાઈના બ્રાન્ચ મેનેજરસ અને ફાઈનાન્સિયલ વર્લ્ડના દસ મોટા માથાઓ આવશે. શિવુ યોગેશને ઇન્ટ્રો કરશે અને હું શ્વેતાને કરીશ. સોમવારથી શ્વેતા એનું કામ શરૂ કરશે."

"અને બીજું, સુવર્ણા ફાઈનાન્સ તરફથી આજ સુધી આપેલી સેવા બદલ વેવાઈને બે લાખનો ગિફ્ટ ચેક આપવાનો વિચાર રાખ્યો છે. કેમ બરાબરને?"

સુવર્ણાબેને શેઠ સામુ જોયાજ કર્યું.

"કેમ બોલતા નથી?"

"બરાબર નથી."

"શું બરાબર નથી?"

"ચેકની રકમ."

"કેમ વધારે છે?"

"ના ઓછી છે. શીવુભાઈ તમને શું કહે છે, ખબર છેને? ચિંગુશ બનિયા. યોગેશભાઈએ નીચું મો રાખીને શરમમા અને શરમમાં વધારો માંગ્યો નહીં. વગર માંગ્યે તમે કઈ આપ્યું નહીં. અરે તમને ખબર છે કે આજકાલના કોમપ્યુટરવાળા છોકરાઓ એંસી નેવું હજાર મહિને કમાય છે એમની ગિફ્ટ પાંચની કરો. બીજું, મિટિંગમા વેવાઈ વેવાઈ ન કરતા. વેવાઈ કહેશો તો છોકરીના ઘરનું એમને કશું ખપશે નહીં. આ ગિફ્ટ નથી. આ તો

બિઝનેસ એપ્રીશીયેશન છે. રકમ જાહેર કરવાની જરૂર નથી. એક વધારાનું સૂચન. આ છોકરીનો પગાર પણ ડબલ કરી દો. અમેરિકન કંપનીમાં એના લેવલના ડાયરેકટરને કેટલો પગાર મળે છે એ જાણો છો? ભલે હું તમારા જેટલું ભણી નથી તો યે ઈન્ટર પાસ તો છું જ."

સુવર્ણાબેન સાડીનો છેડો સરખો કરતાં ઉંચી ગરદન રાખી બોલતા હતા.

શેઠજી મરક મરક હસતાં તેમની સામે જોતા હતા.

એમણે સલામ મારીને હસતા હસતા કહ્યું " યસ બોસ ઇટ વીલ બી ડન એઝ પર યોર ઓર્ડર."

"એની થીંગ એલ્સ, બોસ."

"હા, આવતી કાલે હું અને શ્વેતા, સવારે જગદીશને લઈને રૂપમ ડ્રેસિસમા શ્વેતા માટે શોપીંગ કરવા જવાના છીએ. અને શ્વેતા દીકરી કાલે સવારે તું સ્વીટઝર્લેન્ડથી આવી હોય તેમ હેમાલી ભાભીને ફોન કરી દેજે. સ્વીસ કોનસ્યુલેટ પાસે એક સ્વીસ સ્ટોર છે. ત્યાં સ્વીસ ચોકલેટ, ચિઝ, અને ગિફ્ટ આઈટમ મળે છે. ત્યાંથી થોડી વસ્તુઓ હેમાલી અને સૌરભ માટે લઈ લઈશું."

આજે સવારથી શ્વેતા સુવર્ણાબેનનું વિવિધરંગી વ્યક્તિત્વ અનુભવતી હતી. ડિનર પછી પહેલી વાર સુવર્ણાબેનને શેઠજી માટે પાન બનાવતાં જોયા. એ વિચારતી હતી 'વન પર્સન, મલ્ટિપલ પર્સનાલિટી

.'શું આ ઘરમાં મારે પણ મલ્ટિકલર પર્સન બનવું પડશે?

પ્રકરણ ૮

આસમાની રંગની, નેવી બ્લ્યૂ રેશમની ચળકતા, એમ્બ્રોઇડરીવાળી સાડી પહેરેલી શ્વેતા સાથે સુવર્ણાબેન ચારને બદલે ત્રણ વાગ્યે ઓફિસમાં આવી પહોચ્યા. સુવર્ણા બેનનો ઠઠારો ઓછો ન હતો. સંપત્તિનો પ્રભાવ, વેશભૂષા અને ચહેરા પર છલકાતો હતો. દાદાજી અને જગદીશ લાલાજી પાસે ગયા. સુવર્ણાબેન સીધા શેઠની ઓફિસમાં ગયા. શ્વેતાની નજર યોગેશભાઈ પર પડતા તે દોડતી એની પાસે પહોંચી ગઈ. યોગેશભાઈએ એને બાથમાં લઈ એના માથાપર આશિષનું ચુંબન કર્યું.

"બહેની, એક જ અઠવાડિયામાં કેટલી સુકાઈ ગઈ? તબિયત તો સારી છે ને?"

"મોટાભાઈ, તમને તો કાયમ હું સુકાયલી જ લાગું છું. પણ આ તો યુસ્ત સાડી પહેરવાની સ્ટાઈલની કમાલ છે. સ્લીમ લાગું છું ને! થેન્કસ. ખરેખર તો એક કિલો વજન વધ્યું છે. તમારી વાત કરો. આજે છેલ્લા દિવસે પણ છેલ્લી ઘડી સુધી કામ કર્યા કરવાના છો?"

“છેલ્લો દિવસ છે એટલે તો કંઈ પેન્ડિંગ નથી રાખવું. કદાચ તને શેઠજીએ વાત ન પણ કરી હોય. આજે સવારેજ નક્કી થયું. શેઠજી કાચા નથી. મારા બદલામા એણે શ્રીવાસ્તવને અહીં ખેંચી લીધો છે. લંડન સ્કુલ ઓફ ઇકોનોમિક્સનો ગ્રેજ્યુએટ છે. ફાંકડો અને હોશિયાર છોકરો છે. એ તારા આસિસ્ટન તરીકે કામ કરવાનો છે. જોલી માણસ છે. એ પણ આજે આવશે."

"ભાભી અને સૌરભ દેખાતા નથી!"

"એ ચાર વાગ્યે જ આવશે. વહેલા આવે તો અહીં કામ કરતા સ્ટાફને ડિસ્ટરબન્સ થાય. એ સીધા ક્રિષ્ના પર જ જશે."

હવે શ્વેતાને ખ્યાલ આવ્યો કે કેટલીક નજરો એ ભાઈ બહેન પર મંડાયલી હતી.

“ચાલો ત્યારે હું બાપૂજી પાસે જાઉં છું.”

લગભગ ત્રણ અઠવાડિયા પહેલા આ જ ઓફિસમાં નોકરીના ઉમેદવાર તરીકે શેઠજી પાસે જઈ રહી હતી. આજે એક માલિક તરીકે તે તેના સસરાજી પાસે જઈ રહી હતી.

લગભગ બાવન વર્ષની ઉમરના શેઠજીના સેક્રેટરી દીનાબેન ભરૂચા શ્વેતાને જોઈને ઉભા થઈ ગયા અને એને માટે બારણું ખોલી આપ્યું. દીના બહેન પ્રભાવશાળી અને ઠરેલ ડિવોર્સી પારસીબાનું હતા. શેઠજી એને મિઝ ભરૂચા કહેતા. બળેવને દિવસે એમની પાસે રાખડી બંધાવતા. ભાઈબીજને દિવસે સુવર્ણાબેન સાથે એમને ત્યાં જમવા જતા. મોટાભાઈએ આ વાત એક બળેવને દિવસે જ કહી હતી.

"નમસ્તે આન્ટી" શ્વેતાથી આપોઆપ કહેવાઈ ગયું.

શ્વેતા શેઠજીની ઓફિસમા દાખલ થઈ.

"આવ દીકરી આવ." સસરાજીએ આવકાર આપ્યો.

"તમે વહેલા આવ્યા તે ઘણું સારું કર્યું. તારી ઓફિસ તૈયાર થઈ ગઈ છે. જરા જોઈ લે. હજુ બે દિવસ છે. તારે કંઈ સુધારો વધારો કરવો હશે તો સોમવાર પહેલા થઈ જશે. ચાલો આપણે શ્વેતાની ઓફિસમા જઈએ."

શેઠજીની ત્રીસ બાય ત્રીસ ઓફિસની બન્ને બાજુ ત્રીસ બાય વીસના બે રૂમો હતા. જમણી બાજુના રૂમમા અક્ષયની ઓફિસ હતી. ડાબી બાજુ પ્રાઈવેટ કોન્ફરન્સ રૂમ હતો જેને શ્વેતાની ઓફિસમાં કનવર્ટ કરવામાં આવ્યો હતો. શ્વેતાની આ ઓફિસની મધ્યમા યુ શેઇપનું મોટું ડેસ્ક હતું. ડેસ્ક પર ડાબી બાજુ ચાર જુદા જુદા રંગના ફોન હતા, જમણી બાજુ બે ડેસ્કટોપ અને એક લેપટોપ કોમ્પ્યુટર હતું. ઓફિસની ડાબી બાજુની દિવાલ ટીવી મોનિટરોથી ભરેલી હતી. સ્ટોક માર્કેટના જુદા જુદા ટિકરો જમણેથી ડાબી બાજુ સરતા રહેતા હતા. ઓફિસના બન્ને ફ્લોરપર વાયર્લેસ હિડન સર્વિલીયન્સ વિડિયો કેમેરા રાખવામાં આવ્યા હતા. દિવાલ પરના બે મોનિટરો પરથી ઓફિસના બન્ને ફ્લોરની એકટીવિટી જાણી શકાતી હતી.

મહેમાનો સાથે મંત્રણા માટે રૂમમાં એક તરફ સામસામે બે સોફા અને વચ્ચે એક ચેર હતી. ફ્લોર પર પગની પાટલી ખૂંપી જાય એવી વેલ્વેટિ કારપેટ હતી. રિસેસ લાઈટનીંગ આછો પ્રકાશ પાથરતી હતી. આગળ પાછળની દિવાલ સી થ્રુ મિરર વાળી હતી. આગળથી ઓફિસનો ભાગ અને પાછળથી નરિમાન પોઈંટનો પ્રવૃત્તિથી ધમધમતો વિસ્તાર જોઈ શકાતો હતો. અંદરથી બહારનું જોઈ સકાતું હતું પણ બહારથી અંદરનું જોઈ ન શકાય એવું પ્રકાશ આયોજન થયેલું હતું.

એક તરફ મીની પેન્ટ્રી હતી અને નાના કાઉન્ટર્ પર કૉફીમેકર, ટોસ્ટર, અને માઈક્રોવેવ હતું. કાઉન્ટરની નીચે નાનું ફ્રિઝ હતું. શેઠની અને શ્વેતાની કોમન દિવાલની વચ્ચે એક ઈલેક્ટ્રોનિક ડોર હતુ. જે રિમોટ કન્ટ્રોલથી ખોલી શકાતું હતું. ડોર ખૂલતા પહેલા નેવું સેકંડ વોર્નિંગ લાઈટ ઝબુકતી. આખો રૂમ સાઉન્ડ પ્રુફ હતો.

રૂમની બહાર સેક્રેટરીનું ડેસ્ક હતું. વિદાય લેતા યોગેશભાઈની સેક્રેટરી નિમા શ્વેતાની સેક્રેટરી થવાની હતી. શેઠજીએ બધી વિગતો વિસ્તારથી સમજાવી. એમણે પૂછ્યું. બીજી કોઈ જરૂરિયાત બાકી રહી ગઈ છે?

શ્વેતા લક્ઝરીની કલપના કરી શકે તેના કરતા પણ વાસ્તવિકતા વધુ સમૃદ્ધ હતી.

સુવર્ણાબેનનો સ્વભાવ હંમેશા કંઇક ઉણપ શોધી કાઢવાનો હતો. એમણે કહ્યું કે .” આ રૂપાળી શ્વેતાની ઓફિસ છે. દિવાલ પર એકેય સારું ચિત્ર નથી. સામેની દિવાલના બન્ને ખૂણા ખાલી છે. એક ખૂણામાં સ્ટેચ્યુ ફાઉન્ટન મુકાવો અને બીજા ખૂણામાં સરસ પ્લાન્ટ મુકાવો.”

શેઠને બીજી ઘણી વાતો કરવાની હતી. એમણે ટૂંકમા પતાવ્યું. "એ પણ થઈ જશે.”

શેઠજીએ ડેસ્ક પરનુ રિમોટ હાથમાં લીધું. દિવાલ પરના મોનિટર પર એક રાજકુવર જેવો યુવાન ઉપસી આવ્યો. "આ છે નિકુળ શ્રીવાસ્તવ. આખી ઓળખાણ પછી આપીશ. જેમ તારા મોટાભાઈ આપણે ત્યાંથી શીવરાજમા જાય છે તેમ નિકુળ શીવરાજમાંથી આપણે ત્યાં આવે છે. મેં શીવુ સાથે લઢીને એને આપણે ત્યાં ખેંચી લીધો છે. લંડનમા ભણેલો છે. ખુબ બ્રાઈટ છે. એ તારા આસિસ્ટન્ટ તરીકે કામ કરશે. માનીલે કે એ ઘરના

છોકરા જેવો જ છે. પરાણે વહાલો લાગે એવો છે. નિરાંતે એના વિષે વાતો કરીશું. અત્યારે નજર માડી લે."

કોલેજીયન છોકરીની સ્ટાઈલ પ્રમાણે બે હોઠો વચ્ચેથી એક ધીમી સિસોટી નીકળી ગઈ. સદભાગ્યે કોઈના ધ્યાનમાં ન આવ્યું.

શ્વેતા એ હેન્ડ્સમ યુવાનને મન ભરીને જોવા ઈચ્છતી હતી પણ રિમોટનું બટન ડબાયું અને ઓફિસ ફ્લોર દેખાયો.

" આપણા બધા એમપ્લોયી પર નજર મારી લે. વ્યક્તિગત ઓળખાણ ધીમે ધીમે થશે. દરેક વ્યક્તિની પર કેમેરો ઝુમ થઈ શકે છે. જો આ તારા મોટાભાઈ. એના કોમ્પ્યુટરના સ્ક્રીન પર નીફ્ટીનો ચાર્ટ છે. પાસેની પેન્સિલની અણી તુટેલી છે. તને ખ્યાલ આવશે કે આ રીતે સ્ટાફની નાનામાં નાની એકટિવિટી પર નજર રાખીને આપણો બિઝનેશ સંભાળી શકશે. મને મારા સ્ટાફ પર પુરો વિશ્વાસ છે. આનો ઉપયોગ હું સ્પાઈંગ માટે નથી કરતો. ધંધા અંગેની માહિતી એમને કેબિનમા બોલાવ્યા વગર જ જાણી લઉ છું."

"જો, ચાર ને દસ થઈ છે. બધાએ કામ સમેટવા માંડ્યું છે. આપણે પણ નીકળીશું"

"બાપૂજી જતા પહેલા જરા અક્ષયની ઓફિસ જોઈ લઉં?"

"સ્યોર્"

શેઠજીએ જમણી બાજુનો રૂમ રિમોટથી ખોલ્યો. એક મોટા ડેસ્કની સામસામે બે ચેર, બે લેપટોપ, દિવાલ પર સાંઠ ઇંચનુ ફ્લેટ ટીવી. એક મોટો સોફાબેડ. ડિવીડી પ્લેયર વિગેરેથી સજાવેલો રૂમ ઓફીસને બદલે હોટેલના બેડરૂમ જેવો લાગતો હતો. રૂમની દરેક બારીઓ હેવી ડ્રેપથી કવર થયેલી હતી.

સ્ટાફમાં એની હાજરી ગેરહાજરીની ભાગ્યેજ નોંધ લેવાતી. શેઠજીએ પણ લાંબા સમયથી એના રૂમમાં જવાનું બંધ કર્યું હતું.

શ્વેતા જ્યારે કિશ્ના પર પહોંચી ત્યારે 'સુદામા બેન્ક્વેટ હૉલ' લગભગ ભરાઈ ગયો હતો. દીનાબેન બધાનું સ્વાગત કરતા હતા. બધાના હાથમાં પોતપોતાની પસંદગીનું નોન આલ્કોહૉલિક મોકટૅલ હતું. બેકગ્રાઉન્ડમા સિતારના સૂરો રેલાતા હતા.

શેફાલીભાભી અને સૌરભ આવી પહોંચ્યા હતા. સૌરભની નજર પડતાં જ તે શ્વેતાને વળગી પડ્યો. કૂફી મને તારા વગર જરાયે ગમતું નથી. તારા લગન કેન્સલ કરીને પાછી આપણે ત્યાં આવી રહે. ભાભીએ નાક પર આંગળી મુંકી ચૂપ રહેવા ઈશારો કર્યો. ભાભીએ હગ કરતાં ધીમે રહીને કાનમા પૂછ્યું "બહેની સુખી તો છેને?"

વળગણમાંથી છૂટા થતા શ્વેતાએ બોલ્યા વગર આંખના પલકારાથી હકારમા જવાબ આપ્યો.

શ્વેતાની નજર એના આસિસ્ટન્ટ નિકુળ શ્રીવાસ્તવ ને શોધતી જતી. સો સવાસોના ટોળામાં એને ઓળખવો શી રીતે? મોટાભાઈને પૂછવાનો વિચાર કરતી હતી ત્યાંજ શીવાનંદ એના કુટુંબ સાથે હૉલમાં દાખલ થ્યા. સુંદરલાલ અને શિવાનંદ બન્ને પરસ્પર ભેટ્યા. શ્વેતાએ શિવાનંદની ઘણી વાતો સાંભળી હતી. એના ફોટા પણ જોયા હતા; લગ્નમાં અપલક ઝપલક આવીને આશીર્વાદ આપીને ચાલ્યા ગયા હતા. પણ ક્યારેયે એમની સાથે વાત કરવાનો પ્રસંગ આવ્યો ન હતો. એની સાથે પાર્વતી આન્ટી હતા. એની સાથે નાની બેબીનો હાથ પકડીને

ચાલતો એક સોહામણો યુવક હતો. સફેદ ડિઝાઈનર જિન્, મરૂન કલરનું, અન બટન ટાઈટ પોલો ટી શર્ટ, સપ્રમાણ અને આકર્ષક બાંધો. ભૂરી હસતી આંખો. ગાલ પર નાનુ ખંજન અને ગુચ્છાદાર લાઈટ બ્રાઉનીસ વાળ.

આ યુવક જ નિકુળ હોવો જોઈએ.

નિકુળ સીધો જ શ્વેતા પાસે પહોંચી ગયો. "નમસ્તે શ્વેતાજી, આઈ એમ યોર આસિસ્ટન્ટ નિકુળ શ્રીવાસ્તવ. સોરી વી આર લિટલ લેઈટ બીકોઝ ઓફ અવર લીટલ પ્રીન્સેસ."

“ગ્લેડ ટુ મીટ યુ મિસ્ટર શ્રીવાસ્તવજી. એન્ડ નાવ ઓન, આઈ એમ નોટ શ્વેતાજી. પ્લીઝ જસ્ટ સે શ્વેતા.”

“ઈઝીટ યોર ઓર્ડર મેમ?”

“નો, ઈટીઝ ફ્રેન્ડલી રિક્વેસ્ટ.”

“આઈ વીલ ટ્રાઈ માય બેસ્ટ મેમ.”

“પ્લીઝ, લિસન. નો શ્વેતાજી, નો મેમ, નો મૅડમ. કોલ મી જસ્ટ શ્વેતા.”

“ઓકે બોસ. આઈ વીલ ટ્રાઈ; બટ ઇટીઝ એન અનઇથીકલ.”

“યુ આર ઈનડિફિટેબલ ; મિ. શ્રીવાસ્તવ.!”

“નોટ મિ.શ્રીવાસ્તવ. પ્લીઝ, જસ્ટ નિકુળ.”

“બન્ને હસી પડ્યા.”

યોગેશભાઈ ત્યાં આવી પહોંચ્યા.

“હું તમારી ઇન્ટ્રોડક્શન કરાવવાનો જ હતો પણ તમેતો જાતે જ કરી લીધી. આ છે મારી બહેન શ્વેતા. નાના શેઠ અક્ષયકુમાર સાથે થોડા દિવસ પર જ લગ્ન થયા તે તો તમે જાણો છો. હનિમુન પરથી આજની પાર્ટી માટે બે દિવસ વહેલા આવવું પડ્યું. તમે બન્ને સાથે કામ કરવાના છો. તમને કામ અંગે કોઈપણ મુંઝવણ હોય તો મારા મોબિલ પર નિઃસંકોચ ફોન કરજો. આઈ એમ અવેલેબલ ટ્વેન્ટીફોર, થ્રીહન્ડ્રેડ સિક્ષ્ટીફાઈવ ફોર યુ.”

“શ્વેતા, આ છે. મિ.નિકુળ શ્રીવાસ્તવ. ઈન્ટરનેશનલ ફાઈનાન્સીંગમા એક્ષપરટીઝ છે. શિવુકાકાના સન રાજુભાઈના સાળા છે. બન્ને શેઠે કુળદિપકોના સાળાઓની અદલા બદલી કરી છે.”

“રિયલ ઈવન એક્સચેઇંજ.”

“એપેટાઈઝરસ પુરા થઈ જાય તે પહેલા તમને બન્નેને, થોડા કી પરસન્સ સાથે ઓળખાણ કરાવી દઉ .”

ત્રણે જણાએ જુદા જુદા ટેબલ પર ફરી હલ્લો હાય કરવા માંડ્યું.

દરેક રાઉન્ડ ટેબલ પર દસ દસ બેઠા હતા.

વીઆઈપી ટેબલ પર સુંદરલાલ અને સુવર્ણાબેન, શિવાનંદ, પાર્વતીબેન અને પ્રાચી, તેમની બાજુમાં સૌરભ, યોગેશભાઈ અને હેમાલી, અને બાજુમા શ્વેતા અને નિકુળ બેઠા હતા.

એપેટાઈઝર અને ડિનરની વચ્ચે સુંદરલાલ યોગેશભાઈની વિદાય અને શ્વેતા તથા નિકુળની નિમણુક અંગે કંઈક બોલવાના હતા.

અચાનક નિકુળ કોર્ડલેસ માઈક સાથે જરાયે સંકોચ વગર પોતાની ખુરશી પર ઊભો થઈ ગયો.

"યોર એટેન્શન પ્લીઝ...યોર એટેન્શન પ્લીઝ.

બધાની નજર નિકુળ પર મંડાઈ. રમતિયાળ શૈલીમા એણે શરૂ કર્યું.

"સોમવારથી હું શ્વેતા મેડમનો સહાયક અને આપ સૌનો સહકાર્યકર્તા બની રહીશ. પૂજ્ય શ્રી. સુંદરલાલ શેઠ માટે આપ સૌની સાથે કામ કરવાની તક મળી છે તે બદલ હું મારી જાતને ભગ્યશાળી સમજું છું. મને એક અફસોસ જરૂર રહેશે. ફાઈનાન્સિયલ ક્ષેત્રમા જેનું નામ માન પૂર્વક લેવાય છે એવા વડિલબંધુ જેવા શ્રી. યોગેશભાઈ સાથે કામ કરવાની તક ન મળી. પિતા તુલ્ય પૂજ્યશ્રી શિવાનંદજીના હાથ નીચે મેં ઘણું શિક્ષણ અને ગાંભિર્ય મેળવ્યું છે. છતાંયે કોઈ કોઈવાર સ્વભાવગત વાંદરવેડા કરી લઉ છું. આઈ હોપ, માઈ બોસ મેડમ શ્વેતાજી વીલ ઓવરલુક માઈ ડ્રોબેક."

શ્વેતાએ હસતા હસતા નકારમા માથું હલાવ્યું. આખા હોલમાં હાસ્યનું મોજું પ્રસરી ગયું.

"ઓકે..ઓકે. આઈ પ્રોમિસ. આઈ વીલ બીહેવ." નિકુળ ખુરશી પરથી ઉતરી હોલની વચ્ચે જઈને ઊભો રહ્યો. આ અનરિહર્સ પ્રોગ્રામ હતો. એણે ચાલુ રાખ્યું.

"આપ સૌના સહકારથી આપણે શ્વેતાજીને દલાલ સ્ટ્રીટની નેતાજી બનાવી દઈશું. માત્ર નેતાજી જ નહિ પણ સામ્રાજ્ઞી બનાવી દઈશું. ધીસ ઈઝ અવર ઓબ્જેકટિવ. ધીસ ઈઝ અવર અલ્ટિમેટ ગોલ."

સૌએ નિકુળને તાળીઓથી વધાવી લીધો. "પ્રભુને એજ પ્રાર્થીએ કે એ માટેની જરૂરી બુદ્ધિ અને શક્તિ આપણને મળી રહે. પૂજય શ્રી. શિવાનંદ શર્માના કુટુંબની શુભેચ્છાના પ્રતિક તરીકે એમની પૌત્રી અને માય સ્વિટ નિસ, પ્રાચી ઇઝ ગોઈંગ ટુ પ્રેઝન્ટ નાઈસ પ્રેયર ફોર અસ. પ્લીઝ ગીવ હર બીગ હેન્ડસ્ ફરી એક વાર હોલ તાળીઓથી ગાજી ઉઠ્યો. નિકુળે ભાણજી પ્રાચીને ઊચકીને ટેબલ પર ઊભી કરી દીધી.

પ્રાચીએ જુની ફિલ્મ ગુડ્ડીની લોકપ્રિય પ્રાર્થના 'હમકો મનકી શક્તિ દેના...' શરૂ કરી.

શ્વેતા નિકુળની બેફિકરી અદાથી પ્રભાવિત થઈ ગઈ. હી બીકેમ સેલ્ફ એપોઈન્ટેડ માસ્ટર ઓફ સેરિમોની. હી સ્ટોલ ધ શો. એણે રમતા રમતા પોતાની લિડરશીપ ક્વોલિટી નું પ્રદર્શન કરી દીધું. આ મારો આસિસ્ટન્ટ તો મારો બોસ બનવાને લાયક છે. નવા વાતાવરણને પણ કેટલા આત્મવિશ્વાસથી પોતાનું કરી લે છે! હું એની સામે શોભાની પુતળી તો ન બની જાઉને? શું એ મારો ફ્રેન્ડ બનશે? કદાચ ફ્રેન્ડને બદલે લવર તો ન બની જાયને? હું તો એના તરફ ખેંચાતી નથીને? પોતાના સ્વપ્ન પુરૂષ ઢાંચામા તો નથી ઢાળતીને?

મનગમતી કલ્પનાના લગામ વગરના ઘોડાઓ ચારે દિશામાં ડોડતા હતા. પોતે પરિણીત સ્ત્રી હતી. વિધવા કે સધવા તે પોતાના મગજમાં અસ્પષ્ટ હતું. સુંદરલાલ શેઠે તેના પુનર્લગ્ન કરાવી સ્વહસ્તે વિદાય કરવાની વાત કરી હતી. પોતે સુવર્ણાબેનને આશા આપી હતી કે અક્ષયને પાછો મેળવશે અને સાચવશે.

ભટકેલા બેફામ દોડતા માનસિક ઘોડાઓ દોડી દોડીને, થાકીને જાતેજ પોતાના તબેલામાં આવી જતા હતા

પ્રકરણ ૯

આજે રવિવારની સવાર હતી. ખરેખરતો શ્વેતા મળશ્કું થતાંજ જાગી ગઈ હતી. તે જાગતી પથારીમાં પડી રહી. તેના માનસપટ પર વિતેલા ત્રણ અઠવાડિયાનુ ં સિંહાવલોકન અને છેલ્લા બે દિવસના બનાવોનું પુનરાવર્તન થતું હતું.

ઓફિસ સ્ટાફની પાર્ટી કરતાં ગઈ કાલની ઓબેરોયની મિટિંગ તદ્દન જુદી જ હતી. બધાએ ફોર્મલ ડ્રેસ પહેર્યો હતો. સસરાજી સુંદરલાલ શેઠની સુચનાથી પોતે પણ સાડીને બદલે ગ્રે કલરનો બિઝનેશ ડ્રેસ પહેર્યો હતો. સુવર્ણાબેને જાતે એના ગળામાં ટોપ અને જેકેટ વચ્ચે નેવી બ્લુ સ્કાર્ફ ગોઠવી આપ્યો હતો. નિકુળે ડાર્ક થ્રી પીસ સ્યૂટ પહેર્યો હતો. શનીવારની મિટિંગમાં નિકુળના જરાયે વાંદરવેડા દેખાયા નહિ. જાતે જાતે બધા સાથે હાથ મેળવતો વર્ષોનો પરિચિત હોય તેમ આત્મવિશ્વાસથી વાતો કરતો રહ્યો હતો. થોડો વધારે પડતો શાંત અને ગંભીર હતો. શ્વેતા સાથે થોડી ઔપચારિક વાતો સિવાય લગભગ ઉપેક્ષા જ કરી હતી. એ પણ ખટક્યું હતું.

કોક્ટૅઇલ અવર્સ દરમ્યાન શ્વેતા સુંદરલાલ શેઠની સાથે જ ફરતી રહી હતી. નવી નવી ઓળખાણો કરતી રહી હતી.

પ્રોફેશનલ મિટિંગનો માહોલ હતો. જુદી જુદી કંપનીઓ, અર્થતંત્ર, માર્કેટ ટ્રેન્ડ, સી.ઈ.ઓ ના કૌભાંડો અને તેમના ઍફેર્સની ગોસિપો થતી હતી. કોઈક નેતા-અભિનેતાઓના બ્લેકમની ઈન્વેસ્ટમેન્ટની માર્કેટ પર થતી અસરની વાત કરતા હતા તો કોઈ પોલિટિક્સ અને બજેટની વાતો કરતા હતા.

ન્યુઝ અને ટીવી રિપોર્ટર્સ પણ કેમેરા અને માઈક્રોફોન સાથે આમ તેમ ફરતા હતા. બે જાણીતી ફાયનાન્સ ફર્મની જોઈન્ટ મિટિંગ પહેલી જ વાર થતી હતી. એક સ્પેક્યુલેશન મર્જીંગનું પણ હતું.

સુંદરલાલે અને શિવાનંદે છટાદાર ઇંગ્લિશમાં, નવા માળખાના સંદર્ભમા શ્વેતા અને નિકુળનો પરિચય કરાવ્યો. બન્નેની ઝળહળતી શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવી. બન્નેનો ઉલ્લેખ પાણીદાર મોતી તરીકે કર્યો. ગેશભાઈને તો વ્યાપારી જગત જાણતું જ હતું. એમનો ઉલ્લેખ એક કીમતી હીરા તરીકે થયો.

યોગેશભાઈએ પણ બેનના મોંફાટ વખાણ કર્યા. શક્તિ અને સરસ્વતી શ્વેતામાં એ સંયોજીત છે એ સિધ્ધ કરવા કોલેજની એન્.સી.સી અને વોલેન્ટિયર હોમગાર્ડની પ્રવૃતિઓનો તથા ટેનિસ, સ્વિમીંગ અને કથ્થક નૃત્યનો ઉલ્લેખ કરવાનું ચૂક્યા નહિ. તે નાની હતી ત્યારે મોટાભાઈ ઊંચકીને ઊંચે બેસાડતા.ખભા પર બેસાડતા. ગઈકાલે પણ એણે એવું જ કર્યું હતું ને! બધાના માનસપટ પર ઊંચે બેસાડી હતી.

શ્વેતા અતીતમા સરતી હતી. કોલેજ..., એન.સી.સી.... કેમપ્સ.... એક્ષરસાઈઝ.... પરેડ અને મલહોત્રા....હા, મલહોત્રા....એથલેટિક મલહોત્રા...કેપ્ટન મલહોત્રા...ટોલ, ડાર્ક અને હેન્ડ્સમ મલ્હોત્રા... કેપ્ટન મલહોત્રા...ડિસિપ્લીનમાં બાંધછોડ ન કરનાર કેપ્ટન મલ્હોત્રા. એણે જ શ્વેતાને પરેડમાં મોડી પડવા બદલ પરેડ ગ્રાઉન્ડ પર બધાની વચ્ચે પચ્ચીસ પુશઅપ કરાવ્યા હતા...પચ્ચીસ શું, તે સો પુશઅપ કરી શકવાને શક્તિમાન હતી. પણ આતો પનિશમેન્ટ....નિષ્ઠુર મલહોત્રા.....એ લેડિઝરૂમમાં કેટલું રડી હતી!

પણ એજ સાંજે બુકે લઈને અમારા ફ્લેટ પર આવ્યો હતો. ભાભીને રિક્વેસ્ટ કરીને શ્વેતાને જુહુ પર લઈ ગયો હતો. કેટલીયવાર એણે સોરી કહ્યું હતું. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, મરાઠી અને પંજાબીમાં નખરાળી માફી માંગી હતી.

પછી તો તે વર્ષ દરમ્યાન અનેક સાંજ પાર્કમાં અને બપોર 'રિટ્ઝ'માં ગાળી હતી. મૈત્રી જુદું સ્વરૂપ પકડે તે પહેલા ભાભીએ પડદો પાડી દીધો.

“મનહર, અમારી શ્વેતાને માટે અમદાવાદનો એક સરસ છોકરો જોવા આવવાનો છે એટલે કાલે તમે બહાર જઈ નહીં શકો.” મલહોત્રા પરપ્રાંતનો, પરજ્ઞાતિનો અને ખાસતો રંગમાં કાળો ધબ્બ હતો. તેજીને ટકોરો.

બીજે દિવસે પોસ્ટમાં ટૂંકો સંદેશો મળ્યો.

'ડિયર શ્વેતા, વી વીલ બી ધ ફ્રેન્ડસ ફોર ધ લાઈફ, ઈફ યુ નીડ એની હેલ્પ. આઈ વીલ બી ઓલવેઇઝ અવેઇલેબલ '

એમ. એમ.

એ મનોહર મલહોત્રા આજે બોમ્બેમાં પોલિસ ઈન્સપેકટર હતો.

એકાએક મગજમાં એક વિચાર ઝબક્યો. સાપ મરે નહિ, લાકડી ભાંગે નહિ અને કેથીને અક્ષયના જીવનમાંથી દૂર કરી શકાય. તે બેડમાંથી ઉભી થઈ ગઈ ઝડપથી શાવર લઈ નીચે ડાઈનિંગ રૂમમાં પહોંચી ગઈ. વલ્લભ પૂજા રૂમમાં ભગવાનને શણગાર કરતો હતો. એ એનું નિત્ય કર્મ હતું. શ્વેતાને વહેલી ઉઠેલી જોઈને કિશનમહારાજ બ્રેકફાસ્ટ માટે પુછવા આવ્યા.

"કિશનજી તમે મારે માટે એક સરસ બ્લેક કોફી બનાવો અને આજે હું બધાને માટે નાસ્તામા ઉપમા બનાઉ."

“અરે! મેડમ તમે?”

"મારે જોવું છે કે તમારી પરીક્ષામાં પાસ થાંઉ છું કે નહિ!"

શ્વેતાએ દાણાંદાર રવામાંથી લીલી ડુંગળી, થોડા લીલા વટાણા, અડદના દાણાં અને કાજુ, દ્રાક્ષ અને કોથમિરથી ભરપુર ઉપમા બનાવી દીધો.

કિચનમાંથી પરવારી કોફીમગ લઈને ન્યૂઝ પેપર જોવા માંડ્યા. બધા જ પેપરના બિઝનેસ સેક્સનમા ગઈ કાલની મિટિંગના હેવાલ અને ફોટા હતા. સમાચાર વાંચવામાં તેને ખ્યાલ પણ ન આવ્યો કે બા, બાપૂજી ટેબલ પર આવી ગયા છે.

"ગુડ મોર્નિંગ દીકરી. આજે બહુ વહેલી ઉઠી ગઈ?"

શ્વેતાએ ઉભા થઈ બન્નેના ચરણસ્પર્શ કરતા જય શ્રીકૃષ્ણ કહ્યું.

કિશન મહારાજ ચ્હા કોફી અને ગરમા ગરમ ઉપમા લઈ આવ્યા.

સુવર્ણાબેનને માટે એકલા દૂધમા આદુ, મસાલો, લીલીચ્હા ફુદિનો, તુળસીના પાન અને ત્રણ ચમચી ખાંડવાળી સ્પેશિયલ ચ્હા બનતી. શેઠજી એને શંભુ મહારાજનો ઉકાળો કહેતા.

શેઠજીએ પેપર જોતા જોતા, ઉપમાની ચમચી મોંમા મુકી.

“હ અં અં અં મ. વા ઉવ.”

એમણે બુમ પાડી. કિશન મા'રાજ!

કિશનમહારાજ ઠપકો મળશે એમ ગભરાતા ગભરાતા આવ્યા.

“આજેતો તમે કમાલ કરી. ધીસ ઈસ ધ બેસ્ટ ઉપમા. આજનું ઉપમા માટેનું બોનસ સો રૂપિયા.”

“મારા તરફથી દોઢસો રૂપિયા.” સુવર્ણાબેન પાછા પડે એમ ન હતા.

હસતા હસતા શ્વેતાએ પ્રણાલિકા ચાલુ રાખી. “મારા તરફથી બસો રૂપિયા.”

કિશન મહારાજ ધીમે રહીને બોલ્યા. “મારા તરફથી સાડીચારસો રૂપિયા.”

“મા'રાજ આજે છટકી તો નથી ગયું? તમે કોને બોનસ આપવાના છો?”

“ઉપમા બનાવનારને.”

“કોણે બનાવ્યો? કાંતા માસીએ?”

“ના. શ્વેતા મેડમે.”

હેં..એ!

“અરે! તું ઓફિસમાંથી કિચનમાં પહોંચી ગઈ?”

શ્વેતાએ પ્રત્યુત્તર આપ્યા વગર કિશન મહારાજને પૂછ્યું. “કેમ કિશનજી પરીક્ષામાં પાસને?”

“હવે તમને કિચનમાં પ્રવેશ નહિ મળે. તમે કિચનમા આવશો તો મારી નોકરીની સલામતી નહિ રહે.” બધા હસી પડ્યા. દિવસની શરૂઆત સારી થઈ.

“કાલે તો આપણો અક્ષય આવી જશે. હું એરપોર્ટ પર રિસીવ કરવા જાઉ?” સુવર્ણાબેનનું માતૃત્વ જાગ્યું.

“હા, હા. કેમ નહિ? જરૂર જાવ. જવું જ જોઈયે. કેથી માટે પણ હાર-તોરા લઈ જવાનું ભૂલશો નહિ.”

શ્વેતાએ સાંભળ્યુ ન સાભળ્યુ કર્યું.

સુવર્ણાબેનથી સોંસરો કટાક્ષ સહન ન થયો. તે ગમ ખાઈને ચૂપ રહ્યા. પોતાના નિત્ય કર્મમા લાગી ગયા.

“બાપૂજી આજે તો ઓફિસ બંધ છે. જો તમને અનુકૂળતા હોય તો એકાદ કલાક ઓફિસમા જઈ આવીયે. મારે કાલ પહેલા થોડું સમજી લેવું છે.”

“એ તો ઘેરે પણ સમજી શકાય. છતાં તને જરૂરી લાગે તો જરૂર જઈશું.” પછીતો ગઈ કાલની મિટિંગ અને તેના રિપોર્ટની વાતો ચાલી. સુવર્ણાબેન એના દૈનિક કાર્યમા વ્યસ્ત હતા..

શ્વેતાએ એકલા પડતા શેઠજીને કહ્યુ,

“બાપૂજી, મારા એક જુના મિત્ર પોલીસ ડિપાર્ટમેન્ટમા છે. કેટલીક બાબતોમાં તેઓ આપણને મદદરૂપ થઈ શકે એમ છે. મારે એમને મળવું છે પણ અત્યારે કોઈ કોન્ટેક્ટ નથી. એમનો પત્તો મેળવવો અઘરો છે. જો તમારી સલાહ હોય તો આપણે એની સાથે થોડી અંગત વાતો કરીયે.”

“તું જે કરશે તે યોગ્ય જ કરશે. શું નામ છે એનું?”

“મિ.મનોહર મલહોત્રા.”

શેઠજીએ પાસે પડેલો ફોન ઉપાડ્યો.

કમિશનર સાહેબ સાથે વાત કરી. ફોન મુક્યો.

“કમિશનર સાહેબ મોબિલફોન પર કોન્ટેક્ટ કરી મલહોત્રાને જણાવશે. મલહોત્રા આપણને અહિ ફોન કરશે. કમિશનર સાહેબ સ્ટાફના પ્રાઈવેટ ફોન નંબર કોઈને આપતા નથી.”

“દસ મિનિટમાંજ રીંગ વાગી. શ્વેતાએજ ફોન ઉપાડ્યો. પંદરેક મિનિટ વાતો ચાલી. શ્વેતા સસરાજીની હાજરી પણ ભુલી ગઈ. તે મુક્ત રીતે કોલેજ ગર્લ બની ગઈ હતી. હસતા હસતા, જોક કરતા "તને સાંભરે રે....મને કેમ વિસરે રે. ચાલતુ રહ્યું. વાત વાતમા એને ઓફિસ પર મળવા જણાવી દીધું. "માઈસેલ્ફ એન્ડ માય ફેમિલિ નીડ યોર પરસનલ હેલ્પ..... થેન્ક્સ.... સીયુ.”

"બાપૂજી, આજે સવારે સાડા અગિયાર વાગ્યે મલહોત્રા આપણી ઓફિસ પર આવી રહેશે. આપણે અગિયાર વાગ્યે પહોંચી જઈશું."

"બે યુવાન મિત્રો વચ્ચે બુઢ્ઢાનું શું કામ? તું એકલી જ મળી આવ."

"ના બાપૂજી, તમારા વગર ચાલે એવું નથી."

"ઓકે. આજે લંચ પણ બહાર જ લઈ લઈશું. હું શેરખાનને તૈયાર રહેવા કહી દઈશ."

બાપૂજી, લાલાજીનું કાંઈ કામ નથી. હું ડ્રાઈવ કરી લઈશ."

"તું?.. તું ડ્રાઈવ પણ કરે છે?"

"હા બાપૂજી બે વર્ષ હોમગાર્ડઝમાં હતી ત્યારે ડ્રાઈવિંગ અને હોર્સબેક રાઈડિંગ શીખી હતી. જીપ લઈને આખુ બોમ્બે ખૂંદી વળી છું."

"આઈ એમ પ્રાઉડ ઓફ યુ."

અગિયાર વાગ્યે શ્વેતા સસરાજી સાથે ઓફિસ પર પહોંચી ગઈ. એણે પોતાના ડેસ્ક પર બે ફોટોગ્રાફ ગોઠવી દીધા. એક લગ્ન વખતનો બન્નેનો અને એક એકલા અક્ષયનો. એ ફોટાને તાકતી રહી. મલહોત્રાની રાહ જોતી રહી.

***

પ્રકરણ ૧૦

બરાબર સાડાઆગિયાર વાગ્યે ઇન્સપેકટર મલહોત્રા હાથમાં મોટું ગિફ્ટબોક્ષ અને બુકે લઈને સિવિલ ડ્રેસમા હાજર થઈ ગયા. "કોન્ગ્રેચ્યુલેશન શ્વેતા. શાદી મેં હમેં યાદભી નહિ કીયા. દોસ્ત દોસ્ત ના રહા. માન લીયા કિ અબ હમ દોસ્તી કે કાબીલ નહિ રહે. હમ આપકી નજરોંસે ભાઈ બનને કે કાબીલ ભી નહિ રહે?"

"નો નો કેપ્ટન, ઐસા નહિ હૈ. દોસ્ત કે સાથ બીતાઈ શામ કૈસે ભૂલ શકતી હૂં "

મલહોત્રા હસતા હસતા શ્વેતાને પજવતા રહ્યા. "હાં..હાં. ઐસાહી તો હૈ. પહેલે આપને હમે કેપ્ટનસે મનોહર બનાયા થા; મનોહરસે મનુ બનાયા થા ઔર અબ ફિરસે કેપ્ટન બના દિયા."

શ્વેતા અકળાઈને લગભગ રડવા જેવી થઈ ગઈ. "પ્લીઝ, કેપ્ટન, આઈ સોરી, મેરે જીગરજાન દોસ્ત મનુ, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ મી. સમટાઈમ્સ વી ડોન્ટ હેવ એની કન્ટ્રોલ ઓન અવર ઓઉન લાઈફ. આઈ એમ ગોઈંગ ટુ ટેલ યુ એવરી થીંગ. આઈ નીડ યોર હેલ્પ મેરે દોસ્ત મનુ ધી ટફ કેપ્ટન મલ્હોત્રા."

"શ્વેતા, હું ખાલી મજાક જ કરૂં છું. મારા પણ લગ્ન થઈ ગયા છે. જેવી મળી તેવી કુબડીને પરણી ગયો છુ. એક સરસ મજાનો લાડકો દીકરો છે. જો આ એનો ફોટો."

મલહોત્રાએ વોલેટમાંથી ફોટો કાઢી શ્વેતાના હાથમાં મુક્યો. ફોટો જોતાંજ શ્વેતા બરાડી "રાસ્કલ આને તું કુબડી કહે છે? આ મારી ફ્રેન્ડ કાશ્મિરા જે કોલેજની

મોસ્ટ બ્યૂટિફુલ મૉડેલ હતી તેને તુ કુબડી કહે છે? ખરેખર તો અમારા ગુજરાતીમાં કહેવાય તેમ કાગડો દહિંથરૂં ઉપાડી ગયો છે.” શ્વેતાએ પાસે પડેલા કાગળનો ડૂચો કરી મલહોત્રાના મો પર માર્યો.

"નાઉ વી આર ઓન ધ સેઇમ ટ્રેક્."

સુંદરલાલ એના વિડિયો મોનિટર પર બે મિત્રોને નિહાળતા હતા. એક પળ તો વિચાર આવી ગયો કે મેં શ્વેતાના જીવન રમત રમીને નાલાયક દીકરાને મારા સ્વાર્થ માટે મારા ઘરમાં બેસાડી દીધી છે. પણ એને ખાત્રી થઈ કે આ શ્વેતા જ એને કેથીના પજામાંથી છોડાવશે.

"નાવ લેટ્સ ગેટ ટુ ધ બિઝનેસ. મને કેમ યાદ કર્યો. હું કઈ રીતે મદદરૂપ થઈ શકું?"

બાપૂજી બાજુની ઓફિસમા બેઠા છે. એની હાજરીમાં વાત કરીએ.

સુંદરલાલ મોનિટર બંધ કરી સ્વસ્થ થયા.

શ્વેતા અને મલહોત્રા શેઠજીની કેબિનમાં દાખલ થયા.

"વેલ કમ ઈનસ્પેકટર મલહોત્રા. થેન્કસ ફોર કમિંગ ઈન શોર્ટ નોટિસ."

"નમસ્તે શેઠ સાહેબ. ફરમાવો. હું આપની શું સેવા કરી શકું?"

"શ્વેતા તમને સારી રીતે કહી શકશે."

"કેપ્ટન આ એક કૌટુંબિક સમસ્યા છે. અક્ષય મારા પતિ છે. કેથી એમની સેક્રેટરી છે. એણે અક્ષયને ફસાવ્યા છે."

શ્વેતાએ સુહાગ રાત સિવાયની, સ્વિસ હનિમુનથી માંડીને બધીજ વાત કરી. સુંદરલાલ મોટી ખુરસીમાં અંઢેલીને આંખ વીંચી બેસી રહ્યા. ઈનસ્પેકટર મલહોત્રા સ્થિરતાથી આંગળીઓ વચ્ચે પેન્સિલ રમાડતા, ધ્યાનથી શ્વેતાને સાંભળતા રહ્યા. વાતને અંતે શ્વેતાથી રડી પડાયું.

"કોઈપણ ડોમેસ્ટિક સીચ્યુએશનમાં કોઈ ગુનો ન હોય ત્યાં સુધી સામાન્યરીતે પોલિસ ઈન્વોલ્વ થતી નથી. લવ ટ્રાએંગલમા પણ પડવાનું મુશ્કેલ હોય છે. એક વાત મારા ધ્યાનમાં આવી છે કે સ્વિટ્ઝરલેન્ડમાં તેઓ ડ્રગ લેતા હતા. હવે આ કેઈસમાં ડ્રગની કડી મુખ્ય છે. જો એ બન્ને ડ્રગ લેતા હોય તો એમની પાસે એડિશનલ સપ્લાય પણ હોવો જ જોઈએ. અમારે કદાચ અક્ષયને પણ એરેસ્ટ કરવો પડે. એમાં તમારો સહકાર જરૂરી છે."

"ના, કેપ્ટન એ શક્ય નથી. અમારા સહકાર વગર જ, તમારે બધું સંભાળવાનું છે. શેઠ કુટુંબનું નામ કોઈ પણ રેકોર્ડ પર કે ન્યુઝ મિડિયામાં આવવું ન જોઈએ. અક્ષયને પણ એમાંથી બાકાત રાખવો પડશે. અક્ષયને કશું જ ના થવું જોઈએ. કેથીનો ઉલ્લેખ પણ સુવર્ણા ફાઈનાન્સની એમપ્લોયી તરીકે ન આવવો જોઈએ. પ્લીઝ હેન્ડલ ઇન સચ અ વે, ધેટ ઇટ વોન્ટ હર્ટ અવર બિઝનેસ એન્ડ રેપ્યુટેશન."

"શ્વેતા, યુ આર મેઇકીંગ સિમ્પલ ઓપરેશન ડિફિકલ્ટ ફોર અસ."

"વી જસ્ટ વોન્ટ ટુ ગેટ રીડ ઓફ કેથી ફ્રોમ અવર લાઈફ. એન્ડ ધેટ ઓલસો બાય લીગલ વે.

કેપ્ટન ધીસ ઇઝ ધ ક્વેશ્ચન ઓફ માય લાઈફ અન્ડ હેપીનેસ."

"ઓકે આઈ વીલ ડુ ધેટ વે." મલહોત્રાએ ડેસ્ક પર હાથ પછાડતા કહ્યું.

"આવતી કાલે ક્યારે આવવાના છે?"

"સવારે પાંચ વાગ્યાનું એરાઈવલ છે."

"સમય થોડો છે. બન્નેનો એકાદ ફોટો મળી જાય તો રિસર્ચમા સમય ન જાય."

સુંદરલાલે પોતાના લેપટોપ પર બે ક્લિકમા અક્ષય કેથીનો સ્વિસ ફોટોગ્રાફ ઉપસાવ્યો. પ્રિન્ટર પર કોપી કાઢી અને મલહોત્રાને આપી.

"ઈનસ્પેકટર સાહેબ મારી એક વિનંતી. આ લેપટોપના બધા ફોટાનું એક ગોલ્ડન આલ્બમ અક્ષય કે કેથી પાસે હશે. એ એક્ષપોઝ થાય કે એનો દુરઉપયોગ થાય, કદાચ એની કોપીઓ ફરતી થાય તે પહેલા મારા હાથમા એ આલ્બમ આવે એ ઈચ્છું છું."

"જો એ એમની પાસે હશે તો તમારા હાથમાં આવી જશે."

"બીજી એક વાત. મને શંકા છે કે તમારા ઘરમાં પણ, અક્ષયના રૂમમા ડ્રગ હોવાની શક્યતા છે. આગળ જતા અક્ષય શેઠ સુધી પગેરુ નીકળે તો ત્યાં પણ સર્ચ વોરન્ટ બજાવવું પડે. જો હોય તો પહેલેથી જ એનો નિકાલ કરવો હિતાવહ છે. આમ પણ અક્ષયને ડ્રગ ફ્રી તો કરવોજ પડશે. આજે સાંજે પાંચ વાગ્યે મારી આસિસ્ટન્ટ મિસ નાયડુ સિવિલ ડ્રેસમાં ડ્રગ સ્નિફર ડોગ સાથે આવશે. તે શ્વેતાની કોલેજ ફ્રેન્ડ તરીકે આવશે. શ્વેતા, તું એને ઘર બતાવવાના બહાના હેઠળ આખા ઘરમાં ફેરવજે. જો ડ્રગ મળેતો એનો અનઓફિસિયલ કબજો લઈને એને ડિસ્ટ્રોય કરી દઈશું. આટલો સહકાર તો મળશેને?"

"તમને ન ગમે એવી બીજી વાત. કેટલીક માહિતી મેળવવા માટે અમારે અક્ષયની કડક પૂછપરછ કરવી પડશે. ઈન્ટરોગેશનનું કામ સબઈન્સ્પેકટર સિંહાને સોંફીસ. સાચી માહિતી માટે થોડો ટપલા-ટપલીનો પણ ચમત્કાર બતાવવો પડે. ઇન્ટરોગેશનમાં સિંહાની ગણત્રી નિર્દય તરીકે થાય છે. પણ હું એને ઈઝી રહેવા સમજાવીશ. છતાંયે એને ફરિયાદ રહે તો બે ચાર એસ્પિરીનથી રાહત થઈ જશે. ચિંતા કરશો નહિ."

“પ્લિઝ કેપટન મારા અક્ષયને મારપીટ ના કરશો.”

સુંદરલાલની “મારા અક્ષય” શબ્દ સાંભળીને આંખ ભીની થઈ. તે શ્વેતાના કે મલ્હોત્રાના ધ્યાનમાં ન આવ્યું.

"સારું છે કે હું બોમ્બેમાં છું અને તમને મદદરૂપ થઈ શકુ છું. આજે આઠ મહિનાથી દિલ્હી ટ્રાન્સફર માટે કોશિષ કરું છું પણ મારી રિક્વેસ્ટ કમિશ્નર સાહેબ

સુધી પહોંચતીજ નથી. મને લાગે છે કે પ્રભુએ તમારા કામ માટેજ મને બોમ્બેમાં રોકી રાખ્યો છે"

"ઈન્પેકટર સાહેબ મને આશા છે કે કેથી જેલમા હશે અને આપ દિલ્હીમા હશો. કમિશ્નર સાહેબ મારા મિત્ર છે. દિલ્હીમા અમારો પાંચ રૂમનો એક ફ્લેટ વપરાયા વગર ધૂળ ખાય છે. તમે એ વાપરી શકો છો. સંકોચ રાખશો નહિ." સુંદરલાલે નકારી ન શકાય એવી ઓફર કરી. જો અહિનું કામ પત્યું હોયતો આપણે લંચ માટે બહાર જઈશું. શ્વેતા ક્યાં જવું છે?

શ્વેતાએ તરતજ જવાબ વાળ્યો, "રિટ્ઝ માં"

મલહોત્રા ના ન પાડી શક્યા. ત્રણે યે રિટ્ઝમાં સોસિયલ્સ વાતો સાથે લંચ લીધું.

***

બરાબર પાંચ વાગ્યે ટેક્ષીમાં મિસ નાયડુ સિવિલ ડ્રેસમા ડ્રગસ્નિફર ડોગને લઈને આવી પહોંચી. એની પાછળ પાછળ પોલિસ જીપ હતી જે બંગલાથી થોડે દુર ઊભી રહી. સુવર્ણાબેન, જગદીશ અને જ્યોતિને લઈને બાબુલનાથ ગયા હતા એટલે ખાસ નાટક કરવાની જરૂર રહી નહિ. ઔપચારિક સ્વાગત પછી શેઠ્જી અને શ્વેતાએ મિસ નાયડુને બંગલો બતાવવા માંડ્યો. જેમ જેમ ફરતા ગયા તેમ તેમ સુંદરલાલની ધડકન વધતી ગઈ. આ મિસ નાયડુના ધ્યાન બહાર ન હતું.

"કામ ડાઉન શેઠ સાહેબ આઈ હેવ કમ હિયર એઝ્ એ ફ્રેન્ડ એન્ડ વીલ ગો એઝ યોર ફ્રેન્ડ. રિલેક્ષ સર."

અત્યાર સુધી કશું જ વાંધાજનક નિકળ્યું નહિ તેનો સંતોષ હતો. છેલ્લે અક્ષયના રૂમમા આવ્યા. ખૂણે ખૂણે સુંઘતો ટોની સેલ્ફ પર મુકેલા ફ્લાવર વાઝ પર કુદ્યો. મેટલનું ફ્લાવર વાઝ નીચે પડ્યું.

નાયડુએ પર્સમાથી સફેદ ગ્લોવ્ઝ કાઢી પહેર્યા અને સિલ્ક ફ્લાવર દુર કરી વાઝની અંદર જોયું. એ ખાલી હતું. એણે ફરી પાછા ફુલ યથાવત ગોઠવી દીધા.

"આઈ વીલ બી બેક"

ડોગને જીપમાં હવાલદારને સોફીને પાછી આવી. જીપ ટોનીને લઈને વિદાય થઈ.

"શેઠ સાહેબ સદભાગ્યે વાઝમાંથી કશું નિકળ્યું નથી પણ એની વાસ પરથી સ્પષ્ટ છે કે આમાં જ ડ્રગ રહેતું હોવું જોઈએ. મારું અંગત સુચન છે કે રોજ દિવસમાં બે વાર રૂમના બધા ફ્લાવરવાઝ ચેક કરો. જે કંઈપણ નીકળે તે નાના શેઠને જણાવ્યા વગર કે તેનો ઉલ્લેખ કર્યા વગર સીધું ટોયલેટમા ફ્લસ કરી દેજો. ભલે એની સ્ટ્રીટ વેલ્યુ લાખોની હોય. જો મોટા પ્રમાણમા નીકળે તો મલહોત્રા સરને જાણ કરજો. શક્ય છે કે નાના શેઠનો રૂમ કોઈ ગેંગ, સ્ટોરેજ સ્પોટ તરીકે પણ વપરાતો હોય. જો એવું હોય તો ગેંગ નાના શેઠના જીવનને પણ ખતરો ઊભો કરી શકે. કોઈ પણ મુશ્કેલી લાગે તો મલહોત્રા સાહેબનો કોન્ટેક્ટ કરજો. ચાલો ત્યારે હું રજા લઈશ."

"બહેન તમે મહેમાન તરીકે આવ્યા તો મહેમાન તરીકે જ જશો. ડિનર લીધા વગર તમારાથી ન જવાય." સુંદરલાલે ગળગળા થઈ વિનંતિ કરી.

મિસ નાયડુએ આનાકાની ન કરી. ડિનર વખતે શ્વેતાની એન્.સી.સી., કેપ્ટન મલહોત્રા અને હોમગાર્ડ્સની આડીઅવળી વાતો થઈ. ડિનર પુરું થતાં સુંદરલાલ શેઠે નાયડુને એક કવર આપવા માંડ્યું પણ નાયડુએ એને અડક્યા વગર જ વિવેક પૂર્વક અસ્વીકાર કરી વિદાય લીધી.

પ્રકરણ ૧૧

રિટ્ઝમા લંચ લઈને છૂટા પડ્યા પછી સિનીયર ઈનસ્પેકટર મલહોત્રાએ ત્રણ ચાર દિશામા ચક્રો ગતીમાન કરી દીધા હતા. સી.આઈ.ડી બ્રાંચના ડિટેકટિવ પવારને અક્ષય અને કેથીની છેલ્લા વીસ વર્ષની એકટિવીટી પ્રોફાઈલ તૈયાર કરવાનું સોંફાઈ ગયું. મલહોત્રાનું કાર્યક્ષેત્ર કોલાબામાં હતું. બે વાગ્યે સ્પેસિયલ મિટિંગમા અંધેરીના એરિયા આસિસ્ટન્ટ કમિશનર ગણાત્રા સાથે ઓપરેશન પ્લાન નક્કી થઈ ગયો હતો. કેથીનો લક્ઝરીઅસ એપારટમેન્ટ જુહુ તારા રોડ પર હતો. એરપોર્ટ પરથી કેથી અને અક્ષય, બન્ને ત્યા જ જશે એનું ગણત્રી પૂર્વકનું અનુમાન હતું. જો અક્ષય છૂટો પડી સીધો સુવર્ણા વિલા પર જાય તો પ્લાન 'બી' પણ તૈયાર કરાયો હતો.

કેથીનો બીજો એપાર્ટમેન્ટ ગોવાના બાગા બીચ નજીક હતો. ઉત્તર ગોવા વિભાગના પોલિસ વડાને સર્ચ વોરન્ટ મેળવીને સવારે નવ વાગ્યે રેઇડ પાડવાનું આયોજન થયું હતું. મલહોત્રા બેકગ્રાઉન્ડમા હતા. ગણાત્રા સાહેબ, સબઈનસ્પેકટર સિંહા અને મિસ નાયડુ આ ઓપરેશનના મુખ્ય સૂત્રધાર હતા.

સોમવારે સવારે સાડા ચારવાગ્યે પોલિસની એક જીપ એરપોર્ટ પર હાજર હતી. એમા સિંહા અને મિસ નાયડુ હતા. સિવિલ ડ્રેસમા મોટર બાઈકને અંઢેલીને મલહોત્રા અક્ષય કેથીની રાહ જોતા ગેઇટની પાસે ઉભા હતા.

કેથીના એપાર્ટમેન્ટ પાસે ઉભેલી જીપમા ગણાત્રા સાહેબ જાતે એક લેડી ઓફિસર અને બે હવાલદાર જરુરી વોરન્ટ સાથે હાજર હતા.

સવારે પાંચ પાંત્રીસે અક્ષય અને કેથી બહાર નીકળ્યા. મિ. મલહોત્રાએ બન્ને જીપના ઓફિસરોને એલર્ટ સિગ્નલ આપ્યો. ધારણા મુજબ અક્ષય અને કેથીની ટેક્ષી જુહુ તારા રોડના એપાર્ટમેન્ટ પર જ જતી હતી. ટેક્ષીની પાછળ

સિવિલ ડ્રેસમા મલહોત્રા બાઈક પર પીછો કરતા હતા. બાઈકની પાછળ સિંહા અને નાયડુની જીપ હતી.

અક્ષય અને કેથી ચૌદમા માળે આવેલા તેમના એપાર્ટમેન્ટમા પહોંચ્યા ત્યારે સવારે સવા છ થયા હતા. બન્ને ઉજાગરાથી થાકેલા હતા. બન્ને પહેરેલે કપડે જ બેડમા આડા પડ્યા.

....અને ડોર બેલ રણક્યો.

કેથીએ કંટાળેલા અવાજે પુછ્યું, "કૌન હૈ?"

"પુલિસ"

તે સફાળી બેઠી થઈ અને બારણું ખોલ્યું. ગણાત્રા સાહેબ અને ઓફિસરો એપાર્ટમેન્ટમાં ધસી આવ્યા.

"આપકે પાસ વોરન્ટ હૈ ક્યા" અક્ષયે દમ ભિડાવ્યો. "જાનતે હો મૈં કોન હું?"

" હાં, હાં મૈ અચ્છી તરહ સે જાનતા હું તુ કૌન હૈ. એક સજ્જન શેઠકી બિગડી હુવી નાલાયક ઓલાદ હૈ તુ."

સિંહાએ અક્ષયના ગાલપર એક ચમચમતી થપ્પડ ઠોકી દીધી.

સિંહા એક સામાન્ય હવાલદારમાંથી સબ ઈન્સપેકટર સુધી પહોચેલા રફ અને ટફ ઓફિસર હતા. એની કાર્યપદ્ધતિ કેટલીક વાર કોંડ ચૂકી જતી પણ ધારેલા પરિણામ માટે ડિપાર્ટમેન્ટ આંખ આડા કાન કરતું.

"ચુપચાપ બૈઠ જા યહાં યે કુર્શી પર."

“એઈ લડકી, તુ ભી દેખ લે. યે મેજીસ્ટ્રેટ સાહબકી સાઈન વાલા વોરન્ટ. ઔર તુ ભી યે સોફા પર બૈઠ જા."

કેથીને સોફા પર બેસાડી દીધી. હાથમાં વોરન્ટ પકડાવી દીધું.

ગણાત્રા સાહેબ ખૂણાપર અદબ વાળી ઊભા હતા. ચકોર નજર બધે ફરતી હતી. થોડી થોડી વારે સેલફોન પર મનોહર મલ્હોત્રા સાથે વાત કરતા હતા.

સર્ચ શરૂ થઈ. આખું એપાર્ટમેન્ટ ખેદાન મેદાન થઈ ગયું.

"સર વી ફાઉન્ડ ડ્રગ સિરીનઝ ફ્રોમ્ ઈનર પોકેટ ઓફ સ્યૂટકેસ." લેડી ઓફિસરે સિંહાને બતાવી.

“હલ્લો.... ઓ.. મિસ મિરેન્ડા. આપ નર્વસ હો તો એક શૉટ લે લો. અબ કોઈ ફરક નહિ પડતા.” સિંહાએ ટિખળ કરી.

“મિસ નાયડુ, ગેટ યોર ટોની.” ગણાત્રા સાહેબે ઓર્ડર કર્યો. નાયડુએ હવાલદાર તરફ ઈશારો કર્યો. સ્નિફર ડૉગ ટોની આવીને એની ડ્યુટી પર લાગી ગયો.

એ સૂંઘતો. ડ્રગની હાજરી જણાતા ભસતો, બચકા ભરતો અને નખ મારતો.

કિચન કાઉન્ટર પર એક મોટો રેડિયો હતો. ટોનીએ કુદીને રેડિયો પાડી નાંખ્યો. નાયડુએ ખોલીને જોયું તો બેટરી કંપાર્ટમેન્ટમા ચાર બેટરીને બદલે બેટરી આકારની ચાર વાઈલ્સ ડ્રગથી ભરેલી હતી.

ટોની બાથરૂમ તરફ ધસ્યો. કેબિનેટ પર ન્હોર માર્યા. નાયડુએ કેબિનેટ ખોલી આપ્યું. એમાંથી ટોનીએ પ્લાસ્ટિકના સેનેટરી ટેમ્પોન બોક્ષને બચકું ભર્યું. ટેમ્પોન્સમા એબશોર્બન્ટને બદલે કોકેઈન હતું. ટોની આખા એપાર્ટમેન્ટમા દોડતો અને સૂંઘતો રહ્યો. બીજું ખાસ નીકળ્યું નહી. મળેલા માલની બજાર કિંમત કરોડની પાસે પહોંચતી હતી.

સિંહાને જોઈતું આલ્બમ મળ્યું. "ગણાત્રા સાહેબ આ આલ્બમમાં સ્વિટ્ઝરલેન્ડના સરસ પિકચર્સ છે. જોવા જેવા છે. આપણા નસીબમા સ્વિટ્ઝરલેન્ડ ક્યારે! “એઇ છોકરી! આ આલ્બમ રેકોર્ડ નથી કરતો. જોવા માટે મારી પાસે રાખી મુકીશ. તું જ્યારે લાંબી સેન્ટન્સની મજા માણીને, ડોસી થઈને બહાર આવશે ત્યારે આલ્બમ પાછું આપી દઈશ." બરછટ સિંહા સોંસરા ચાબખા માર્યે જતો હતો.

“ઓ કે લેટ્સ ગો.” એણે સમેટવા માંડ્યું.

ગણાત્રા સાહેબે કહ્યુ "નોટ સો ફાસ્ટ. જો આ જગ્યાએ ડ્રગનો હોલસેલ બિઝનેસ ચાલતો હોય તો એના કેશ મની પણ આ એપાર્ટમેન્ટમા જ હશે."

આમાં ટોની કામ નહિ લાગે. અક્ષય અને કેથીને ભીંત પાસે ઉભા રાખ્યા. નાયડુએ કેથીને થપ્પડ મારી ને પુછ્યું "બતાદે પેસા કહાં છુપાયા હૈ."

પણ કેથીએ મોં બંધ રાખ્યું. બેડ ઊધો થઈ ગયો. મેટ્રેસ ચિરાઈ ગઈ. સેઈફ શોધવા દિવાલ પરના પેઇન્ટિંગ અને પિકચર્સ નીચે પાડી દેવાયા. છેવટે સોફાની નીચે બે બોલ્ટ કરેલા મેટલના તળિયાની વચ્ચે, હજારની નોટોના બંડલો નીકળ્યા.

"નાવ વન મોર થીંગ મિ.સિંહા. લેટ્સ હેવ સમ એન્ટરટેઇનમેન્ટ. પીક અપ એની રેન્ડમ ડીવીડી એન્ડ પ્લે ઈટ.”

એક ડીવીડી ચાલુ થઈ. ક્રિકેટની હતી. હવાલદારોને રસ પડી ગયો. પણ ગણાત્રા સાહેબે ફાસ્ટફોર્વર્ડ કરાવી. એ ડીવીડી પોર્નોગ્રાફિક નીકળી. બધીજ ડીવીડી કબજે કરાઈ.

જરૂરી ફોટા પડયા. વિડિયો લેવાયો અને સાક્ષીઓની હાજરીમાં નોંધ લેવાઈ.

અક્ષય અને કેથીને હાથકડી પહેરાવાઈ.

એક જીપ અક્ષયને અને સિંહાને લઈને મરિનડ્રાઈવ પોલિસ સ્ટેશન પર પહોંચી. સિવિલ ડ્રેસમાં મલહોત્રા બાઈક પર જીપની પાછળ જ હતા.

બીજી જીપમાં ગણાત્રા સાહેબ અને મિસ નાયડુ કેથીને અંધેરી પોલિસ સ્ટેશન પર લઈ ગયા.

***

નાના રૂમમાં એક ખુરસી પર અક્ષય ધ્રુજતો બેઠો હતો. સિંહાએ યુનિફોર્મ શર્ટ કાઢી ખીંટીએ લટકાવ્યું. કમ્મર પરનો બેલ્ટ કાઢી હાથમાં લીધો. સામે એક સ્ટુલ પર, એક પગ મુકીને સિંહા ઊભા હતા. અક્ષય થરથરતો હતો.

હિડન કેમેરા પરથી બાજુની ઓફિસના મોનિટર પર ઈન્ટરોગેશન રિલે થતું હતું. એરિયા ઇનચાર્જ ઓફિસર અને મલહોત્રા મોનિટર જોઈ રહ્યા હતા.

અક્ષયની સઘન પૂછપરછ શરૂ થઈ.

"તારું નામ?"

સૂકાતા ગળામાંથી ઝીણો અવાજ માંડ નીકળ્યો.

"અક્ષય"

“અક્ખા નામ. ઔર જોરસે બોલો. મુઝે સુનાઈ નહિ દેતા.”

"અક્ષય સુંદરલાલ શેઠ."

"ઊમ્મર?"

"ચોવિસ વર્ષ."

"મેરિડ કે અનમેરિડ?"

"મેરિડ."

"ક્યારે લગ્ન થયેલા?"

"બાર દિવસ પહેલા."

“સ્વિત્ઝરલેન્ડ હનિમુન માટે ગયા હતા?”

"હા"

"બદ્તમિઝ હા નહિ..... હા સાહેબ બોલ."

"હા સાહેબ"

"કેથી તારી વાઈફ છે?"

"ના, સાહેબ?"

"તો કેથી કોણ છે?

"મારી સેક્રેટરી છે, સાહેબ."

"એ તો ડ્રગ ડિલર છે. તું એનો બોસ છે? આવા કેટલા ડિલર તારે માટે કામ કરે છે?"

“ના, ના સાહેબ, ના મારે કેથીના આ ધંધાની કંઈજ ખબર નથી. એ તો મારી ઓફિસ સેક્રેટરીજ છે."

"તો વાઈફ કોણ છે?"

"શ્વેતા."

"શ્વેતા ક્યાં છે?"

અક્ષય મુંગો રહ્યો.

સિંહાએ ફરી પુછ્યું; " સૂનાઈ નહિ દેતા? મને પૂછા, તારી વાઈફ શ્વેતા ક્યાં છે?"

અક્ષય પાસે આનો જવાબ ન્હોતો.

સિંહાએ અક્ષયનો કોલર પકડી ઉંચકીને ભીંત સાથે અફાળ્યો. નાની ચાર દિવાલ ધ્રુજી જાય એવી ત્રાડ નાખી. "વ્હાઈ ડોન્ચ્યુ એનસર માઈ ક્વેશચન્? વ્હેર ઈઝ યોર વાઈફ?"

“સાહેબ મને ખબર નથી. એ સ્વિટ્ઝરલેન્ડમાં ગુમ થઈ ગઈ છે. બહુ શોધી પણ પત્તો ન લાગ્યો.”

" ઓંઓંઓંઓં ગુમ થઈ! પત્તો નથી! આઈ હોપ યુ હેવ્ન્ટ કિલ હર. નાવ વી મે હેવટ્ટુ ઓપન અનધર કેઈસ. બેટ્ટમજી, અબ તૂ જરૂર લટકેગા. રાઈટ નાવ આઈ એમ કન્સર્ન વીથ યોર નારકોટિક્સ કનેક્શન."

સિંહાએ બાવડું પકડી એને ફરી ખુરસી પર પાછો પછાડ્યો..

"કેથી આ ડ્રગ ક્યાંથી લાવે છે?"

"સાહેબ, ખરેખર મને કઈજ ખબર નથી. તે મને કોઈ કોઈવાર ડ્રગ સિગરેટ આપતી હતી. સાહેબ મનેતો બધા નામ પણ ખબર નથી. મારી ભુલ થઈ ગઈ. સાહેબ, હવે હું કદીયે ડ્રગ નહિ લઉ. આઈ પ્રોમિસ. સાહેબ મને જવા દો. હું કેથીને પણ છોડી દઈશ." અક્ષયે બે હાથ જોડી કરગરતાં કહ્યું.

“જો દિકરા! હું તારા બાપની ઉમ્મરનો છું. કેથીને ભુલી જા. એ તો ડોશી થઈને જેલમાંથી બહાર આવશે. તારે છોડવાનો પ્રશ્નજ નથી.”

“તારા કેઈસમાં 'ગિલ્ટી બાય એસોસિએશન' ના ચાન્સીસ છે. હું તને પુછું તેના તદ્દન સાચા જવાબ આપજે.” સિંહાએ તેનો રંગ બદલ્યો. એ અક્ષયની સામે સ્ટુલ પર બેઠા.

"કેથીને ત્યાં કોણ કોણ આવે છે?"

"એની ગોવામાં રહેતી મા આવે છે. એનો કઝીન ફરનાન્ડિસ આવે છે અને અબ્દુલ્લા આવે છે. મારી હાજરીમમાં બીજા કોઈ ખાસ આવતા નથી."

બીજા રૂમમાં મલહોત્રા આ બધું સાંભળતા હતા. વિડિયો રેકોર્ડિંગ થતું હતુ.

"એ ફરનાન્ડિસ કોણ છે?"

"સાહેબ, એની ચર્ચગેટ પાસે કોન્ટિનેન્ટલ પાર્લર છે."

"બ્યુટિપાર્લર કે મસાજ પાર્લર?"

અક્ષય જવાબ આપતા મુંઝાયો.

"અક્ષય, મેં પુછ્યું તેનો જવાબ આપ." જરા કડક અવાજે સિંહાએ પુછ્યું.

"સાહેબ, બન્ને."

"તું ત્યાં જાય છે?"

નીચું જોઈને ધીમેથી જવાબ આપ્યો. "જી સાહેબ."

"કેવી છોકરીઓ કામ કરે છે?"

"બધી ફોરેઇન છોકરીઓ કામ કરે છે. કેટલીક વિઝીટર તરીકે આવેલી હોય અને પૈસા ખુટી જાય એટલે ફર્નાન્ડિસને ત્યાં કામ કરી લે છે."

"તને ગોરી ચામડી જ ગમે છે; ખરું ને? કંઈ નહિ... કંઈ નહિ બચ્ચા. માલદાર બાપ છે અને જુવાની છે. તું જલસા નહિ કરે તો આ બુઢ્ઢો, લુખ્ખો ઈન્સ્પેકટર કરવાનો છે. તેં શું નામ કહ્યું?" કોન્ટિનેન્ટલ પાર્લર, રાઈટ?

"હા, સાહેબ."

"મહિનામા કેટલીવાર જાય છે?"

"અક્ષય મુંગો રહ્યો."

"ક'મોન, ડોન્ટબી શાય!" સિંહા ઠંડે કલેજે અક્ષયને રમાડતા હતા. "કેટલી વાર?"

"સાહેબ, મહિનામા પાંચ, છ વાર"

સિંહાએ અક્ષયના વાળમા આંગળા ફેરવ્યા. "યુ લકી બોય!"

"પેલો અબદુલ્લા કોણ છે? એનો શું ધંધો છે?"

"સાહેબ, શાંતાકૃઝમાં સ્ટેશન રોડ પર નાની ઈરાનિયન હોટલ છે. એ કેથીને ત્યાંથી દર સોમવારે પડિકાના બોક્ષ લઈ જાય છે."

"હં..મ. તું ઈરાનિયન હોટલ પર જાય છે?"

"ના સાહેબ. એકેય વખત ગયો નથી"

"સ્ટેશન રોડ શાંતાકૃઝ બરાબર?"

"જી સાહેબ,"

"ઓકે. આઈ એમ ડન વીથ યુ. હવે તારે બીજા સાહેબને મળવાનું છે. હમણાં અહિ બેસ. કોનસ્ટેબલ આવીને તને એ સાહેબ પાસે લઈ જશે."

અક્ષય ગભરાટના પરસેવાથી નવ્હાઈ ગયો હતો. પપ્પા મમ્મી રાહ જોતા હશે. શ્વેતા ક્યાં ગુમ થઈ ગઈ હતી? હવે મારું શું થશે? અહીંથી સીધા જેલમા જવું પડશે? આખી જીંદગીમાં ભગવાનને યાદ ન કર્યા હોય એટલી એણે આજે ભગવાનને પ્રાર્થના કરી. અનેક બાધાઓ માની લીધી.

પ્રકરણ ૧૨

જે વખતે અક્ષય-કેથીની કાર્યવાહી ચાલતી હતી તેજ સમયે ગોવાના બાગા બીચ પાસેના કેથીના એપાર્ટમેન્ટમાં પણ રેડ પડી હતી. કેથીની કહેવાતી માં, મસાજ પાર્લર અને એસ્કોર્ટ સર્વીસ ચલાવતી હતી. રિટેઇલ ડ્રગનો ધંધો પણ ચાલતો હતો. કેટલીક યુરોપિયન છોકરીઓને બોલિવુડમાં કામ આપાવવાની લાલચે ફર્નાન્ડિસ પાસે મોકલવામાં આવતી હતી.

મુર્ખ અક્ષયને વિવિધતાનો ચટકો લાગ્યો હતો. એને શ્વેતાતો શું, કોઈ ઈન્ડિયન સ્ત્રીમા રસ ન હતો.

ડ્રગ, હાર્ડ લિકર, ગોરી ચામડી અને ગરમ હોઠનું વ્યસન સહેલાઈથી છૂટતું નથી. કેથી સેકસ અને ડ્રગને રવાડે ચડાવીને અક્ષયને આર્થિક રીતે ચૂસતી રહેતી હતી. એના કરોડો લઈને ડ્રગમાં રોકીને અબજો કમાવા હતા. ઈન્ટરનેશનલ ડ્રગ ક્વીન બનવું હતું.

શ્વેતાની વાતના બે ચાર વાક્યો મોટા ઓપરેશન ના પાયાની ઈંટો બની ગઈ હતી.

આજે શ્વેતાનો ઓફિસમાં પહેલો દિવસ હતો. વહેલી સવારનું ચોઘડીયુ સારું હતુ એ બહાને, સવારે નવને બદલે સાડા સાત વાગ્યે દહિં ખાઈને શેઠજીની સાથે ઓફિસે પહોંચી ગઈ હતી. તે શેઠજીની ઓફિસમાંજ હતી. દર પંદર મિનીટે મલહોત્રા પોતાની રીતે અક્ષય-કેથીના સમાચાર આપતા રહેતા હતા. અલબત્ત તેણે મસાજ પાર્લરની વાત ન્હોતી કરી.

ઈન્ટરોગેશન વખતે મોનિટર પર મળતી માહિતીને આધારે અબ્દુલ્લા અને ફર્નાન્ડિસ માટેના જરૂરી વોરન્ટ મેળવી લેવાયા હતા.

કમિશનર સાહેબે મલહોત્રાને ફોન કરીને ધન્યવાદ આપ્યા હતા. મલહોત્રાએ ટ્રાન્સફરનો ઈશારો કરી જોયો. કમિશનર સાહેબ હસ્યા "એમ આઈ ધેટ સ્ટુપીડ? સારા ઓફિસરને હું એમ જવા દઈશ એમ માને છે. ફર્ગેટ ઈટ. યોર્ પ્રમોશન પેપર્સ આર ઓન ધ વે. કીપ અપ યોર ગુડ વર્ક.એન્ડ ટેઈક કેરો ઓફ શેઠ ફેમિલી." ફોન કટ થઈ ગયો હતો.

કોનસ્ટેબલ, અક્ષયને સિવિલ ડ્રેસમા બેઠેલા મલહોત્રા પાસે લઈ આવ્યો.

"આવો અક્ષય શેઠ, આવો બેસો." મલહોત્રાએ ઉભા થઈ અક્ષય સાથે હાથ મેળવી આવકાર આપ્યો. "આજે આ ધમાલમાં સવારનો બ્રેકફાસ્ટ પણ મીસ થયો ખરુંને? અમારા ડિપાર્ટમેન્ટના કામકાજ એવા છે કે ઘણીવાર અમારા પણ રાંધ્યા ધાન રવડી જાય છે. બાય ધ વે, મારું નામ મનહર. મને તમારો મિત્રજ સમજજો."

એક હવાલદાર ટ્રેમા પાણીના બે ગ્લાસ, કૉફીપોટ અને ખારા-ગળ્યા બિસ્કિટ મુકી ગયો. મલહોત્રાએ બે મગમાં કૉફી કાઢી.

"અક્ષય! રિલેક્ષ થાવ અને બ્રેકફાસ્ટ કરો."

અક્ષયની ગભરામણ અને ધ્રુજારી હજુ પણ થંભી નહોતી. એણે કાંપતા બે હાથે ફૉફીમગ પકડી એક ઘૂંટડો ભર્યો.

"અક્ષય તમે કેટલા સમયથી ડ્રગ લો છો? હું તમને એક મિત્ર તરીકે પુછું છું. આ બિસ્કિટ લો. પ્લેનમાંથી ઉતર્યા પછી કશું જ ખાધું ન હોય. ભુખે પેટે મગજ પણ ન ચાલે." મલહોત્રા એ સવાલ સાથે ખાવાનો આગ્રહ કર્યો.

"સાહેબ, લગભગ એક વર્ષથી."

"મને સાહેબ કહેવાની જરૂર નથી. કયા કયા ડ્રગ લો છો?"

"મને નામ તો ખબર નથી પણ કેથી આપતી તે સિગરેટ પીતો હતો અને સ્ટ્રોથી સ્નિફ કરતો હતો."

"નિડલ?"

"એક વાર લીધી હતી પણ મને નિડલ-ઈન્જેકશન બીક છે. નથી લેતો."

"જુઓ, તમે સંસ્કારી કુટુંબમાંથી આવો છો અને ખોટી સોબતમાં ખરાબ રસ્તે જઈ રહ્યા છો. એક વખત પોલિસ રેકર્ડ પર ચડ્યા પછી પોલિસ તમારા પર સતત નજર રાખશે. શંકા પડશે તો ઘરની પણ સર્ચ થશે. જો ઘરમાંથી ડ્રગ નીકળશે તો ઘરના માલિક એટલે કે તમારા ફાધરને પણ હાથ કડી પહેરાવીને લોક અપમાં બેસાડી દેશે. ન્યુઝ મિડિયાને સરસ મસાલો મળી જશે. આ બધું થશે તમારે લીધે."

"સાહેબ, મને એક મોકો આપો. હું બધું છોડી દઈશ."

સાહેબ નહિ, દોસ્ત.

સુંદરલાલ શેઠે અમારા ડિપાર્ટમેન્ટના ફંડફાળામા હંમેશા ઉદાર હાથે સખાવત કરી છે. તમને એક ચાન્સ મળે એવી કોશિશ કરીશું. ગેરંટી નથી આપતો. બીજી એક સ્પટતા કરી લઉ. આ તમારે માટે નથી. સુંદરલાલ શેઠની પ્રતિષ્ઠા માટે છે. જો નહિ સુધરો તો પરિણામ ઘણું જ ખરાબ આવશે. જુઓ સામે બાથરૂમ છે. ત્યાં જઈને ફ્રેશ થઈ આવો. હું તમને તમારી ઓફિસ પર પહોંચાડી દઈશ. બીજી એક વાત. આજે સવારે જે કાંઈ બન્યુ છે એ અંગેની વાત કોઈને પણ કહેશો નહિ. જાણે કશું બન્યુ નથી એવું વર્તન રાખજો"

"થેન્ક્યુ સાહેબ" મલહોત્રાની ના છતાંયે સિંહાએ ભણાવેલો પાઠ એને ધ્રુજાવતો હતો.

અક્ષય બાથરૂમમાં હતો તે દરમ્યાન મલહોત્રાએ સુંદરલાલ શેઠને છેલ્લો ફોન કર્યો.

"શેઠ સાહેબ બધું સેટ થઈ ગયું છે. બરાબર અગીયાર વાગ્યે હું અક્ષયને ઓફિસ પર મુકી જઈશ. તમે અને શ્વેતા આજની ઘટના માટે સંપૂર્ણ રીતે અજાણ્યા રહેજો. કોઈપણ પૂછપરછ કરશો નહિ. લેટ્સ પ્લે ફુલ. આલબમ તમને કાલે મળી

જશે. એન્જોય યોર ડે વીથ યોર સન." અત્યારે મનહર મલહોત્રા નહિ પણ ઈનસ્પેકટર મલહોત્રા બોલતો હતો.

સુંદરલાલ શેઠ ઘડાયલા હતા. છતા એક વાર વિવેક કર્યો. "ઈનસ્પેકટર સાહેબ, આપનો ઘણો આભાર. લંચ સાથે લઈશું"

"સોરી.. અક્ષયને મુકીને સીધા ચર્ચગેટ પહોંચવાનું છે."

ફોન ડિસકનેક્ટ થયો. મલહોત્રા અક્ષયને લઈને બાઈક પર નીકળ્યા. પાછળ બેઠા બઠેલો અક્ષય મુંઝાતો હતો. શ્વેતાને શું થયું હશે? જો મળી જાય તો માફી માંગીને એને સમજાવી લઈશ. મારા પપ્પાની ઈજ્જતને આંચ આવવા નહિ દઉં. પપ્પાએતો કહ્યું હતું કે આઈ વીલ ટેઈક કેર ઓફ ઈટ. એમણે શું કર્યું હશે? ન મળે તો યોગેશભાઈને શો ખુલાસો આપવો? પોતાનું મગજ જવાબ આપે તે પહેલા તો ઓફિસ આવી પહોંચી.અક્ષય બાઈક પરથી ઉતર્યો.

'ટેઇક કેર' કહીને મલહોત્રાએ બાઈક મારી મુકી.

મલહોત્રાના છેલ્લા ફોન પછી શ્વેતાએ સુંદરલાલના ચરણસ્પર્શ કર્યા. “બાપુજી હવે હું પણ મારું કામ શરુ કરું. આશીર્વાદ આપો કે હું મારી જવાબદારી સંભાળવાને લાયક બની રહું.” થોડી નિકુળ સાથે પણ ચર્ચા કરી લઉ.

"જા બેટા સફળ થા"

શ્વેતા એની ઓફિસમા ગઈ અને નિકુળને ફોન કરી પોતાની ઓફિસમાં બોલાવ્યો.

સુંદરલાલ શેઠે બન્ને હાથ બોચી પર મુકી એના પર માથું ટેકવ્યું. આંખો બંધ કરી અક્ષયની રાહ જોવા લાગ્યા.

સામાન્ય રીતે અક્ષય ભાગ્યેજ શેઠજીની ઓફિસમાં જતો. એ પોતાની ઓફિસમાંજ જતો. આજે સીધો પપ્પાની ઓફિસ આગળ આવીને દીનાબેનને પુછ્યું "પપ્પા છે?"

"હા, છે. વહેલી સવારથી તારી રાહ જુએ છે." ઓફિસમાં બે-ત્રણ વ્યક્તિ જ એવી હતી જે અક્ષયને તું-તાં કરી શકતી.

ડોર નોક કરીને અક્ષય પપ્પાની ઓફિસમાં દાખલ થયો. રૂમમાં દાખલ થતાં પહેલા એણે યોગેશભાઈની ગેરહાજરીની નોંધ લીધી.

"પપ્પા, આઈ એમ હિયર."

સુંદરલાલે આંખ ખોલ્યા વગર જ કહ્યું, "બેસ."

અક્ષય બેઠો.

"ક્યારે આવ્યો?"

"આજે સવારે જ આવ્યો."

"તો ઓફિસ પર આવવાની અત્યારે ફુરસદ મળી?"

"પપ્પા, થાકેલો હતો એટલે થોડો આરામ કરીને આવ્યો."

"પપ્પા શ્વેતાના કંઈ સમાચાર? યોગેશ પણ દેખાતો નથી."

"યોગેશ નહિ. તારા વડિલ છે યોગેશભાઈ કે મોટાભાઈ કહેતા શીખ્. તેં સ્વિટ્ઝરલેન્ડમા શ્વેતાની તપાસ કરી હતી?"

"હા પપ્પા, બહુ શોધી, પણ પત્તો ન લાગ્યો."

શેઠજીએ આંખ ખોલી. પોતાનું લેપટોપ અક્ષય તરફ ફેરવ્યું. અક્ષયલીલાની સ્લાઈડ સરતી ગઈ. શેઠજીની આંખો બંધ હતી. અક્ષયને પહેલી સ્લાઈડથી

સમજાઈ ગયું કે તે હારી ગયો છે. એણે લેપટોપ બંધ કર્યું. શેઠજી ખંધુ હસ્યા. "હનિમુન તો સારું માણ્યું, દીકરા."

અક્ષય એની ખુરસી પર જાણે જડાઈ ગયો. થોડો સમય કોઈ પણ સવાલ જવાબ વગર પસાર થઈ ગયો. છેવટે એણે પુછ્યું "પણ શ્વેતાને ક્યાં શોધવી?"

પપ્પાએ ઠંડે કલેજે રિમોટ સ્વિચથી બે રૂમ વચ્ચેનું પોકેટ ડોર ખોલ્યું. "ચેક ઇન ધ નેક્ષ્ટ રૂમ."

કોન્ફરનસ રૂમમાં! તે ઊભો થયો. કોન્ફરન્સ રૂમને બદલે ઓફિસ થઈ ગઈ હતી. ડેસ્કની મુખ્ય ચેર બાજુ શ્વેતા હતી. ડેસ્કની બીજી બાજુ નિકુળ હતો. નિકુળના એક હાથમા ફ્લાવર્સ બુકે હતા. તેઓ બન્ને, ડેસ્ક તરફ ઢળેલા હતા બન્નેનો એક એક હાથ એકમેકના ગળા પર હતો. નિકુળ અને શ્વેતાના ગાલ ચોંટેલા હતા.

"યુઉઉઉ....બિઇઇઇચ"

અક્ષયે દાંત કચકચાવીને બરાડો પાડ્યો.

પ્રકરણ ૧૩

યુ...બિઇઇઇચ કહીને મુઠ્ઠી ઉછાળતો અક્ષય બહાર નીકળી ગયો. નિકુળ સ્તબ્ધ અને અવાચક થઈ ગયો. બન્ને એકબીજાને ઓળખતા હતા. નિકુળને અક્ષયનું વર્તન સમજાયું નહિ. શ્વેતાની આંખમાથી પાણી વહેતા હતા.

"શ્વેતા! અક્ષયને શું થયું? વ્હાઈ આર યુ ક્રાઈંગ?" નિકુળે પુછ્યું. શ્વેતાએ જવાબ ન આપ્યો. એના ડુસકા ચાલુ હતા.

શેઠજી ઈન્ટરકનેક્ટિંગ ડોરમાંથી શ્વેતાની રૂમમાં દાખલ થયા.

અક્ષય સાથે આજે બનેલા બનાવો, શ્વેતાની અચાનક હાજરી, નવી ઓફિસમા શ્વેતાનું સ્થાન, છેક છેલ્લી ઘડી સુધીની શ્વેતાની ભાળ અંગે પપ્પાએ રમેલી રમત, કેથી સાથે સ્વિટ્ઝર્લેન્ડના ફોટા, પોતાના કરતાં વધુ ભણેલા અને હેન્ડસમ નિકુળ સાથે શ્વેતાની હાજરીને ધ્યાનમા લેતા શેઠજી માટે અક્ષયનું વર્તન અપેક્ષિતજ હતું.

એ શ્વેતા પાસે ગયા. લાગણી પુર્વક શ્વેતાના માથાપર હાથ ફેરવવા જતા હતા પણ હસીને હાથ વાળી લીધો. "આઈ ડોન્ટ વોન્ટ ટુ મેશ અપ્ યોર નાઈસ હેર. રિમેમ્બર. ઈન અવર ઓફિસ નો બડી એલાવ ટુ ક્રાઈ. ઘરમાં તું એક છોકરી છે. એક સ્ત્રી છે. ઓફિસમાં તું એક વ્યક્તિ છે. એક મજબુત જવાબદાર ઓફિસર છે. પરસનલ વાતોમાં ઈમોશનલ થઈને ઓફિસનું કામ ના બગાડાય."

"બાપુજી, મારો પ્લાન તો અક્ષય આવે એટલે આપણે સાથે બહાર લંચ માટે જઈને મન હળવું કરીશું; ઓફિસના કામમાં એમને પણ રસ લેતા કરીશું પણ આતો...."

"બેટા સમય જતા બધુંજ ઠેકાણે પડી જશે. થોડી ધીરજ રાખ. અત્યારે તો તું અને નિકુળ બહાર લંચ માટે જઈ આવો. નિકુળ ઘરનોજ માણસ છે. દિલ ખોલીને તારા મનની અને સંયોગોની વાત સમજાવી દેજે. અને બેટા નિકુળ! તું

જે વાત સાંભળે તે તારા હૈયામાં ભંડારી રાખજે. મારા અક્ષયનું હિત જળવાઈ રહે તે જોજે."

નિકુળ અને શ્વેતા 'ઓસન ફ્રન્ટ કાફે'મા બેઠા હતા. શ્વેતા એના રોલર કોસ્ટર જીવનની આપવીતી કહી રહી હતી.

"એમ.બી.એ કર્યા પછી મોટાભાઈ સાથે શેઠજી પાસે નોકરી લેવા ગઈ'તી. શેઠજીએ પોતાની પુત્રવધૂ બનાવી દીધી. લગ્નની પહેલી રાત્રેજ અક્ષયે કપાળ પરનું કુમકુમ અને સેંથામાનું સિંધુર ભુસી નાંખ્યું. દેખાવ ખાતર હનિમુન માટે સ્વિટ્ઝરલેન્ડ લઈ ગયો. પડખામા એની સેક્રેટરી કેથી હતી. એના જીવનમા મારું અને કેથીનુ સ્થાન સિદ્ધ કરવા માટે બન્ને વચ્ચે બિભસ્ત રંગલીલા મારી નજર સામે ખેલાતી રહી. ઉપેક્ષા અને ઉપહાસ સહન ન થતાં એને કહ્યા વગર મુંબઈ આવી રહી. બાપુજીને બધી વાત કરીને ડિવોર્સ અપાવવા વિનંતિ કરી. બા-બાપુજીના પ્રેમ આગળ હારી ગઈ. મને ઘરમાં અને ઓફિસમાં ઉંચુ સ્થાન આપ્યું. અક્ષયના મનથી હું ગુમ થઈ હતી. એણે મને જીવતી તારી સાથે જોઈ ત્યારે એને આઘાત લાગ્યો હશે."

"નિકુળ! છેલ્લા થોડા દિવસોમાં મેં જીંદગીના અકલ્પીત રંગો જોયા છે. હું ક્યાં છું અને ક્યાં જઈ રહી છું તેનું મને ભાન નથી. દિશાશૂન્ય છું. તું મારો મિત્ર બનશે? મારા વલોતા હૈયાને સાચવશે? ભાઈ ભાભીની આગળ રડી એને દુઃખ નથી પહોંચાડવું. મોટાભાઈની નોકરી જળવાય અને મારું દુઃખદ્ લગ્નજીવન એમની નજરે ન ચડે એ ગણત્રીએ એમને 'શિવરાજ'માં ગોઠવ્યા છે."

મલહોત્રાની સુચના અનુસાર કેથીની ધરપકડ અને પોલિસ સ્ટેશન પર થયેલી અક્ષયની પૂછતાછ અંગે શ્વેતા ચૂપ રહી.

"નિકુળ! પહેલી નજરે જ મેં તને મારો દોસ્ત માન્યો છે. કદાચ અક્ષય સાથે થાગડ થીંગડવાળી જીંદગી તો જીવી જઈશ પણ મારેતો રડવા માટે એક ખભો જોઈયે છે. આપીશ?

નિકુળે એના બે ભાવભીના હાથના સંપુટમા, શ્વેતાનો કમળચહેરો લઈ લીધો. કપાળ પર એક આત્મિય ચુંબન અંકિત થઈ ગયું. હસતા હસતાં કહ્યું, " યસ બોસ, આઈ વીલ." શ્વેતા હસી પડી.

ગંભીરતા ઓગળી ગઈ. લંચ પછી શ્વેતાએ વારાફરતી મુખ્ય કર્મચારીઓને ઓફિસમાં બોલાવી ચર્ચાવિચારણા કરી. સુંદરલાલ પ્રસન્ન હતા.

****

પરાજીત, ધૂંધવાતો અક્ષય 'સુવર્ણ વિલા' પર પહોંચ્યો. આજના બનાવોથી અજાણ સુવર્ણાબેન સવારથી એની રાહ જોતા હતા. અક્ષય કશુંયે બોલ્યા વગર પોતાના રૂમમાં ચાલ્યો ગયો. એની પાછળ પાછળ સુવર્ણાબેન અને ગણપતકાકા ઉપર ગયા. અક્ષય રડમસ અવાજે બોલ્યો. "બધાજ મારી પાછળ પડ્યા છે. ચાલ્યા જાવ અહિથી. પ્લીઝ ગો અવે. લીવ મી એલોન. મને એકલાને શાંતીથી મરવા દો."

"પણ બેટા, શું થયું? વાત તો કર. અત્યારે લંચ ટાઈમ છે. આપણે સાથે જમી લઈએ. દિકરા તું થાકેલો લાગે છે. ખાઈને આરામ કરજે." માતાનો પ્રેમ બોલતો હતો.

અપમાનિત અને માનભંગ થયેલો અક્ષય પપ્પા અને શ્વેતાને કારણભૂત માનતો હતો. એ ફ્લોર પર લાંબો થઈ ગયો. બન્નેને પગે લાગીને કહ્યું "મારે નથી ખાવું. પ્લીઝ તમે અહીંથી ચાલ્યા જાવ. સાંજે ખાઈશ, બસ. હવે તમે જાવ." અક્ષય કારપેટ પરજ પડી રહ્યો.

ગણપતકાકા સુવર્ણાબેનનો હાથ પકડી બહાર લઈ ગયા.

સાંજે ડિનર ટેબલ પર બધા પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા. અક્ષયની રાહ જોવાતી હતી.

"શ્વેતા, જરા ઉપર જઈને અક્ષયને બોલાવી લાવને. બિચારો સવારનો ભૂખ્યો છે." સુવર્ણાબેને કહ્યું.

"નહિ શ્વેતા, તારે નથી જવાનું. તમે જાતે જઈને બોલાવી લાવો. આપણો રાજકુંવર શ્વેતા સાથે વધારે ભડકશે." શેઠજીએ કોઈની પણ રાહ જોયા વગર ખાવા માંડ્યું.

સુવર્ણાબેન ઉપર ગયા અને તરતજ એલિવેટરમાં નીચે આવ્યા. "અક્ષય તો ફ્લોર પર પડ્યો છે. તાવથી ધગધગે છે." શેઠજીએ સાંભળ્યું નસાંભળ્યું કર્યું. શ્વેતા ઉભી થઈ ગઈ. "ચાલો બા,"

"દાદાજી તમે પાંડુરંગ સાથે એસ્પિરીનની બોટલ મોકલોને."

"બેટા હું જ લઈને આવું છું"

સુંદરલાલે બધાની ઉપેક્ષા કરીને જમવાનું ચાલુ રાખ્યું.

અક્ષય કારપેટ પરજ પડ્યો પડ્યો કણસતો હતો.

"અક્ષય, બેટા બેઠો થા. બેડ પર સૂઈ જા." સુવણાબેને હાથ પકડી બેઠા કરવાની કોશિશ કરી, અક્ષયથી ઉભા ન થવાયું. દાદાજીએ લાલાજીને બોલાવવા ઈન્ટરકોમ કર્યો.

"બા તમે જરા ખસોતો" સુવર્ણાબેન ખસ્યા.

શ્વેતાએ ધીમેથી અક્ષયને બે હાથોમાં ઊચક્યો અને બેડપર સુવાડ્યો. લાલાજી આવી પહોચ્યા હતા. આશ્ચર્ય ચકિત છ આંખો માની નશકાય એવું દૃષ્ય નિહાળી રહી હતી. શ્વેતાને માટે અઘરું ન હતું. હોમગાર્ડના રાહતકાર્ય વખતે અનેક ઘવાયલાને ઉચકીને સ્ટ્રેચર પર સૂવાડ્યા હતા.

"દાદાજી જરા ફોન કરી થર્મોમિટર મંગાવોને."

બે મિનીટમા પાંડુરંગ થર્મોમિટર લઈ આવી પહોંચ્યો.

"અક્ષય, પ્લીઝ ઓપન યોર માઉથ." પ્લીઝ શબ્દ હોવા છતાં વિનંતિને બદલે હુકમ હતો.

એકસો પાંચ જેટલો તાવ હતો. શ્વેતાએ બે એસ્પિરીન આપી. અક્ષયને શ્વેતાનો પ્રભાવ ખૂચ્યો પણ નકારી ન શક્યો.

"લાલાજી, આપ ઔર પાંડુભાઈ મિલકર યે ગંદે કપડે ઉતારકર નાઈટસૂટ પહના શકતે હો?"

"હાં મેડમ સાહેબા" લાલાજી નવા કમાંડને મનોમન બિરદાવતા હતા.

શ્વેતા આખી રાત ચાર ચાર કલાકે એસ્પિરીન આપતી રહી. મીઠાના પાણીના પોતાં મુકતી રહી અને ટેમ્પરેચર માપતી રહી. તાવ થોડો ઉતરતો અને પાછો ચડતો હતો. વહેલી સવારે સુંદરલાલે ઊઠીને જોયું તો શ્વેતા પોતાં મુકતી હતી.

"શ્વેતા, બેટી તું સુતીજ નથી?"

શ્વેતાએ ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો. "બાપુજી આપણા ફેમિલી ડોકટર કોણ છે?"

"ડૉકટર જમશેદજી દારૂવાલા. આપણા દિનાબેનના કઝીન છે. પહેલી સારવાર એનીજ હોય, પછી જરૂર પ્રમાણે કન્સલ્ટીંગ થાય."

"ડૉકટરને ફોન કરવો જોઈએ. વહેલી સવારે આવે તો સારુ. આખી રાત કણસતા હતા. હમણાંજ જરા આંખ વિચાંઈ છે."

ખરેખર તો અક્ષય જાગતોજ હતો. દુઃખમાયે આ મહામાયા શ્વેતાને સમજવા કોશિશ કરતો હતો.

સુંદરલાલે અક્ષયના વાળમાં હાથ ફેરવ્યો.

સુંદરલાલે ભાગ્યેજ અક્ષયના કોઈ વાતમાં વખાણ કર્યા હશે પણ એની જરૂરી કાળજી લેવાનું ક્યારેયે ચુક્યા ન હતા. સુંદરલાલની અપેક્ષાઓ પુરી કરવાનું અક્ષયની બૌદ્ધિક ક્ષમતા બહારનુ હતું.

અને એજ કારણે બાપ દિકરો વિમુખ થતા ગયા. નજર સામે મોટી થયેલી શ્વેતા શેઠજીના પરિમાણો વટાવી ઘણી આગળ વધી ગઈ હતી. અક્ષય કડવું સત્ય કમને સ્વિકારવાની કોશિશ કરતો હતો.

ડૉકટર જમશેદજી સવારે નવને બદલે આઠ વાગ્યેજ આવી પહોંચ્યા. પાંત્રીસ વર્ષ જુની કાર અને એંસી વર્ષના જૈફ ડૉકટર. આવતાની સાથેજ પુછ્યું "માંદા બચ્ચાને કાં સન્તારેલો છે?"

"ઉપર છે દાકતર બાવા" શેઠજી એમને દાકતર બાવા કહેતા. શ્વેતાએ એમની બેગ લઈ લીધી.

"આ બ્યુતી કોન છે?"

"દાકતર બાવા એ આપણા અક્ષયની વાઈફ છે."

"પોતડાએ લવ મેરેજ કરી નાઈખા એમને?"

"ના બાવાજી, અમારા બધાની મરજીથીજ લગ્ન થયેલા છે."

"ચાલ ડિકરી, બેગ મેલીને મારી પાસે આવ."

શ્વેતાને તરત સમજાયું કે બાવાજી, ડોકટર થોડા અને માયાળુ વડિલ વધારે છે. એણે વાંકી વળી ડૉકટરના ચરણ સ્પર્શ કર્યા. બાવાજીએ લાંબા કોટના અંદરના, બહારના ગજવા ફંફોળ્યા. અંદરના પહેરણમાંથી ડુચો થઈ ગયેલી પાંચસો રૂપિયાની નોટ કાઢી શ્વેતાના હાથમાં મુકી.

ડૉકટરે ઉપર જઈ અક્ષયને તપાસ્યો. બે ઈન્જેકશન આપ્યા. "ડિકરાને સારું થઈ જશે. ચિંટા કરશો નઈ. હમના કંઈ ખવરાવવાનું નઈ. હું લેબમાથી ટેકનિશીયનને મોકલું છું. તે આવીને ઝારા પિશાબ અને લોહીના સેમ્પલ લઈ જશે. પછી એને ખવરાવજો. હું રાતના રિઝલ્ટ લઈને ડિકરાને જોવા પાછો આવીશ"

"દાક્તર બાવા, આજે બપોરે શિવુનો રાજુ આવવાનો છે. રાત્રે એને પણ બોલાવીશ."

"સુંદરની વાત અતિ સુંદર છે. એ પોઈરો બઉ હુશિઆર દાકતર છે. તારા કુકને કે'જે સાંજે મારા માતે પન રસોઈ બનાવે."

શ્વેતાને ડોકટર આત્મિય કુટુંબી લાગ્યા.

શેઠજી અને શ્વેતા ઓફિસે જવા નિકળ્યા ત્યારે અક્ષય ઊઘતો હતો. રસ્તામા શ્વેતા વિચારતી હતી કે શું સિંહાએ અક્ષયની ખુબ મારઝુડ કરી હશે. અક્ષય ભલે વંઠેલ હશે, પણ છે તો પોચકો. એને ખરેખર બીક પેસી ગઈ હોવી જોઈએ.

અને આ શિવુકાકાના રાજુ વિશે તો પોતે કશુ જાણતી નથી. નિકુળને પુછવું પડશે. મિટીંગ માટે સુભ્રમણીયમ આવે તે પહેલા માર્સલ એન્ટરપ્રાઈઝ નું પ્રોસ્પેકટિવ ઇવેલ્યુએટ કરવાનું છે. નિકુળે બોર્ડ્સ ઓફ ડિરેકટર્સની પર્સનલ પ્રોફાઈલ તૈયાર રાખી હોય તો સારુ, ડ્રાઈવ કરતા કરતા મગજમાં શ્કેડ્યુઅલ ગોઠવાતું જતું હતું. શેઠજી કારમાં બોમ્બે મિરર ઉથલાવતા હતા.

"ગુડ મોર્નિંગ શ્વેતા" નિકુળ ફાઈલ લઈને ઓફિસમાં દાખલ થયો.

"ગુડ મોર્નિંગ હેન્ડ્સમ. હેવ એ સીટ"

"શ્વેતા, મારસલના બધા ડાયરેકટરની પ્રોફાઈલ તૈયાર છે. એક માત્ર અશોક સેનગુપ્તાનુ બેકગ્રાઉન્ડ શંકાસ્પદ છે. દસ વર્ષ પહેલા ઇનસાઈડ ટ્રેડિંગમા સલવાયલો હતો. આપણે ઇન્વેસ્ટ કરીયે તે પહેલા વધારે સર્ચ કરવી પડશે."

"ગુડ વર્ક નિકુળ"

નિકુળ ઉઠવા જતો હતો. શ્વેતાએ કહ્યું "પ્લીઝ, બેસ મારે થોડી વાતો કરવી છે" શ્વેતાએ ઉભા થઈ કૉફિપૉટમાંથી બે મગ ભર્યા. એક નિકુળને આપ્યો. એક પોતે લીધો.

"નિકુળ શિવુકાકા બાપુજીના ફ્રેન્ડ છે. ઘરજેવો સંબધ છે. પણ એ સિવાય એમના કુટુંબ વિશે કે એમના રાજુ અને તારા બેન અંગે હું કશુંજ જાણતી નથી. અક્ષયની તબિયત સારી નથી. રાજુભાઈ આજે અમારે ત્યાં આવવાના છે. જરા એમના વિશે જાણી લંઉ તો વાત કરવાની ફાવટ રહે."

નિકુળ કૉફિમગ બે હાથે પકડી સિલીંગને તાકતો રહ્યો. વાતને મનમા ગોઠવતો રહ્યો.

"જીજાજીની વાત કરું તે પહેલા મારી વાત કરી લઉ. હું અને મારી બહેન નિરાલી...અમે બન્ને ટ્વિન્સ. ગર્ભશ્રીમંત વિધવા માતાના સંતાન. હું લંડન ભણવા ગયો. નિરાલી અમેરિકા ભણવા ગઈ. જીજાજી અમેરિકામાં ઓન્કોલોજીનુ કરતા હતા. બે વચ્ચે પ્રેમ પાંગર્યો. શિવુબાપાએ પ્રેમથી અને પાર્વતિબાએ થોડા કચવાટ સાથે મારી બહેન નિરાલી ને પુત્રવધૂ સ્વીકારી લીધી. લંડનથી લગ્નમાં હું પણ આવ્યો. શિવુ બાપાએ મને પાછો જવા ન દીધો. શિવરાજમાં બેસાડ્યો. નિરાલી પ્રેગનન્ટ થઈ. પ્રાચીનો જન્મ થયો. માત્ર એક મહિનાની હતી ને નિરાલી દેવલોક પામી. જીજાજી ડિપ્રેશનનો ભોગ બને એવું લાગતું હતું. આખો દિવસ પ્રાચીની ક્રિબ પાસે બેસી રહેતા. એક દિવસ શિવુબાપાના કુળગુરૂ સ્વામીજી આવ્યા. એમણે કહ્યું, 'મારે ઉધનામા મારા આશ્રમ પાસે કેન્સર ક્લિનીક શરૂ કરવી છે. શિવાનંદ, મારે તારા પૈસા અને પુત્ર જોઈયે છે. આ વિનંતી નથી. આજ્ઞા છે.' ઈન્કારનો સવાલજ ન્હો'તો."

"મારી મમ્મીતો અમે પરદેશમાં હતા ત્યારેજ ગુજરી ગઈ હતી. તે સમયે પાર્વતિબાએ કહ્યું હતું; પ્રાચી અને નિકુળ માં વગરના નથી. હું જ તેમની માં છું. હું મારો ફ્લેટ છોડી એ કુટુંબમા સમાઈ ગયો. જીજાજીએ ઉધના પાસે કેન્સર ટ્રિટમેન્ટ સેન્ટર વિકસાવ્યુ. દરેક પેશન્ટને થયેલા ખર્ચનો હિસાબ અપાય પણ

કોઈ ઉધરાણી નહી. શક્તિ પ્રમાણે જેને જે આપવું હોય એ આપે. ન આપે તો પણ ચાલે.

જીજાજી દર અઠવાડિયે એક વાર બપોરે આવે. પ્રાચી સાથે સમય ગાળે. બીજે દિવસે બપોરે એમની જીપ લઈને ચાલતી પકડે. આજે એ આવવાના છે."

"નિકુળ, તું જિજાજી સાથે આવશે?"

ના શ્વેતા. હું બહુ રોકાયલો છું. આવતા મહિને પ્રાચીનું આણાંગેત્રમ રાખ્યું છે. બધી તયારી મારેજ કરવાની છે. હું પ્રાચીનો મામો, એનો બાપ અને એની મા છું. આમ પણ મને જોઈને અક્ષયની તબિયત વધારે બગડશે. વધુ વાત કરવા માંગતો નહોય તેમ નિકુળ ઉઠ્યો. મારે છ વર્ષ પહેલાની અશોક સેનગુપ્તાની બેન્કરપ્સીની તપાસ કરવી છે. બીજું કંઈ કામ હોયતો મને બોલાવજે. શ્વેતા વિચારતી હતી 'એક નાનકડી પ્રાચી સિવાય નિકુળના જીવનમાં બીજી કોઈ સ્ત્રીનું પણ કોઈ સ્થાન હશે? કોઈ ગર્લ ફ્રેન્ડ? કોઈ પ્રેમિકા? હી ઈઝ રિયલ સ્વિટ અને હેન્ડસમ! બટ રિયાલિટી?.....

પ્રકરણ ૧૪

સાંજ સુધીમા શ્વેતાએ અક્ષયની ખબર કાઢવા સુવર્ણાબેનને ચાર વખત ફોન કર્યા. સુવર્ણાબેને કહ્યું પણ ખરું 'બેટા ઓફિસનું કામ કરવાવાળા તો ઘણાં છે. તું ઘરે આવી રહે. બે ચાર કલાકની ઉંઘ કાઢી લે, નહિ તો તારી તબિયત બગડશે.

.....શ્વેતા સાંજે ઘરે વહેલી પહોંચી. અક્ષય બેડપર બેઠો બેઠો ન્યુઝ પેપર ઉથલાવતો હતો. શ્વેતાએ એના કપાળ પર હાથ મુક્યો. તાવ ન હતો. એ પોતાના રૂમમા કપડા બદલવા જતી હતી. અક્ષયે તેનો હાથ પકડી રોકી. "શ્વેતા, તારો રૂમ આ છે. તું ગેસ્ટ રૂમમાં કેમ સુવે છે?"

"ના આ રૂમ તમારો છે. મારો રૂમ સામે છે. એ ગેસ્ટરૂમ નથી. એ મારો પર્સનલ રૂમ છે."

"શ્વેતા પ્લીઝ કમ બેક ટુ અવર રૂમ. મને માફ કરી દે. હવેથી હું તારો છું. માત્ર તારોજ. તને ખબર છે? કેથીને પોલિસ પકડી ગઈ છે. પેપરમાં છે."

"હશે. હુ કેરસ." શ્વેતાએ બેફિકરાઈથી કહ્યું. એણે વિષય બદલ્યો. "તમે કાંઈ ખાધું?"

"ના, ભુખ છે પણ ખવાતું નથી. બપોરે બોર્નવિટા પીધું હતું."

"ઓકે, તમે બેસો. હું ચેન્જ કરી લઉ. થોડો નાસ્તો લઈ આવું. આપણે બન્ને સાથે નાસ્તો કરીશું. બી ગુડ બોય." અક્ષય શ્વેતાને જતી જોઈ રહ્યો.

સાજે સાત વાગ્યે રાજુ આવી પહોંચ્યો. સફેદ લેંઘો અને કેશરી ઝભ્ભો. ગળામાં ક્રિસ્ટલની માળા અને કપાળ પર શંકુ આકારનું લાંબુ તિલક. પુરો સાડા છ ફુટ ઉંચો રાજુ, ડોકટર કરતાં પ્રભાવશાળી સંન્યાસી વધારે લાગતો હતો. હાથમા નાની મેડિકલ બેગ હતી. આવતાની સાથે સુંદરલાલ, સુવર્ણાબેન અને પાસે ઉભેલા ગણપતકાકાને વાંકો વળી પગે લાગ્યો. એને ઔપચારિક

ઓળખાણની જરૂર ન પડી. સામે ઉભેલી શ્વેતાને નમસ્કાર કહ્યા. એણે કહ્યું "લેસ્ટ ગો ટુ યોર રૂમ શ્વેતા. લેટમી સી અક્ષય." ઘરથી જાણીતો રાજુ બધાની રાહ જોયા વગર બબ્બે પગથીયા ચડતો અક્ષયની રૂમમાં પહોંચી ગયો. બધા એની પાછળ આવી પહોંચ્યા.

"એઇ અક્ષય! વોટ હેપન? લગ્ન પછી જાડા થવાય અને લાલ થવાય. તુંતો પાતળો અને પીળો થઈ ગયો." હસતા હસતા અક્ષયને તપાસ્યો. "ચાલ હવે આરામ કર."

બધા નીચે આવ્યા. થોડીવારમાં જ ડૉ.જમશેદજી આવી પહોંચ્યા. આવતાની સાથે જ કહ્યું "હું ટો ભુખઠી મરવા પડિયો છું. આપને પેલ્લા ખાઈ લઈયે પછી બધ્ધી વાત. સુવરના, તારા કુકે મારા માતે શુ બનાઈવુ છે?"

જમશેદજી જ્યારે જ્યારે સુવણાબેનને 'સુવરના' કહેતા ત્યારે શેઠજી ત્રાંસી નજરે એની સામે જોઈને હસતા. સુવર્ણાબેન મીઠો છણકો કરતા.

"બાવાજી તમને ભાવતી પુરણપોળી અને કંદપુરી બનાવી છે. ફાવશેને?"

“બઉ સરસ, બઉ સરસ. તને મારો ટેસ્ટ બરોબ્બર ખબર છે. વેરી ગુડ. રાજુ ડિકરા, આ લોકો ખવરાવવાની તૈયારી કરે એતલામા આપને બન્ને પાંચ મિનીટ રિઝલ્ટ ડિસકસ કરી લઈએ.” બન્ને ફેમિલી હોલની બાજુના ફેમિલી કોન્ફરન્સ રૂમમા ગયા. પાંચ મિનીટને બદલે પોણા કલાકે વાતો કરી બહાર નિકળ્યા. આડીઅવળી વાતો કરતા બધાએ ડિનર પતાવ્યું.

શ્વેતા અક્ષયની ડિશ એના રૂમમાં લઈ ગઈ. પણ અક્ષયને ઉબકા આવતા હતા. ખાસ ખાધું નહિ.

ડિનર પછી ડૉ.જમશેદજીએ કહ્યું. "સુંડર, ચાલ આપને જરા વાત કરી લઈએ. શ્વેટા, તું પન ચાલ. સુવરના તું અક્ષય પાસે જઈને બેસ,"

"દાકતર બાવા, હું મારા દીકરાની મા છું. મને કેમ બહાર કાઢો છો?"

"ટુ મા છે એતલેજ તો તને બા'ર કાઢી છે."

"ડૉકટર એમને પણ આવવા દો." રાજુએ કહ્યું.

"ગણપતકાકા તમે પણ આવો" શેઠજીએ કહ્યું. સૌ જાણતા હતા કે ગણપત કાકા નોકર હોવા છતાં ઘરના વડિલ જેવું માન અને પ્રેમ પામતા.

બંધ બારણે વાત શરૂ થઈ. રાજુએ જ વાત માંડી.

"અનુભવી વડિલ ડોકટરે ખુબ સરસ કામ કર્યું છે. સવારે જરૂરી સેમ્પલ લેબમા મોકલ્યા એટલે ઘણો સમય બચી ગયો. હવે રિઝલ્ટ્સ આવી ગયા." રાજુએ ફરી રિઝલ્ટ પેપર્સ ઉથલાવ્યા. સૌની નજર રાજુ પર મંડાયલી હતી. ઉંડો શ્વાસ લઈને બોલ્યો "બધાજ લિવર ફંકશન ટેસ્ટ્સ એબનોર્મલ છે. એક્સેસિવ હાર્ડલિકર કારણભૂત હોઈ શકે. ઘણું નુકશાન થઈ ચુક્યું છે. બીજી એના કરતાં મોટી મુશ્કેલી છે. હી ઈઝ એચ.આઈ.વી પોઝીટિવ. ઈમ્યુન સિસ્ટીમ વિલ બી ટુ વીક ટુ રિસપોન્સ લિવર ટ્રીટમેન્ટ. કોઈ પણ પરિણામને માટે કાળજુ કઠણ રાખીને ટ્રીટમેન્ટ આપવાની છે અને ઈશ્વરપ્રાર્થના કરતા રહેવાની છે. નિરાશાવાદી થવાની જરાયે જરૂર નથી. મારી વાત પરથી એવું માનવાની ભૂલ ન કરતા કે આપણે અક્ષયને ગુમાવી ચૂક્યા છે. મેં મારા હારી ચૂકેલા કેન્સરના દરદીઓને સારા થઈને આનંદથી ઘેરે જતા કર્યા છે. અક્ષયને જરૂર છે યોગ્ય સારવારની. સારવાર કરનારને જરૂર છે અક્ષયના સહકારની. જરૂર છે, અક્ષયના પોતાના આત્મવિશ્વાસની. મને ખાત્રી છે કે સમય લાગશે પણ અક્ષય સારો થઈ જ જશે.”

“હું અને ડૉકટર બાવાજી આવતી કાલે સવારે સાત વાગ્યે 'લીલાવતી' પર પહોંચી જઈશું. ત્યાં થોડા વધુ સ્પેસિયલ ટેસ્ટ કરાવવા છે. ડોકટર શાહ, અમેરિકામાં એક વર્ષ મારા રૂમ પાર્ટનર હતા. એમની સાથે પણ કંસલ્ટિંગ કરી લઈશું. શ્વેતા તુ સાત વાગ્યા પહેલા લીલાવતીના વેઈટિંગ લોન્જમા અમારી

રાહ જોજે. જો જરૂર લાગશે તો શરદ પુર્ણિમા પછી હું એને ઉધના મારા ક્લિનિકમા લઈ જઈશ. નો ઈફ, નો બટ્સ."

"હું પણ સવારે હોસ્પિટલ આવીશ." સુવર્ણાબેને કહ્યું

"ના કાકી. ટોળામા ડોકટરોથી કામ ન થાય. માફ કરજો તમારાથી નહિ અવાય. હું જતાં જતાં અક્ષયને જરૂરી વાતો સમજાવતો જઈશ."

"ડૉકટર સાહેબ તમારે શ્વેતાને કંઈ કહેવું છે?" રાજુએ બાવાજી તરફ સુચક દૃષ્ટિએ જોયું.

"જો ડિકરી, હું ટારા સસરાના બાપ જેતલો બુઢ્ઢો છું. હું જે કંઉ તે ધિયાનથી સમજી લે. ટું પન્દર દારા પે'લ્લાજ પન્ની છે, એઇડ તો સમજે છેને? નવી પન્નેલીને માતે અધરુ છે પન 'નો મોર ફિઝિકલ કોન્તેક્ટ. અન્ડરસ્ટેન્ડ? 'તારું પન બ્લડ ચેક કરવું પરસે." શ્વેતા નીચું જોઈને સાંભળી રહી. સુંદરલાલે એક નિઃસાસો નાંખ્યો તે માત્ર રાજુના ધ્યાનમાં આવ્યો.

સવારે આઠ વાગ્યે શેઠજીએ નિકુળને ફોન કર્યો. 'નિકુળ! શ્વેતા અક્ષયને લઈને લીલાવતી હોસ્પિટલ પહોંચી છે. હું અને શ્વેતા આજે ઓફિસ નહિ આવીયે. તું અને ગુપ્તાજી બધું સંભાળી લેજો. દીના બહેનને કહેજે કે માથુર સાથેની આપણી આજની મિટીંગ કેન્સલ કરે. બીજી એક ખાસ વાત... અક્ષયની માંદગીની વાત ઓફિસમાં કોઈને કહેતો નહિ. ખાસતો યોગેશભાઈને પણ હમણા ખબર નથી આપી. એ બિચારા ચિંતામા પડી જાય. ખાસ જરૂર હોય તો જ મને મારા સેલફોન પર ફોન કરજે.'

શ્વેતા જાતે જ ડ્રાઈવ કરીને ગઈ હતી. હોસ્પિટલમાં સેલફોન વાપરવાની મનાઈ હતી. અત્યારે બે વાગ્યા સુધી કાંઈ સમાચાર ન હતા. શેઠજી, સુવર્ણાબેન અને ગણપતકાકાએ સવારથી કશું ખાધું ન હતું. ગૃહમંદિરમા પૂજા કરતા વલ્લભે મહામૃત્યુંજયના જાપ શરૂ કરી દીધા હતા. શેઠજી બંગલાના મેઈન ગેઇટ પાસે આતુરતાથી અક્ષય-શ્વેતાની રાહ જોતા આંટા મારતા હતા.

છેક અઢી વાગ્યે શ્વેતાની કાર આવી. ગુરખો સલામ મારીને કારનું બારણું ઉઘાડે તે પહેલા તો શેઠજીએજ અક્ષય તરફનું બારણું ઉઘાડ્યું.

સુંદરલાલે એનો હાથ પકડી લીધો. અક્ષયે ઘણાં વર્ષો પછી ચિંતાયુક્ત પિતાનું વહાલ માણ્યું. "પપ્પા આજે ઓફિસે ન ગયા?"

"બેટા, બાપ છું ને! ચિંતા હોય ત્યારે કામમાં જીવ ન લાગે."

"અરે પપ્પા! હું તો ઘોડા જેવો છું. જરા તાવ આવ્યો તેમાંતો નકામા દોડાદોડી કરી મુકી. રાજુભાઈએ તમને ખોટા ગભરાવી માર્યા છે. આઈ એમ ક્વાઈટ ઓલરાઈટ. સવારથી અત્યાર સુધી જાતજાતના બીન જરૂરી ટેસ્ટ કરીને થકવી માર્યો."

"ચાલ બેટા આપણે બધા લંચ લઈ લઈયે. અમે કોઈએ ખાધું નથી" સુવર્ણાબેને કહ્યું.

"મમ્મી મને તો બે વાર જ્યુસ અને ક્રેકર્સ આપ્યા હતા પણ બિચારી શ્વેતાએ તો કશું જ ખાધું પીધું નથી. પોર્ટર હોવા છતાં મારી વ્હિલચેર ઘસડીને દોડતી રહી. આપણે બધા જમી લઈએ, પછી બધી વાત."

સુંદરલાલે કેથી જતાં પોતાનો પુત્ર પાછો મળ્યો હોય એવું અનુભવ્યું. જાણે સુવર્ણાબેનનો કુપુત્ર હવે સુંદરલાલનો સુપુત્ર થઈ ગયો હતો.

જમતાં જમતાં અક્ષય બ્લડ ટેસ્ટ, એક્ષરે, અલ્ટ્રાસાઉન્ડ, એમ.આર.આઈ વિગેરેની દોડધામ, ડૉ. જમશેદજીની ડને બદલે દ અને દને બદલે ડ બોલવાની ટેવ અને રાજુભાઈના ગંભીર ડાચાની વાત બેફિકરાઈથી કરતો રહ્યો. એ તદ્દન સ્વસ્થ લાગતો હતો.

"મમ્મી તમે એક વાત ભુલી ગયાને?"

"કઈ વાત બેટા?"

“આવતી કાલે શરદપૂર્ણિમા છે. શ્વેતાની તો પહેલી ઉજવણી કહેવાય.”

"ના, બેટા ભુલીતો નથી પણ તું સ્વિટ્ઝરલેન્ડ હતો અને ટૂંકા સમયમાં તૈયારી થાય એમ પણ ન હતું એટલે આ વર્ષે માંડી વાળીશું."

"પપ્પા, આપણો સ્ટાફ મોટો છે બધું ચાર કલાકમાં થઈ જશે. ધીસ ઈસ ફોર અવર શ્વેતાઝ સેઈક વર્ષોથી ચાલતી આવેલી પ્રણાલિકા બંધ ના થવી જોઈએ."

"વ્હાઈ નોટ. હો જાય જલસા." શેઠજી આનંદમાં આવી ગયા. સુવર્ણાબેનનું અક્ષય પ્રત્યેનું વહાલ અશ્રુબિંદુ રૂપે ગાલપર હિરાકણીની જેમ ચળકતું હતું. ગઈ કાલનો માંદો દિકરો હોસ્પિટલમાંથી અમૃત સંજીવની પીને આવ્યો હતો.

શ્વેતા મનોમન ગઈ કાલે “યુ બિચ્ચ” કહેનાર અને આજે “અવર શ્વેતા” કહેનારને મુલવતી હતી.

ગણપતકાકાએ લાલાજી શેરખાન, રસોઈયા કિશન મહારાજ, પુજારી વલ્લભ, પાંડુરંગ અને એની પત્ની સાવિત્રી, કિચન હેલ્પર કાંતામાસી અને વિમળાબેન, જગદીશ અને જ્યોતિને બોલાવ્યા.

શેઠજીએ એકશન પ્લાન સમજાવ્યો.

"જગદીશ, તું સુરત ફોન કરીને ઘારી, સરસિયા ખાજા, અને ફરસાણનો ઓર્ડર આપી દે. તને તો ખબર છે કે આપણે શરદપૂર્ણિમાની રાત્રે જ ચંદની પડવો પણ ઉજવીએ છીએ. કાલે મોડામાં મોડું બપોરે ત્રણ વાગ્યા સુધીમાં ડિલીવરી મળી જવી જોઈએ. તું અને જ્યોતિ સોડા, બિયરનો પણ ઓર્ડર આપી દો."

“પાંડુરંગ, ટેરેસ પર ફાઉન્ટન્સ લાઈટ અને સાઉન્ડ સિસ્ટિમ સેટ કરી દે. સાવિત્રી, ડેકોરેશન સેન્સ તારા જેવી કોઈની નથી.”

“કિશનજી હવે તમારો વારો. બોલો, તમે શું બનાવશો?”

“સૌથી પહેલા પૂજાના પ્રસાદ તરીકે ચાંદનીમા ઠારેલા દૂધ પૌઆ અને સાથે કોપરાની ગરમ ગરમ પેટિશ. એપેટાઈઝરમાં જુદાજુદા ટેબલપર પાવભાજી અને પંઝાબી આઈટમ, ચાટ અને પાણી પુરી, પાસ્તા અને પિત્ઝા.”

“ડિનરમાં ધારી, દૂધપાક, વગેરેતો કાયમની આઈટેમ જ છે. આ સિવાય શ્વેતા મેડમ કંઈ સૂચવે તો તે પણ બનાવીશું.”

અત્યાર સુધી મુંગી રહેલી શ્વેતા ધીમે અવાજે બોલી "કિશનજી, ડૉકટરે અક્ષયને હાલ પુરતું સોલ્ટ, ફેટ અને સ્પાઈસી ફુડ ખાવાની ના કહી છે. એમને માટે રવા ઈડલી, તદ્દન ઓછા મીઠાની થોડી ચટની બનાવજો. હું પણ એજ ખાઈશ.”

“બાપુજી, બધાને માટે સોડા ભલે મંગાવો પણ બિયર કે વાઈનનો પ્રોગ્રામ કેન્સલ કરજો. અક્ષયના પેટમાં હવેથી કોઈપણ પ્રકારના આલ્કોહોલનું એક પણ ટીપું જશે નહિ. એણે રોજ બે થી ત્રણ ગ્લાસ નાળિયેર-તરોપાનું પાણી પીવાનું છે. આજે સાંજથી જ શરૂ કરવાનું છે.”

“ના શ્વેતા કાલનો દિવસ તો હું બધુંજ ખાઈશ. બિયર પણ લઈશ, માત્ર કાલનો દિવસજ.”

“ના. જો એવોજ આગ્રહ હોયતો પાર્ટી કેન્સલ.”

થોડીવારતો શ્વેતા મેડમની મક્કમતાથી સૌ સ્તબ્ધ થઈ ગયા. શેઠજીને ગમ્યું. પારકી જણીજ કાન વિંધે.

સુવર્ણા બેને વલ્લભને પુછ્યું "આ વર્ષે શું કરવાનું છે?"

વલ્લભને ટચાક સૂઝી. "આ વર્ષે કિશન મહારાજ અને લાલાજીએ ઊપવાસ કરવાનો છે."

લાલાજી એ મુક્કો ઉછાળતા બરાડો પાડ્યો "એઈ બમ્મન બચ્ચા, અગર જ્યાદા બકવાસ કિયા તો...." બધાએ હસતા હસતા લાલાજીનું સ્ટાન્ડર્ડ વાક્ય રાગ કાઢીને પુરુ કર્યું "કટકા કરકે કૂત્તેકો ખીલા દુંગા"

બધાજ ખડખ્ડ હસી પડ્યા.

વલ્લભે ગંભીરતાથી કહેવા માંડ્યુ. "કહેવાય છે કે શરદપૂર્ણિમાની ચાંદની રાત્રે લક્ષ્મીમાતા આકાશ માર્ગે ફરવા નીકળે છે. લોકોને પૂછતા રહે છે 'જાગો છો કે?' જેઓ જાગતા હોય તેમના પર લક્ષ્મીજીની કૃપા ઉતરે છે. હવે આપણા નવા ગૃહલક્ષ્મી શ્વેતા મેડમ અને નાના શેઠ પાસે લક્ષ્મીપુજન કરાવીશું. જો સાવિત્રીબહેન નાનો પૂજામંડપ બનાવતા હોય તો લક્ષ્મીપૂજન પણ ટેરેસમાંજ કરીશું. પુજાને અંતે આપણે અને સૌ આમંત્રીતો ગૃહલક્ષ્મી પર લાલગુલાબની પુષ્પપાંદડીની વર્ષા કરીશું"

"દક્ષિણભારતમાં છોકરીઓ શરદપૂર્ણિમાનુ વ્રત કરે છે. શરદપૂર્ણિમા શિવજીના પુત્ર શ્રીકાર્તિકસ્વામીનો જન્મ દિવસ છે. વ્રત કરનારને સુંદર અને શૌર્યવાન પતિ મળે છે." વલ્લભની સૂચક દૃષ્ટિ વિમળા સામે હતી. વિમળા નીચું જોઈ શરમાઈ ગઈ. લાલાજી ગણગણ્યા 'લડકા હુશિયાર હૈ ઔર છુપા રૂસ્તમભી હૈ.'

દાદાજીએ કહ્યું ચાલો બધા કામે લાગી જાવ અને નાના શેઠને આરામ કરવા દો. સૌ પોતપોતાને કામે લાગ્યા.

પ્રકરણ ૧૫

બીજી સવારે ઘરના નોકર ચાકરો ઉત્સાહથી પાર્ટીની તૈયારીમા લાગી ગયા હતા. શ્વેતા શેઠજીની સાથે ઑફિસ જવા નીકળતી હતી ત્યારે અક્ષય આંખો ચોળતો નીચે ઉતર્યો. "પ્લીઝ શ્વેતા આજનો દિવસ ઑફિસ જવાનું માંડી વાળ. આપણે વાતો કરીશું. કાલથી હું પણ તમારી સાથે ઑફિસ આવીશ."

શ્વેતાએ શેઠજી તરફ જોયું. શેઠજીએ ડોકું હલાવી હકારાત્મક સંમતિ આપી.

"ઓકે.. હું અહિથી જ થોડું કામ કરી લઈશ. આજે ત્રણેક વાગ્યે સ્મિથ એન્ડ સ્મિથને લંડન ફોન કરવાનો છે તે પણ ઘરેથી જ કરી લઈશ. આજે નર્સ પણ આવવાની છે.

બાપુજી, તમે જાતે ડ્રાઈવ કરતા નહિ. લાલાજીને લઈ જજો.

શ્વેતા એના રૂમમા જઈ બ્રિફકેઇસ મુકી આવી.

અક્ષય, તમે ફ્રેશ થઈ આવો. હું તમારે માટે બોર્નવિટા અને ઓછા તેલમાં બનાવેલા બટાકાપૌવા બનાવી લાવું છું. શ્વેતા કિચનમાં ગઈ.

થોડીવારમાં જ નાસ્તો આવી ગયો.

"શ્વેતા તારી ડીસ ક્યાં છે? તારે નાસ્તો નથી કરવો?"

"ઑફિસે જવાની હતી એટલે બા બાપુજી સાથેજ બ્રેકફાસ્ટ કરી લીધો હતો. તમે લઈ લો. તમને ખબર છેને કે આજથી તમારા ઈન્જેકસનનો કોર્સ શરુ કરવાનો છે! નર્સ અગીયાર વાગ્યે આવશે."

"તો લે આ ડિસમાંથી પહેલા તને પ્રસાદ ધરાવું." અક્ષયે બટાકાપૌવાથી ભરેલી ચમચી શ્વેતાના મોં પાસે ધરી. શ્વેતાએ મોં ન ઉઘાડ્યું.

"શ્વેતા, પ્લીઝ, ટેઈક ઈટ. એ મારી ખાધેલી ચમચી નથી. આઈ નો, આઈ હેવ એઇડ. આઈ કેર ફોર યુ. ડોન્ટ વરી. યુ વિલબી સેઇફ વીથ મી."

શ્વેતાની આંખ અને હયું રડી રહ્યું. એણે મોઢું ઉધાડ્યું.

લંચ સુધી બન્ને જણા વાતો કરતા રહ્યા. લંચ પછી અક્ષય આરામ કરવા એના રૂમમાં ગયો. શ્વેતા એના રૂમમાં જઈને કોમ્પ્યુટર પર ઑફિસવર્ક કરવા બેઠી. અક્ષયે આરામ કરવાને બદલે કંઈક લખવા માંડ્યું. લખી રહ્યા પછી કાગળ કવરમાં મુકી, કવર ઓશિકા નીચે મુકી નિરાંતે ઊધી ગયો.

લગભગ ચાર વાગ્યે શ્વેતા બે ગ્લાસમાં તરોપાનું પાણી લઈને અક્ષયના રૂમમાં દાખલ થઈ.

"આવ હની, મારી પાસે બેસ." અક્ષયે ખસીને બેડ પર જગ્યા કરી. શ્વેતા બેડને બદલે પાસેની ખુરસી ખેચીને એની સામે બેઠી."

"શ્વેતા, મેં તારું અપમાન કર્યું, તને ખુબજ અન્યાય કર્યો તો પણ તું મારી કેટલી કાળજી કરે છે! શા માટે? ડગલેને પગલે તું જીતતી આવી છે. હું હારતો આવ્યો છું. મને સમજાતું નથી કે આ મારા પ્રત્યેનો પ્રેમ છે, દયા છે કે કોઈ રમત છે?"

"તમને નથી સમજાતું?...મને યે ક્યાં સમજાય છે! કુદરત જેમ દોરવે તેમ દોરવાયા કરું છું. તમે કહ્યું તે બધુંયે હોય. કદાચ એકેય ના હોય. માત્ર સાંસ્કારિક, સામાજીક ફરજ પણ હોઈ શકે. સાથે ચાર ફેરા ફર્યાની ફરજ. બા બાપુજીના પુત્ર તરફની ફરજ."

"હં.. અઅઅ." અક્ષયે ઊડો શ્વાસ મુક્યો.

બન્ને વચ્ચે મૌનની પારદર્શક દિવાલ રચાઈ ગઈ.

અચાનક શાંત રૂમમા અક્ષયે મોટો વિસ્ફોટ કર્યો.

"શ્વેતા મારી એક ઈચ્છા પુરી કરશે? ચાર ફેરાની ફરજ"

"પ્રયત્ન કરીશ. શું ઈચ્છા છે?"

"આ સંજોગોમાં તારું સૌંદર્ય ભોગવવાની મારી લાયકાત અને શક્તિ નથી, પણ તારું વણબોટ્યું,... નિર્વસ્ત્ર રૂપદર્શનની ઈચ્છા છે....ચાર ફેરાની ફરજ..."

શ્વેતાએ કોઈ પ્રત્યુત્તર ન વાળ્યો. નિર્લેપભાવે એ બેસી રહી. અક્ષયે વગર બોલ્યે ઊંચે સિલીંગ તરફ જોયા કર્યું. શ્વેતા વિચારતી હતી 'વેશ્યાઓના ચામડા ચૂંથ્યા પછીએ આ અભરખો!' મેડિકલ એક્ઝામ માટે તો ઘણી વાર વસ્ત્ર ઊતાર્યા હતા. એક વાર વધારે. એને જોઈ લેવા દે એકવાર જે હું કદીયે એને આપવાની નથી.

એ ઉભી થઈ. રૂમનું બારણું બંધ કરી સ્ટોપર મારી. બ્લુ જીન પર પહેરેલી કુર્તી ઉતારી. અક્ષય સ્થિરતાથી જોતો રહ્યો. શ્વેતાએ ભાવ વગર બે હાથ પાછળ કરી બ્રાની ક્લિપ ખોલી. બ્રા ઉતારે તે પહેલા અક્ષયે પોતાની પીઠ ફેરવી લીધી.

બસ શ્વેતા બસ.... થેંક્સ.... કપડા પહેરી લે. હિયર અગેઇન, યુ વન. આઈ લોસ્ટ.

શ્વેતાએ કપડા પહેરી લીધા. બારણું ખોલી નાંખ્યું.

સાજા થાવ. સમય આવ્યે કદાચ હું જ તમારી પાસે આવીશ. આઈ ડોન્ટ નો એબાઊટ લવ બટ આઈ કેર ફોર યુ.

“કદાચ?”

“હા, કદાચ”

"ઓકે..ઓકે..ડોન્ટ બી ટુ સેન્ટિમેન્ટલ... બીજી એક ઈચ્છા છે. આજે પૂજામાં લગ્ન વખતનું લાલ પાનેતર પહેરજે...ચાર ફેરાની ફરજ."

શ્વેતા ખરેખર હસી પડી. 'ચાર ફેરાની ફરજનો ઉપયોગ ઈમોશનલ બ્લેકમેઇલીંગ માટે ખરું?ને? બીજું કંઈ?

"હા બસ આમજ હસતી રહે"

.....

આજે જાણે શરદોત્સવ નહિ પણ લગ્નોત્સવ હોય એવો માહોલ હતો. દર વર્ષે તો શરદપૂર્ણિમા માત્ર બે મિત્રોના કુટુંબ અને ઘરના નોકર ચાકરો મળીને ઉજવતા. આજે એ ઉપરાંત યોગેશભાઈનું કુટુંબ, ડૉકટર જમશેદજી, પોલિસ કમિશનર સાહેબ, પ્રધાનશ્રી દેશપાંડે અને બન્ને ઑફિસના કી એમ્પ્લોઈઝ મળીને લગભગ સિત્તેર જણા હાજર હતા.

અક્ષયની લાગણીને માન આપીને શ્વેતા લાલ પાનેતર પહેરીને અક્ષય સાથે લક્ષ્મી પૂજન કરી રહી હતી. અને તેજ વખતે યોગેશભાઈ, ભાભી અને સૌરભ આવી પહોચ્યા. એમનું ભાવભીનું સ્વાગત થયું

ભાભીએ હાથ દબાવી યોગેશભઈને કહ્યું, "તમે કેટલી ચિંતા કરતા હતા. બહેની આ પરિવારમાં કેટલી સુખી છે! મેં ન્હોતું કહ્યુ; આપણી દિકરી કરોડપતીના ઘરમાં રાજ કરશે રાજ્". યોગેશભાઈની આંખ સજળ થઈ ગઈ. જાણે આજેજ લગ્ન હોય એમ અક્ષયે શ્વેતાને કુમકુમનો ચાંદલો કરી સેંથામા સિંધુર પુર્યું. શ્વેતાનું હૈયું ફફડી રહ્યું હતું. આમ કરીને, અક્ષયનો લગ્નજીવનના હક ભોગવવાનો બદઈરાદો તો નહિ હોયને! વળી એક વધુ ઈમોશનલ બ્લેકમેઇલીંગનો પ્રયાસ તો ન હોયને!

પૂજા પુરી થઈ. વિમળા મોટી છાબમાં ગુલાબની પાંખડીઓ લઈ આવી. બધાને ખોબો ભરી ભરીને આપી. લક્ષ્મીમાતાને પુષાંજલી અર્પણ કર્યા બાદ

સૌએ નવદંપતિ પર પુષ્પપાંદડીનો વસસાદ વરસાવ્યો. વિમળાએ નજર ચૂકવી એક ફુલ વલ્લભ પર ફેક્યું. પણ શ્વેતાએ ચોરી પકડી પાડી. હસતાં હસતાં શ્વેતાએ વિમળા તરફ આંગળી હલાવી. ધીમે રહીને કહ્યું "પકડાઈ ગઈને?" વિમળા શરમાઈને ત્યાંથી નાસી છૂટી.

ઘરના ડોમેસ્ટિક સ્ટાફને ઉત્સવ માણવાની મોકળાશ રહે એ હેતુથી આજે સર્વિંગ માટે વેઈટર્સ અને મૅઇડસને બહારથી બોલાવ્યા હતા. બધા નાના મોટા વર્તુળોમા મન પસંદ સાથીઓ સાથે મન પસંદ વાનગીઓને ન્યાય આપતા હતા.

પહેલો રાઉન્ડ પુરો થતાં ગરબા શરૂ થયા. પ્રધાનશ્રી દેશમુખ, કમિશનર સાહેબ અને ડૉકટર જમશેદજી હિંચકે ઝુલતા આડી તેડી વાતો કરતા હતા,

ગરબા પછી રાસ શરૂ થયા. ટેરેસ આનંદથી ધમધમી ઊઠી. પાચ સાત મિનીટ રાસ રમ્યા પછી અક્ષય હિંચકા પર બેસી ગયો. શ્વેતા પણ એની પાસે બેઠી.

"શ્વેતા મને થાક લાગ્યો છે. હું ધીમે રહીને મારા રૂમમા જઈને સુઈ જઈશ. જો નિકુળ એની ભાણેજ પ્રાચી સાથેજ રાસ રમે છે. તારા ભત્રીજા સૌરભને પ્રાચી સાથે રમવું હશે. કેવો કિન્નાયલો નિકુળ સામે જોયા કરે છે! તું નિકુળ સાથે જોડાઈ જા. પ્રાચી છૂટી થશે તો બિચારા સૌરભને ફાયદો થશે. યુ એન્જોય વીથ નિકુળ."

ચાલો હું તમને નીચે લઈ જાઉં. મારે તમને દવા પણ આપવાની છે. દવા લઈને ઊઘી જજો. સવારે છ વાગ્યે બીજી દવા લેવાની છે. હું તમને ઉઠાડીને આપીશ. કાલે અગિયાર વાગ્યે નર્સ આવશે. આઈ.વી ચઢાવશે."

શ્વેતાએ અક્ષયને એના રૂમમા દવા આપી અને સુવડાવ્યો. "શ્વેતા, બાથરૂમમા, મેડિસીન કૅબિનેટમા સ્લીપીંગ પિલ્સની બોટલ છે તે અહિ મુકી જા. જો ઉંઘ ન આવે તો એકાદ લઈશ."

શ્વેતા પિલ્સની બોટલ મુકી ટેરેસ પર ગઈ. પ્રાચીને સૌરભ પાસે મોકલીને એ નિકુળ સાથે જોડાઈ ગઈ. ગમતું યૌવન હિલોળે ચઢ્યું. રાસ, રિધમ અને રૂધિરાભિસણ વેગીલા થતાં ગયા.

લગભગ રાત્રે બે વાગે આમંત્રિતોએ જવા માંડ્યું. ત્યાંતો લાલાજીને શૂર ચડ્યું. એણે ભાંગડાની સીડી મુકી. બસ થઈ રહ્યું. લાલાજીની આજુબાજુ એક મોટું વર્તુળ બની ગયુ. લાલાજી હિરો બની ગયા. રાત્રે ત્રણ વાગ્યે જલસો પુરા થયો. સૌ વિદાય થયા. સુંદરલાલ અને સુવર્ણાબેને, શિવાનંદ અને યોગેશભાઈના કુટુંબને મોડી રાત્રે ઘેર જવા ન દીધા. બધા રોકાઈ ગયા.

કોઈને ઊઘવું ન હતું. શિવાનંદે ટિખળ કરી, "કદાચ લક્ષ્મી માતા મને પૂછે કે જાગો છો કે? હું ઊઘતો રહું અને આ વાણિયાભાઈ લાભ ખાટી જાય. પાર્વતિબા બોલ્યા "આમ પણ એતો સુવર્ણાને મેળવીને ફાવેલાજ છેને! સુવર્ણા, આજે સાચું કહેજે. તેં કોના પર ચિઠ્ઠીનો ડૂચો ફેંક્યો હતો?" સુવર્ણાબેન શરમાઈ ગયા.

સુંદરલાલ અને શિવાનંદ કૉલેજના મિત્રો. એ બન્ને કોમર્સ કૉલેજના ત્રીજા વર્ષમાં ભણે. પાસેની આર્ટ્સ કૉલેજમા સાથે રખડવા જાય. સુવર્ણાબેન કૉલેજના પહેલા વર્ષમા. એની નજર શિવાનંદ પર. એણે પ્રેમ પત્ર લખ્યો. નામ જાણતા ન હતા એટલે માત્ર 'હેન્ડસમ'નુ સંબોધન કર્યું હતું. ડૂચો કરીને શિવાનંદ પર નાંખ્યો; પણ નિશાન ચૂક્યા અને વાગ્યો સુંદરલાલને. શિવાનંદે કહ્યું સારું થયું કે આ લવલેટર સુંદર પર લખ્યો. નાનપણમાંજ મારી સગાઈ તો પાર્વતિ સાથે થઈ ચુકી છે. આ મારો ફ્રેન્ડ વાણીયા છે. ખૂબ માલદાર છે. તું ફાવશે. સુવર્ણા પણ બ્યુટિફુલ હતી. વૈષ્ણવ હતી. સુંદર સાથે, સુંદર મેળ જામી ગયો. રંગેચંગે લગ્ન થઈ ગયા હતા.

આજે પાર્વતિબા પૂછતા હતા 'પ્રેમ પત્રનો ડૂચો કોના પર ફેંક્યો હતો?' સુવર્ણાબેન શરમાયા. યોગેશભાઈ, હેમાલી, શ્વેતા અને નિકુળ પાસેજ બેઠા હતા. શ્વેતા વડિલોની આમન્યા સાચવવા ઉભી થઈ "હું બધાને માટે કૉફિ બનાવી

લાઉં." છેવટે સુવર્ણાબેને નરો વા કુંજરો વા જેવો ઉત્તર વાળ્યો. "જેને ધાયલ કરવા હતા તેનેજ માર્યો હતો." સુંદરલાલે બધાના દેખતાંજ સુવર્ણાબેનને પાસે ખેંચીને ગાલ પર બકી કરી. " આઈ લવ યુ ડાર્લિંગ." કૉફિ લઈને આવતી શ્વેતાએ સાસુ સસરાનું પ્રેમાળ દાંપ્ત્ય નિહાળ્યું.

સુવર્ણાબેન વિચારતા હતા જે થયું તે સારુંજ થયું. બન્ને એકજ જ્ઞાતિના હતા. સુંદરલાલ ધનિક વેપારીના પુત્ર હતા. નામ પ્રમાણે 'સુંદર' હતા. શોખિન હતા. 'શેઠ' અટક પણ સુયોગ્ય હતી. શિવાનંદ વ્યાપારમા સુંદરલાલને કારણેજ હતા. શિવાનંદ તદ્દન સાદા હતા. ખાસ શોખીન પણ નહતા. સુંદરલાલની સાથે થોડી મજાક મશ્કરી કરતા પણ સામાન્ય રીતે ગંભીર રહેતા. કોઈ કોઈ વાર દુર્વાસા સ્વરૂપ પણ ધારણ કરી લેતા. પાર્વતિ માત્ર આઠ ધોરણ સુધીજ ભણ્યા હતા. તદ્દન સાદા અને ગ્રામ્ય પ્રકૃતિના હતા. મલબાર હિલના સાદા બંગલામા માત્ર ત્રણજ નોકરો હતા. બંગલાની પછવાડે એક ગાય અને એક ભેંસનો તબેલો હતો. મોટાભાગનું ઘરકામ તેઓ જાતેજ કરતા. બે કુટુંબની રહેણી કરણી વચ્ચે આસમાન જમીનનુ અંતર હોવા છતાં હાર્દિક આત્મીયતા હતી. ચિઠ્ઠી દ્વારા સુંદરલાલ મળ્યા તે માટે હંમેશા ભગવાનનો પાડ માનતા હતા.

બધાએ અર્લી મૉર્નિંગ બ્રેકફાસ્ટ કર્યો. લગભગ છ વાગવા આવ્યા હતા. શ્વેતાએ કહ્યું અક્ષયને જગાડીને દવા આપવાનો ટાઈમ થયો છે. હું જઈને દવા આપી આવું. શ્વેતા ઉપર ગઈ. અક્ષયે બારણું લોક કર્યું હતું. શ્વેતાએ બારણે ટકોરા માર્યા. જવાબ ન મળ્યો. કદાચ સ્લિપીંગ પિલ્સ લઈને સુતા હશે. તેણે વધારે જોરથી બારણું ઠોક્યું. બારણૂં ન ખુલ્યું. એને ખબર હતી કે અક્ષય દવા લેતા કંટાળતો હતો. એટલેજ તો ભાઈ સાહેબ બારણા ન ખોલવાની આડાઈ કરતા હશે. હું પણ કાચી માટીની નથી. નીચેથી સુવર્ણાબેને બુમ પાડી. "શ્વેતા,એને સુવા દે. થોડી મોડી દવા લેશે"

ના બા સવારે છ વાગ્યે, બપોરે બે વાગ્યે અને રાત્રે દસ વાગ્યે દવા આપવાની છે. ખોટી દયા રાખવાનો અર્થ નથી. શ્વેતાએ ફરી બારણું

ધમધમાવ્યું. એણે રીતસરનો બરાડો પાડ્યો. ખોટા ઢોંગ કરશો તો બારણું તોડીને પણ દવા તો આપીશ જ. મને ખબર છે કે તમે સ્ટ્બર્ન છો. પ્લિઝ બારણું ખોલો. છેલ્લા શબ્દોએ તો એ રડવા જેવી થઈ ગઈ. નીચે બધા સાંભળતા હતા. શિવાનંદે હહ્યું. "તારો છોકરો ઢોંગીજ છે. લેટ મી ગો."

શિવાનંદે ઉપર જઈને બારણાને જોરથી લાત મારી.

"અક્ષયબેટા, શ્વેતા ક્યારની દવા લઈને ઉભી છે. દવા લઈને પાછો સૂઈ જજે."

અક્ષય હંમેશા શિવુકાકાથી ગભરાતો અને માન પણ આપતો. એ જાગ્યો હશે જ એમ માનીને બને તેટલી નરમાશથી તેમણે કહ્યું.

જરા રાહ જોઈ પણ જવાબ ન મળ્યો તે ન જ મળ્યો.

એક બીજી લાત અને બારણા નો નકુચો તૂટ્યો. લાઈટ કરી શ્વેતા રૂમમાં દાખલ થઈ અને મોટેથી ચીસ પાડી. "બા જલદી આવો." શિવાનંદ જોઈને આભા થઈ ગયા.

પ્રકરણ ૧૬

એક બીજી લાત અને બારણા નો નકુચો તૂટ્યો. લાઈટ કરી શ્વેતા રૂમમાં દાખલ થઈ અને મોટેથી ચીસ પાડી. "બા જલદી આવો." શિવાનંદ જોઈને આભા થઈ ગયા.

"બા નુ કાંઈ કામ નથી. અને તું પણ નીચે જા. હું પણ નીચે આવું છું. જરા ધીરજ રાખતા શીખ." શિવાનંદે રીતસરની આજ્ઞા જ કરી. શ્વેતાનું બાવડું પકડી એલિવેટરમાં ધકેલી દીધી. શ્વેતાએ કંઈક ભયાનક જોયું હતું. શું જોયું હતું તે સમજાય તે પહેલા તો શિવુકાકાએ રૂમમાંથી એને કાઢી મુકી. શિવાનંદે ફરી એક નજર રૂમમાં નાખી. અક્ષયનો નિશ્ચેતન દેહ બેડ પર ઊલટીના ખાબોચિયામા પડ્યો હતો. પાસે જ્હોની વૉકરની ખાલી બૉટલ પડી હતી. દવાની એક ખાલી બૉટલ પણ હતી. આખો રૂમ દુર્ગંધથી ભરેલો હતો. એમણે રૂમ બંધ કરી દીધો. નીચે આવ્યા.

"શિવુ, અક્ષયે દવા લીધી?" સુંદરલાલે પૂછ્યું.

"ના. એને ઊલટી થઈ હતી. હમણાં કોઈ ઉપર જશો નહિ. ડોક્ટર હું જમશેદજીને ફોન કરું છું."

શિવાનંદે રૂમમાં ચાલતા ચાલતા ઝભ્ભામાંથી સેલફોન કાઢી ધીમા અવાજે ડૉકટર જમશેદજીને ફોન કરવાને બદલે પોલિસ કમિશનર સાહેબને ફોન કર્યો. "સાહેબ, અક્ષયે આત્મહત્યા કરી હોય એવું લાગે છે. પ્લીઝ જલ્દી આવો. ઘરમાં હજુ કોઈને ખબર નથી. હવે હું જમશેદજીને ફોન કરીશ." કોઈ પણ પ્રસ્તાવના વગર સીધી વાત કરી. જવાબ મળ્યો. "હું જમશેદજીને લેતો

આવીશ. મારા રસ્તામાં જ છે. તમારે ફોન કરવાની જરૂર નથી." ફોન કટ થયો. શિવાનંદે બીજો ફોન પોતાના દીકરા રાજુને કર્યો.

નિકુળને કહ્યું "જગદીશની સાથે પ્રાચી અને સૌરભને સ્કુલે મોકલી આપ. ફોન કરીને બન્ને ઓફિસની જરૂરી વ્યવસ્થા કરી દે." સુંદરલાલ અડધી ઉંઘમા હતા. સુવર્ણાબેન વિચારતા હતા કે આજે શિવુભાઈ કેમ મોટા બોસની જેમ વર્તી રહ્યા છે!

શિવાનંદની નજર ગેઇટ પર જ હતી. કમિશનર અને ડૉકટર બાવા આવી પહોંચ્યા. અત્યાર સુધી સૌ અર્ધજાગૃત હતા. ડૉકટર અને પોલિસ કમિશનર સાહેબને જોતા સૌ સફાળા ઉભા થઈ ગયા.

"લેટ્સ ગો" કહેતા બન્ને અક્ષયની રૂમમાં પહોંચી ગયા. એમની પાછળ શેઠજી, સુવર્ણાબેન, શિવાનંદ, પાર્વતિબેન, યોગેશભાઈ, હેમાલિ અને નિકુળ પણ પહોંચી ગયા. માત્ર શ્વેતા ચિત્તભ્રમ અવસ્થામા સિલીંગ પરના ઝુમ્મરને તાકતી નીચે બેસી રહી.

શિવાનંદે જોયું હતું તેજ હવે બધાએ જોયું. અક્ષય મોં પહોળું કરી સૂતેલો હતો. બેડ પર બન્ને બાજુ ઊલટીની ગંદકી લદપદ થતી હતી. બેડ પર જ સ્લીપીંગ પિલ્સની ખાલી બોટલ, ઢાંકણ વગરની ખુલ્લી પડી હતી. જમણે પડખે જ્હોની વૉકરની ખાલી બોટલ હતી.

"ઓ મારા દીકરા તને શું થયું?" રાડ પાડતા સુવર્ણાબેન અક્ષયની છાતી પર પડ્યા. કમિશનર સાહેબે એને ખેંચીને એક ખુરશી પર બેસાડી દીધા. સુવર્ણાબેન હાંફતાં હતાં.

જમશેદજીએ છાતી પર સ્ટેથેસ્કોપ મુક્યું. ગરદન પર મુક્યું. નાક પાસે આંગળી ધરી. આંખની પાપણ ઉઘાડી પેન્સિલટોર્ચ મારી....કમિશનર સાહેબ તરફ નકારાત્મક માંથું હલાવી, પાસે પડેલી કોરી ચાદર માથાસુધી ઓઢાડી દીધી. સુવર્ણાબેન અને સુંદરલાલનું હૃદય દ્રાવક, કરૂણ કલ્પાંત શરૂ થઈ ગયું.

કમિશનર સાહેબને ઓશિકા નીચે એક કાગળ દેખાયો. એમણે એ ખેંચી લીધો. ઉભા ઉભા વાંચી લીધો. કાગળ ઘડીવાળી ગજવામાં મુક્યો.

તેમણે સુંદરલાલના બન્ને બાવડા પકડી કહ્યું "બી બ્રેવ. ઈશ્વરેચ્છા બલીયસી"

'બધા નીચે ચાલો. આ રૂમ હાઈજીનીક નથી. હું થોડા એક્ષપર્ટ માણસોને મોકલું છું. તેઓ ઘટતી વ્યવસ્થા કરશે.'

"પણ મારે મારા દીકરા પાસે જ રહેવું છે" સુવર્ણાબેને ક્ષીણ અવાજે વિનંતિ કરી.

"નો મેમ, એવરીબડી મસ્ટ ગો ડાઉનસ્ટેર."

સુંદરલાલને શિવાનંદે સંભાળ્યા હતો. સુવર્ણાબેનનો શ્વાસ ઝડપથી ચાલતો હતો. પગમાં ઉભા રહેવાની શક્તિ ન કતી. પાર્વતિબેના મજબુત હાથોમાં લગભગ ટિંગાઈ રહ્યા હતા. ચારે જણા એલિવેટરમાં દાખલ થયા. એલિવેટરનું ડોર બંધ થયું. "પ્લીઝ, બારણું ખોલો... મારાથી શ્વાસ નથી લેવાતો...." એલિવેટર અટક્યું. સુવર્ણાબેન ફ્લોર પર ફસકાઈ ગયા. અત્યાર સુધી ચિત્તભ્રમ થયેલી શ્વેતા દાદાજી ગણપતકાકાના ખભા પર માથું નાખીને બેઠી હતી તે સુવર્ણાબેનને જોઈને એમના તરફ દોડી. "બા શું થાય છે?" સુવર્ણાબેન જવાબ આપવાની સ્થિતિમાં ન હતા. શ્વેતાએ ચીસ પાડી, "બાવાજી, બા માઈટ હેવ એટૅક તરત નીચે આવો." એણે સી.પી.આર શરૂ કર્યો. સુંદરલાલ ફ્લોર પરજ ઢગલો થઈ બેસી ગયા. ભાઈ ભાભી, નિકુળ, ડૉકટરબાવા અને કમિશનર સાહેબ નીચે આવી ગયા. બાવાજીએ સુવર્ણાબેની પલ્સ જોવા માંડી.

બાવાજીએ હાથ પકડી રાખ્યો. શ્વેતા સી.પી.આર. આપતાં હારી ગઈ.... બાવાજીએ ઠંડો પડતો હાથ છોડી દીધો...

સુવર્ણાબેન દીકરાની પાછળ ચાલી નિકળ્યા.

"ઓહ, માઈ ગોડ...આ ફેમિલીનું શું થવા બેથું છે?" ડોકટર બાવા ગણગણ્યા.

થોડા કલાક પહેલા કલ્લોલતું અને આનંદના હિલોળા લેતું કુટુંબ ન સમજી શકાય એવા શોક સમુદ્રમા ડૂબી રહ્યું હતું. સૌ પોતાના હતા. કોણ કોને આશ્વાસન આપે! ભાઈ ભાભી શ્વેતાને વળગીને બેઠા હતા. શેઠજીને ગણપતકાકા અને પાર્વતિબેન પંખો નાખતા હતા. એક મૃતદેહ, વૈભવી ઓરડાના ગંદી થયેલી પથારીમાં પડ્યો હતો. બીજો દેહ નીચે ફ્લોર પર પડ્યો હતો. દીકરાએ આત્મહત્યાથી જીવન સંકેલ્યું હતું. આઘાતને કારણે માએ, મૃત દીકરાનો પીછો કર્યો હતો. બધા નોકર ચાકરો 'હવે શું કરવું' ની સુચનાની રાહ જોઈને રડી રહ્યા હતા. એક માત્ર કમિશનર સાહેબ સ્વસ્થતાથી ફોન પર વ્યવસ્થા કરવા રોકાયલા હતા. એમણે જમશેદજી, શિવાનંદ અને નિકુળને પાસે બોલાવી કહ્યું, "સામાન્ય રીતે સ્યુસાઈડના કેસમાં ઓટોપ્સી કરવી જ પડે પણ અક્ષયનો એક લેટર અને જે એવિડન્સ મળ્યા છે એનો ઉપયોગ કરીને કોરોનર પાસે બધું ઓકે કરાવી લીધું છે. ડૉ.જમશેદજી સુવર્ણાબેનને માટે કાર્ડિયાક એરેસ્ટનું ડેથ સર્ટિફિકેટ આપી દેશે. હમણાં સેનેટરી ડિપાર્ટમેન્ટની ટીમ આવશે એ સ્પેશિયલ કેમિકલ્સથી રૂમ સાફ કરી જશે. મેં સિનીયર ઈનસ્પેકટર મિ. મલહોત્રાને અને તેની પત્નીને બોલાવી છે. બન્ને શ્વેતાના મિત્રો છે. ઓફિસિયલ અને પર્સનલ બાબતોમા જરૂરી મદદ કરશે. જો કોઈની ખાસ રાહ જોવાની ન હોયતો આજે જ સાંજ સુધીમા અગ્નિદાહ કરી દેજો. હું કાલે સવારે આવીશ. મારી પાસે અક્ષયનો કાગળ છે. આવતી કાલે લેતો આવીશ. નિકુળ, તું ડોકટરને એમની ક્લિનિક પર લઈ જા અને ડેથ સર્ટિફિકેટ લેતો આવ"

મનહર મલ્હોત્રા અને એની પત્ની કાશ્મિરા અડધા કલાકમાં આવી ગયા. બપોરે બાર વાગ્યે ઊધનાથી રાજુ અને તેના ગુરુજી પણ આવી ગયા. મલહોત્રાએ અંતિમક્રિયાની વ્યવસ્થા સંભાળી લીધી. સુંદરલાલની પડખે હવે ગણપતકાકા, શિવાનંદ, અને પાર્વતિબેન હતા. યોગેશભાઈ, હેમાલિભાભી અને બહેનપણી કાશ્મિરા,

શ્વેતાને સંભળતા હતા. સ્કુલેથી આવેલા સૌરભ અને પ્રાચીની કાળજી નિકુળ લેતો હતો. મલ્હોત્રા અને રાજુએ અન્ય ભાર ઉપાડી લીધો હતો.

ખાસ સંબંધ ન હતો તોયે બાજુના બંગલામા રહેતી બોલીવુડની અભિનેત્રી નિલીમા શેઠજી અને શ્વેતાને મળવા આવી ગઈ હતી. તેના નોકર સાથે બધાને માટે ચ્હા કૉફિ અને બિસ્કીટ મોકલ્યા હતા.

શ્મશાનભૂમી સુધી પગપાળા જ જવાનો સુંદરલાલનો આગ્રહ હતો, પણ રાજુ અને મલ્હોત્રાને વ્યાવહારિક ન લાગ્યું. એમણે શબવાહિની અને કારમાં જ જવાની વ્યવથા કરી દીધી.

ગુરુજી મરણોક્તર ધાર્મિક વિધિઓમાં માનતા નહતા. એમના વિચારો વૈજ્ઞાનિક હતા, . પણ મહિલા વડીલ પાર્વતિબેનની ઈચ્છાને માન આપી મૌન રહ્યા. વલ્લભે ષટ્પિંડ વિધિ કરાવ્યો હતો. સાંજે સુર્યાસ્ત પહેલા અનેક સ્નેહીજનોની હાજરીમાં સુંદરલાલને હાથે પત્ની અને પુત્રને અગ્નિદાહ દેવાયો.

ઘેર આવીને શ્વેતાએ સુંદરલાલના ખોળે માથું ઢાળી દીધું. કોઈ પણ અવાજ વગર શ્વેતા અને સુંદરલાલની આંખો અશ્રુ સરિતા વહાવતા હતા. સુંદરલાલ શ્વેતાના માથાપર હાથ ફેરવતા રહ્યા. પાર્વતિબાએ પાસે આવી રડતા રડતા કહ્યું "દીકરી.. લાવ તારો હાથ આપ." શ્વેતાએ યંત્રવત હાથ લાંબો કર્યો. પાર્વતિબાએ ડૂસકા લેતા શરદપુર્ણિમાના ઉત્સવ વખતે પહેલીવાર પહેરેલી લાલ ચૂડિયો ઉતારવાની શરૂઆત કરી. સુંદરલાલે એકાએક ત્રાડ નાંખીને શ્વેતાનો હાથ ખેચી લીધો. મારી દીકરીનો હાથ કદીયે અડવો નહિ રહે.

અત્યાર સુધી કઠણ કાળજુ રાખી કાર્યવાહી સંભાળતા શિવાનંદ પોક મુકીને રડી પડ્યા. સૌ કોઈ રડતા રહ્યા. મન મુકીને રડવું જરૂરી પણ હતું. છેવટે સ્વજનોનો રૂદન પ્રવાહ ધીમો પડ્યો. હેમાલિભાભીએ નમસ્કાર કરીને સુંદરલાલની રજા લીધી. "દીકરીના ઘરમા, અવસાનશોક ના દિવસોમા પિયેરના વડીલોથી નહિ રહેવાય એ

અમારા સમાજનો ધારો છે. દીવસક્રિયા થઈ જાય પછી આવીશું અને શ્વેતા દિકરીને અમારી સાથે લઈ જઈશું."

"ના ભાભી, હવે આ જ મારું ઘર છે. મારા બાપુજીને એકલા મુકીને હું ક્યાંયે નહિ જાઉં. સરિતા અને શ્વેતા વહેવા માંડ્યા પછી કદીયે મૂળ સ્થાને પાછી નહિ ફરે."

શ્વેતા ઉભી થઈ ભાઈ ભાભીને વળગી. "મારી ચિંતા ન કરશો. ઓન્લી આઈ નીડ યોર બ્લેશિંગ્સ એન્ડ સપોર્ટ. આઈ લવ યુ."

ભાઈ-ભાભી સૌને નમસ્કાર કરી રડતે હૈયે દીકરી જેવી બહેનને અજ્ઞાત ભાવીના અંધકારમાં છોડી વિદાય થયા. ગુરુજી, નિકુળ અને પ્રાચી શિવાનંદને ત્યાં ગયા. પાર્વતિબા, શિવુકાકા અને રાજુ રોકાઈ ગયા હતા.

બીજી સવારે જ્યારે કમિશનર સાહેબ એમની પત્ની સાથે આવ્યા ત્યારે વલ્લભ ગરૂડપુરાણ વાંચતો હતો. આજનો અધ્યાય પૂરો થતાં, સૌએ સેન્ટ્રલ હોલમાં બેઠક લીધી. કાંતામાસી બધાને પાઈનેપલ જ્યુસ આપી ગયા.

કોઈપણ પ્રસ્તાવના વગર સાહેબે શરૂ કર્યું. "શેઠજી મારે આપ સૌની ક્ષમા માંગવાની છે કે કેટલાક જરૂરી રોકાણોને કારણે શમશાન યાત્રામા અમે હાજર ન રહી શક્યા. આઈ એમ સોરી શેઠજી. સોરી શ્વેતા. આપને ખ્યાલ હશે કે સ્યૂસાઈડ કરતા પહેલા અક્ષયે પત્ર લખ્યો હતો. થોડા વેરીફિકેશન માટે અને અમારા રેકર્ડ માટે જરૂરી હોવાથી મારી સાથે લઈ ગયો હતો.

કોઈપણ ઘરમાં જ્યારે અક્સ્માત કે ખૂન, આત્મહત્યા કે શંકાસ્પદ મૃત્યુનો બનાવ બને ત્યારે પોલીસ ડિપાર્ટમેન્ટની પહેલી શંકા કુટુંબની વ્યક્તિ અને ઘરના નોકર ચાકર પર જ થાય. મારી શંકા આપણી શ્વેતા પર હતી"

કમિશનર સાહેબ જરા અટક્યા. સૌના જીવ તાળવે ચોંટી ગયા. શ્વેતા ધ્રુજી ઉઠી. શ્વેતા પાર્વતિબા પાસે બેઠી હતી. બીજી બાજુ કમિશનર સાહેબના પત્ની આવીને બેસી ગયા.

સાહેબે ફરી શરૂ કર્યું. “અક્ષયના મનમેળ વગરનું લગ્ન જીવન, એનું કેથી અને અન્ય સ્ત્રીઓ સાથેનું વ્યભિચારી જીવન, રોગિષ્ટ શરીર, અક્ષયને બાદ કરતાં કાયદેસરની કરોડોની વારસદાર શ્વેતા જ હતી. મોટિવ શ્વેતા તરફ આંગળી ચીંધતો હતો. મારા ધ્યાનમાં હતું કે શ્વેતા અક્ષયને એની રૂમમાં મુકવા ગઈ હતી. મુકીને આવ્યા પછી ખુબ આનંદથી નિકુળ સાથે રાસ રમી હતી."

શ્વેતાને હળવા સ્મિત સાથે પૂછ્યું "કેપ્ટન મારી જગ્યાએ તું ઓફિસર હોય તો શું માને?"

કેપ્ટન સંબોધનની સાથે જ ગૃહિણી મટીને શ્વેતા જાણે યુનિફોર્મમાં હોય તેમ ટટાર થઈ ગઈ.

"સર, આપે ડિસ્ટન્ટ પાસ્ટ અને છેલ્લા બનાવો જોયા, પણ વચ્ચેનો અડતાળીસ કલાકનો અમારો અંગત સમય ચૂકી ગયા. કેથી અક્ષયના જીવનમાંથી નીકળી જતાં એમનામાં આવેલા પરિવર્તનની જરાયે નોંધ લીધી નથી. આપે મારો આગલો પર્સનલ રેકોર્ડ તપાસ્યો હોત તો આપને ખાત્રી થઈ હોત કે મેં મારા જીવન પ્રત્યેના તમામ નિર્ણયો, સંવેદનશિલતાથી નથી લીધા પણ ફરજને પ્રાધાન્ય આપીને લીધા છે. સવારે બારણું ખોલવાની કોશિશ કરી ત્યારે બારણું અંદરથી લોક કરેલું હતું. બહાર નીકળી ગયા પછી અંદરથી કેવી રીતે આગળો મારી શકું? મેં જો બળજબરીથી પિલ્સ આપી હોય તો અક્ષય મારા ગયા પછી લોક કરવાને શક્તિમાન ન રહે. એમણે પિલ્સ લીધા પહેલા જ અંદરથી ડોર લોક કર્યું હોવું જોઈએ. પિલ્સની બોટલ મેં બેડ પાસે મુકી હતી એટલે એના પર મારા ફિંગરપ્રીન્ટ્સ હોવાના પણ બૉટલની કેપ પર અક્ષયનાજ ફિંગરપ્રીન્ટ્સ હોવા જોઈએ. લીકર બોટલ પર પણ એના જ ફિંગરપ્રીન્ટ્સ હશે. શું આપને અંદરના આગળા, અને બૉટલો પરની ફિંગરપ્રીન્ટ્સ તપાસવાનો વિચાર ન આવ્યો? હું શા માટે મારા પાછા મળેલા સુહાગને બૂસી નાંખું?”

"શાબાશ દીકરી શ્વેતા, શાબાશ. આઈ એમ પ્રાઉડ ઓફ યુ." કમિશનર સાહેબે ઉભા થઈ ને શ્વેતાના કપાળ પર દીર્ઘ આશિષ ચુંબન આપ્યુ.

"સેનેટરી ટીમ સાથે સાદા ડ્રેસમાં મેં બે ડિટેકટિવને પણ મોકલ્યા હતા. તેં માત્ર બે મિનીટમાં જે કહ્યું તે બે ડિટેકટિવોએ છ કલાકની મહેનતે સિદ્ધ કર્યું છે. કેપ્ટન! યુ આર ક્લિન. તારા દિલ દિમાગમાં ગરમ લોહી વહેતું થાય એ માટેજ મેં વાત આ રીતે રજુ કરી હતી. આઈ નો... ઈટ ઈઝ નોટ ઈઝી, બટ યુ મસ્ટ ઓવરકમ ફ્રોમ ગ્રીફ. સુંદરલાલને સંભાળવા માટે તારે તરત જ સ્વસ્થ થવાની જરૂર અને પહેલી ફરજ છે."

"શેઠજી આપે જે ગુમાવ્યું છે તેનો આઘાત તો લાંબા સમય સુધી રહેશે. સમય સમયનું કામ કરશે. જે ગયું છે તે પાછું મળવાનું નથી. મિત્ર તરીકે આપને ઓળખું છું; મલ્હોત્રાએ શ્વેતાની શક્તિ અને કાબેલીયાતથી મને વાકેફ કર્યો હતો. તમારી પાસે આ અમુલ્ય રત્ન છે. એને સાચવશો. જીવન સફળ થઈ જશે."

સૌ અવાચક બની શ્વેતા અને એને વળગીને ઉભેલા કમિશનર સાહેબને જોઈ રહ્યા. એમણે અળગા થઈ એક ફાઈલ શ્વેતાના હાથમાં મુકી. "આમાં પોલીસ રિપોર્ટ, કોરોનર રિપોર્ટ અને ખાસતો અક્ષયના છેલ્લા પત્રની થોડી નકલો છે. સાચવી રાખશો. કદાચ ભવિષ્યમાં ઉપયોગી નિવડે. મૂળ લેટર અમારા પોલીસ રેકોર્ડ માટે રાખ્યો છે."

કમિશનર અને એના પત્નીએ સૌને વિદાય વંદન કર્યા. શ્વેતાએ અને રાજુએ એમના ચરણસ્પર્શ કર્યા. શ્વેતા તદ્દન સ્વસ્થ હતી. સૌ કોઈ અક્ષયનો પત્ર વાંચવા અધીરા થઈ ગયા હતા. મહેમાનના ગયા પછી શ્વેતાએ ફાઈલમાંથી પત્રની નકલ બધાને આપી. સૌ વાંચવા લાગી ગયા.

પ્રકરણ ૧૭

સૌ આતુરતાથી અક્ષયની છેલ્લી ચિઠ્ઠી વાંચતા હતા...

પરમ પૂજ્ય પપ્પાજી, મારા વ્હાલા, વ્હાલા મમ્મીજી અને વંદનીય ગણપતકાકા.

મારા સાદર પ્રણામ.

જેની સાથે પરસ્પર પ્રેમની ગુંથણી ન થઈ શકી, એ શ્વેતાને કોઈ પણ સંબધનું સંબોધન કરવાને હું લાયક નથી. માત્ર ક્ષમાનો યાચક બની રહું છું.

મારા મેડિકલ ટેસ્ટ દરમ્યાન થતી વાતો પરથી મને ખ્યાલ આવી ગયો કે લાંબા સંઘર્ષને અંતે કદાચ આયુષ્યરેખા થોડીક લંબાય, પણ આખરી પરિણામ તો સ્પષ્ટ જ છે. સારવારથી લંબાયલું જીવન યાતના મુક્ત તો નજ હોય. એક દિવસની યાતના ભોગવીને શેષ જીવનની યાતનામાંથી મુક્ત થવા માટે મેં જીવન સમેટવાનો નિર્ણય કર્યો છે.

આપ સૌને દુઃખ થશેજ; પણ મારી મુક્તિની સાથે આપ સૌની મુક્તિ પણ ઈચ્છું છું. કોઈને અન્યાય કરવાની ભાવના નથી પણ મારો આત્મા કહે છે કે સૌથી વધુ આઘાત મમ્મીને લાગશે. પ્લીઝ, તમો સૌ મારા મમ્મીને સાચવજો. પપ્પા તો ખુબજ વાસ્તવદર્શી છે. દુઃખને પચાવીને રોજીંદી ઘટમાળમાં એના જીવનને વહેતું રાખશે.

શ્વેતા, મેં તો તને પહેલી રાત્રેજ વૈધવ્ય બક્ષી દીધું હતું. શું આ તારું બીજીવારનું વૈધવ્ય હશે? ના, ના, મારી દૃષ્ટિએ તું વિધવા નથી. તું સધવા પણ નથી. મેં તારું અંગ અભડાવ્યું નથી. તારા સંસ્કાર અને નૈતિક નિડરતાને હું જાણું છું. તુ હજુ પરિપક્વ કુમારકા જ છે. આજે મારા જીવનના અંતિમ દિવસે થોડા કલાકો માટે મેં પરિણિત હોવાનો કાલ્પનિક આનંદ મેળવી લીધો છે. શ્વેતા તું મનગમતું યોગ્ય પાત્ર શોધીને જીવનનો સાચો આનંદ, હંમેશ માણતી રહેજે. મારી હાર્દિક શુભેચ્છા તારી સાથેજ હશે. તું મારા પપ્પા મમ્મીની દિકરી થઈને રહેજે.

પપ્પા મમ્મી હું કુપુત્ર થયો પણ તમો કમાવતર નથી થયા. સમજણો થયો ત્યારથી શંકાનો એક કિડો મગજને કોતરતો રહ્યો. ‘શું હું આપના પિંડનો પુત્ર છું? આપ મારા સાચા માવતર છો? જીવન દરમ્યાન ન પુછી શકાયલો પ્રશ્ન આજે પુછી રહ્યો છું જેનો ઉત્તર જાણવા હું જીવિત નહિ હોઉ.

હું લગભગ આઠેક વર્ષનો હોઈશ તે વખતે મમ્મીના ગામની બે ડોસીઓ આપણે ત્યાં મહિનો રહેવાના ઈરાદાએ આવી હતી. તમે બધા વાતો કરતા હતા. એક ડોસીએ મારા માથા પર હાથ ફેરવતા કહ્યું હતું કે 'સુવર્ણાએ પારકા જણ્યાને પણ કેટલા વહાલથી અને જતનથી જાળવ્યો છે. જાણે કાનુડો અને જશોદામૈયા.'

મને ત્યારે તો કશુંજ સમજાયલું નહિ. ગણપતકાકા તરતજ મને બહાર ખેંચી ગયા હતા. બન્ને ડોસીઓતો લાંબો સમય રહેવાની હતી પણ પપ્પાએ તેમને તેજ રાત્રે બસમાં બેસાડી ગામ રવાના કરી દીધી હતી. મમ્મી તમે આખી રાત રડતા રહ્યા હતા. મેં જ્યારે તમને પુચ્છું કે પારકો જણ્યો એટલે શું, ત્યારે જવાબ આપવાને બદલે મને છાતી સરખો ચાંપીને રડતાજ રહ્યા હતા.

બાર વર્ષની ઉમ્મરે અર્થ સમજતો થયો. શંકાનો કિડો ઉધઈની જેમ મગજને કોતરતો રહ્યો. મમ્મીનો પ્રેમ અને પપ્પાની ધાકથી તમારી પાસે ખુલાશો ન મેળવી શક્યો. પપ્પા તરફથી કડવી સલાહો મળતી ત્યારે હું પારકો છું એટલે પ્રેમ વગરની શિખામણો આપે છે એમ માનતો રહ્યો. ખરેખરતો પપ્પા મને તેમની પ્રતિકૃતિ તરીકે ઘડવા માંગતા હતા. મારુ ચિત્ત 'હું કોણ છું' ની શોધમાં અટવાતું હતું.

પપ્પાની અપેક્ષાઓ સંતોષવામાં હું નિષ્ફળ નિવડ્યો. અભ્યાસમાં પાછળ પડતો ગયો. એમની નજર તેજસ્વી શ્વેતા પર પડી. એ કાચી માટીના લોચાને એમણે પોતાની ઈચ્છા પ્રમાણે ઘાટ આપવા માંડ્યો. શ્વેતા પપ્પાની માનસિક વારસદાર બની ગઈ. પપ્પાને હાથે એક પછી એક એવૉર્ડ લેતી, ત્યારે હું ઈર્ષ્યાથી દયામણા ચહેરે સ્ટેજ તરફ જોયા કરતો. તે સમયથી હું પારકો થઈ ગયો હોઉં એવું અનુભવતો હતો. શ્વેતાના વ્યક્તિત્વ સામે હું વામણો બની ગયો હતો. ઈર્ષ્યા અને પ્રતિશોધને કારણેજ

સાદાઈથી લગ્ન કર્યા. પહેલી રાત્રેજ નિષ્ઠુરતાથી એનું સૌભાગ્ય ઝૂટવી વૈધવ્ય બક્ષ્યું હતું.

પપ્પાને જ્યારે લોહીની જરૂર પડી ત્યારે મારું લોહી મેચ ન થયું. અઢાર વર્ષની ઉમ્મરે ન તો મારો દેખાવ કે ન તો મારો અવાજ પપ્પાને મળતો આવતો હતો.

પપ્પા, મમ્મી એકવાર કહી દો કે હું તમારોજ પુત્ર છું. મારો આત્મા એ સાંભળશે. મારો આત્મા ઠરશે.

જો પુનર્જન્મ હોય તો જન્મોજન્મ હું આપનો પુત્રજ થઈશ.

એજ...આ જન્મના કુપુત્ર અક્ષયના વિદાયવંદન.

સુંદરલાલ ઢળી પડ્યા. ધ્રુસકે ધ્રુસકે રડતા રહ્યા. શ્વેતાએ એમનું માથું પોતાના ખોળામા લઈ લીધું. ધીમે ધીમે માથામાં હાથ ફેરવતી રહી. સૌએ એમને મોકળા મને રડવા દીધા. હૈયાફાટ રૂદન સાથે તે બબડ્યા "દિકરા હું શું જવાબ આપું? તારી માના અસ્થિ તારી સાથે ભળી ગયા એ જવાબ પુરતો નથી? મારો અંતર આત્મા જાણે છે કે બાપ તરીકેની કોઈપણ ફરજ હું ચુક્યો નથી.

શિવાનંદ, પાર્વતિબહેન અને રાજુ, પ્રશ્નાર્થ નજરે સુંદરલાલને જોઈ રહ્યા હતા. આજે શિવાનંદને અહેસાસ થતો હતો કે બે વચ્ચેની આત્મીયતા સંપૂર્ણ ન હતી. વ્યવહારકુશળ અને લાગણીશીલ મિત્રે કેટલીક અંગત વાતો હૈયાના એક ખૂણામાં ડાબી દીધી હતી. શું અક્ષય એમનો પુત્ર ન હતો?

"ભાઈ સુંદર, મારી સાથે આટલું બધું અંતર?" શિવાનંદ ગળગળા થઈ ગયા.

"શેઠજી, મન મુકીને હૈયાનો ભાર હલકો કરો. અહિં સૌ આપણાજ છે. શ્વેતાએ પણ હકિકત જાણવીજ જોઈએ." ગણપતકાકાએ કહ્યું.

"શિવુ, તારા રાજુનો જન્મ તો આપણે કોલેજમાં હતા ત્યારેજ થઈ ચુક્યો હતો. આપણે મુંબઈ આવ્યા પછી પણ અમને ખોળાનો ખૂંદનાર ન મળ્યો. અનેક ડોકટરોને

બતાવ્યું; દોરા ધાગા અને બાધાઓ માની પણ પરિણામ શૂન્ય. હું તો ઈશ્વરેચ્છામાં માનતો હતો. સંતાપ વગરની નિર્બંધ જીંદગી આનંદથી માણવામા માનતો હતો. સુવર્ણા બાળક વગર તડફતી હતી.

એકવાર એના મામાનો તાર આવ્યો "સુવર્ણા, તાબડતોબ અહિ આવી જા"

સુવર્ણા એના મામાને ત્યાંજ ઉછરી હતી. મામાની સોળ વર્ષની દિકરી પર કોઈએ બળાત્કાર કર્યો હતો. દિકરી પ્રેગનન્ટ હતી. કોઈ પણ પુરુષથી છળી મરતી હતી. સગા બાપ અને દસ વર્ષના પ્રેમાળ ભાઈને જોઈને ગભરાઈ જતી હતી. રાડો પાડતી હતી. મામા એબોર્શન કરાવવા ઈચ્છતા હતા. સુવર્ણા મામાને ત્યાં ગઈ. મને પુછ્યા વગર એની સોળ વર્ષની બહેન અને ગામની એક દાયણને લઈને રાજકોટની પાસેના કોઈ ગામમાં પહોંચી ગઈ. ત્યાંથી મને પત્ર લખીને હકિકત જણાવી. 'હું મારી બહેનનું બાળક આપણે માટે રાખવાની છું. દત્તક તરીકે નહિ પણ મારા પોતાના સંતાન તરીકેજ. આપણા સૌ સબંધીઓને જણાવી દેજો કે અમારી પ્રાર્થના ફળી છે. સુવર્ણા પ્રેગનન્ટ છે.'

બસ. અમારા ઘરમાં, અક્ષય અમારું વહાલસોયું સંતાન બની ગયો. મને મારો વારસદાર મળી ગયો. સુવર્ણા એને બોટલથી દૂધ પિવડાવતી. લાગણીના આવેશમા ન જોયલા ગાંડા કાઢતી. દૂધ પિવડાવ્યા પછી પોતાના સ્તન પર મધ ચોપડતી. અક્ષય લબલબ ચાટતો. સુવર્ણા માતૃત્વનો અનેરો આનંદ માણતી. અમે સુખી હતા. કોણ કહે, કે અક્ષય અમારું સંતાન નથી."

સુંદરલાલે હાથ જોડી ઉંચા અવાજે કહ્યું "બેટા અક્ષય અમેજ તારા મા-બાપ છીએ."

સુંદરલાલે બે ઘૂંટડા પાણી પીને આગળ ચલાવ્યું. "હું સાચો બાપ હતો. મારે મારા વારસદારને સફળતાના શિખર પર જોવો હતો. એનું ઘડતર હું મારી રીતે કરવા માંગતો હતો. મારી અપેક્ષાઓ અમર્યાદ હતી. અક્ષય પહેલા તો હોંશિયાર હતો પણ

એકાએક પાછળ પડતો ગયો. મને શું ખબર કે દાયણ ડોસી અમારા સુખી જીવનમાં મોટી આગનો તણખો મુકી ગઈ હતી.

અક્ષયની નિષ્ફળતા અને મારી અપેક્ષાઓએ બાપ દિકરા વચ્ચે તડ પાડી દીધી. યોગેશની સુંદર અને સ્માર્ટ નાની બહેન પર મારું મન ઠરી ગયું. એને મેં ભાવી પુત્રવધૂ તરીકે ઘડવા માંડી.

મારી અપેક્ષાને કારણે મેં પત્ની અને પુત્ર ગુમાવ્યા. નિર્દોષ શ્વેતાનું જીવન બરબાદ કર્યું. બેટી, શ્વેતા મને માફ કરી દે. મને માફ કરી દે. હું તને ગમતા છોકરા સાથે પરણાવીશ. તમે મારી સાથેજ રહેજો. આ બધું હવે તારુંજ છે. તું તો મને છોડીને તો નહીં જાયને?"

સુંદરલાલે શ્વેતાના પગ પકડી લીધા.

"અરે, અરે બાપુજી આ શું કરો છો? મને પાપમાં ન નાંખો બાપુજી. હું જીદગીભર તમારી સેવા કરીશ."

સ્વસ્થ ગણપતકાકાએ શેઠજીને ઉભા કર્યા. "આપણી શ્વેતા દિકરી ક્યાંયે નહિ જાય. આપણી સાથેજ રહેશે."

છેવટે ગણપતકાકાએ કાંતામાસીને બુમ પાડી "કાંતા! લંચની તૈયારી કરો. હમણાં ગીતા પાઠનો સમય થઈ જશે."

સૌએ મુંગામુંગા લંચ લીધું. રૂદન અટકી ગયું હતું. અશ્રુ સુકાઈને ગાલપર માત્ર લિસોટાજ રહ્યા હતા. કોઈને કંઈ કહેવાનું ન હતું. કોઈને કંઈ પુછવાનું ન હતું. સૌ નત મસ્તકે વાંચેલી, સાંભળેલી વાત પોતપોતાની રીતે મુલવતા હતા.

રોજ સવારે ગરુડપુરાણ, બપોરે ગીતાપાઠ, સાંજે ગુરુજીનું પ્રવચન અને ભજન. દિવસો પસાર થયા. પંદર દિવસ પછી શિવાનંદ અને પાર્વતિબા પોતાના મલબાર હિલના બંગલે ગયા.

.....

પૃથ્વીએ પોતાની ધરી પર ફરતા ફરતા સુર્યનારાયણની ફરતે એક પરિભ્રમણ પુરું કર્યું.

'સુવર્ણા વિલા'ના જીવતર અને ધબકાર બદલાયા હતા. શેઠજીએ ઓફિસે જવાનું ઓછું કરી નાંખ્યું હતું. શ્વેતાએ ઓફિસના વહિવટને અને સુંદરલાલની સેવાને પ્રાધાન્ય આપી દીધું હતું. અક્ષયના રૂમને હોમઓફિસ અને લાયબ્રેરી બનાવાઈ હતી. લાયબ્રેરીમાં પોસ્ટર સાઈઝના સુખડની ફ્રેમમાં સુવર્ણાબેન અને અક્ષયના ફોટા લટકતા હતા. સુંદરલાલ વ્યાપાર સમાચાર વાંચવાને બદલે લાયબ્રેરીમાં ફિલોસોફીના પુસ્તકો વાંચતા. ઘણીવાર રિક્લાઈનર પર બેઠા હોય, છાતી પર પુસ્તક કે પેપર હોય અને કલાકોના કલાક સુવર્ણાબેન અને અક્ષયના ફોટાને એકી નજરે જોયા કરતા.

હંમેશા સુવર્ણાબેનની તહેનાતમાં રહેતા જગદીશ અને જ્યોતીએ પોતાનો સ્વતંત્ર ફ્લેટ રાખી ત્યાં રહેવા ગયા હતા. જ્યોતી પ્રેગનન્ટ હતી. જગદીશ હવે ઓફિસમાં કામ કરતો હતો. શ્વેતાએ બાપુજીને સમજાવીને બ્રાહ્મણ વલ્લભ અને પટેલ વિમળાના લગ્ન કરાવી આપ્યા હતા. જગદીશ અને જ્યોતિના ક્વાર્ટર્સમાં તેઓ શિફ્ટ થયા હતા.

દાદાજીને નીચેનો નાનો કોન્સફરન્સ રૂમ ફાળવી અપાયો હતો. એમને માટે બેટરી ઓપરેટેડ વ્હિલચેર આવી ગઈ હતી. રવીવારે નોકર ચાકરોને બપોર પછી કામમાંથી મુક્તિ મળતી. શ્વેતા જાતે સુંદરલાલ અને દાદાજીને ભાવતી વાનગી બનાવીને ખવડાવતી.

આજે આવોજ એક રવીવાર હતો. માત્ર સુંદરલાલ, શ્વેતા અને ગણપતકાકા જ ઘરમાં હતા. સુંદરલાલે શ્વેતાને બુમ પાડી લાયબ્રેરી રૂમમાં બોલાવી.

"બેસ બેટા, આજે મારે ઘણી વાતો કરવાની છે. આપણો બિઝનેસ કેમ ચાલે છે?"

"બાપુજી બધું સરસ રીતે સેટ થઈ ગયું છે. નિકુળ પણ ખુબજ કાબેલ છે. હસતો રમતો કામ કર્યે જાય છે."

"બેટી જો તું અને નિકુળ ઓફિસમાં ન હોવ તો અત્યારે યથાવત ચાલી શકે ખરું?"

"જો થોડુ સેટ અપ બદલીએ તો ખુબ ઓછું ધ્યાન આપીએ તો વાંધો નહિ આવે"

"તમારા બન્નેની ગેરહાજરીમાં યોગેશભાઈથી શિવુની અને આપણી ઓફિસ સંભાળી શકાય ખરી?"

"આઈ એમ સ્યોર હી કેન હેન્ડલ બોથ બિઝનેસ. એમને બન્ને જગ્યાનો અનુભવ છે. પણ બાપુજી, સ્પષ્ટ વાત કરોને! મને કાંઈ સમજાતું નથી. કંઈ પ્રોબલેમ છે?"

સુંદરલાલ જરા અટક્યા. એણે એની ટેવ મુજબ આંખો બંધ રાખી ફરી ચાલુ રાખ્યું...

"મેં નિવૃત થવાનો નિર્ણય લઈ લીધો છે. જો શિવુ તૈયાર થાય તો બન્ને ફર્મ મર્જ કરી યોગેશભાઈને નવી કંપનીમાં પ્રેસિડન્ટ બનાવીએ. આપણે સૌ બોર્ડ્સ ઓફ ડિરેકટર તરીકે રહીને પોલિસી અને પર્ફોર્મન્સ પર કંટ્રોલ રાખીએ. તને શું લાગે છે?"

"બાપુજી અમે બધા લાકડીનો દેખાવ પુરતો ટેકો ભલે આપતા હોઈએ પણ, ટચલી આંગળી પર આખો ગોવર્ધન પર્વત તો તમે ઉંચક્યો છે. તમારા વગર બધું તૂટી પડશે અને અમે સૌ કચડાઈ જઈશું. ના બાપુજી ના. તમારાથી રિટાયર્ડ ન થવાય. તમે અહિ ઘરેથી અમને માર્ગદર્શન આપ્યા કરજો પણ નિવૃત થવાની વાત

મગજમાંથી કાઢી નાખજો. મને ખબર છે કે તમે અક્ષય અને બાને ભુલી શકવાના નથી પણ લાઈફ મસ્ટ ગો ઓન."

"બેટા ઈશ્વરે મને મારી કાબેલિયત કરતાં અને જરૂરીયાત કરતા ઘણું ધન આપ્યું છે. તારી સાત પેઢી તો નહિ પણ ચાર પેઢી સુધી ચાલે એટલું તો છેજ. એમાં એક પણ પૈસાનો વધારો ન થાય તો વાંધો આવે એમ નથી. હવે હવાતિયા મારવા નથી. મને માત્ર તારી જ ચિંતા છે."

શેઠજીએ આંખો ખોલી. શ્વેતા સામે સીધી નજર રાખીને પુછ્યું, "સંકોચ રાખ્યા વગર મનની વાત કરજે. તને નિકુળ ગમે છે?"

પ્રકરણ ૧૮

શેઠજીએ આંખો ખોલી. શ્વેતા સામે સીધી નજર રાખીને પુછ્યું, "સંકોચ રાખ્યા વગર મનની વાત કરજે દીકરી. “તને નિકુળ ગમે છે?"

શ્વેતા જવાબ ન વાળી શકી. આંખ ભીની થઈ ગઈ. સસરાના સ્વરૂપે દેવતાતુલ્ય પિતા મળ્યા હતા.

“દીકરી, તેં મને જવાબ ન આપ્યો. મારો વિચાર તો રાજુ માટે હતો પણ પાર્વતિ ખુબ જ જુનવાણી છે. ન્યાત જ્યાતના વાડામાંથી નીકળી શકી નથી. ખુબ સંકુચિત અને જૂનવાણી માનસ છે. શિવુ એને પ્રેમથી નિભાવે છે. આપણા પુજારી વલ્લભને પટેલની છોકરી વિમળા સાથે તેં લગ્ન કરાવ્યા તે પાર્વતિને ન્હોતું જ ગમ્યું ને! નિકુળની બહેન તો બ્રાહ્મણ હતી પણ પરપ્રાંતિય. તેનોએ એને તો વાંધો હતો. એટલે હવે રાજુ પરણવાનું નામ જ નથી લેતો. નિકુળને ઘણી અકળામણ થાય પણ પોતાની ભાણેજ પ્રાચીની દેખભાળ માટે તેમને ત્યાં રહ્યો છે. ખુબ સુંદર ઠરેલ અને ખુબ જ હોશિયાર છોકરો છે. એ આપણી સાથે રહેશે. મને ખાત્રી છે કે આ સંબંધથી તું સુખી જ થશે. આ તો મારા વિચાર છે. તારી મરજી વિરૂધ્ધ હું કંઈ નહિ કરું, તેની ખાત્રી રાખજે. નિકૂળ અંગે તારો શું અભિપ્રાય છે.?”

શ્વેતા નિકુળને નામથી ભાગ્યે જ બોલાવતી. સમવયસ્ક હતી. 'હેન્ડ્સમ" કહીને જ બોલાવતી પાંચ પાંડવોમાં સૌથી સ્વરૂપવાન નિકુળ જ હતોને? આ નિકુળ પણ તેના નામને સાર્થક કરતો હતો. એને ગમતો હતો.

"બાપુજી, તમારી ઈચ્છા, એ મારે માટે આજ્ઞા હોય. મારી સંમ્મતિ હોય તો પણ નિકુળનું શું. આજ સુધીમાં એણે એવો કોઈ પણ સંકેત આપ્યો નથી. પચાસ

માણસોની વચ્ચે હસાઠીઠી કરતો, તોફાન કરતો અને મારી પણ ઠેકડી ઉડાવતો નિકુળ, જ્યારે મારી સાથે એકલો પડે ત્યારે એકદમ ગંભીર થઈ દુર નાસતો હોય એવું લાગે છે. એને સમજવો મુશ્કેલ છે."

“બેટી, તારા બાપુજી પાસે બધી સમસ્યાનો ઉકેલ છે. આ ધંધાનુ મર્જીંગ થઈ જાય તો બન્નેને મારે યુરોપ અમેરિકા મોકલવા છે. થોડો સમય સાથે ફરો હરો. તું પાછી આવશે ત્યારે હસતે મોં એ આવશે એની મને ગળા સુધીની ખાત્રી છે."

"હવે તું એક કામ કર. નીચે જઈને સરસ ચ્હા બનાવ. તારા દાદાજીનો પણ ચ્હાનો ટાઈમ થયો છે. દરમ્યાન હું યોગેશભાઈને પણ ફોન કરું છું. આજનું સાંજનું ડિનર તાજમાં લઈશું. તારા ભાઈ ભાભી અને સૌરભ પણ આવશે. અત્યારે જે વાતો કરી તેમાં એમની મંજુરી અને અભિપ્રાય જરૂરી છે. એમની અનુકૂળતા હોય તે પ્રમાણે રિઝર્વેશન કરાવી દઉં છું. હું પણ નીચે આવું છું. ચ્હા પછી બીજી ખાનગી અને અગત્યની વાત પણ કરવાની છે. લેટ્સ ગો."

સુવર્ણાબેન અને અક્ષયના નિધન પછી પહેલીવાર સુંદરલાલ આવી રીતે વાત કરતા હતા. ચ્હા પીતા પીતા એમણે ગણપતકાકાને કહ્યું, "આપણે આજે તાજમાં ડિનર માટે જઈશું."

"ના શેઠજી મને આ ઉંમરે બધું ફાવતું નથી. અને ઘર રેઢું ના મુકાય. તમે આનંદથી જઈ આવો. આવતી વખતે મારે માટે એકાદ પરોઠા જેવું કંઈક મળે તો લેતા આવજો."

ચ્હા પીવાઈ ગઈ. "કાકા આજે હું શ્વેતાને નીચે લઈ જવાનો છું હવે એણે પણ જાણવું જોઈયે."

“હા ભગવાનને પગે લાગીને જજો. હું બહાર બેઠો છું. ચિંતા ન કરશો."

સુંદરલાલ પહેલા પોતાના રૂમમાં ગયા. પછી ફોયરના ક્લોઝેટમાં કઈક કર્યું. "ચાલ શ્વેતા, આપણા મંદિરમાં." શ્વેતા શેઠજીની પાછળ ગઈ. શેઠજીએ લાંબા થઈ

પંચદેવતાને પ્રણામ કર્યા. દિવાલ પરથી એક ધડિયાળ ઉતાર્યું. ત્યાં એક ડિજીટલ કી બોર્ડ હતું. એમણે કેટલાક નંબર પંચ કર્યા. સિંહાસન ચારેક ફુટ જેટલું આગળ ખસ્યું. વળી બીજા નંબરો દબાવ્યા. એ જગ્યાની ટાઈલ્સ ખસી અને એક પગથીયુ દેખાયું. "જો દીકરી, પહેલા હું નીચે જાઉં છું. પછી તું પણ નીચે આવ. શેઠજી પગથીયા પર ઉભા રહ્યા. એલિવેટૅર પગથીયું નીચે ગયું. શ્વેતા વિસ્મય સાથે શેઠજીને અનુસરી. અંદર મોટું બેઝમેન્ટ હતું. તેમાં બે કબાટો હતા. શેઠજીએ એક મોટો કબાટ ઉઘાડ્યો. શ્વેતાનું મોં પહોળું થઈ ગયું. એ ગોલ્ડબ્રિક કે જેને કિલોગોલ્ડ બાર કહેવાય તેનાથી કબાટ ભરેલો હતો. અધધ થઈ ગયું. "શ્વેતા, આ બધું તું જોઈ લે. આજની કિંમતે લગભગ ત્રણસો કરોડનો માલ છે. બીજી બધી વાત તને તાજમાં જતી વખતે સમજાવીશ. લાલાજીને બદલે તું જ ડ્રાઈવ કરી લેજે. ચાલ દીકરી, હવે ઉપર જઈએ."

બન્ને ઉપર ગયા. બધું પૂર્વવત થઈ ગયું.

લાલાજી, ગેઇટકિપર ગુરખાની સાથે બેસીને વાત કરતા હતા. શેઠજીએ એને બોલાવીને પૈસા આપ્યા. દાદાજી અને એના માટે ક્રિષ્નામાંથી ડિનર લાવવાનું અને દાદાજીનું ધ્યાન રાખવાનું કહ્યું.

શેઠજી અને શ્વેતા કારમાં નિકળ્યા. એમણે બેઝમેન્ટની વાતનું અનુસંધાન શરુ કર્યું.

"પહેલા આપણું મકાન એક મોટા સ્મગલરનું હતું. એ અને એની આખી ગેંગ એન્કાઉન્ટરમાં સાફ થઈ ગઈ. ગવર્મેન્ટે મકાનનો કબજો લઈ લીધો. લાંબા સમય સુધી એમાં કોઈ વસવાટ ન હતો. છેવટે એ બંગલો એક જાણીતા ફિલ્મ નિર્માતાએ લીધો. બે ત્રણ ફિલ્મો ફ્લોપ જતાં એણે દેવાળું કાઢ્યું. હરાજીમાં મે આ બંગલો માત્ર અઠ્ઠાવીસ લાખમાં લઈ લીધો. લીધા પછી ત્રણ વર્ષે રિનોવેશન કરતાં સિલીંગમાથી એક કવર પડ્યું. કવરમાં નકશો અને થોડા નંબર હતા. રોજ રાત્રે એનો ભેદ ઉકેલવા મથામણ કરતો હતો. આખરે સફળતા મળી. બેઝમેન્ટ ખુલ્યું. ભાગ્ય ખુલ્યું. એમાં એક ડઝન જેટલી ઓટોમેટિક રાઈફલ પણ હતી. મેં એ રાઈફલ્સ અત્યારના કમિશનરને બોલાવી સુપ્રત કરી. કમિશનર સાહેબ જીવનભરના મિત્ર બની ગયા. પણ, મારામાં

પણ માનવ સહજ નબળાઈ હતી. અરે હજુ પણ છે. મેં સોનાની વાત કોઈને કરી નથી. માત્ર સુવર્ણા અને ગણપતકાકાને ખબર છે. ગણપતકાકાએ સલાહ આપી કે ભાઈ સુંદર, તું તો કાબેલ છે. તારી જાતે જ ખુબ કમાયો અને કમાશે. આમાંની અડધી સંપત્તિ તારા વારસદારને માટે જાળવજે અને અડધી લોક કલ્યાણ માટે વાપરજે. તે દિવસે પહેલીવાર એણે મને પ્રેમના તુકારાથી વાત કરી. મેં અને સુવર્ણાએ એમનું વચન સ્વીકારી લીધું."

"તારા લગ્નના બે દિવસ પહેલા, તારા અને અક્ષયના નામે એંસી કરોડ સ્વિસ બેંકમાં ટ્રાન્સફર કર્યા છે. 'આઈધર ઓર સરવાઈવર' એકાઉન્ટ છે અને એનો કોડ નંબર મારી પાસે છે. તારે એ કોડ ગોખી રાખવો પડશે. હવે એની સંપુર્ણ માલીકી તારી જ છે."

"હવે હું રિટાયર્ડ થવા માંગુ છું. નવસારી નજીક મારા વડવાઓની વીસ એકર જમીન છે. એના પર તરછોડાયલા વૃદ્ધો માટે 'ગણપતાશ્રમ' બાંધવો છે. બાજુમાં અક્ષયના નામે ફ્રી રિહેબ સેન્ટર શરુ કરવું છે. એ જ કોમ્પ્લેક્ષમાં મારે માટે એક નાનો ફ્લેટ બાંધવો છે. નિવૃત જીવન, મારે મારા ગામમાં જ ગાળવું છે. સુવર્ણાને નામે, એક પગ ગુમાવનારને લાકડાનો પગ અને બન્ને પગ ગુમાવનારને વ્હિલ ચેર આપવાનું પ્લાન કરું છું."

"દાણચોરની સંપત્તિ આ રીતે વાપરીશ. એમનું અને આપણું કલ્યાણ થશે. સરકારને સોંફવાનો અર્થ નથી. મોટાભાગના ગાયબ થઈ જાય અને બાકીના પ્રધાનોના પગારમાં જાય. મને મારા નિર્ણય અંગે વસવસો નથી. આ બધું કંઈ પણ આપણું નહોય તો પણ આપણા ફાયનાન્સિયલ ઈન્વેસ્ટમેન્ટથી આપણું જીવન સારી રીતે ગાળી શકીશું."

"આજે કરેલી વાતોનો વિચાર કરજે. શંકા લાગે ત્યાં મને પુછજે. તારા વિચારો જણાવજે."

શેઠજીની વાત પુરી થઈ. તાજનો દરવાજો આવી ગયો. વેલે એટેન્ડન્ટને કારની ચાવી આપી શેઠજી અને શ્વેતા તાજમાં દાખલ થયા.

આતંકવાદીના હુમલાથી ઘવાયલી તાજ હોટલ ફરીથી નવનિર્માણ પામી હતી. સિક્યોરિટી અને સુવિધાઓ વધી હતી.

યોગેશભાઈ, ભાભી અને સૌરભ પણ આવી પહોંચ્યા હતા. એક પછી એક કોર્સ સર્વ થતો ગયો. સુંદરલાલ પણ એક પછી એક ગણત્રી પુર્વકનું પત્તુ ખોલતા ગયા. પહેલા નિવૃત્તિની વાત, પછી મર્જીંગની વાત. યોગેશભાઈને કંપનીના પ્રેસિડન્ટશીપની વાત અને છેલ્લે શ્વેતા અને નિકુળની વાત. યોગેશભાઈ ઠરેલતાથી અને ભાભી ઉત્સાહની ઉત્તેજનાથી વાત સાંભળતા રહ્યા.

"શેઠજી આપ અમારા પિતાતુલ્ય છો. તમે જે કંઈ કરશો તે અમારા કલ્યાણ માટેજ કરશો. પણ બે વાત ડંખે છે. એક તો આપની નિવૃત્તિ. બિઝનેસના સફળ અગ્રણીઓ પંચ્યાસી નેવું વર્ષની ઉમ્મર સુધી કાર્યરત રહે છે. તમારી આ વય નિવૃત થવાની નથી જ." યોગેશભાઈ ખુબ જ ગંભીરતા પુર્વક બોલતા હતા.

"બીજી વાત, હવે હું શિવુકાકાનો નોકર છું. 'શિવરાજ કરતાં સુવર્ણા ઘણી મોટી છે. આપની ભાવના મર્જીંગની હોય પણ માર્કેટમાં એ ટેઇકઓવર જ ગણાય. હું આપનો અંગત સંબંધી છું. સુવર્ણા ફાઈનાન્સમાં સેવા આપી ચુક્યો છું. મારી વફાદારી પર પણ આંગળી ચિંધાય. 'કોનફ્લિકટ ઓફ ઈન્ટ્રેસ્ટ' કહેવાય. મારી ફરજ છે કે મારે આ બાબતમાં શિવુકાકા સાથે ઘણી વાત કરવી પડશે. મારી ફરજ શિવરાજનું હિત જોવાની છે. મારે કારણે આપની મર્જીંગની યોજના પાર ન પડે તો મને ક્ષમા કરજો"

શેઠજી એની વફાદારી, પ્રમાણિકતા અને વ્યવહાર દક્ષતાને મનોમન બિરદાવતા રહ્યા. યોગેશભાઈએ ચાલુ રાખ્યું,

"નિકુળ યોગ્ય પાત્ર છે. જો એ સંબધ શક્ય બને તો ખુબ આનંદની વાત છે. આખરી નિર્ણય શ્વેતાએ અને નિકુળે લેવાનો છે. અત્યારે એ શિવુકાકા સાથે રહે છે.

એતો ઉદારમતવાદી છે પણ પાર્વતિબા વણિક શ્વેતાને ઘરમાં સ્વીકારશે કે નહિ તે કળવું મુશ્કેલ છે.”

“આપ અને શ્વેતા જે કાંઈ નિર્ણય લેશો તે અમને શિરોમાન્ય હશે એની ખાત્રી રાખજો."

બીજે દિવસે સુંદરલાલ અને શિવાનંદ ફોન પર ત્રણ કલાક વાત કરતા રહ્યા. શુક્રવારની મિટીંગમાં શિવાનંદ, પાર્વતિબા, રાજુ, નિકુળ, સુંદરલાલ, શ્વેતા, યોગેશભાઈ, બન્ને કંપનીના એકાઉન્ટન્ટ, એટર્નિ હાજર હતા. સુંદરલાલની વાત સીધી અને સ્પષ્ટ હતી. બન્ને કંપની એક થઈ જાય. પ્રોપર્ટી અને પ્રોફિટ પચાસ પચાસ ટકા વહેંચાય. શિવાનંદ ઉભા થઈ ગયા. "સુંદરના સિત્તેર અને મારા ત્રીસ ટકા."

"અરે શિવુ, બધું એકનું એક જ છેને! આપણે જુદા છીએ? સાથે આવ્યા, સાથે જીવ્યા, સાથે ધંધો શરૂ કર્યો. હવે વત્તા ઓછાના ભાગલા કેવા? તું મારા મિત્ર અને ભાઈથી પણ વધારે છે."

“જો સુંદર! તેં મને ધંધામા ન નાંખ્યો હોત તો બી.કોમ થયા પછી કોઈ ઓફિસમાં કારકુની કરતો હોત. મારા ધંધાનો અડધો ભાર તો તેં ઉપાડ્યો છે. બાકી હું તો બામણભાઈ. આ બિઝનેસમા મારી શું ગુજાસ? અને ધંધો એટલે ધંધો. તારા સેવન્ટી અને મારી ત્રીસ ટકા ઈક્વીટી અને ત્રીસ ટકા પ્રોફિટ. સેવંટી થર્ટીની પાર્ટનરશીપ. મારી વાત મંજુર હોય તો જ ડિલ કરીયે."

આખરે નવી કંપનીની ઓનરશીપમાં સેવન્ટી થર્ટી અને પ્રોફિટ-લોસમાં સિક્ટી ફોર્ટીનું સમાધાન થયું. સુંદરલાલ ચેરમેન ઓફ ધ બોર્ડ ઓફ ડિરેકટર થયા. વર્કિંગ પ્રેસિડન્ટ અને સીઈઓ તરીકે યોગેશભાઈ અને બે વાઈસ પ્રેસિડન્ટ તરીકે શ્વેતા અને નિકુળની નિમણુક કરવામાં આવી. કોન્સોલિડેશનનું સઘળું કામ વકિલો, એકાઉન્ટોને સોંફવામાં આવ્યું. બીજે અઠવાડિયે બન્ને કંપનીના જવાબદાર ઓફિસરો અને બ્રાંચ મેનેજરોની મિટીંગ રાખવાનું નક્કી થયું. સુંદરલાલે સુચન કર્યું કે આ બધી ગોઠવણ

થાય તે દરમ્યાન શ્વેતા અને નિકુળને લંડન અને ન્યુયોર્ક અનુભવ માટે મોકલવા. કોઈને શેઠજીના નિર્ણયને અવગણવાનો પ્રશ્નજ ન્હોતો.

ન ગમ્યુ એક માત્ર પાર્વતિબાને. વિધવા થયેલી ઘરની યુવાન વહુ એક જુવાનીયા છોકરા સાથે પરદેશમાં ફરે હરે એ એમના રૂઢીચુસ્ત મગજમાં બેસતું ન હતું. અરે રાજુને અમેરિકા જેવા ભ્રષ્ટ દેશમાં મોકલવામા પણ કેટલો વિરોધ કરેલો પણ શિવાનંદતો એના ગોઠીયા સુંદરે કહ્યું એટલે સવા વીસ. ત્યાં ગયો અને પારકા દેશની (સુરત જીલ્લા બહારની કોઈ પણ જગ્યા એમને માટે પારકો દેશ હતો.) છોકરી ઉપાડી લાવ્યો હતો. પ્રાચીને કારણે માંડ માડ નિકુળને અપનાવ્યો હવે તે પણ વાણિયણ સાથે હરવા ફરવાનો. ન કરે નારાયણ, કઈ આડુંઅવળું થાય તો નાની પ્રાચી પર કેવા સંસ્કાર પડે! સમસમીને બેસી રહેવા સિવાય બીજું થાય પણ શું? શેઠજી તો હંમેશા પોતાનું ધારેલું જ કરતા.

શેઠજીની ગોલ્ડ બ્રીક, કેશ થવા માંડી અને ગામની જમીનમાં 'સુંદર નગર' બંધાવા માંડ્યું. સુનમુન બેસી રહેતા સુંદરલાલ , નિવૃત્તિની યોજનામાં રાબેતા મુજબ કરતા વધુ પ્રવૃતિશીલ થઈ ગયા. ગામથી મુંબઈ અને મુંબઈથી ગામ લાલાજીને લઈને દોડતા થઈ ગયા. યોગેશભાઈને કામને માટે દિવસના ચોવીસ કલાક ઓછા પડતા...

....અને આવા સમયે એક દિવસ એર ઈન્ડિયાના ફર્સ્ટ ક્લાસમાં શ્વેતા અને નિકુળ લંડન જઈ રહ્યા હતા. એને સ્વિટ્ઝરલેન્ડની હવાઈ મુસાફરી યાદ આવી ગઈ. શરીરમાં થંડી કંપારી ફરી વળી. પાસે બેઠેલા નિકુળનો હાથ પકડી લીધો. નિકુળ આંખો બંધ કરી ઉંઘતો હતો. આજે પણ કંઈક અવ્યકત આશાઓ લઈને નિકુળ સાથે પરદેશ ફરવા નિકળી હતી. એનુ શું પરિણામ આવશે તે અનિશ્ચિત હતું. ફરી એને યાદ આવ્યું, ***'ન જાણું હું જાનકીનાથ, પ્રભાતે શું થવાનું છે.'***

શ્વેતાએ રોમેન્ટિક મસ્તીની આશા રાખી હતી પણ નિકુળ થંડોગાર હતો. માત્ર ઔપચારિક વાતો જ થતી. લંડન સ્ટોક એક્ષ્ચેઇન્જ્માંથી શી માહિતી મેળવવાની છે તેની વાતો કર્યા કરતો.

પ્લેન હિથરો એરપોર્ટ પર લેન્ડ થયું. ત્યાંથી લિમોઝિનમા ટ્રફાલગર પાસે આવેલી 'હિલ્ટન'માં આવ્યા. શ્વેતાને હતું કે એક જ રૂમમાં રહેવાનું થશે પણ નિકુળે પાસે પાસેના બે ઈન્ટર કનેક્ટિંગ ડિલક્ષ રૂમ બુક કરાવ્યા હતા. એટલિસ્ટ બે રૂમ વચ્ચે ડોર હતું. શ્વેતાએ બેગ મુકી સોફા પર બેસી સામેના ટેબલ પર પગ લંબાવ્યા. બે રૂમ વચ્ચેનું ડોર ખુલ્લુ હતું. એણે બેઠા બેઠાજ બુમ પાડી, "એય હેન્ડ્સમ, ત્યાં એકલો એકલો શું કરે છે?"

"મેડમ, આપણે માટે કૉફિ બનાવું છું" નિકુળ હાથમાં કૉફિના બે મગ લઈને શ્વેતાના રૂમમાં દાખલ થયો. નિકુળતો પ્લેનમાં ખાસ્સુ ઊધ્યો હતો. અત્યારે તે ફ્રેશ હતો. કૉફિના સીપ લેતા લેતા એણે પ્લાન સમજાવવા માંડ્યો. "મેડમ, આ કૉફિ પછી શાવર લઈને તૈયાર થઈ જા. આપણે ડિનર માટે બહાર જઈશું. ટેમરિન્ડ એક સરસ ઈન્ડિયન રેસ્ટોરાન્ટ છે વેજ અને નોન્વેજ મળે છે. તને ફાવતી વાનગી મળી રહેશે. હું કદાચ નોનવેજ લઉં તો ઈન્ડિયા જઈને ચાંપલાશ ન કરતી."

શ્વેતાને લાગ્યું કે નિકુળ ઉઘડતો જાય છે. થાકેલી હોવા છતાં તૈયાર થઈ ને, હાથમાં હાથ પકડી રેસ્ટોરાન્ટમા ગઈ.

ડિનર લેતા નિકુળે એને સમજાવવા માંડ્યું "સેન્ટપૌલ કેથેડ્રલની નજીક પેટર્નોસ્ટરમા લંડન સ્ટોક એક્ષચેન્જ છે. તેં મિ.સ્મિથ સાથે ફોનપર બેત્રણ વાર વાત કરી છે. એમને મળવાનું છે. એ અહીના ઈક્વિટી માર્કેટ અંગે માહિતી આપશે. આપણે એમની પાસે AIM, EFT, ETC, CFD વિગેરે જાણવાનું છે.”

શ્વેતાનો ઓબજેક્ટિવ જુદો જ હતો. એને અત્યારે એ બધામાં રસ ન્હોતો. એણે બગાસું ખાધું. બન્ને હોટેલ પર જઈને બેડમાં પડ્યા. સૂતા પહેલા શ્વેતાએ પ્રભુ સ્મરણ કર્યું. નિકુળને કહ્યું કે 'વચ્ચેનું બારણું ખુલ્લુ રાખજે. અજાણી જગ્યાએ મને બીક લાગે. બારણું ખુલ્લુ હશે તો તારા રૂમમાં આવીને તને ખાઈ નહિ જાઉં. ચિંતા ના કરતો. ગુડ નાઈટ.' નીડર શ્વેતાએ લાડમાં કહ્યું.

પ્રકરણ ૧૯

ત્રણ દિવસ ખુબ પ્રવૃત્તિશીલ રહ્યા. સવારે હોટેલમાં કોન્ટિનેન્ટલ બ્રેકફાસ્ટ લઈને શ્વેતા અને નિકુળ મિ.સ્મિથની ઓફિસ પર પહોંચી જતા. સાંજે એક્ષચેઇન્જ બંધ થતું ત્યાર પછી નિકુળ જુદી જુદી ઈન્ડિયન રેસ્ટોરાન્ટમાં ડિનર માટે લઈ જતો. તે અહીં ચાર વર્ષ રહ્યો હતો. ભોમિયો હતો. ટેક્ષીને બદલે અંડર ગ્રાઉન્ડમા શ્વેતાને દોડાવતો હતો. શનીવારે એક્ષચેઇન્જ બંધ રહેતું. એણે શ્વેતાને સાઈટ સીઈંગ કરાવવાનો પ્રોગ્રામ ઘડ્યો હતો. જાણે એ જ શ્વેતાનો ગાઈડ હતો એમ વર્તતો હતો.

આજે રવીવાર હતો.

"હેન્ડસમ, આજે ક્યાં ભટકવાનું છે?"

"આજે આપણે સ્વામિનારાયણ મંદિરે જઈશું ફાવશેને?"

"મારી એક કોલેજ ફ્રેન્ડ અહિ વેમ્બલીમાં રહે છે. આપણે આજે એને ત્યાં જઈશું. મેં ગઈકાલે રાત્રે ફોન કર્યો હતો. એ આપણને લેવા આવશે. જઈશુંને?"

'મારે થોડી નોટ્સ તૈયાર કરવી છે. યુ કેન હેવ ફન વીથ યોર ફ્રેન્ડ એન્ડ હર ફેમિલી. સાંજે આઠ વાગ્યા પહેલા હોટેલ પર આવી રહેજે.

"આજે તું મારો હસબન્ડ હોય એમ બોસિંગ કરે છેને? ખરેખર હસબન્ડ બનશે ત્યારે બહાર જવાની રજા આપશે કે કેમ તેનીયે મને શંકા છે." શ્વેતાએ તક જોઈને તીર માર્યું.

"વો દિન કહાં કે મિયાં કે પાંવમે જુતિયાં" નિકુળ શ્વેતાની સામે જોયા વગર બોલ્યો અને સીધો પોતાના બાથરૂમમાં ચાલ્યો ગયો.

રિસેપશન ડેસ્ક પરથી ફોન આવ્યો. 'મિસીસ પટેલ ઇઝ વેઈટિંગ ફોર મિસીસ શ્વેતા શેઠ ઇન ધ લોબી.'

શ્વેતા ઝડપથી તૈયાર થઈ ગઈ. ફ્રેન્ડને ગિફ્ટ આપવા માટે સરસ સાડી અને એક ડ્રેસ પેક કરી દીધો. ઊર્મિ પટેલ સાથે કારમાં એને ઘેર પહોંચી. પુરણપોળી અને પાત્રાનું લંચ લીધું. એના હસબન્ડ દેખાયા નહિ.

"એઈ ઊર્મિ, જીજાજીને ક્યાં સંતાડી રાખ્યા છે? સનડે પણ જોબ પર ગયા કે શું?

"એમને કાર એકસિડન્ટ થયો હતો. હોસ્પિટલમાં છે. હવે સારું છે. બે ત્રણ દિવસમાં ઘરે આવી જશે."

"ઓહ, આઈ એમ સોરી. મેં ખોટા સમયે આવીને તને તકલીફમાં મુકી."

"તું આવી તે મને ઘણુજ ગમ્યું. તારી જોઈતી આગતા સ્વાગતા ન કરી શકી તેનો વસવસો છે."

"પ્લીઝ ડોન્ટ સે ધેટ. હું હમણાં તો અહિં જ રહેવાની છું. આપણે પાછા મળીશું. આજે મારે બ્રોકર સાથે બે વાગ્યે મિટીંગ છે એટલે મારે નિકળવું પડશે. મને અંડરગ્રાઉન્ડ પર ઉતારી શકશે?"

"મારે હોસ્પિટલ જવાનું જ છે. હું તને તારી હોટેલ પર ડ્રોપ કરી જઈશ."

શ્વેતાએ મોડી સાજ સુધી રોકાવાનો પ્રોગ્રામ સમય સાચવીને ટૂંકાવી દીધો. મનમાં વિચાર્યું, સાંજે નિકુળ સાથે મંદિર જઈને પાવન થઈશું.

નિકુળને સરપ્રાઈઝ આપવા હળવેથી ઈલેકટ્રોનિક કી કાર્ડથી બારણું ખોલી રૂમમાં દાખલ થઈ. ઈન્ટરકનેક્ટિંગ ડોર બંધ હતું પણ લોક ન હતું. ધીમે પગલે બારણું ખોલી નિકુળની રૂમમાં દાખલ થઈ.

અંદરનું દૃશ્ય જોતાં જ ચીસ પાડી ઉઠી. "ઓહ માય ગોડ... ઓહ માય ગોડ.... આઈ ડોન્ટ બીલીવ ધીસ.... યુ નિકુળ.. યુ..."

નિકુળ એક ઇંગ્લીસ યુવાનના આલિંગનમાં હતો. બન્ને શર્ટ વગરના હતા. શ્વેતાની ચીસથી ગભરાયલો નિકુળ, એ યુવાનથી છૂટો પડ્યો. એણે પેલા યુવાનને કહ્યું "પ્લીઝ ગો." પેલો ગોરીયો સો પાઉન્ડ લઈને હસતા હરતા ચાલતો થયો. જતાં જતાં શ્વેતાને કહ્યું, "લેડી, આઈ વીલ ચાર્જ યુ ઓન્લી હાફ વીથ્ સેટિસફેકસન ગેરન્ટી. શ્વેતાએ ત્રાડ નાખી "ગેટાઉટ"

એ સોફા પર ઢગલો થઈને બેસી ગઈ. નિકુળ બેડ પર ઉબડો પડી ધ્રુજતો હતો. ડુસકા ભરી રડતો હતો. શ્વેતાને સમજાતું ન હતું કે નિકુળ પર ગુસ્સો કરવો કે દયા ખાવી. રડવા દેવો કે સાંત્વન આપવું. આખરે એ હતો કોણ? નતો પતિ કે નતો પ્રેમી. પોતે જ કોઈ આધાર વગર સ્વપ્નબીજ વાવ્યા હતા. બાપુજીએ એને પોષણ આપ્યું હતું. નિકુળના અંગત જીવન પર મારો શો અધિકાર! આખરે એ માત્ર ધંધાકીય મદ્દદનીશ હતો. મારે ને એને શું?...મારે ને એને શું...મારે ને એને શું... ખરેખરતો હું જ મર્યાદા ચુકી હતી. એના અંગત સમયે મારે બુમાબુમ કરવાને બદલે શાંતિથી બહાર નિકળી જવું જોઈતું હતું. મેં શા માટે એની પ્રાઈવસીને ઉઘાડી પાડી. શા માટે એના આનંદમાં મેં વિઘ્ન નાંખ્યું? મારે અને એને શું....મારે ને એને શું....

શ્વેતા સોફા પર બેસી રહી. નિકુળ રડતો રહ્યો.

પલ્લુ બીજી તરફ નમવા લાગ્યું. શું નિકુળ એનો કોઈ જ ન્હોતો? પહેલી નજરે જ એ આંખોમા વસી ગયો હતો. એને એના હૃદયમાં નહિ તો એના મગજના એક ખુણામા સ્થાન આપી દીધુ હતું. ખરાબે ચડેલી જીંદગીની કેટલીક વ્યથાઓ વગર પુછ્યે કહી હતી. કયા સંબધે મુશ્કેલીના સમયે એ રાત દિવસ પડખે ઉભો રહ્યો હતો? શું એ માત્ર સહકર્મચારી જ હતો? હવે પરદેશમાં એક બીજા વગર બીજું કોણ હતુ?

વ્યાવહારિક શાણપણે સુચન કર્યું, 'શ્વેતા બી સ્પોર્ટ્'.

તે ઉભી થઈ. ફ્રિઝમાંથી પાણીનો ગ્લાસ ભર્યો. બેડ પાસે આવીને ઊંધા સુતેલા નિકુળને માથે હાથ ફેરવ્યો. "હેન્ડસમ લે પાણી પી. પછી જરા ફેસ થઈ જા. આપણે સ્વામિનારાયણ જવાનું છેને? પ્લીઝ ગેટ અપ."

"પ્લીઝ ડોન્ટ કોલ મી હેન્ડસમ. આઈ એમ ધ અગ્લીએસ્ટ પરસન ફ્રોમ ઈન એન્ડ આઉટ સાઈટ.

શ્વેતા આઈ એમ વેરી સોરી. આઈ એપોલોઝાઈસ. પ્લીઝ ફરગીવ મી. ધીસ વોસ ધ ફર્સટ ટાઈમ ઇન માય લાઈફ. એક્ચ્યુલી યુ સેવ્ડ મી ફ્રોમ સીન." નિકુળ ચત્તો થયા વગર જ ધ્રુસકે ધ્રુસકે રડતા રડતા બોલતો હતો.

"ઇટ્સ ઓકે માય ફ્રેન્ડ. તને તારી રીતે જીવનનો આનંદ માણવાનો અધિકાર છે."

નિકુળ પડખું ફેરવી બેઠો થયો. શ્વેતાના હાથમાથી ગ્લાસ લઈ પાણી પીધું. "ઈટ્સ નોટ ઓકે. મારી પાસે બેસ. મારે વાત કરવી છે."

શ્વેતા એના બેડ પર નિઃસંકોચ પલાંઠી વાળી બેસી ગઈ. નિકુળનો હાથ એના હાથમાં લઈ લીધો. "બોલ શું કહેવું છે."

નિકુળે એની સામે આંખ મેળવ્યા વગર નીચી નજરે શરુ કર્યું.

"હું અને મારી બહેન નિરાલી ટ્વિન્સ. સૌને આનંદ હતો. એક ભાઈ અને એક બહેન. બન્ને રૂપાળા જોડિયા. અમે મોટા થવા લાગ્યા. મને ન સમજાય એવી કંઈક મુઝવણ લાગતી. નાનો હતો ત્યારે મને નિરાલીના કપડા પહેરવા ગમતા. ઢિંગલીથી રમવાનું ગમતું. પણ બધા છોકરી કહીને ચિઢવતા. હાઈસ્કુલમાં આવ્યો. મેં અનુભવ્યું કે મારા ગુપ્તાંગોનો પુરો વિકાશ થયો નથી. છાનામાના જાહેરાતો જોઈને બજારુ દવાઓ લીધી પણ કોઈ ફાયદો દેખાયો નહિ. શરીર પુરુષનું. તન અને મન નારીત્વ અનુભવતું હતું. પુરુષ તરિકે જન્મ્યો એ એક કમનસીબ અને કુદરતની ક્રુર મશ્કરી હતી એક બાયોલોજીકલ એકસિડન્ટ હતો. ન તો પુરુષ તરીકે જીવી શકતો હતો ન તો સ્ત્રીત્વ માણી શકતો હતો."

"નિરાલી ડૉકટર હતી. મેં એને વાત કરી. એણે સાંત્વન આપ્યું. જીજાજીને કહીને રસ્તો કાઢીશું. ધીરજ રાખવા સમજાવ્યો. જીજાજી સાથે વાત થાય તે પહેલા

મારી બહેને મને પ્રાચી સોંપીને આ દુનિયામાંથી વિદાય લીધી. ક્ષોભને કારણે જીજાજીને વાત ન કરી શક્યો. આજે કંઇક એક્ષપીરીમેન્ટ કરવાની કુબુદ્ધિ સુઝી. તેં મને અકુદરતી કર્મમાંથી બચાવી લીધો. આજે શર્ટ વગરના શરીર પર તું જે જોય છે તે પૌરુષ સભર ચેસ્ટ મસલ્સ નથી. એ અંડર ડેવલોપડ બ્રેસ્ટ છે." નિકુળે શર્ટ પહેરી દીધું

"નિકુળ! ખાત્રી રાખજે કે આજના બનાવની આપણા સંબંધ પર કોઈ અસર નહિ થાય. યુ વીલ બી માય ફ્રેન્ડ ફોર એવર." શ્વેતાએ પ્રેમથી નિકુળના વાંસા પર હાથ ફેરવ્યો.

"પહેલા તું જરા શાવર લઈ લે. ઊર્મિએ તારે માટે ડોગી બેગ આપી છે. મને ખાત્રી છે કે તેં સવારથી કશું ખાધું નહિ હોય. શાવર લઈને તું ખાઈ લે. એટલી વારમાં લેટ મી થિંક સમથીંગ."

નિકુળનો ક્ષોભ ઓછો થવાને બદલે ઊલટો વધ્યો હતો. એણે શ્વેતાને કહ્યું "પ્લીઝ ગો ટુ યોર રૂમ. બાથ લઈને હું તારા રૂમમાં આવું છું"

શ્વેતા એના રૂમમાં ગઈ.

નિકુળ બાથ લઈ ને શ્વેતાના રૂમમાં આવ્યો ત્યારે તેને માટે ટેબલ પર પુરણપોળી, પાત્રા, પુલાવ કઢી અને બે શાકની ડિસ તૈયાર હતી. એજ ટેબલ પર શ્વેતા એના લેપટોપ પર કામ કરી રહી હતી. એ રાજુભાઈને ઈ-મેઇલ કરતી હતી.

શ્રી.રાજુભાઈ,

વી આર હેવીંગ ફન ઇન લંડન. ખુબ નવું જાણવાનું મળે છે. નિકુળતો લંડનનો ખૂણેખૂણો જાણે છે. ફેરવી ફેરવીને થકવી નાંખે છે. અહીં મને એક મારો કોલેજ ફ્રેન્ડ મળ્યો. ખુબજ હેન્ડસમ કોલેજમાં બધી છોકરીઓ એના પર મરતી હતી..... ખાનગીમાં કહું તો,..... હું પણ એમાની જ એક... એની વે. એની સાથે ઘણી વાતો થઈ. મેં સામાન્ય રીતે પુછ્યું કે લગ્ન ક્યારે કરવાનો છે? તે રડી પડ્યો. એણે હૈયું ખોલીને

વાત કરી કે કુદરતે મને પુરુષના શરીરમાં સ્ત્રી રાખ્યો છે. કોઈને કહી શકતો નથી. સહી શકતો નથી.

નિકુળે સુચવ્યું જીજાજીની સલાહ લઈએ. ભલે એ ઓન્કોલોજીસ્ટ છે પણ એને મેડિકલના દરેક ફિલ્ડમાં સારા કનેક્શન છે. મારા મિત્રને શું સલાહ કે માર્ગદર્શન આપી શકાય? તમારા સુચનની રાહ જોઈશ.

આપને મારા અને નિકુળના સાદર વંદન. પ્રાચીને વ્હાલ.

નિકુળે એનું લેઇટ લંચ અને શ્વેતાએ એની ઈ-મેઇલ પુરી કરી.

નિકુળે હાથ નુછતા કહ્યું " નાવ, આઈ એમ ઓકે. લેટ્સ ગો ટુ મંદિર."

"નો નોટ ટુ ડે. આઈ એમ વેઈટિંગ ફોર માય ઈ-મેઇલ."

શ્વેતા દર પંદર મિનિટે ઈ-મેઇલ ચેક કરતી રહી. ત્રણ કલાક પછી રાજુભાઈનો ઈ-મેઇલ આવ્યો. એણે નિકુળને બુમ પાડી "એઈ બડી જો તારા જીજાજીની મેઇલ છે. લેટ્સ રીડ ટુ ગેધર."

બન્ને સાથે વાંચવા માડ્યા.

ડિયર નિકુ અને શ્વેતુ,

પહેલા શ્વેતાને એક વાત સમજાવી દઉં. બહેન મેં તારા કરતાં થોડી વધુ દિવાળી જોઈ છે. નિકુની વાત તેં તારા મિત્રને નામે કરી મને જગૃત કર્યો કર્યો છે. થેન્ક્સ.

નિકુ, મારે તારી માફી માંગવાની છે. નિરાલીએ મને તારી વાત કરી હતી. અમે નક્કી કર્યું હતું કે બેબી આવી જાય પછી આપણે બધાએ અમેરિકા જવુ અને જરૂરી ટ્રિટમેન્ટ કરાવવી. પણ કુદરતને એ મંજુર ન્હોતું. નિરાલી પ્રાચીને મુકીને ચાલી ગઈ. વિષાદમાં તારી વાત વિસરાઈ ગઈ. તેં પણ મૌન સેવ્યું. હું માત્ર તારીજ નહીં પણ નિરાલી પ્રત્યેની પણ ફરજ ચુક્યો છુ. નિકુ, મને માફ કરજે.

હવે અગત્યની વાત.....

અમેરિકામાં મારો એક મિત્ર છે. ડૉકટર અડવાણી. ઉમ્મરમાં મારા કરતાં નાનો છે. અમે ડોર્મમા બાજુ બાજુની રૂમમાં જ રહેતા હતા. અમે ઈન્ડિયા ક્લબ ચલાવતા હતા. પાકો દોસ્તાર. જાણે નાનો ભાઈ. એણે પ્લાસ્ટિક સર્જરીનું કર્યું. ત્યાર પછી SRS મા સ્પેશિયાલિસ્ટ થયો. મૂળ અમદાવાદનો બાપ વગરનો છોકરો માં સાથે અમેરિકામાં સેટલ થયો છે.

શ્વેતાની મેઇલ પછી તરત જ એનો કોન્ટેક્ટ કર્યો. એની સાથે વાતો થઈ ગઈ છે. એની ન્યુયોર્કમાં પાર્ક અવેન્યુ પર કન્સલ્ટિંગ ઓફિસ છે. એનો ફોન નંબર 212-ADAVANI છે.

તમારો લંડનનો પ્રોગ્રામ કેનસલ કરી પહેલી ફ્લાઈટમાં ન્યુયોર્ક પહોંચી જાવ. જે ફ્લાઈટમા જવાના હોય તેની જાણ આદિત્ય અડવાણીને 212-ADAVANI નંબર પણ જાણ કરજો. એ તમારા ફોનની રાહ જોશે. અમેરિકા પહોંચ્યા પછી મને ફોન કરજો. ઓલ ધ બેસ્ટ.

લવ યુ.

રાજુ.

"બડી! આર યુ રેડી ફોર યુ.એસ.એ?" શ્વેતાએ કંઈક સિધ્ધ કર્યું હોય એવા ઉત્સાહથી પુછ્યું.

નિકુળે ચહેરાના સંકેતથી હકારાત્મક ઉત્તર આપ્યો. એની આંખમા ઝળઝળિયા હતા. નિકુળના જીવન પરિવર્તનના મહત્વ નિર્ણયો શ્વેતા અધિકાર પુર્વક લઈ રહી હતી. નિકુળ, હા ના કર્યા વગર શ્વેતાના નિર્ણયોમા ઘસડાતો હતો.

ફ્લાઈટ બુક થઈ ગઈ. શ્વેતાએ યુ.એસ.એ. ફોન જોડ્યો. પહેલી રિંગેજ ફોન ઉપાડાયો.

"હાય, આઈ એમ શ્વેતા શેઠ ફ્રોમ લંડન. મે આઈ સ્પીક ટુ ડૉકટર અડવાની પ્લીઝ?"

"નમસ્તે શ્વેતાજી, હું આદિત્ય અડવાણી. તમારા ફોનની જ રાહ જોતો હતો."

શ્વેતાએ જરા ભોંઠભ અનુભવી. મુંબઈમા સામાન્ય વાતચીતમા ચાર ભાષાનાનું વ્યાવહારિક મિશ્રણ કુદરતી રીતેજ થઈ જતું. ગુજરાતીમાં ઈંગ્લીસ, હિન્દી કે મરાઠી ક્યારે ઘુસી જતું તે બોલનારને પણ ખ્યાલ ન રહેતો.

ડૉકટર અડવાણીએ સરળ ગુજરાતીમાં વાતની શરૂઆત કરી હતી.

“ડૉકટર સાહેબ આવતી કાલેનું બ્રિટિશ એરવેઝ નું સવારે આઠ વીસની ફ્લાઈટનું બુકિંગ મળ્યું છે. JFK પર બપોરે બાર વાગે લેન્ડ થશે.”

"ડૉકટર સાહેબ નહીં, માત્ર આદિત્ય. મારાથી તો એરપોર્ટ પર આવી શકાશે નહીં પણ મારી સેક્રેટરી આવશે. તમારી બધી વ્યવસ્થા થઈ જશે.સી યુ ટુ મોરો. બાય"

ફોન કટ થયો.....

બીજી સવારે લંડનથી બ્રિટિશ એરવેઝનુ પ્લેન પશ્ચિમના અંધકારને મહાત કરી ન્યુયોર્ક તરફ ઉડી રહ્યું હતું. શ્વેતા અને નિકુળ બન્નેના ભવિષ્ય અકળ હતા. બન્ને અનિશ્ચિતતાની અકળામણ અનુભવતા હતા.

નિકુળ મુઝાતો હતો...

ડૉ. અડવાણી શું સલાહ આપશે? સર્જરીથી મને પાવૈયો કે હિજડો બનાવવાનું સુચન કરશે? ના, ના મારે એવા નથી થવું. સ્ત્રીના દેખાવમાં પુરુષનો અવાજ અને બરછટતા? હું છું તે શું ખોટો છું? આ દુનિયાએ મને એક પ્રભાવશાળી પુરુષ તરીકે સ્વીકારી લીધો છે તો એ રીતેજ જીંદગી પુરી કરવામાં શું વાંધો છે. મારા સૈણ સ્પંદનોને આવતા જન્મ માટે કોઈક ખૂણામાં ભંડારી દઈશ. મને કોણ સ્વીકારશે? શા

માટે સંન્યસ્ત ન લેવું? જીજાજીએ પણ આધૂનિક ભેખ લીધો છેને! મારે ન્યુયોર્ક નથી જવું. મારે કોઈ અડવાણી ને નથી મળવું. પ્લીઝ કોઈ પ્લેન પાછું વાળો. પ્લીઝ.. નિકુળ કાંપતો હતો.

શ્વેતાની આશાઓનો મહેલ પત્તાનો મહેલ સાબિત થયો હતો. જે પહેલી નજરે જ હૈયામા વસી ગયો હતો તે નિકુળ; નિકુળ રહ્યો ન હતો. MBA થયા પછી પ્રોફેશનલ કેરિયર અને સુખદ્ દાંપત્ય જીવનના સમણાઓ સેવ્યા હતા. એકાદ બે મનભાવન બાળકોની કલ્પના પણ માનસપટ પર ગોઠવાઈ ગઈ હતી. ધીમે ધીમે સરળ વહેતું જીવન ઝરણુ વિશાળ અને સુખદ સરિતામા પરિવર્તિત થાય એવું ઈચ્છતી હતી. પણ એનો જીવન પ્રવાહ તો ઊચી ભેખડો અને ખડકો પરથી નીચે પડતો અફળાતો અકલ્પીત દિશાઓમા ભટક્તો હતો.

મનહર મલ્હોત્રા ભલે શરીરે કાળો હતો પણ દિલનો ઉજળો અને મનનો સાફ હતો. ભાભીને પરપ્રાંતિય અને પરભાષિય લાગ્યો. તન મન વગર પ્રારબ્ધ અક્ષય સાથે જોડાયુ અને ખંડાયું. એમતો રાજુ પણ શું ખોટો હતો. પણ એ તો પત્નીના વિરહમાં સંસારમા હોવા છતાં જળકમળવત્ રહેતો હતો.

અને આ નિકુળ!..... મારો હેન્ડ્સમ!..... હવે માય બડી!..... પછી?

નિકુળના પ્લીઝ..પ્લીઝ... ગણગણાટથી શ્વેતા વિચારાવસ્થામાંથી બહાર આવી...

"નિકુળ, તેં કંઈ કહ્યું?"

"નો"

JFK સુધી વગર બોલ્યે બન્ને પોતપોતાની દુનિયામાં ખોવાયલા રહ્યા. કાલના જીવનના રંગો કેવા હશે તેની બન્નેને ખબર ન હતી. હે જાનકીનાથ! શું તમને પણ અમારી જેમ કાલની ખબર ન્હોતી?

પ્રકરણ ૨૦

શ્વેતા અને નિકુળ કસ્ટમમાંથી બહાર નિકળ્યા ત્યારે એક લિમોઝિન શોફરના હાથમાં 'નિકુળ એન્ડ શ્વેતા શેઠ'ની કાર્ડબોર્ડ સાઈન હતી. પાસે એક બ્યુટિફુલ યુવતી ઉભી હતી. શ્વેતા અને નિકુળ તેમની પાસે ગયા અને ઓળખાણ આપી.

"હાય શ્વેતા, હાય નિકુળ. આઈ એમ લિસા. ડૉ.અડવાનીસ્ સેક્રેટરી. વેલકમ ટુ યુએસએ."

લિમોઝિન મેનહટ્ટન તરફ જઈ રહી હતી.

લિસાએ નિકુળ તરફ નજર રાખી આજના કાર્યક્રમની રૂપરેખા આપવા માંડી.

"આપણે પહેલા 'ન્યુયોર્ક પેલેસ' હોટેલ પર તમારો સામાન મુકી દઈશું. ચેક-ઈનની વાર છે. અત્યારે લંચ ટાઈમ છે. સામાન મુકીને આપણે લંચ માટે 'બોમ્બે પેલેસ' જઈશું. ડૉ.અડવાની પણ લંચ માટે ત્યાં આવી રહેશે. લંચ પછી આપણે સૌ ડોકટરની ઑફિસે જઈશું. આ તમને અનુકૂળ રહેશેને?"

નિકુળે જવાબ આપ્યો. "નો પ્રોબલેમ. ઈટ્સ ફાઈન વીથ અસ"

વેધર અને ઈન્ડિયાની ઔપચારીક વાતોમાં પચાસ અને એકાવન સ્ટ્રિટની વચ્ચે મેડિસન એવેન્યુ પર આવેલી 'ન્યુયોર્ક પેલેસ હોટલ આવી ગઈ. બસ બોય રિસેપ્સન પાસે સામાન લઈ ગયો. ત્યાંથી તેઓ નજીક આવેલી 'બોમ્બે પેલેસ' પર પહોંચ્યા.

ડૉ.અડવાણી લોન્જમાં તેમની રાહ જોતા હતા. તેણે નિકુળ સાથે પહેલા હાથ મેળવ્યા અને પ્રેમથી ભેટી પડ્યા. "આઈ એમ ગ્લેડ ટુ સીયુ. નમસ્તે શ્વેતાજી. મુસાફરીમાં આપને કોઈ તકલીફ તો નથી પડીને?"

એપેટાઈઝરથી માંડી ડિઝર્ટ સુધીની લંચની પ્લેટ ઝડપથી ખાલી કરતો અને સતત વાતો કરતો આદિત્ય એક કલાકમાં તો ડૉકટરને બદલે એક અતિપરિચિત મિત્ર બની ગયો. વચ્ચે કોઈ સવાલ પુછતો પણ જવાબની રાહ જોયા વગર હાંક્યે રાખતો. શ્વેતાને થતું, બાપરે દુકાળમાંથી આવ્યો હોય એમ ભીમની જેમ ખાય છે તો પણ કેવી ફિટનેસ જાળવી છે.

શ્વેતા એને જોતી રહી. એને સાંભળતી રહી. મોટેભાગે એની વાત, રાજુભાઈ અને નિરાલીભાભીના પ્રેમપ્રકરણ અને તેમની સાથે ગાળેલા સમયની જ હતી. શ્વેતાને લાગતું કે ડૉ.આદિત્યને કશેક જોયો છે. પણ ખ્યાલ આવતો ન હતો.

ગમે તેમ પણ રસિક યુવાન હતો. વાતમાં ક્યાયે મિસીસ અડવાણીનો ઉલ્લેખ ન આવ્યો. શ્વેતાને ઘણા પ્રશ્નો પુછવા હતા પણ ધૈર્ય રાખવું ઉચિત સમજી.

આદિત્યનું વ્યક્તિત્વ આકર્ષક હતું. એ સશક્ત અને સોહામણો હતો. શ્વેતા પોતાને જ સમજી ન શકી. શું હું એટલી બધી ડેસ્પરેટ છું કે કોઈ પણ યુવાનને જોતાં તેના તરફ આપોઆપ ખેંચાઈ જવાય છે? કદાચ ઉમ્મરનો તકાદો હશે. અને આ ડોકટર! હલ્લો હાય સિવાય શ્વેતા તરફ ખાસ નજર પણ નાંખ્તો ન હતો. ધ્યાન પણ ક્યાં આપતો હતો. એનું સમગ્ર ધ્યાન તો નિકુળ તરફ હતું. નિકુળ એનો પેશન્ટ હતો. નિકુળના બેન બનેવી ડોકટરના મિત્ર હતા.... હું કોણ?

મારા બાપુજીના વિશ્વાસને અને એની કરોડોની મિલક્તને સાચવાની મારી જવાબદારી છે. બાપુજી ધારેતો મારે સેંકડો ક્વોલિફાઈડ હેન્ડસમ યુવાનોની લાઈન ઊભી કરી શકે એમ છે. માંકડા મનને ખીલે બાંધવાની જરૂર છે. શ્વેતા! ડોન્ટબી સો ચીપ. શ્વેતા! મેઇનટેઈન યોર ડિગ્નીટી.

બાપુજી પર બધું છોડી દઈશ. આવતી કાલથી વૉલ સ્ટ્રીટમાં જવાનું શરૂ કરી દઈશ. લંડનનો પ્રોગ્રામ તો અધુરો રહ્યો. ન્યુયોર્કનો પુરો કરવો છે.

શ્વેતા એના વિચારોમાં ખોવાયલી હતી. લંચ પુરું થયા પછી, યંત્રવત્ બધાની સાથે ચાલતાં ચાલતાં ક્યારે પાર્ક એવેન્યુ પરની ડૉકટરની ઓફિસ પર ક્યારે પહોંચા તેનો પણ શ્વેતાને ખ્યાલ ન રહ્યો.

ઑફિસ કંઈ મોટી ન હતી. એક નાનો વેઈટિંગ રૂમ, એક ઑફિસરૂમ, એક એક્ઝામિનીંગ રૂમ અને એક પ્રમાણમાં બધા કરતાં મોટો કોન્ફરન્સ કે કન્સલટિંગ રૂમ. સ્ટાફમાં, લિસા સેકેટરી, એક રિસેપ્શનિસ્ટ અને એક નર્સ. વેઈટિંગરૂમની એક આખી દિવાલ લેમિનેટેડ પ્રિન્ટ થયેલા એવૉર્ડસ થી ભરેલી હતી. એક દિવાલ પર લિસા અને કેટલાક મોડેલના ફોટા હતા.

ઑફિસમાં દાખલ થતાંની સાથે આદિત્ય, ડૉ.અડવાણી બની ગયો. લિસા નિકુળ અને શ્વેતાને આઈસકોલ્ડ જલજીરા આપી ગઈ. શ્વેતા ગણગણી. "અકરાંતિયાની જેમ ખાય એટલે જલજીરા પીવું જ પડેને!"

નર્સે આવીને કહ્યું "મિ.શ્રીવાસ્તવ પ્લીઝ કમ વીથ મી. અનડ્રેસ એન્ડ કવર યોરસેલ્ફ વીથ ધીસ ગાઉન."

નિકુળે ધ્રુજતા હાથે ગાઉન લીધો અને નર્સની પાછળ ગયો.

શ્વેતાએ પાસે પડેલું ફોર્બ્સ મેગેઝીન વાંચવા માડ્યું. પંદરેક મિનીટમા શારીરિક તપાસ પુરી થઈ. લિસાએ શ્વેતાને કહ્યું "પ્લીઝ, ડૉકટર વોન્ટસ યુ ઇન કન્સલટિંગ રૂમ"

"થેક્સ" શ્વેતા લિસાની સાથે કન્સલ્ટિંગ રૂમમાં ગઈ

કન્સલટિંગ રૂમમા નિકુળ અને શ્વેતાની સામે ડૉ.અડવાણી બેઠો હતો. એણે શરૂ કર્યું-

"નિકુળ ઇઝ એક્સેલન્ટ કેન્ડિડેટ ફોર SRS. સેક્સ રિએસાઈન્મેન્ટ સર્જરી (Sex Reassignment Surgary) કે વેજીનોપ્લાસ્ટિ (Vaginoplasty) પણ કહેવાય છે એ સહેલાઈથી સફળ થઈ શકે એમ છે. આટલા વર્ષો સુધી એમણે શા માટે માનસિક રિબામણી ભોગવી તે જ મને સમજાતું નથી. નિકુળ ઈન્ટરસેક્સ ડિફોરમિટિસ સાથે જન્મ્યા છે. ખરેખર તો આ કરેક્શન નાની ઉમ્મરમાં જ થવું જોઈતું હતું. હજુએ મોડું નથી થયું. હું તમને Care of the Patient Undergoing SRS ની એક બુક આપીશ. એ ધ્યાનથી વાંચજો. સાથે બે સીડી આપીશ. એમાં શરીરશાત્રના અને સર્જરીના કેટલાક વાસ્તવિક ચિત્રો છે. એને બિભસ્ત ના ગણશો. તમે શાંતીથી જોજો અને એનો અભ્યાસ કરજો. તમને બુક અને સીડી રિફર કર્યા પછી કોઈ પણ પ્રશ્ન હોય તો એની નોંધ રાખજો. હું એનો ખુલાશો કરીશ. બધી જ સર્જરી હું જ કરીશ. સર્જરી પહેલા કમ્પ્લીટ ફિઝીકલ કરાવવી પડશે. સેક્સ હોર્મોન્સ થેરેપી લેવી પડશે. બ્રેસ્ટ ઔગ્મેનટેશન સર્જરી, ફેસિયલ ફેમિનાઝેશન સર્જરી પણ લાઈન અપ કરવી પડશે. નિરાલીભાભી સરસ ભજન ગાતા હતા. એમના જેવો સુરીલો અવાજ કરવા માટે જરૂર પડે તો વોઇસ પીચ એલિવેટિંગ સર્જરી પણ કરીશું. મારે તમને નિકુળમાંથી નિરાલીભાભીમાં બદલવા છે....જો તમારી તૈયારી હોયતો!"

નિકુળ અને શ્વેતા સ્તબ્ધતાથી એને સાંભળી રહ્યા.

"એક વાતની મારે સ્પષ્ટતા કરવી જોઈયે. આ જીવન પરિવર્તનનો સવાલ છે. સેક્સની સાથે ઘણું ઘણું બદલાશે. સામાજિક સંબંધો પણ બદલાશે. પશ્ચિમના સમાજમાં એ અઘરું નથી ...પણ આપણો ભારતનો સમાજ...યુ નો બેટર ધેન મી. આટલા વર્ષ પુરુષ તરીકે ગાળ્યા પછી સ્ત્રીત્વ સ્વીકારવા માટે કદાચ સાઈકો થેરેપીની પણ જરૂર પડે. એ તમારી પોતાની માનસિક તૈયારી પર આધાર રાખે છે. આ સર્જરીમાં રિવર્સલની શક્યતા નહિવત્ છે. તમે લંડનથી નિકળ્યા પછી મેં રાજુભાઈ સાથે ફોન પર વાત કરી લીધી છે.

એમણેતો ગ્રીન સિગ્નલ આપી આશીર્વાદ આપી દીધા છે છતાં આખરી નિર્ણય તો તમારે જ કરવાનો છે."

"બીજી એક ખાસ વાત. નિકુળે ત્રણથી ચાર મહિના અમારી સાથે રહેવું પડશે."

"હવે હું તમને થોડા SRS ના રિઝલ્ટ બતાવીશ."

લિસાએ લાઈટ ડિમ કરી. બીગ સ્ક્રિન પર સ્લાઈડ ધીમે ધીમે સરતી ગઈ.

વંડર ક્રિએશન ઓફ્ ડૉકટર અડવાની...

મેઇલ ટુ ફિમેલ...

બીફોર એન્ડ આફટર...

એડવર્ડ ટુ એલિઝાબેથ, બૉબી ટુ બારબરા, ડેવિડ ટુ ડોર્થી, ફ્રેન્ક ટુ ફ્રિડા, માર્ક ટુ મારિયા...એક પછી એક સ્લાઈડ્. અકલ્પીત પરિવર્તન. માનવે સુધારેલી કુદરતની ભુલો...અને છેલ્લી સ્લાઈડ... છેલ્લી સ્લાઈડમાં બિફોર સાઈડ પર માત્ર એક ફ્રેન્ચ કટ બિયર્ડ વાળો લોઇસ જ હતો. આફટરની સાઈડ બ્લેન્ક હતી. થોડીક ક્ષણો નિઃશબ્દ પસાર થઈ. છેવટે શ્વેતાએ ધીમે રહીને પુછ્યું લોઈસનું શું થયું?

ડોકટરે લિસા સામે જોઈને સ્મિત કર્યું. લિસા ઉભી થઈ. બીગ સ્ક્રિન આગળ લોઈસની બાજુના બ્લેન્ક સ્પેઇસ પાસે મારકણી અદામાં ઊભી રહી ગઈ. "આઈ એમ લોઇસ ટુ લિસા."

અત્યાર સુધી સર્જરીની વાતો સાંભળીને સજ્જડ થઈ ગયેલા નિકુળથી બોલાઈ ગયું, "ઓહ માય ગોડ આઈ, આઈ ડોન્ટ બિલીવ ઇટ્."

"યસ આઈ વોઝ લોઇસ. હેપીલી મેરિડ એન્ડ ફાધર ઓફ વન બેબી બૉય. લિવ્ડ ડ્યુઅલ જેન્ડર સિન્ડ્રોમ્. મારી વાઈફ લિન્ડા મારી મુઝવણ સમજી. સી રિયલી લવ્ડ મી. કોઈકે લિન્ડાને ડૉકટર અડવાણીનું નામ આપ્યું. લિન્ડા મને અહીં લાવી. સ્વતંત્ર રીતે ડોકટરની હું જ પહેલી પેશન્ટ હતી. ડૉકટરે મારી સર્જરી તદ્દન ફ્રીમા કરી. બીજી સર્જરીઓ પણ તદ્દન નજીવી ફીમાં કરાવી આપી. હું લૉઇસમાંથી લિસા બની ગઈ.

અત્યારે હું ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીમા મોડેલ તરીકે કામ કરું છું. વીકમાં ત્રણ દિવસ ડોકટરની મદદનિશ, અને પેશન્ટ ગાઈડ તરીકે કામ કરું છું. મારી એક્ષે મારા એક મિત્ર સાથે લગ્ન કર્યા છે. મારા સનને વીકમાં એકવાર મળું છું. હાલમાં મારા એક બોયફ્રેન્ડ સાથે રહું છું. વી હેવ એ ગ્રેઇટ સેક્સ લાઈફ.

વન મોર થીગ. દર બળેવ પર ડૉકટરને રાખડી બાંધું છું અને પાંચસો એક ડોલર ભેટ મેળવું છું. કાલનો આખો દિવસ હું તમારી સાથે ગાળીશ. આઈ એમ યોર ફ્રેન્ડ. કોઈ પણ અંગત કે શારિરીક પ્રશ્ન, જે તમને ડોકટરને પુછતા સંકોચ થાય, તે મને પુછી શકો છો."

ડોકટરે દિવાલ પરની ઘડિયાળ તરફ જોતા કહ્યું "મારે હજુ એક એપોઈન્ટમેન્ટ બાકી છે. અત્યારે તમને લિસા તમારી હોટેલ પર મુકી જશે. ત્યાં જઈ જરા ફ્રેશ થઈ જાવ. થોડો આરામ કરો. હું લગભગ સાત વાગે તમને પીક કરીશ આપણે 'ઉત્સવ'માં ડિનર લઈશુ. તમારી રૂમનું રિઝર્વેશન કાલે બપોરે બાર વાગ્યા સુધીનું જ છે. કાલથી તમારે ન્યુજર્સીમા અમારી સાથે જ રહેવાનું છે. મમ્મીનો ખાસ આગ્રહ છે. વધુ વાત ડિનર વખતે કરીશું.

લિસા, પ્લીઝ કેન આઈ હેવ માય આફટરનુન ટી? આઈ એમ વેરી હંગ્રી. લિસાએ ડોકટર માટે મોટા થર્મોસમાંથી ચ્હા કાઢી. માઈક્રોવેવમાં ગરમ કરી. મોટા બિયર મગમા છલ્લોછલ ચ્હા ભરી. ફ્રિઝમાંથી ચાર પાંચ થેપલા કાઢ્યા ગરમ કર્યા અને ડૉકટરને આપ્યા. લિસાએ બધાને માટે કૉફિ, ક્રેકર્સ અને ચીઝ કાઢી.

શ્વેતા કોફિનો પહેલો સીપ લે તે પહેલા તો એણે પાંચ થેપલા અને પોણું મગ કૉફિને પેટમાં ઑરી દીધા હતા. શ્વેતા વિચારતી હતી કે આ માણસનું નામ ‘આદિત્ય’ ને બદલે ‘ખાધી-દૈત્ય’ રાખવું જોઈતું હતું.

કૉફિ પછી નિકુળ અને શ્વેતા, લિસાની સાથે 'ન્યુયોર્ક પેલેસ' હોટેલ પર ગયા. બન્નેએ શાવર લીધો. શાવર પછી નિકુળ સોફા પર આડો પડ્યો. તે શારિરીક અને માનસિક રીતે થાકેલો હતો. શ્વેતાએ બેડ પર સુતા સુતા લિસાએ આપેલી બુકલેટ વાંચવા માંડી.

સાંજે સવા સાત વાગ્યે લોન્જમાંથી ફોન આવ્યો કે ડૉ. આદિત્ય એમની રાહ જુએ છે.

નિકુળ અને શ્વેતા નીચે આવ્યા. આદિત્યએ એની ટુ સીટર સ્પોર્ટ્સ ફરારી, વેલે માટે આપી અને ટેક્ષી કેબમાં સૌ 'ઉત્સવ' પર ડિનર માટે પહોંચ્યા. ફરી પાછું લંચ સમયનું જ પુનરાવર્તન. મોઢાના ત્રણ કામ. ખાવું, બોલવું અને જો નાક કામ કરતું બંધ થાય તો શ્વાસ લેવો. આદિત્ય એવો મનવ હતો કે એનું મો એ ત્રણે કામ સાથે કરતું હતું.

શ્વેતાએ ધીમે રહીને પુછ્યું "SRS નો કેટલો ખર્ચો થાય?"

આદિત્યના હાથ અટકી ગયા. એણે નાઈફ, ફોર્ક નીચે મુક્યા. બન્ને કોણી ટેબલ પર ગોઠવી અને બે હથેળીમાં એની ચીન ગોઠવી. એણે ટગર ટગર શ્વેતા સામે જોયા જ કર્યું. શ્વેતાએ પ્રશ્ન પુછવા બદલ ક્ષોભ અનુભવ્યો.

"સારું થયું કે તમે મને પુછ્યું. મને તો એમ, કે હું મારા અંગત મિત્રો માટે જ કંઈ કરી રહ્યો છું. પણ હવે ખ્યાલ આવ્યો કે હું વ્યાપારીઓ સાથે ડિલ કરી રહ્યો છું."

"ના ડૉકટર. પ્લીઝ ડોન્ટ મિસઅંડરસ્ટેન્ડ મી, આ તો અમેરિકામા આ સર્જરી અને ટ્રીટમેન્ટનો શું ખર્ચો થાય. તે જાણવાનુ કુતુહલ થયું."

"એ તો કોણ ફી ચુકવવાનું છે એના પર આધાર રાખે છે."

"નિકુળ મારો મિત્ર છે. ધારોકે મારે એની ફી ચુકવવાની હોય તો?...."

"હું માનું છું કે તમે ન ચુકવી શકો"

"કેટલા ડોલર્સ્? અત્યારે ચેક લખી આપું"

"તમને ન પોસાય.... છતાંયે કહું છું.... “

“મારી મમ્મી છેલ્લા પાંચ વર્ષથી એને માટે વહુ શોધે છે. પણ બિચારી મમ્મીનો મેળ બેસતો નથી. તમારે ક્યાતો એને માટે તમારા જેવી સુંદર અને એડ્યુકેટેડ 'ડોટર-ઈન-લૉ' શોધી કાઢવાની અગર એને કન્વીન્સ કરવાની કે તમારા નંગને કોઈ સારી છોકરી, એની વીંટીમા જડવા તૈયાર નથી. આ ફી તમે ચુકવી શકશો? આ બે માંથી એક પણ ન થઈ શકે તો તમારે...." વાક્ય અધુરું મુકી આદિત્યે વેઇટરને બોલાવ્યો.

શ્વેતાના હાર્ટબીટ વધી ગયા. કેવો નફ્ફટ અને નટખટ છે. દિવસભર એનું ધ્યાન તો નિકુળ પર હતું. શું એણે મારું મન વાંચ્યું હશે?

રૂમ પર આવ્યા ત્યારે શ્વેતા આદિત્યના વિચારમાં હતી. નિકુળ કોઈ બીજી જ ચિંતામાં હતો. શારીરિક માનસિક રીતે સર્જરી જરૂરી હતી પણ એ સ્ત્રીત્વ પામ્યા પછી શું. પછી આ દુનિયામાં મારું કોણ. અત્યારેતો સમાજમાં નિકુળ તરીકે, પુરુષ તરીકે મારું સ્થાન છે. કંપનીમાં ઉંચો હોદ્દો છે. જીજાજી મને એની પુત્રીને સાચવું છું એટલે જ ભાવ રાખતા હશે? મારામાં નહિ પણ મારા મેડિકલ કેસમાં જ રસ લેતા હશે. શ્વેતાને પણ હવે મારામાં શા માટે રસ હોય. હવે એની નજર આદિત્ય પર જ છેને! સ્ત્રી બન્યા પછી પાર્વતિબા મને એના ઘરમાં સંગ્રહે પણ નહીં. ના મારે ઓપરેશન નથી જ કરવું. કુદરતની ઈચ્છાએ જન્મ્યો છુ, એની ઈચ્છા પ્રમાણે જીવી જઈશ.

લિસા તો એના બોયફ્રેન્ડ સાથે રહી શકે છે. ઈન્ડિયામાં કન્વર્ટેડ લેડીને બૉયફ્રેન્ડ મળે ખરો? પુરુષ તરીકે પણ શારીરિક સુખથી વંચિત છુ. સ્ત્રી તરીકે શારિરીક ભુખ ભાંગે એવું કોઈ પ્રીય પાત્ર મળશે એની પણ શી ખાત્રી છે? અત્યારે જ જીજાજીને ફોન કરી ને કહી દઉં, કોઈ ઓપરેશન નથી કરાવવું. હવે શ્વેતાને જે કરવું હોય તે કરે. હું વહેલી તકે બોમ્બે જઈને કંપનીનું કામ શરુ કરી દઈશ.

નિકુળે રાજુભાઈનો ફોન જોડ્યો...

પ્રકરણ ૨૧

લિસા તો એના બોયફ્રેન્ડ સાથે રહી શકે છે. ઈન્ડિયામાં કન્વર્ટેડ લેડીને બૉયફ્રેન્ડ મળે ખરો? પુરુષ તરીકે પણ શારીરિક સુખથી વંચિત છુ. સ્ત્રી તરીકે શારીરિક ભુખ જાગશે તો એ ભૂખ ભાંગે એવું કોઈ પ્રીય પાત્ર મળશે એની પણ શી ખાત્રી છે? અત્યારેજ જીજાજીને ફોન કરી ને કહી દઉં, કોઈ ઓપરેશન નથી કરાવવું. હવે શ્વેતાને જે કરવું હોય તે કરે. હું વહેલી તકે બોમ્બે જઈને કંપનીનું કામ શરુ કરી દઈશ.

નિકુળે રાજુભાઈનો ફોન જોડ્યો...

"જીજાજી ગુડ્ મોર્નિંગ. જય શ્રી ક્રિષ્ણ. સોરી મેં તમને ઊંઘમાંથી તો નથી ઊઠાડ્યા ને?"

અત્યારે ઉધનામાં સવારે છ વાગ્યા હતા. રાજુભાઈ સવારે પાંચ વાગ્યે ઊઠી રોજ યોગા કરતા હતા.

"ના નિકુ, હમણાં જ એક્ષરસાઈઝમાંથી પરવાર્યો. બોલ શું ખબર છે? આદિત્યની ઑફિસમાંથી તમે હૉટેલ પર જવા નિકળ્યા પછી તરત જ આદિત્યનો ફોન હતો. એણે મને ગુડ ન્યુઝ આપ્યા. બેસ્ટ લક. યુ વીલ બી ડિફરન્ટ. યુ વીલ બી ન્યુ એન્ડ હેપી પરસન."

"બટ જીજાજી..."

"વ્હોટ....?."

નિકુળ રડી પડ્યો.

"નિકુ, આર યુ ઓલરાઈટ?"

શ્વેતાના દિલ દિમાગમાં આદિત્યે ઉત્તેજનાની રંગીન આતસબાજી ફોડવી શરૂ કરી હતી. આદિત્યની વાતોનું મનભાવન અર્થઘટન કરતી શ્વેતાને અત્યાર સુધી ખ્યાલજ ન હતો કે નિકુળ ફોન પકડીને રડતો હતો. મોટા ડૂસકાએ એને જાગૃત કરી.

"નિકુળ, વ્હોટ હેપન્ડ?.... હુ ઇઝ ઓન ધ ફોન?... બડી કેમ રડે છે?"

નિકુળે રડતા રડતા ફોન પર કહ્યું "જીજાજી આઈ ડોન્ટ વૉન્ટ ટુ ચેઈન્જ માયસેલ્ફ. હું જે છું તેજ બરાબર છું."

"આખરી નિર્ણયતો તારે જ લેવાનો છે. છતાંયે મારી કંઈક તારા પ્રત્યેની ફરજ છે. હું માનું છું કે મારો થોડો અધિકાર પણ છે...જો તું એ સ્વીકારતો હોય તો એટલિસ્ટ લેટ મી નો ધ રિઝન. શું તને સર્જરીની બીક છે? ખર્ચની ચિંતા છે? નિકુ, મન મુકીને વાત કર."

શ્વેતા નિકુળના વાંસા પર હાથ ફેરવતી હતી. નિકુળના ફોનનું વોલ્યુમ એટલું મોટું હતું કે રાજુભાઈનો અવાજ પણ પાસે ઉભેલી શ્વેતાને સ્પષ્ટ સંભળાતો હતો.

"જીજાજી, નિકુળ મટી ગયા પછી હું કોણ? ન તો સમાજ. ન તો મારું પોતાનું કુટુંબ. બહેન હતી તે પણ ગઈ. જો હું નિકુળ મટી જાઉં તો એક માત્ર લોહીનું સગપણ ધરાવતી મારી ભાણેજ પ્રાચીને પણ ગુમાવી બેસું. આપના કુટુંબમાં પ્રેમનો જે આશરો મળ્યો મળ્યો છે તે ખોવા હું તૈયાર નથી. નોકરી વગર, પ્રતિષ્ઠા વગર, મારાથી ન જીવી શકાય. શારીરિક સુખ, જેની પણ ખાત્રી નથી તેને માટે મારું જે છે તે ગુમાવવું નથી. મારું કોણ?.. ના જીજાજી ના. આઈ ડોન્ટ નીડ સર્જરી."

શ્વેતા નિકુળને સાંભળીને સ્તબ્ધ થઈ ગઈ. નિકુળની વાત કાંઈ ખોટી ન હતી. અને રૂઢિચુસ્ત પાર્વતિબા! એ કોઈ પણ સંજોગોમા નિકુળના પરિવર્તનને ન સ્વીકારે.

.....પણ રાજુભાઈ આશ્ચર્યજનક રીતે હસ્યા. એની પ્રકૃત્તિ તો શાંત અને ધીરગંભીર. તે હસ્યા. તે ખડખડાટ હસ્યા. "નિકુ, તું હવે મર્દ રહ્યો જ નથી. મર્દ હોત તો રડતે નહી. તું તો ખરેખર છોકરીની જેમ જ રડે છેને? તારી બહેન પણ નાનીનાની વાતમાં આમ જ રડતી. ડિયર, નાવ યુ ડોન્ટ હેવ એની ચોઇસ. ફ્રોમ ટુ ડે, આઈ હેવ યોર ન્યુ નેઇમ.. નિકિતા. ફોર મી, યુ વીલ બી માય સ્વિટ નિકિ. ધેટ્સ ફાઈનલ. અને તારું કોણ? ડોન્ટ વરી. મૈં હું ના..."

શું આ રાજુભાઈ વાત કરતા હતા? સદાય ગંભીર અને મિતભાષી રાજુભાઈ આવા ગંભીર વિષયને હસી કાઢે અને ફિલ્મી ડાયલોગ મારે, એ કલ્પના બહારની વાત હતી. એટલું જ નહીં, પણ અધિકાર પુર્વક નિર્ણયાત્મક ચુકાદો પણ આપી દીધો. જો રાજુભાઈ જ હોય તો આજની ભારતની ધરતી પર સવારે, સુર્ય પુર્વને બદલે પશ્ચિમમાં ઉગ્યો હશે.

"નિકુ!... સોરી નિકિ!.... જરા ફોન શ્વેતાને આપતો! માનું છું કે એ તારી સાથે જ છે."

"હાય શ્વેતા! હું જ તને ફોન કરવાનો હતો. સારું થયુ નિકિએ ફોન કર્યો. એને તું સાચવી લેજે. એની જવાબદારી તને સોંકુ છું."

"બીજી એક તદ્દન સીધી વાત. આદિત્ય તારા પર ગાંડો થયો છે. તને પામીને જ જંપશે. સુંદરકાકાની જેમ ધારેલું કરવાવાળો છે. જો તને ન ગમતો હોય તો અત્યારે જ મુંબઈ આવી રહે. આઈ પર્સનલી રેકમ્ંડ હીમ. મેં તારી નાનપણથી આજ સુધીની તમામ વાત કરી છે. કશું છુપાવ્યું નથી. એને તારા ભુતકાળ સાથે સંબંધ નથી. એ તારી સાથેના ભવિષ્યના રંગીન સ્વપ્ના જુએ છે. એણે માત્ર એક જ સુચન કર્યું છે. અત્યારે એની મમ્મીને તારી ઓળખાણ અમારા ફેમિલી ફ્રેન્ડ તરીકે અને સુંદરલાલ શેઠની દીકરી તરીકે આપશે."

"એના મમ્મી મારા પાર્વતિબા જેવા સંકુચિત માનસના નથી છતાંયે કદાચ તારા પુર્વલગ્ન જીવનને કારણે પણ આદિત્ય હાલ પુરતું કહેવાનું માંડી

વાળતો હશે. માં દીકરો એકબીજાની લાગણી દુભાવતા નથી. તું એની સાથે સુખી જ થશે એની ખાત્રી આપું છું.”

“નિકુળની કે તારી વાત પપ્પા મમ્મીને કરવાનો નથી પણ આજે લંચ પછી હું સુંદરકાકાને નિકુળની, તારી અને આદિત્યની વાત કરીશ. સુંદરકાકા જેવા કુશાગ્ર વ્યવહારદક્ષ માનવી મેં જોયા નથી. હું જ્યારે જરૂર પડે ત્યારે એની સલાહ જ લઉં છું.”

“આજે મેં ઘણી વાત કરી ખરું ને!"

“આદિત્ય તને કેવો લાગ્યો?”

શ્વેતાએ હસતાં હસતાં કહ્યું "વાતોડિયો અને ખાઉધરો".

"તારે એની ચિંતા કરવાની જરૂર નથી. તારે કાનમાં ઈયર પ્લગ નાંખવાના અને કિશન મહારાજે મથુરાના ચોબાજી માટે રસોઈ કરવાની છે એમ સમજી લેવું. પ્રોબ્લેમ સોલ્વ."

જે રીતે શ્વેતાએ નિકુંળ સાથેની વાત સાંભળી તેજ પ્રમાણે નિકુળે પણ શ્વેતા સાથેની વાત સાંભળી.

બન્નેને એક માનસિક સધ્યારો મળી ગયો. રાજુભાઈ જેવા પરિપક્વ સ્નેહિ તેમની સાથે છે.

"શ્વેતા! કૉફિ પીશું?"

"સ્યોર, બડી."

શ્વેતાએ કોફિ બનાવી.

નિકુળ એકદમ સ્વસ્થ હતો. નિકુળે જ કહ્યું "શ્વેતા મારે સીડી જોવી છે. ઘેર મે બી સમ ગ્રાફિક ડિટેઇલ. તું મને કંપની આપશે?"

"ચોક્કસ. આપણે એડલ્ટ્સ છીએ. અને આપણે મિત્રો છીએ. થોડા સમય પછી આપણે બધી રીતે સમાન હોઈશુ."

બન્નેએ સાથે બેસીને સીડી જોઈ. ગુહ્યભાગોની સર્જરીની સમગ્ર વિગત દર્શાવાઈ હતી. મિત્રો હોવાનો દાવો કરતી શ્વેતાના મુખ પર શરમ સંકોચનું આવરણ આવી ગયું. ભલે એ મેડિકલ વિષય હતો છતાં બન્ને નતો ચર્ચા કરી શક્યા કે નતો એકબીજા સાથે આંખ મેળવી શક્યા.

બન્ને પડખુ ફેરવી પોત પોતાના બેડ પર સુઈ ગયા. શ્વેતાએ આંખ બંધ રાખીને પુછ્યુ,"આર યુ રેડી ફોર સર્જરી?"

"ઈટ્સ જીજાજીસ વીશ. વીથ હિઝ સપોર્ટ આઈ વીલ ગો ફોર સર્જરી"

"કેન આઈ લોક ધીસ એન્સર?"

"યસ યુ કેન."

"આર યુ સ્યોર?"

"યેસ"

"બેસ્ટ લક બડી. ગુડ નાઈટ."

ગુડ નાઈટ શ્વેતા"

બન્ને વગર બોલ્યે,ઊંઘવાનો ડોળ કરી એક બીજાને છેતરતા રહ્યા. વિચારતા રહ્યા. અજ્ઞાત ભવિષ્યને પામવા કોશિશ કરતા રહ્યા. શ્વેતાના હૈયાએ ઠપકો આપ્યો. છેવટે સઘળુ ઈશ્વરેચ્છા પર અવલંબિત છે. શ્વેતા ચિંતા છોડીને નિરાંતે ઊંઘી જા "ન જાણે તું, પ્રભાતે શું થવાનું છે".

અને શ્વેતા પ્રભુ સ્મરણ કરતાં કરતાં વહેલી સવારે ઊંઘી ગઈ.

.....જ્યારે શ્વેતા જાગી ત્યારે નિકુળ તૈયાર થઈને લિસાની રાહ જોતો હતો.

“નિકુળ! તેં મને ઉઠાડી પણ નહિ? ક્યાં જવાની તૈયારી છે?”

"લિસાનો ફોન હતો. મને બ્રેકફાસ્ટ કરવાની ના કહી છે. હમણાં એ આવશે. મારે એની સાથે કોઈ ક્લિનિકમાં ફિઝીકલ અને બ્લડ ટેસ્ટ માટે જવાનું છે. તારે ડૉકટર સાથે બહાર જવાનું છે. લંચ માટે આપણે કોઈ સાઉથ ઈન્ડિયન રેસ્ટોરાન્ટમાં ભેગા થઈશુ. લંચ પછી આ હોટેલમાંથી ચેકઆઉટ થઈ ને ડોકટરને ત્યાં રહેવા જવાનું છે."

નિકુળે બધો પ્લાન શ્વેતાને જણાવ્યો.

"બડી! મને તો કોઈ કંઈ પુછતું જ નથી. કોઈ કંઈ કહેતું જ નથી. તને આ બધી કેવી રીતે ખબર?"

આપણી સાથે વાત થઈ ત્યાર પછી મારા જવાબની રાહ જોયા વગર જીજાજીએ ફાયનલ ડિસીસન આદિત્યને ફોન કરીને જણાવી દીધું. ડોકટરે લિસાને સુચનાઓ આપી. લીસાએ મને ફોન કર્યો હતો. હું આખી રાત ઊંઘ્યો જ ન હતો. મને ખબર છે કે વહેલી સવારે જ તારી આંખ વિંચાઈ. એટલે તને સૂવા દીધી. હવે હમણાં તારો બોયફ્રેન્ડ આવશે. જલદી તૈયાર થઈ જા."

શ્વેતાએ મીઠો છણકો કર્યો. "હી ઇઝ નોટ માય બૉયફ્રન્ડ."

"યુ કિડિંગ! ઇફ હી ઈઝ નોટ; હી વીલ બી."

શ્વેતા બાથરૂમમાં ભરાઈ ગઈ.

જ્યારે તે બાથરૂમમાંથી બહાર નિકળી ત્યારે એને જોઈને નિકુળ પણ છક થઈ ગયો. ઈન્ડિયા છોડ્યા પછી પહેલીવાર તેણે સાડી પહેરી હતી. નાભીથી આઠ આંગળ નીચે પહેરેલી સાડી એના નાજુક કટી પ્રદેશ અને નિતંબના

વળાંકોને કલાત્મક રીતે પ્રદર્શીત કરતા હતા. ચુસ્ત ઉરોજો પર આપોઆપ નજર સ્થિર થઈ જતી હતી. આછો મેકઅપ એના કુદરતી રૂપને વધુ નિખાર આપતો હતો. સદ્યસ્નાતા સુંદરીના છુટ્ટા વાળ તેના માદક સૌંદર્યને છલકાવતા હતા.

શ્વેતાને જોઈને જાણે નિકુળના સુસુપ્ત મેઇલ હોર્મોન્સ જાગૃત થયા. એણે રોડછાપ રોમિયોની જેમ મોંમાં બે આંગળી નાંખી સિસોટી મારી. "એય બ્યુટિ,... આના હૈ ખંડાલા?"

બન્ને હસી પડ્યા.

વાત આગળ વધે તે પહેલા રિસેપ્સનમાંથી રિંગ વાગી. બન્ને એલિવેટરમાં નીચે આવ્યા. લિસા અને આદિત્ય લોન્જમાં રાહ જોતા હતા. શ્વેતાને જોઈને આદિત્ય સંમોહિત થઈ ગયો.

"વાઉવ" એનો એક હાથ જિનના પોકેટમા હતો બીજા હાથની તર્જની ગાલ પર મુકીને એ પલક પાડ્યા વગર શ્વેતાને તાકતો રહ્યો. "માસાલ્લા, હમતો મર ગયે." મુઢ બનીને સૌંદર્ય પીતો જ રહ્યો. છેવટે લિસાએ એની આંખ આડે ચપટી વગાડી. "ડાક, વેક અપ"

આદિત્ય છોભિલો પડી ગયો. એણે બે હાથ જોડી વિવેક વાપર્યો. "નમસ્તે શ્વેતાજી"

હવે શ્વેતાની શરારતનો વારો હતો. "હવે જી..જી છોડશો?" એણે શેકહેન્ડ માટે હાથ લંબાવ્યો. "ગુડ મોર્નિંગ આદિત્ય" બન્નેએ અનુભવ્યું કે બે હાથનું હસ્તધુનન ઔપચારિક કરતાં કંઈક વધુ હતું. સ્પર્શની અનુભૂતિ રોમાંચક હતી.

નિકુળે લિસાને કહ્યું "લેટ્સ ગો." તે ધીમેથી બબડ્યો. 'મારે કબાબમાં હડ્ડિ નથી થવું' લિસાને ખાસ સમજ પડી નહિ. બન્ને ટેક્ષીમાં ક્લિનીક પર જવા રવાના થયા. શ્વેતા અને આદિત્ય એકલા પડ્યા.

શ્વેતાએ જ પહેલ કરી. ચાલો આપણે બ્રેકફાસ્ટ કરી લઈએ. શ્વેતા એક દિવસમાં એની નાડ જાણી ગઈ હતી. અને આમ પણ શ્વેતાએ તૈયાર થવાની ઉતાવળમાં બ્રેકફાસ્ટ નહોતો કર્યો. આદિત્ય તો ભરપેટ નાસ્તો કરીને આવ્યો હતો પણ 'કોન્ટિનેન્ટલ ડિલક્ષ'ની ડિશ પુરી કરી.

પહેલા બન્ને રોકફેલર સેન્ટરમાં ફર્યા. પછી ચાલતા ચાલતા સાઉથ પાર્ક પાસે આવ્યા. ત્યાંથી સેન્ટ્રલ પાર્કમાં હોર્સ બગીમાં રાઈડ લીધી. હાથમાં હાથ લઈને સંગનો રંગ માણ્યો. બન્નેને કઈક કહેવું હતું, કંઈક પુછવું હતું પણ શબ્દો ખોવાઈ ગયા હતા.

શ્વેતાએ પુછ્યું, "આપણે કશે ક બેસીશું?"

બન્ને એક બેન્ચ પર બેઠા.

"આદિત્ય મારે થોડી વાત કરવી છે"

"મારે ઘણી વાત સાંભળવી છે"

"આદિત્ય, હું વિધવા,... વિડો છું"

"આઈ નો"

"મારા માથા પર મારા બાપુજીની ખાસ જવાબદારી છે"

"આઈ અંડરસ્ટેન્ડ"

"આવતી કાલથી વૉલસ્ટ્રીટમા થોડો અનુભવ લઈને આવતા વીકમાં મુંબઈ ચાલ્યા જવાનું વિચારું છું"

"વૉલસ્ટ્રીટ ટ્રેઈનીંગ તો શક્ય છે પણ આવતા વીકમાં ઈન્ડિયા જવાનું શક્ય નથી. તમારે મારી મમ્મી માટે ડોટર-ઈન-લૉ શોધવાની છે."

એટલામાં સેલ ફોનની રીંગ વાગી. લિસા અને નિકુળ, ક્લિનીક પર તેમની રાહ જોતા હતા. "મારી કાર બે બ્લોક પર પાર્કિંગ ગરાજમા છે. ચલાશે?"

"હા ચાલી નાંખીશુ."

આદિત્યે તેની મર્સિડીઝ લીધી અને બન્ને ક્લિનીક પર પહોંચ્યા. ક્લિનીક પરથી તેમને લઈને કાર લેક્ષિંગટન પર આવેલા 'મદ્રાસ મહાલ' પર થોભી.

આદિત્યે આ સ્થળનો ટૂંકો પરિચય આપ્યો. ફૂડ ઇઝ વેરી ટેસ્ટી. યુ વીલ ગેટ પંજાબી, ગુજરાતી, સાઉથ ઈન્ડિયન વેરાયટિઝ અને કોસર ફુડ. સર્વિસ, કર્ટસી અને ક્લીનલીનેસ મારા સ્ટાન્ડર્ડ પ્રમાણે નથી.

બધા બારી પાસેના ટેબલ પર બેઠા. લંચટાઈમ હતો અને ગીર્દી ખૂબ હતી. ઓર્ડર આવતાં વાર લાગતી હતી. આદિત્યે પાર્ક બેન્ચની વાતનું અનુસંધાન સાધ્યું. "યુ કેન નોટ ગો ટુ ઈન્ડિયા વિધાઉટ ફાઈન્ડિગ ડોટર ઇન લૉ ફોર માય મામ."

"મામને કેવી વહુ ગમશે?" શ્વેતાએ પુછ્યું

"વહેલી સવારે ઊઠીને ગરમ ઠેપલા કે ગોટા - જલેબીનો નાસ્તો કરાવે. મારું ટિફીન તૈયાર કરે.

હું સાંજે ઘરે આંવું ત્યારે મારા બુટ કાઢે. રાત્રે મીઠા ગીતો ગાતા ગાતા પગચંપી કરે. મારા બે એકર પ્લોટની લોન મોઉવ કરે. વિન્ટરમાં સ્નો પ્લાવ કરે અને મારા એક ડઝન છોકરાની માં બને. બસ મારી મમ્મીની આટલી જ અપેક્ષા છે. પાંચ પાંચ વર્ષથી શોધ કરે છે. મારા પર નહિ પણ મારી વૃધ્ધ માતા પર દયા કરો શ્વેતાજી."

"હઅ...તો આ તમારા માતૃશ્રીની પસંદગી!.../. હવે તમારી પસંદગીનું સ્ટાન્ડરડ જણાવશો તો આભારી થઈશ."

"મારી પસંદગી?" આદિત્ય હસ્યો. બહાર સાઈડવૉક પર એક કાળી જાડી મહિલા જતી હતી. આદિત્યે એના પ્રત્યે આંગળી ચીધીને કહ્યું "પેલી જેવી બ્યુટિફુલ."

બધા ખડખડાટ હસી પડ્યા.

પાછળ જ જૈફ સરદારજી બેઠા હતા. જુવાનીયાઓની વાતો સાંભળતા હતા. આતો ઈન્ડિયન માહોલ હતો. સરદારજીએ કોમેન્ટ મારી "દિલ લગા ગધીસે તો પરી ક્યા ચીઝ હૈ. અરે પુત્તર! સામને સ્વર્ગકી અપ્સરા હૈ ઔર તુ કાલી ભેંસકી સોચતા હૈ? અગર મેં જવાન હોતા..."

"મગર સરદારજી અપ્સરા માનતી હી નહિ તો ક્યા કરું?"

"નાક રગડ દો, માન જાયેગી."

નાક રગડવાનો સમય અને સ્થળ ન્હોતા. પેટ પુજાનું સ્થળ અને સમય હતો.

આદિત્યે પંજાબી એપેટાઈઝર, ગુજરાતી સ્પેશિયલ થાળી, મેન્ગો લસ્સી. એક મસાલા ઢોસા, એક ઊત્તપમ અને છેલ્લે માદ્રાસી કૉફિ સાથે લંચ પુરું કર્યું. બીજા બધાએ મર્યાદિત રીતે મનપસંદ વાનગીઓ માણી.

લંચ પછી એની મર્સિડીઝ પ્રિસ્ટોન ન્યુજર્સી તરફ સરતી હતી.

પ્રકરણ ૨૨

જાણે મહેમાનોની રાહ જ જોતા હોય એમ આદિત્યના મમ્મીએ આવકાર આપ્યો. આવ બેટી શ્વેતા. આવ નિકુળ. "આદિએ તમને બહુ રખડાવ્યા નથી ને?"

"ના માસી, એની સાથે ન્યુયોર્કમા ફરવાની મજા આવી." શ્વેતાએ પ્રભાવશાળી માતાની ચરણરજ માથે ચડાવતા જવાબ આપ્યો. શ્વેતાને ખ્યાલ આવી ગયો કે નિકુળ, શ્વેતા અને તેમના કાર્યક્રમ અંગે ઘરમાં વાત થઈ જ ગઈ હશે. કોઈને ઔપચારિક પરિચયની જરૂરિયાત ન વર્તાઈ. ....પણ એટલામાં એક મીઠો મધુરો અવાજ સંભળાયો. "હાય નિકુળ, હાય શ્વેતા". બાવીસ ચોવીસ વર્ષની લાગતી એક યુવતિ, બ્લેક વન પીસ સ્કરટેડ સ્વિમસ્યુટમાં ફેમિલીરૂમમાં દાખલ થઈ. ભીના શરીર પર મોટો ટેરી ટોવેલ વિંટાળ્યો હતો. આ નવી વ્યક્તિ નિકુળ અને શ્વેતાને માટે કલ્પના બહારની હતી. નિકુળ અને શ્વેતાનો 'હાય' પ્રતિભાવ સંકોચ યુક્ત હતો.

"મને લાગે છે કે ભાઈસાહેબે મારો પરિચય આપ્યો લાગતો નથી."

"ઓ..હ. આઈ એમ સોરી. શ્વેતા, નિકુળ,... આ છે મણીબેન મહેતા. અમદાવાદથી કોઈ રૂપાળો અમેરિકન બકરો શોધવા આવી છે."

"આન્ટી, આ તમારો લબાડ સુધરે એવા કોઓઓઈ ચાન્સ દેખાતા નથી."

"તમે બન્ને ક્યારે સમજણા થશો? શ્વેતા આ મોના દીકરી અમદાવાદમાં અમારી પોળમાં જ રહેતી હતી. ત્યાં MBBS કર્યા પછી અહીં OB/GNમાં MD પુરું કરી હવે પોસ્ટ ડોકટરેટ કરે છે. અહીં અમારી સાથે જ રહે છે. નાનપણથી જ આદિ અને મોના તોફાન મસ્તી કરતાં રહ્યા છે. એકબીજાને જોતાં જ ઠરેલતા અદૃશ્ય થઈ જાય છે." આન્ટીએ હસતા હરતા હળવો બળાપો વ્યક્ત કર્યો.

"આન્ટી હવે એક જ રસ્તો છે. ખોટો માલ જલદી કોઈને પધરાવી દેવા જેવો છે. કોઈ મિલીટરી માઈન્ડની છોકરી જ એને ઠેકાણે લાવી શકે. બોલ શ્વેતા, સોદો કરવો છે. સસ્તામાં પતાવી આપીશ." કોઈ પણ સંકોચ વગર બિન્દાસ્ત મોનાએ આત્મીયતા સ્થાપી દીધી.

શ્વેતાને હવે ખ્યાલ આવ્યો કે આ હસતા રમતા કુટુંબમા પ્રોફેશનાલિઝમ સાથે હ્યુમર પણ સહજ રીતે વણાયલી છે.

લિસાને માટે આ નવું ન હતું. એણે ગંભીરતાથી કહ્યું "ડાક, નિકુલ્સ સર્જરી ઈઝ સ્કેડ્યુઅલ ઓન ફાયડે મોર્નિંગ. આઈ'લ સી યુ ઓન ફાયડે. બાય એવરીબડી. બાય મામ."

લિસાએ વિદાય લીધી.

"બેટા આદિ! ડૉ. દેસાઈનો ફોન હતો. કહેતા હતા કે ઘણાં સમયથી તું એમને મળ્યો નથી. રાજુભાઈએ નિકુળની વાત કરી હશે. કહેતા હતા કે એને પણ લઈ આવજે. બે દિવસ પછી એલ.એ. જવાના છે. આવતી કાલે શક્ય હોયતો મળી આવો." આદિત્યના મમ્મીએ સંદેશો આપ્યો.

"હા કાલે જ જઈ આવીશું. ત્યાર પછી બે મહિના સુધી ખુબ જ રોકાયલો છું. મણીબેન તમે પણ અમારી સાથે આવશોને? કે નહિ આવવાની કૃપા કર્શો?" આદિત્યે મોનાને પુછ્યું.

"ભક્તને ઈચ્છીત સુખ પ્રાપ્ત થાય એ હેતુ થી મોનાદેવી, કૃપાદૃષ્ટિથી બકેલો આવવાનું ટાળશે."

મોનાએ આંખ બંધ કરી આશિર્વાદ આપવાની અદાથી કહ્યું.

આદિત્યે નિકુળ અને શ્વેતાનો સામાન બે જુદા જુદા રૂમમાં પહોચાડ્યો અને પોતાના રૂમમાં ફોન અને કોમ્પ્યુટર પર કામે લાગી ગયો. મમ્મીએ ડૉ.દેસાઈનો પરિચય આપ્યો.

ડૉ.દેસાઈ કૉલેજમાં ડિન હતા. હમણાંજ પંચોતેર વર્ષની ઊમ્મરે રિટાયર્ડ થયા છે. નિરાલી એની ફેવરિટ સ્ટુડન્ટ હતી. પોતે અમેરિકન ડૉ.મારથાને પરણ્યા હતા. નિરાલી રાજુભાઈને પ્રેમ કરતી હતી. રાજુભાઈ પાર્વતિબાના સંકુચિત માનસને કારણે અચકાતા હતા પણ ડો.દેસાઈએ ખુબ હિંમત આપી અને કોર્ટમાં સિવિલ મેરેજ કરાવી આપ્યા હતા. લગ્ન પછી એમણે રૂમ માંડ્યો ત્યારે આદિત્ય બે વર્ષ એમની સાથેજ રહ્યો હતો. અરે રાજુભાઈ અને નિરાલીએ એની ફી પણ ભરી હતી. જ્યારે નિરાલીના દેવલોક પામ્યાના સમાચાર સાંભળ્યા ત્યારે મારો આદિ બે વિક સુધી ખૂબ ડિપ્રેશનમાં રહ્યો હતો. આદિત્ય રાજુભાઈને મોટાભાઈ માને છે.

મમ્મી નિકુળ અને શ્વેતા સાથે વાત કરતા હતા તે દરમ્યાન મોનાએ બધા માટે કૉફિ બનાવી. બધાએ સાથે બેસી કૉફિ અને સોફ્ટ કુકી લીધા. આદિત્યે થેપલા અને લસ્સી લીધી. નિકુળ અને શ્વેતા પોત પોતાના રૂમમાં ગયા.

આદિત્ય એક્સરસાઈઝ કરવા ગયો. મકાનની પાછળ પેટિયો પર ગ્લાસ વોલનો એક મોટો ફોર સિઝન રૂમ હતો. એમાં એક તરફ નાનો સ્વિમિંગ પુલ હતો. એમાં પ્રવાહની વિરૂધ્ધ તરી શકાતું હતું. પ્રવાહની ઝડપ, તરંગમોજાઓ વધતા ઓછા કરી શકાતા હતા. પુલમાં ઘણી જાતની વોટર એક્ષરસાઈઝ કરી શકાતી હતી. મમ્મી પણ નિયમિત કસરત કરતા હતા. પાસે કસરતના બીજા સાધનો પણ હતા. પુલની બાજુમાં નાનો ઇનડોર ગાર્ડન હતો. તેમાં ગાર્ડન ફર્નિચર અને સરસ હિંચકો હતો. આદિત્ય વિકમાં ચાર દિવસ, એક એક કલાક કસરત પાછળ ગાળતો.

એક કલાકની કસરત પછી બધાએ ડિનર લીધું.

નિકુળ આદિત્યની સાથે સર્જરી અંગેની વાતો સમજતો હતો.

શ્વેતાના રૂમમાં મોના અને શ્વેતા બેઠા બેઠા વાતો કરતા હતા. પરસ્પર પરિચય ગાઢો કરતા હતા.

“આદિત્યને બહેન નથી, મને કોઈ ભાઈ નથી. નાનપણથી જ અમારી જોડી જામી ગઈ. એની પાછળ પાછળ હું પણ મેડિકલ લાઈનમાં પ્રવેશી. આદિત્યને પહેલેથીજ ઘણી સ્કોલરશીપ મળતી. પોતાની મેરિટ પર તે અમેરિકા આવ્યો. રાજુભાઈનો પણ ખુબ સપોર્ટ મળ્યો. હું એના જેટલી સ્માર્ટ તો નથી. પણ મારા ફાધરના બૉસે ત્રણ વર્ષ પહેલા એડમિશન અપાવ્યું અને આર્થીક મદદ પણ કરી.”

“હું અને આન્ટી સાથેજ અમેરિકા આવેલા. એમણે મને ડોર્મમાં જવા ન દીધી. હવે આ મારું જ કુટુંબ છે.”

“શ્વેતા એક વાત કહેવી છે. મારો ભઈલો ખુબ ભોળીયો અને સાફ દીલનો છે. એને પ્રેમ પ્રદશિત કરવાની આવડત નથી. તને પહેલે દિવસે જોઈને જ મોહી પડ્યો. પહેલા એણે મને ફોન કર્યો. પછી તમારા સ્નેહિ અને એના મિત્ર રાજુભાઈ સાથે વાત કરી. ઘેર આવી આન્ટીને નાના છોકરાની જેમ વળગીને કહે, 'મને વહુ અપાવી દે.' આવું ગાંડપણ અમે કોઈ વખત જોયું નથી. એના પર લટ્ટુ થનારી ઘણી લેડી ડૉકટરો છે. નાની ઊમ્મરમાં ઘણી સફળતા મેળવી છે. અમે બન્ને મેડિકલના એવા ક્ષેત્રમાં છીએ કે સ્ત્રી પુરુષોના નગ્ન શરીરની અમને નવાઈ નથી. આદિત્યે તો બ્રહ્માની ભુલોને સુધારી માનવીને નવજીવન બક્ષ્યું છે.”

“તારામાં શું વિશેષતા જોઈ એતો એજ જાણે, પણ તને જોયા પછી મને લાગે છે કે એની પસંદગી ઉત્તમ છે. કદાચ હું તારા કરતા બે ત્રણ વર્ષ મોટી પણ હોઈશ; છતાં હાથ જોડીને વિનંતી કરું છું કે જો મારી ભાભી બની શકવાની શક્યતા ન હોયતો પ્લીઝ મારો ભઈલો વધુ બહેકે તે પહેલા એની સાથે સ્પષ્ટતા કરી દેજે. એ આન્ટીનો, બાપ વગરનો એકનો એક દિકરો છે. જે દિકરાને ગમશે તે માને ગમશે જ.”

તોફાની લાગતી વ્હાલી બહેન, શ્વેતા પાસે યાચના કરતી હોય એમ વાત કરતી હતી.

એટલામાં શ્વેતાનો સેલફોન રણક્યો.

"હલ્લો, બાપુજી! જયશ્રી ક્રિષ્ણ"

"જયશ્રી ક્રિષ્ણ બેટા. જાગે છેને?"

પ્રાયવસી જળવાય એ હેતુથી ધીમેથી ગુડ નાઈટ કહી મોના ઊઠીને એના રૂમમાં ગઈ.

"હા બાપુજી. જાગું છું. આજે નિકુળની સાથે ડૉ.આદિત્યના મહેમાન બન્યા છીએ."

"મને ખબર છે. રાજુનો ફોન હતો. એણે નિકુળની સર્જરીની વાત કરી. મેં નિકુળ સાથે તારા જીવનના સ્વપનાઓ જોયા હતા.... ખેર! ઈશ્વરેચ્છા બલીયસી. રાજુએ આદિત્યની વાત કરી. જ્યારે રાજુની ભલામણ હોય ત્યારે એમાં વિચારવાનું હોય જ નહિ. જો તને એ ગમતો હોય તો મારા અંતઃકરણ પુર્વકના આશિર્વાદ છે. હું યોગેશભાઈને પણ વાત કરીશ. એક જ વાત ડંખે છે. તું મને છોડીને અમેરિકા સ્થાયી થાય તો મારું કોણ?.... પણ હવેતો તું મારી દિકરી છે. દિકરી તો પારકી થાપણ કહેવાય. હું તને હસતે મોઢે વિદાય કરીશ."

હસતા મોંની વાત કરતા શેઠજી લાગણીવશ થઈ રડી પડ્યા.

" બેટી, તને ગમતા માણિગરને કહેજે કે તારી સાથે તે પણ નવસો કરોડનો માલિક થશે. ધારશો તો ભારતમાંજ અમેરિકા ઊભું થશે."

શેઠજીને શું ખબર કે શ્વેતા પણ વગર અવાજે આંસુ સારતી હતી. શ્વેતાની આત્મશ્રદ્ધાનો દિપક બુઝાઈ ગયો હતો. જે જે વ્યક્તિ પર મન ઢળતું તે તે વ્યક્તિ એના જીવનમાં ડોકિયું કરીને સરી ગઈ હતી. એ શેઠજી સાથે વધુ વાત

કરી ન શકી. વળી એ પણ સંકોચ હતો કે કોઈ અંગત વાત સાંભળતું હોયતો? એણે કહ્યું

‘બાપુજી આપણે ઈ-મેઇલ અને કોમ્પુટર પર વાતો કરીશું. જયશ્રી ક્રિશ્ન બાપુજી.‘

શ્વેતા બેડમાં સૂતી અને વિચાર ચકડોળે ચઢી. આદિત્યને જોઈને પહેલી નજરેજ આકર્ષાઈ હતી. ગોરો લાલ ચટ્ટક ચહેરો. લીલાશ પડતી આંખો. તંદુરસ્ત સ્નાયુબદ્ધ શરીર અને મનની લાગણીને બાહ્ય રંગરોગાન કર્યા વગર સીધી વ્યક્ત કરવાની આવડત. કઈ યુવતીને ન ગમે! પોતાની બાહોશીથી આગળ વધેલો અને સફળ થયેલો ડોકટર. વધુ શું જોઈએ!...પણ બાપુજી? મારે જીવનભર એમને સાચવવા છે. ક્યાંતો આદિત્ય ઈન્ડિયામાં સ્થાયી થાય અગર બાપુજી અમેરિકા આવે તો જ મનની મુરાદો બર આવે. બન્નેની શક્યતા કેટલી?

ક્યાંકથી સિતારના મધુર સ્વરો આવતા હતા. વિચાર અને સંગિતના સૂરના તરંગોમાં એ ક્યારે ઊંઘી ગઈ તે ખબર ન પડી.

સવારે જાગી ત્યારે નાના દેવસ્થાનમાં આદિત્યના મમ્મી અને મોના પૂજા પ્રાર્થના કરતા હતા. બન્નેના કંઠમાંથી વહેતા સંસ્કૃત શ્લોક પવિત્ર વાતાવરણ ઊભું કરતા હતા. પૂજા પુરી થતાં મોના કિચનમાં દોડી. જોત જોતામાં ગરમ ગોટા તૈયાર થઈ ગયા. સાથે જલેબી પણ હતી. મમ્મીને માટે અંજીરવાળુ દૂધ, આદિત્ય માટે હર્બલ ટી અને બધાને માટે કૉફિ તૈયાર હતી.

"સવારે સાત વાગવા આવ્યા તો પણ એદી સાહેબ ઊઠ્યા નથી. આજે એને ઊઠાડવો જ નથી. આપણે બધા બેકફાસ્ટ કરીને બધા ગોટા સંતાડી દેવાની છું." મોનાનો ફફડાટો ચલતો હતો.

આદિત્ય ગાઉન પહેરીને બહાર આવ્યો. "મણીબેન મહેરબાની કરીને તમારા રેડિયાનું વોલ્યુમ જરા લો રાખોને. કાલથી તો સવારે પાંચ વાગ્યે ઊઠવાનું જ છે. કેવું સરસ સ્વપ્નું જોતો હતો! બધી મજા બગાડી..” "આન્ટી આ

મુરખનો સરદાર ક્યારે સમજશે. બિચારી સ્વપ્ન સુંદરી અહિ પ્રત્યક્ષ એની રાહ જોતી ઊભી છે અને ભાઈ સાહેબ આંખવીંચીને હવામાં ફાંફાં મારે છે." આદિત્યના મમ્મી માત્ર સ્મિત રેલાવતા રહ્યા.

શ્વેતાને એ સમજાતું નહતું કે આ બધા કેવી રીતે માની લે છે કે એમનો ધારેલો સંબંધ શક્ય બનશે જ. આઈ હોપ ધીસ ઈઝ નોટ સિસ્ટમેટિક બ્રેઈન વોશિંગ. કંઈક સ્પષ્ટતા કરવીજ પડશે.

મોના બ્રેકફાસ્ટ કરી પ્રિન્સ્ટોનના યુનિવર્સીટી મેડિકલ સેન્ટર પર જવા નીકળી ગઈ. જતા જતા કહેતી ગઈ કે રાત્રે કદાચ મોહિતના રૂમ પર પણ સૂઈ રહું. હું ફોન કરીશ.

આદિત્ય, શ્વેતા અને નિકુળ કારમાં નિકળ્યા. નિકુળે પુછ્યું "ડૉ.દેસાઈને મળવા આપણે ક્યાં જવાનું છે?"

"બફેલો."

"બફેલો? અપ સ્ટેટ ન્યુયોર્કમાં નાયગરા પાસે? ક્યારે પહોંચાશે? ક્યારે પાછા અવાશે? શું આપણે રાત ત્યાં ગાળવાની છે?"

આદિત્ય હસ્યો. "ડોન્ટ વરી માય ફ્રેન્ડ સીટ બેક, એન્ડ રિલેક્ષ. વી વીલ બી બેક બાય ફાઈવ ઓ ક્લોક." એણે સ્પીડ વધારી. કાર લિંડન એરપોર્ટ પર અટકી. ત્યાં એને માટે ચાર સીટનું સીગલ એન્જીન લાઈટ એરોપ્લેન તૈયાર હતું. આદિત્ય પરામસ ફ્લાઈંગ ક્લબનો પ્લેટિનમ મેમ્બર હતો. પાઈલોટ લાયસન્સ હતું અને ક્લબની સાથે પ્લેનનો કો-ઓનર હતો.

થોડી મિનિટોમાં તેઓ હવામાં ઉડતા હતા. આદિત્ય પ્લેનની ટેકનિકલ ડિટેઈલ સમજાવતો હતો અને જીપીએસ દ્વારા નીચે સરતા સ્થળોની માહિતી આપતો હતો. શ્વેતા પ્રભાવિત હતી. બફેલો પર લેન્ડિંગ થયું ત્યારે ડૉ.માર્થા કાર સાથે મહેમાનની રાહ જોતા હતા.

દશ મિનિટમાં તો બધા ડૉકટરની લાયબ્રેરીમાં હતા. ત્રણ ડોકટરોની વાતો એમના વિષયની જ હતી. માર્થાને સમજાયું કે નિકુળ અને શ્વેતા બોર થતા હતા. વિષય બદલાયો. નિરાલી અને રાજની કોલેજની પ્રવૃત્તિઓ અને પ્રેમ પ્રકરણની વાતો રસપ્રદ રહી.

ગુજરાતી હાઉસકિપર રમાબેને, રસપુરી ઉંધીયાની સાદી પણ સ્વાદિષ્ટ રસોઈ બનાવી હતી. લંચ પછી ડોકટરે નિકુળની સર્જરીની વાત કાઢી.

"ડૉકટર, હું જરા શ્વેતાને તમારો બોટાનિકલ ગાર્ડ બતાવુ. ચાલ શ્વેતા બહુ સરસ જોવા જેવો ગાર્ડન છે." આદિત્ય શ્વેતાને લગભગ ખેંચી જ ગયો. ચારે બાજુ ઘેરાયલા વૃક્ષોની છાયામાં એક બેંચ પર શ્વેતાને બેસાડી તેની બાજુમાં બેસી ગયો.

"શ્વેતા, મને પ્રેમ કરવાનો અનુભવ નથી. શી રીતે મારી લાગણી વ્યક્ત કરવી એ મારી કોઈ પણ મેડિકલ બુકમાં લખ્યું નથી. મને ખાત્રી છે કે તેં પણ વ્યાપારનો અભ્યાસ કર્યો છે. તું પ્રેમની કવિતાઓ શીખી નથી. તું સુંદર છે. મેં સુંદર હાડકા ચામડા ઘણાં જોયા છે પણ મેં તારી આંખોમાં મારે માટે એક અનોખી તરસ જોઈ છે. બસ એવી જ તરસ મારા હૈયામાં જાગી છે. એની ભાષા ઉકેલી જો. તને સ્પષ્ટ સમજાશે કે વી મેઇડ ફોર ઈચ અધર. આપણે પુરા ત્રણ દિવસ સાથે ગાળ્યા નથી પણ હું અનુભવું છું કે આપણે સાત જનમથી સાથે છીએ. આઈ લવ યુ."

"આદિત્ય, કાલ્પનિક દુનિયામાંથી વાસ્તવિક દુનિયામાં આવો. હું કબુલ કરું છું કે હું તમારાથી આકર્ષાઈ છું. છતાં એ કદાચ માત્ર ભૌતિક કે દૈહિક આકર્ષણ જ હોય. અને કદાચ એ આત્મીય હોય તો પણ કેટલું વ્યાવહારિક છે તે પણ વિચારવું પડે. મારી કેટલીક મુંજવણ છે. કેટલીક જવાબદારી છે. શરતો છે."

"હું મારા બાપુજી અને ભારત છોડવા માંગતી નથી. મારા પુનર્લગ્ન થાય તો પણ હું મારી શેઠ અટક બદલવા માંગતી નથી. તમને તો ખબર છે કે શેઠ અટક મારી નથી. એમારા સદગત પતિની છે. માત્ર એટલું જ નહિ પણ મારા બાળકોની અટક પણ શેઠ જ રહેશે. હું તમારી કે અન્યની અટક નહીં જ સ્વીકારું. મારે મારા જીવનનું ઘડતર કરનાર મારા બાપુજીનો વંશ એ જ રીતે આગળ વધારવો છે. તમે એ પચાવી શકશો? કદાચ તમે એ સ્વીકારો પણ તમારા મમ્મી એ સહી શકશે? એકના એક પુત્રના સંતાનો અડવાણી ને બદલે શેઠ કહેવાય એ માનસિક રીતે સહન કરવાનું સહેલું નથી. આગળ વધતાં પહેલાં ખૂબ વિચારી જોજો."

આદિત્ય સ્તબ્ધ બની શ્વેતાને સાંભળતો રહ્યો. મને મંજુર છે પણ મારા મમ્મી....?

પ્રકરણ ૨૩

"બેટી બેસ આપણે થોડી વાતો કરીએ. મારે કંઈક કહેવું છે. કઈક જાણવું છે."

નિકુળ અને આદિત્ય મેડિકલ સર્જીકલ સેન્ટર પર સવારથી ગયા હતા. આવતી કાલે નિકુળની સર્જરી હતી. નિકુળ આજે રાતથી જ એડમિટ થઈ જવાનો હતો. મોના પણ કોઈ રિસર્ચ લેબમાં ગઈ હતી. આદિત્યના મમ્મી અને શ્વેતા ઘરમાં એકલાં જ હતાં. શ્વેતાને પણ મન મુકીને વાતો કરવી હતી.

“પહેલાતો હું મારી વાત કરું. આજે તો મારી ઓળખ મામ, મમ્મી, આન્ટી, માસી, બહેન કે મિઝ.અડવાણી તરીકે જ થાય છે. કોઈવાર મારું સાચુ નામ પણ ભુલાઈ જાય છે. મારું નામ સોનાલી. સોનાલી અડવાણી. અમે કરાચીના હિન્દુ સિંધી. હિંદુસ્તાન પાકિસ્તાનની આઝાદી સમયે ભાગલા થયા ત્યારે મારી ઊમ્મર માત્ર બે મહિનાની હતી. તોફાન, ખુનામર્કી, લૂંટ, અને આગમાં કરાચીના હજારો લોકો હોમાઈ ગયાં. મારા માંબાપની કરપીણ હત્યા થઈ. હું ઘોડિયામાં રહી ગઈ.”

“બીજે દિવસે અમારા પાડોસી લાલાચંદ કે જેઓ સંતાઈ ગયા હતા તે અમારા ઘરમાં તપાસ કરવા આવ્યા. મને ઘોડિયામાં રડતી જોઈ. મને એમને ઘેર લઈ ગયા. હિજરત શરુ થઈ. અમે અમદાવાદ આવ્યા. પાલક વૃદ્ધ બાપુએ અને બાએ મને દીકરીની જેમ ઉછેરી. મેટ્રીક સુધી ભણાવી. સંગીતની પરીક્ષાઓ આપી. તે જ અરસામાં મારા પાલક માતાપિતા દેવલોક પામ્યા.”

“મારા દુરના કાકા ચંડિગઢમાં રહેતા હતા. એમને ખબર પડતા એઓ મને ચંડિગઢ લઈ ગયા. નર્સિગનો કોર્સ શરૂ કર્યો. પુરો થાય તે પહેલા બોમ્બે આવવાનું થયું. બોમ્બેમાં એક ડૉકટરને ત્યાં સેક્રેટરીની નોકરી મળી. આ ઉપરાંત સંગીતે પણ મને થોડો આર્થિક સહારો આપ્યો. શંકર જયકિશનના ઓર્કેસ્ટ્રામાં બેત્રણ વાર સિતારવાદક તરીકે પણ તક મળી, પણ ઝાઝો અવકાશ ન હતો. મારી જીંદગી

એકલવાઈ હતી. એક સારો મિત્ર મળી ગયો. એણે મને નવી સિતાર અને આદિત્યની ભેટ આપી. હું અમદાવાદમાં સ્થાયી થઈ. સંગીત શિક્ષીકા તરીકે નોકરી કરી. આદિત્ય એના પિતાની જેમ હોંશિયાર નિવડ્યો. સ્કોલરશીપ, જાત મહેનત અને રાજુભાઈ જેવા મિત્રની મદદથી ભણ્યો અને સફળ ડોકટર બન્યો.”

“આદિએ મને તારી કેટલીક શરતોની વાત કરી. હવે મારે તારી થોડી વાત સમજવી છે.”

સોનાલીબેન ફ્રિઝમાંથી બે ગ્લાસમાં પાઈનેપલ જ્યુસ લઈ આવ્યા. એક ગ્લાસ શ્વેતાને આપતા પુછ્યું "દીકરી તારા બાપુજીનો શું વ્યવસાય છે?"

"બાપુજી રાજુભાઈના પિતાશ્રી સાથે ફાઈનાન્સ બિઝનેસમાં જોડાયલા છે?"

"તારા વડિલનું નામ શું, બેટી?"

"સુંદરલાલ શેઠ."

મમ્મીની આંખ અને મોં આશ્ચર્યાઘાતથી અનાયાસે પહોળા થઈ ગયા. આઘાતમાંથી બહાર આવી શ્વેતાને પુછ્યું "તેં શું નામ કહ્યું બેટી? ...મને બરાબર સમજાયું નહિ."

"મારા બાપુજીનું નામ સુંદરલાલ શેઠ."

મમ્મીએ સ્વસ્થતા કેળવી સધન તપાસ શરૂ કરી. "અને બેટી તારા બાનું નામ?"

"સુવર્ણાબેન."

“એમનું સરસ નામ છે. તારા બીજા કોઈ ભાઈ બહેન?”

"હા મને એક મોટાભાઈ છે. એમનું નામ યોગેશભાઈ છે. એઓ પણ બાપુજી સાથે જ બિઝનેસમાં છે. હું પણ એમા પાર્ટનર છું. મોટી જવાબદારી છે. બા થોડા સમય પહેલા જ દેવલોક પામ્યા. ભાઈ ભાભી એમના સંસારમાં સુખી છે. બાપુજી

એકલા પડી ન જાય એટલા માટે જ મેં મારી કેટલીક ઈચ્છાઓ આદિત્ય સમક્ષ વ્યક્ત કરી છે. મને આપના આશિષ મળશે એમ હું માનું છું"

મમ્મીના પ્રશ્નોથી અકળાયલી શ્વેતાએ અસત્ય બોલ્યા વગર પોતાની રીતે હકીકતની રજુઆત કરી.

મમ્મી આંખ વીંચીને શાંતીથી સાંભળતા રહ્યાં.

થોડા સમય માટે મૌન પથરાઈ ગયું. શ્વેતાની નજર નીચી હતી. તેના ધ્યાનમાં ન આવ્યું કે સોનાલીમમ્મીની બંધ આંખોના ખૂણામાં હિરાકણી જેવા અશ્રુબિંદુ ચળકતાં હતાં. એણે શ્વેતાને પોતાની બાથમાં લઈ લીધી.

"મારા આશિષ જીવનભર તારી સાથે જ રહેશે. બેટી હું તારે માટે મારા આદિત્ય કરતાં પણ વધારે સારો છોકરો મેળવી આપીશ. મને લાગે છે કે આદિ પણ અમેરિકા છોડવા માટે તૈયાર ન હોય. સુવર્ણાબેન નથી તો હું તારુ કન્યાદાન કરીશ."

વ્યાપાર જગતમાં ઘડાયલી શ્વેતાને વિવેક પૂર્વકનો નકાર સમજાયો. આ ડિપ્લોમેટિક નેગેટિવ એન્સર હતો.

સોનાલી મમ્મી અને શ્વેતાએ સાથે લંચ લીધું. મમ્મી અસ્વસ્થ હતાં. શ્વેતાને ગળે ડૂચા બાજતા હતાં. લંચ પછી સોનાલી એના બેઝમેન્ટમાના મ્યુઝિક રૂમમાં ગયા. શ્વેતા એને ફાળવેલા બેડરૂમમાં ગઈ.

સોનાલી વિચારતા હતાં. બંધ રહેલા માનસ પુસ્તકના એક એક પૃષ્ઠ ધીમે ધીમે ખુલતાં હતાં. સુસુપ્ત ભુતકાળ જાગૃત થતો હતો.

સોનાલી બહેન અંધેરીની એક ચાલીમાં રહેતા હતા. એના પાડોસી સુંદરલાલ અને સુવર્ણાબેન હતા. ખુબ પ્રેમાળ દંપતિ હતું. સુંદરલાલ કદાચ સોનાલી કરતાં નાના હશે. એકવાર સુવર્ણાબેનને ખુબ તાવ આવ્યો. સોનાલી એને પોતે નોકરી કરતા હતા તે ડૉકટર જમશેદજી પાસે લઈ ગયા. યોગ્ય સમયે યોગ્ય સારવાર મળી. જમશેદજી એમના ફેમિલી ડૉકટર થઈ ગયા. સુવર્ણાબેનનો રોગ ગયો અને એને

સરસ બેનપણી મળ્યા. એમની સાથે સુંદરલાલ પણ સ્નેહિ બની ગયા. રોજ રાત્રે સોનાલી જુદા જુદા રાગો વગાડતા. સુંદરલાલ અને સુવર્ણાબેન શ્રોતા બનતા.

એકવાર સિતાર લઈ ચોથે માળેથી ઉતરતા સોનાલીનો પગ સરક્યો. સિતાર નીચે પડી. સમારી ન શકાય એ રીતે તૂટી ગઈ. સુવર્ણાબેને જ સુંદરલાલને કહીને સોનાલીને નવી સિતાર ભેટ આપી.

એણે સાંભળ્યું કે સુવર્ણાબેન પિયર ગયા છે. પછી સમાચાર મળ્યા કે સુવર્ણાબેન પ્રેગનન્ટ છે. ડિલીવરી પછી જ મુંબઈ આવશે. સોનાલીએ વહેલા ઊઠી સુંદરલાલ અને ગણપતકાકા માટે પણ ટિફીન કરવા માંડ્યું. સામાન્ય રીતે સુવર્ણાબેનની ગેરહાજરીમાં ગણપતકાકા રસોઈ બનાવતા. સોનાલીબેને પોતાના માથા પર એ જવાબદારી લઈ લીધી. ડોકટરની ઓફિસ અને સુંદરલાલના બોસની ઓફિસ નજીકમાં જ હતી. કોઈ કોઈવાર જવાનું કે આવવાનું સાથે થઈ જતું.

એવો જ એક દિવસ હતો. એકદમ વરસાદ તૂટી પડ્યો. સુંદરલાલ એક દુકાનના શેડ નીચે ઊભા રહી ગયા. એમની પાસે છત્રી ન હતી. એટલામાં સોનાલી નાની લેડિસ છત્રી લઈને પસાર થયા. એમણે સુંદરલાલને પલળતા જોયા. "ચાલો છત્રીમાં આવી જાવ." સુંદરલાલ ગયા તો ખરા પણ નાની લેડિસ છત્રી. બન્ને પુરા પલળતા ઘેર આવ્યા. સુંદરલાલ સીધા સોનાલીના રૂમમાં જ ગયા. સોનાલીના ભીના યુસ્ત યૌવને લક્ષ્મણ રેખા ઓળંગી. સોનાલીએ કોઈ પ્રતિકાર ન કર્યો. સોનાલીની કુદરત સહજ શારીરિક ભુખ સંતાન ભુખમાં પરિવર્તન થઈ. બન્ને શરીર એક થતા રહ્યા. એક નાના બીજે સોનાલીના ગર્ભમાં આકાર ધારણ કરવા માડ્યો. સોનાલી ખુશ હતી.

સુંદરલાલને આનંદના સમાચાર આપવાની હતી. એને કોઈ ફરિયાદ ન્હોતી. સુંદરલાલ પાસે કોઈ અપેક્ષા નહતી. એની બદનામી થાય એ રીતની જાહેરાત કરવાનો હેતુ પણ્ ન હતો માત્ર એને આનંદના સમાચાર જ આપવા હતા. પણ એજ દિવસે ગણપતકાકાએ કહ્યું "બેન, તમે બન્ને યુવાન છો. વધુ પડતું સાનિધ્ય શેઠજીના

સુખી સંસારમાં હોળી પ્રગટાવશે. ચાલીમાં પણ ચડભડ ચાલે છે. આજથી અમારે માટે હુ જ રસોઈ બનાવી દઈશ. બેન તું જે ન જોઈ શકે તે હું જોઈ રહ્યો છું."

તેજીને ટકોરો. બીજે જ દિવસે નિર્ણય લેવાઈ ગયો. નોકરીમાંથી રાજીનામું આપ્યું. સુંદરલાલની ગેરહાજરીમાં ગણપતકાકાને વાત કરી. "કાકા મારે અચાનક ચંડિગઢ જવાનું થયુ છે. પાછી આવીશ કે કેમ તે ખબર નથી. સુંદરલાલને અને સુવર્ણાને મારા વ્હાલ કહેજો. બસ સોનાલી ચંડિગઢને બદલે અમદાવાદ આવી ગઈ. આદિત્યને એકલે હાથે ઉચેર્યો.

જો શ્વેતા સુંદરલાલ અને સુવર્ણાબેનની પુત્રી હોય તો ભાઈ બહેનના લગ્ન શી રીતે થવા દેવાય? મોટો અનર્થ થઈ જાય.... ના એ ન થવા દઉં.

શ્વેતાનું હૈયું વલોવાતું હતું . ઓસિકું તરબોળ થઈ ચુક્યું હતું. અશ્રુ ખૂટી પડ્યા હતા. ભાગ્યમાં સુખદ લગ્નયોગ નહોતો? બીજા સર્વ સુખ સાંપડ્યા હતા. માતા પિતાની ખોટ ભાઈભાભીએ પુરી હતી. શેઠજીએ વિદ્યાદાન આપ્યું એટલું જ નહિ પણ કરોડોની વારસદાર બનાવી હતી. જેની સાથે તન મન અને હૃદય એકાકાર કરી શકાય એવા જીવનસાથીની ખોટ હતી. આદિત્યને જોતા પહેલી નજરે જ હાર્દિક સંવેદન જાગ્યા હતા. આદિત્યે પણ એજ અનુભવ્યું હતું. મોનાએ કેટલા ભાવથી આદિત્યની લાગણીની રજુઆત કરી હતી! પોતે મુકેલી શરતોમાં બાંધછોડતો થઈ શકતે પણ એની મમ્મીએ તો સભ્ય ભાષામાં નકાર કરી દીધો.

હવે અહિ રહેવાનો પણ શું અર્થ!

અરે! લગ્નની પણ શું જરૂરીયાત? લગ્નવગર પણ લગ્ના સુખ કયાં નથી માણી શકાતા. નજર સામે જ દાખલો છેને? સોનાલીએ લગ્ન વગર શરીરસુખ ભોગવ્યું. એકલે હાથે ગૌરવવંતુ માતૃત્વ નિભાવ્યું હતું. આતો નવો જમાનો છે. મારી સ્વતંત્ર જીંદગી તો જીવી શકીશ. હવે અહિ રહેવાનો અર્થ નથી.

એ વિચારોની સામે બીજા વાસ્તવિક અને વ્યાવહારિક વિચારોએ પડકાર કર્યો. શ્વેતા! સોનાલી તો એકલા હતા. એને આગળ પાછળનો કોઈ પરિવાર ન હતો. એને

કોઈ સામાજીક બંધન ન હતું. શ્વેતા! તું સોનાલી નથી. તું પ્રતિષ્ઠિત કુટુંબની વહુ દીકરી છે. લોકોએ તને શેઠ કુટુંબની વિધવા તરીકેની ઓળખ આપી દીધી છે. નાણાક્ષેત્રમાં તારૂં નામ બોલાય છે. વ્યાપાર જગત તારી દરેક હિલચાલ પર નજર રાખે છે. સમાજ લગ્ન સ્વીકારશે. લગ્ન વગરના સંબંધ નહિ સ્વીકારે. યાદ રાખ તું સોનાલી નથી. તું શ્વેતા શેઠ છે.

બાપુજીને ફોન કરીને હકિકત જણાવી દઈશ. એણે ફોન જોડ્યો.

"બાપુજી! જયશ્રી ક્રિશ્ન. જાગો છો કે મેં ઊધમાંથી ઊઠાડ્યા?"

"ના બેટી જાગું જ છું. અહિ એકલો પડી ગયો છું. ઊધ ઓછી થઈ ગઈ છે. બોલ ત્યાંની શું નવાજુની છે? નિકુળની સર્જરી થઈ ગઈ?"

"ના; આવતી કાલે એની સર્જરી છે. હું એકાદ વીક ફાયડાલિટીમાંથી થોડી માહિતી મેળવીને મુંબઈ આવી રહીશ્."

"કેમ આટલી જલ્દી? રાજુતો કહેતો હતો કે નિકુળની રિકવરી થાય ત્યાં સુધી તું અમેરિકા જ રોકાશે. આવશે ત્યારે ડૉકટરને લઈને જ આવશે."

શ્વેતા ચુપ રહી. "શ્વેતા!.... શ્વેતા!.... આર યુ ઓન લાઈન?.... બેટી, કેન યુ હિયર મી?"

શ્વેતાને સ્વસ્થ થતાં થોડી વાર લાગી.

"હા, બાપુજી હું અહિ જ છું."

"તને ડૉકટર તો ગંમે છે ને?"

"ન ગમવાનો પ્રશ્ન જ નથી."

"તું એને પસંદ છે?"

"એણે જ પ્રપોઝ કર્યું હતું."

"તો તો બહુજ સરસ. આપણે ધામધુમથી લગ્ન ઉજવીશું. આખું મુંબઈ સુવર્ણા ફાઈનાન્સની ડાયરેક્ટરના ભવ્ય લગ્ન જોઈને છક થઈ જશે."

"બાપુજી એ મારા નસીબમાં નથી"

"કેમ દીકરી શું થયું?.... શું પ્રોબલેમ છે?..... તું કેમ નિરાશાજનક વાત કરે છે?

"એની મમ્મીને આ સંબધ પસંદ નથી. હવે મારી ઈચ્છા પણ મરી પરવારી છે. આદિત્ય બાપ વગરનો અને માનો એકનો એક દીકરો છે. એ એની મમ્મીની મરજી વિરૂધ્ધ કાંઈ જ ન કરે."

"દીકરી શ્વેતા એમ નિરાશ થઈને જીંદગી ન જીવાય. હવે તું સુંદરલાલની દીકરી છે. તને ખબર છે કે તારા બાપુજી હંમેશા અશક્યને શક્ય બનાવવાની ચેલેંજ ઉપાડતા આવ્યા છે. જો એ ન માને તો તારે માટે એક એકથી ચડિયાતા સો ડોકટરની લાઈન લગાવી દઈશ."

"શું છે એ બુઢ્ઢી ડોકરીનું નામ.?"

"એની મમ્મીનું નામ મિઝ. સોનાલીબેન અડવાણી."

સુંદરલાલ બેડમાં સૂતા સૂતા વાત કરતા હતા. નામ સાંભળી એકદમ બેઠા થઈ ગયા.

"શ્વેતા! તેં શું નામ કહ્યું? મેં બરાબર સાંભળ્યું નહિ."

"સોનાલી અડવાણી"

બેઠા થયેલા સુંરલાલ ઊભા થઈ ગયા. "બેટી હું થોડી વાર પછી તને કોલ કરું છું"

શ્વેતા બોલે કે વિચારે તે પહેલા ફોન કટ થઈ ગયો.

પ્રકરણ ૨૪

લગભગ વીસ મિનિટ પછી સેલફોન જાગ્યો.

"શ્વેતા, બેટી ધ્યાનથી સાંભળ. મેં નૉવાર્કની ફ્લાઈટ બુક કરાવી છે. પરમ દિવસે હું અમેરિકા આવી પહોંચીશ. આ દરમ્યાન એક કલાક પછી મારા એક ફ્રેન્ડ માઈકલ અને એની વાઈફ સુઝન, તારા ડોકટરને ત્યાં તને લેવા આવશે. માઈક આપણો અમેરિકા ખાતેનો એજન્ટ છે. હસબન્ડ વાઈફ બન્ને આનંદી સ્વભાવના છે. નવા બિઝનેશ કોન્ટ્રાક્ટ અંગે મિટિંગ માટે બે દિવસ જવું પડે એમ છે એમ ડોકટરને ત્યાં જણાવીને એમને ત્યાંથી નીકળી જજે. વધારે ખુલાસો કરવાની જરૂર નથી. ત્યાં ઈસલિન પાસે વુડ એવેન્યુ પર હિલ્ટનમાં મેં રૂમ બુક કરાવવાનું માઈને કહ્યું છે. હું આવું ત્યાંસૂધી એમની સાથે હોટલમાં રહેજે. મારે મારી રીતે એ ડોકટરની મમ્મીને મળવું છે. નજીકમાંજ ઈન્ડિયન બજાર છે. તને ફરવાની મજા આવશે."

બે દિવસ સુઝન તને કંપની આપશે. પછી તો હું આવી રહીશ.

શ્વેતાને એના બાપુજીના શીઘ્રનિર્ણય શક્તિનો પરિચય તો હતો જ. એને સમજાયું નહિ કે એમણે એને ડોકટરના ઘરમાંથી નીકળી જવાનું કેમ કહ્યું! એ જાતે પણ પહેલી ફ્લાઈટથી અહિ આવી રહ્યા છે. એણે પુછ્યું "..પણ બાપુજી તમે એકદમ કેમ દોડાદોડી કરો છો. હું જ ત્યાં આવું છું."

"ના બેટી, મારે એ સોનાલીબેનને મળવું છે. પછી આપણે સાથે ઈન્ડિયા પાછા આવીશું. યુ ટૅઇક કેર. આઈ વિલ સી યુ સુન."

શ્વેતાએ પોતાની વસ્તુઓ સંકેલવા માંડી. બેગ તૈયાર થઈ ગઈ. આદિત્યને ફોન કર્યો પણ તેનો સેલફોન સ્વિચ્ડ ઓફ હતો. તે નીચે બેઝમેન્ટમાં સોનાલીબેનના રૂમમાં ગઈ. સોનાલી બેન સિતાર પર કેદારની ધુન પર જાણીતું ભજન 'દરશન દો ઘનશ્યામ' વગાડતા હતા. આંખોમાંથી ગંગા જમના વહેતી હતી હતી. શ્વેતા એની સામે પલાંઠી વાળી બેસી ગઈ. એ સંગીતના સૂરોમાં ખોવાઈ ગઈ. શ્વેતાને માટે એ હૃદયસ્પર્શી સંગીત હતું. સોનાલીબેન માટે એ જાગૃત થયેલો ભૂતકાળ હતો. ભૂતકાળ

ભસ્મિભૂત ન્હોતો થયો. માત્ર દફનાવાયો હતો. એ દફનાવેલો ભૂતકાળ શ્વેતાએ સજીવ કર્યો હતો. સિતાર દ્વારા એ ભૂતકાળના સુંદરલાલ સાથેના સમાગમની સ્મૃતિઓ' કેદાર રૂપ ધરીને વહેતી હતી. કેદારનો આલાપ અને આ ભજનની ગતના, સુંદરલાલ ચાહક હતા. વારંવાર એકનું એક ભજન સાંભળતા. સુંદરલાલ અને સુવર્ણાબેને આપેલી ભેટ તેની બાહોંમાં હતી. હૈયા સાથે ચંપાયલી હતી. સામે મંત્રમુગ્ધ થઈને સુંદરલાલની દીકરી શ્વેતા, સોનાલીબેનની સામે બેઠી હતી. સોનાલી, શ્વેતાના ચહેરામાં સુવર્ણા અને સુંદરલાલને શોધવાનો નિષ્ફળ પ્રયાસ કરતા હતા. એમણે હળવેથી વાદ્ય નીચે મુક્યું.

'માસી!.... બાપુજીનો ફોન હતો. મારે અમારા એજન્ટ અંકલ માઈક સાથે એક કોન્ટ્રાક્ટ માટે કદાચ આજે રાત્રે શિકાગો જવાનું થશે. ઈમ્પોર્ટેન અને બહુ મોટું ડિલ છે. હમણાં જ થોડીવારમાં માઈક અંકલ આવી પહોંચશે. મેં આદિત્યને ફોન કર્યો હતો પણ એનો ફોન સ્વિચ ઓફ હતો.'

'બેટી! આદિત્યને કહ્યા વગર તો કેમ જવાય? તું અમારાથી અજાણી વ્યક્તિ સાથે જાય તો અમને ચિંતા રહે. તું અને નિકુળ તો રાજુભાઈએ અમને સોંફેલી અમાનત કહેવાય.'

'માસી, તમારો પ્રેમ આ ચિંતા કરાવે છે. પણ ચિંતાનું કારણ નથી. માઈક અમારા એજંટ છે. બાપુજી એમને વર્ષોથી ઓળખે છે. જરા પણ ચિંતા કરવા જેવું નથી. કદાચ બાપુજીને પણ શિકાગો આવવું પડે. ખરેખરતો મારી ઈચ્છા નિકુળની સર્જરી વખતે હાજર રહેવાની હતી પણ બાપુજીનો ફોન આવ્યો એટલે જવું જ પડશે. હું ફોન કરતી રહીશ.'

શ્વેતાને વધુ કહેવું ન પડ્યું. માઈક અંકલનો ફોન આવ્યો. 'વી આર ફાઈવ મિનિટ અવે ફ્રોમ ડોકટર આદિત્યસ રેસિડન્સ. પ્લીઝ ગેટ રેડી.

અને બેઝમેન્ટમાંથી ઉપર આવે તે પહેલાતો ડોરબઝર ગાજ્યું.

માઈકલે બે હાથ જોડી સોનાલીને નમસ્કાર કરી એની ઓળખાણ આપી. "આઈ એમ માઈકલ, એન્ડ ધીસ ઈઝ માઈ વાઈફ સુઝન. આઈ એમ ફ્રેન્ડ એન્ડ એજંટ ઓફ મિ. શેઠ ફોર મેની યર્સ. ટુમોરો, વી હેવ ઇમ્પોરટન્ટ મિટિંગ ટુ એટેઇન ઈન શિકાગો. ટુનાઈટ વી હેવ મિટિંગ વીથ અવર એટર્ની. સુંદર શેઠ સજેસ્ટેડ મી ટુ પીક અપ શ્વેતા મૅડમ. આઈ એપોલોઝાઈસ ફોર શોર્ટ નૉટિસ."

શ્વેતાએ માઈકલને પહેલી વખત જ જોયા હતા પણ સરળતાથી વર્ષોથી ઓળખતી હોય એવું વર્તન રાખ્યું.

સોનાલીબેનને પણ અંદાજ આવ્યો કે સુંદરલાલ હવે અંધેરીની ચાલીમાં રહેતા, શેરબ્રોકરના નોકરિયાત નથી રહ્યા. મોટા બિઝનેશમેન બની ગયા હોવા જોઈએ. કદાચ રાજુભાઈના પિતા કરતાં પણ મોટા. એને સોનાલી કોણ તે પણ કદાચ યાદ નહિ હોય. આમ પણ પુરુષો આવી વાતો યાદ રાખતા નથી. ધનિક થયા પછી પુરુષોના જીવનમાં કેટલીયે સોનાલીઓ આવતી હશે.

શ્વેતા, માઈક અને સુઝન સાથે હિલ્ટન પર આવી પહોંચી. એડજોઈનિંગ બે રૂમ હતા. એક રૂમ શ્વેતાને માટે અને એક રૂમ શેઠજીને માટે બુક કરાવ્યો હતો. શેઠજીના રૂમમાં શેઠજી આવે ત્યાં સુધી માઈક અને સુ રોકાવાના હતા. માઈકે શ્વેતાને કહ્યું. તારો ફોન શેઠજી આવે ત્યાં સુધી સ્વિચ ઓફ કરી દે. એણે શ્વેતાને બીજો ફોન આપ્યો. જરૂર પડે આ ફોન વાપરજે. શ્વેતાએ માઈકના કહેવા પ્રમાણે ફોન બંધ કર્યો.

બાપુજી કેમ દોડીને આવે છે. જેમણે આટલી કાળજી રાખી તે કુટુંબને અંધારામાં રાખીને ચાલ્યા આવવાનું શ્વેતાને યોગ્ય ન લાગ્યું. ન રૂચ્યું. ખોટું જ કહેવાય. શું બાપુજી, આદિત્યના મમ્મીને ઓળખતા હશે?.. બે વચ્ચે કોઈ જૂની અદાવત હશે? નામ સાંભળ્યા પછી જ સોનાલીબેનનું વર્તન બદલાયું હતું. બાપુજીએ પણ આદિત્યને બદલે એનાથી ચડિયાતા સો ડૉકટરની લાઈન લગાવવાનું કહ્યું હતું. શ્વેતાએ મન મનાવ્યુ. હશે, વચમાં માત્ર એક જ દિવસ છેને? બાપુજી આવશે એટલે ખબર પડશે.

હિલટનમાં સેટ થયા પછી માઈક અને સુ સાથે કારમાં ઓક ટ્રી સ્ટ્રીટ પર ચક્કર લગાવ્યું. શ્વેતાને નાનું ઈન્ડિયા ગમ્યું. ભારતના બજારમાં જ ફરતી હોય એવું અનુભવ્યું.

'મેડમ, યુ મસ્ટ બી હંગ્રી. વુડ યુ લાઈક ટુ ગો સમવેર ફોર ડિનર?'

'સ્યોર. આઈ વુડ લવ ટુ. વન મોર રિક્વેસ્ટ. પ્લીઝ કોલ મી ઓન્લી શ્વેતા. નો મોર મેડમ. એન્ડ ઈફ યુ ડોન્ટ માઈન્ડ આઈ વી કોલ યુ માઈકઅંકલ.. આઈ નો, હિયર ઈન અમેરિકા પિપલ સે, અંકલમાઈક. ઈન ઈન્ડિયા વી સે માઈકાંકલ. વોટ યુ પ્રિફર?

'ઓહ માય ચાઈલ્ડ! યુ આર સો સ્વિટ...કોલ મી એનીથીંગ. શેઠજી ઈઝ લકી ટુ હેવ યુ ઈન હીઝ ફેમિલી. આઈ એમ વેરી સોરી યુ લોસ્ટ સુવર્ણામેડમ એન્ડ અક્ષય શેઠ'

'ચાલો અંકલ હવે ફુડની વાત કરીયે. મને ક્યાં લઈ જશો?'

'આ ઓક ટ્રી રોડ પર ઘણી ફાસ્ટફુડ રેસ્ટોરાન્ટસ છે. હું ઈન્ડિયામાં ઘણું રખડ્યો છું. અહિ સ્વાદિષ્ટ વાનગીઓ મળે છે પણ મારી દૃષ્ટિએ અહિ એક પણ જગ્યા એવી નથી કે જેને ફાઈન ડાઈનર કહી શકાય. એનવાયરમેન્ટ, હાઈજીન્સ અને સર્વિસ કોઈ તમારા ગામડાના રેલ્વે સ્ટેશન પરની ચાલુ રેસ્ટોરાન્ટ કરતા ચઢે એમ નથી. આમ છતાં શેઠજી આવે છે ત્યારે ટેસ્ટથી ખાય છે. આતો મારો અંગત અભિપ્રાય છે. અહિ એક સરસ હોટલ છે. રોયલ આલબર્ટ પેલેસ. ફુડની ક્વોલિટી તો તું જ સમજી શકે પણ ફાઈન કુઝિનનુ વાતાવરણ અને સર્વિસ સારી છે એમ કહી શકું..... જવું છે?'

'અંકલ હું તો ઈન્ડિયામાં જન્મી અને ત્યાં જ મોટી થઈ. બધી જ વાતે ટેવાયલી છું. તમને અનુકૂળ આવે ત્યાં જઈશું.'

‘તેમણે આલ્બર્ટ પેલેસમાં ડિનર લીધું. ડિનર પછી પોતપોતાના રૂમમાં જતાં પહેલા હિલ્ટનની લોન્જમાં બેસીને વાતો કરતાં કરતાં શ્વેતાએ માઈક અંકલના બિઝનેશ અનુભવનો સારો જેવો લાભ લીધો. માત્ર બિઝનેશ અંગેની વાત જ થઈ’

બીજે દિવસે સવારે નિકુળની સર્જરી હતી. એણે આદિત્યને ફોન કરવાનો વિચાર કર્યો પણ બાપુજીએ કોઈ ખાસ હેતુથી કોઈનો પણ સંપર્ક સાધવાની ના કહી હતી. આખો દિવસ એણે માઈકઅંકલ અને સુ આન્ટી સાથે વોલ સ્ટ્રીટમાં જુદા જુદા બ્રોકરોને મળવામાં ગાળ્યો. એને ઘણું શિખવા મળ્યું.

બીજી સવારે નૉવાર્ક એરપોર્ટ પર શેઠજીનું પ્લેન લેન્ડ થયું ત્યારે એમને રિસિવ કરવા શ્વેતા, માઈકલ અને સુઝન હાજર હતા. શેઠજીને જોતાં જ શ્વેતા એમને નાની બાળકીની જેમ વળગી પડી. શેઠજીના હૃદય સાથે ચંપાયલી રહી. માઈક અને સુઝન એ ભાવભર્યા મિલનને સાનંદાશ્ચર્યથી નિહાળતા રહ્યા. સસરા અને પુત્રવધૂની આવી લાગણી અને હેત એમના સમાજમાં દુર્લભ હતા.

બધા હિલ્ટન પર પહોંચ્યા. મેનેજરની નજર શેઠજી પર પડી. દોડીને સીધો એમની પાસે આવ્યો.

‘હલ્લો મિ.શેઠ. આઈ ડિડ નોટ નો ધેટ યુ આર કમીંગ ટુ ડે. આઈ વોઝ ઓન વૅકેશન. લેટ મી સી વિચ રૂમ યુ આર બુક્ડ ઈન. ‘

દોડતા જઈને કોમ્પ્યુટરમા એમનું બુકિંગ જોયું. 'ઓહ નો.' એણે થોડો ફેર કર્યો. મિ.શેઠ, મેં તમને તમારા કાયમના જુનિયર સ્યૂટમાં મુક્યા છે.

મેનેજર ગેરસમજ કરે તે પહેલા જ શેઠજીએ ખુલાસો કર્યો. ‘મીટ માય ડોટર શ્વેતા. સી ઈઝ ઓલ્સો વન ઓફ ધ ડિરેકટર ઓફ અવર કોર્પોરેશન.’

‘સર વી હેવ વન, ટુ બેડરૂમ સ્યુટ. યુ વીલ હેવ કન્વીનીયન્સ ફોર સીક્સ પરસન્સ કોન્ફરન્સ ટેબલ. આઈ એમ સ્યોર ઈટ વીલ બી મોર કન્વીનિયન્ટ ફોર યુ.’

‘ધેટ્સ ફાઈન.’

એમની બધી બેગ લકઝરી સ્યુટમાં મુકાઈ ગઈ.

‘શેઠજી હવે અમે રજા લઈશું. અમારા બે ડોગને મારી ડોટરને ત્યાં બેબીસિટીંગમાં મુકી આવ્યા છીએ. અમારે જવું પડશે. કામકાજ હોયતો મને જણાવજો. હું હાજર થઈશ. હું સમજુ છું કે આ તમારી સોસિયલ અને પરસનલ મિટિંગ છે.’

માઈકલ અને સુઝને વિદાય લીધી.

શેઠજીએ રિલેક્ષીંગ બાથ લીધો. ફોન કરી રેન્ટલ કાર મંગાવી લીધી. ઓક ટ્રી રોડ પર લંચ લઈ પાછા હોટલ રૂમ પર આવ્યા.

‘શ્વેતા હવે તારા ડૉકટર ફ્રેન્ડને ફોન કર. પહેલા નિકુળની ખબર પુછજે. તેં એમના ઘરેથી આવ્યા પછી એમનો કોન્ટેક્ટ કર્યો નથી એટલે એ જ તને જણાવશે કે એની માને શું વાંધો છે. તારે ખાસ આતુરતા બતાવવાની જરુર નથી. પછી એને કહેજે કે બાપુજી આવ્યા છે. તમને બધાને મળવાની ઈચ્છા છે.’

શ્વેતાએ આદિત્યને ફોન કર્યો.

'હાય આદિત્ય'

'ઓહ શ્વેતા મને જણાવ્યા વગર તું ક્યાં ચાલી ગઈ?'

'મારે અમારા બિઝનેશ અંગે શિકાગો જવું પડ્યુ હતું. એક્ચ્યુઅલી આઈ ટ્રાઈડ ટુ કોલ યુ, બટ યોર ફોન વોઝ સ્વિચ્ડ ઓફ્.'

'આદિત્ય! નિકુળને કેમ છે? મારે એની સાથે વાત કરવી છે.'

'નિકુળ ઈઝ ફાઈન. પણ તું અત્યારે ક્યાં છે? ઘરે કેમ ન આવી? મમ્મી પણ ખુબ રાહ જુએ છે અને ચિંતા કરે છે. તું અને નિકુળ મારી જવાબદારી છે. મને કહે કે તું ક્યાં છે? હું હમણા જ આવીને તને લઈ જાઉં. યુ હેવ નો આઈડિયા વોટ આઈ એમ ગોઈંગ થ્રુ! મને તારી બધી જ કંડિશન મંજુર છે. યુ આર માઈ ફર્સ્ટ એન્ડ લાસ્ટ લવ.

'પ્લીઝ ટેલ મી વ્હેર આર યુ? હું મમ્મીને તારી શરતો માટે સમજાવી દઈશ, એ એના દીકરાના સુખને માટે તારી બધી શરતો માન્ય રાખશે.'

"આદિત્ય!..... ડિયર કામ ડાઉન.... હું અહિ વુડબ્રીજ હિલટનમાં મારા બાપુજી સાથે છું. બાપુજી પણ શિકાગો આવ્યા હતા. ત્યાંથી આજે સવારે જ અમે ન્યુજર્સી આવ્યા. થોડું ન્યુયોર્કમાં કામ છે તે પતાવીને અમે બે-ત્રણ દિવસમાં બોમ્બે પહોંચી જઈશુ.'

'હું મમ્મીને લઈને હિલ્ટન પર આવું છું.'

'આદિત્ય!... એક બીજી વાત સમજી લે. મમ્મીને મનદુખ થાય એવા તારા કોઈપણ નિર્ણયમાં મારા સાથની આશા ન રાખતો. મારે લીધે મમ્મીએ આપેલા ત્યાગ અને ભોગનું અવમુલ્યાંકન થાય એવું હું ઈચ્છતી નથી. તમે અહિ આવશો તે બાપુજીને પણ ગમશે. આપણે મિત્ર તરીકે મળીશું અને સંજોગો પ્રમાણે સસ્નેહ છૂટા પડીશું. ઈવનિંગ ડિનર ઈઝ ઓન અસ. જો શક્ય હોય તો મોના અને મોહિતને પણ લઈ આવજે. શું નિકુળ આવી શકશે?'

'ના, નિકુળ હમણા રિકવરીમાં છે. સ્પેસિયલ કેરમાં છે. આપણે મળીયે પછી તમને એની પાસે લઈ જઈશ. મારે બાપુજીના ચરણ સ્પર્શ કરી તેમના આશિષ લેવા છે. રાજુભાઈએ એમની ઘણી વાતો કરી છે. મને ખાત્રી છે કે એમના આશીર્વાદથી આપણી મનોકામના પૂર્ણ થશે. હુ હમણા જ મમ્મીને અને નિકુળને જાણ કરું છું. નિકુળની સાથે એના સેલ પર વાત કરવામાં વાંધો નથી. લિસા એની સાથે જ છે.'

ફોન બંધ થયો. આદિત્ય ઉત્તેજીત થઈને મોટેથી બોલતો હતો અને શ્વેતાના સેલફોનનુ વોલ્યુમ હાઈ હતું. પાસે બેઠેલા સુંદરલાલ બધી વાતો સાંભળતા હતા. એ આદિત્યની ઉત્કટ પ્રેમની લાગણી સમજી શક્યા. એમણે શ્વેતાને કહ્યું 'બેટી, સુખી લગ્ન જીવન માટે તું તેને ચાહે તેના કરતાં તે તને ચાહે એ વધારે અગત્યનું છે.'

'બાપુજી, આદિત્યના પ્રેમને સમજી શકું છું. બાની હયાતીબાદ તમો તમારું જીવન નોકર ચાકરને હવાલે કરો તે મને મંજુર નથી. બીજું તમે મને વહુ કે દીકરી

તરીકે મને શેઠની અટક અને ઓળખ આપી છે તે જાળવવાની મારી નૈતિક ફરજ છે. મારા ભાવી સંતાનોમાં ભલે શેઠ પરિવારનું લોહી નહિ હોય પણ તેઓ સંસ્કાર અને શેઠ અટક પેઢી દર પેઢી ચાલુ રાખે એટલું તો હું જરૂર ઈચ્છું છું. એક ક્ષણે મને બાંધછોડ કરવાનો વિચાર આવ્યો હતો. પણ તમારા આવ્યા પછી મન મક્કમ થઈ ગયું છે. આદિત્યની અટક પણ તેના મમ્મીની જ છેને હવે મને નથી લાગતું કે આ સંબંધ શક્ય બને. આદિત્યની મમ્મીને એનો દીકરો કોઈ વિધવાને પરણે એનો વાંધો હશે.!'

'બેટી, જીવનમાં આપણું ધારેલું બધું થવું જ જોઈએ એ વ્યવહારમાં બનતું નથી. હું પોતે માનતો હતો કે સુંદરલાલ શેઠને માટે કશું અશક્ય નથી. પણ કુદરતે મને એક ક્ષણમાં સમજાવી દીધું કે સુંદરલાલ તું જે છે, તું જે પામ્યો છે એ તારા ભાગ્યમાં હતું એટલે પામ્યો છે. તારા પ્રારબ્ધે જ તને પુરુષાર્થ તરફ દોર્યો છે. સંતાન સુખ કદાચ મારા ભાગ્યમાં જ નહોય.'

'અક્ષયને પોતાનો કર્યો. એને માટે મેં તારું બલિદાન લઈ લીધું. સુવર્ણાને ગુમાવી. માત્ર મારા નામનો વંશવેલો વધારવા તારુ બીજી વારનું બલિદાન નથી લેવું. બેટી! દીકરીએ તો પતિ અને સાસરામાં જ એકાકાર થવું પડે. હું દીકરીના બાપ તરીકે સોનાલીબેનને પગે લાગીને તારા સ્વીકાર માટે ભીખ માંગીશ. તું પણ બધી શરતો છોડીને આદિત્યની સાથે જોડાઈ જા.'

'ના બાપુજી ના. તમારે એવું કશું જ કરવાનું નથી. મારા સમ છે તમને. તમારે આદિત્યના મમ્મીને વિનંતી કરવાની જરૂર નથી. તમે રસ્તા પર ચાલતા સામાન્ય માનવી નથી. તમે સુંદરલાલ શેઠ છો. તમે તો ઘણાના ભાગ્ય ઘડ્યા છે. કેટલાય માટે તમે પ્રેરણા મુર્તી બન્યા છો.'

સુંદરલાલ મનમાં વિચારતા હતા કે એજ સોનાલી આદિત્ય હોય તો કશું જ કરવું ન પડે. એ કેમ અને ક્યાં અચાનક અદૃશ્ય થઈ ગઈ. જાણવા માટેતો અમેરિકા સુધી દોડ્યો છું. ગમે તે સોનાલી હોય. મારી શ્વેતાને સુખી કરવા જે કરવું પડે તે કરી છૂટીશ. એણે વિષય બદલ્યો.

‘આ બધી વાતમાં એક કોન્ટ્રાક્ટની વાત કરવાની રહી ગઈ. સાચે જ, વેસ્ટ પારલામાં અમેરિકન કંપની સાથે એક ફાઈવ સ્ટાર હોટેલ નું ડિલ કર્યું છે. આપણા ચાલીસ એમના સાંઠ. તું નિકુળને ફોન કર. શિકાગોમાં ડિલ કર્યું એમ જણાવીશું.’

શ્વેતાએ નિકુળને ફોન જોડ્યો.

'હાય બડી. કેમ છે?

'બહુ લાંબા સમયે મારી યાદ આવી. જ્યારે મને હુંફ અને માનસિક સહારાની જરૂર હતી ત્યારે જ જણાવવાની કરટસી યે દાખવ્યા વગર ગુમ થઈ ગઈ. દુનિયાના કોઈ પણ ખુણા પરથીયે ફોન કરી શકાત. પણ હવે હું ક્યાં નિકુળ છું? હવે આ દુનિયામાં મારું કોણ? એક સજાતિય મિત્ર લિસા કાળજી રાખે છે. એ પણ કદાચ એની જોબની ફરજ તરીકે જ હશે. આદિત્યની સામે હું હતો પણ તેનું રટણ તો તારા નામનું જ હતું.'

શ્વેતા એની આક્રોશ વેદના સાંભળતી હતી. આંશિક સત્યતો હતું જ.

‘માય ફ્રેન્ડ આઈ હેડ ટુ ગો. ઈવન બાપુજી કેઇમ ફ્રોમ બોમ્બે. નાવ વી આર બેક ઇન ન્યુ જર્સી. આજે સાંજે બાપુજી સાથે તને મળવા આવીશું.’

‘શેઠજી પણ છે?’

‘હા.’

‘આઈ કાન્ટ ફેઇસ હીમ.’

શેઠજીએ ફોન લીધો.

‘દીકરા કેમ છે હવે?’

‘સારું છે. આપ ક્યારે આવ્યા?’

‘હું તો એક હોટેલના ડિલ માટે શિકાગો આવ્યો હતો. પછી થયું કે નિકુળને જોતો જાઉં. શ્વેતા સાથે અહિ આવી ગયો છું. હું સાંજે તને મળવા આવીશ ત્યારે હોટલના ડિલની વાત કરીશ.’

‘અંકલ હવે મારું ભવિષ્ય શું?’

‘દીકરા, હું બેઠો છું ને! તું પહેલા ઓલરાઈટ તો થઈ જા. હું આવીશ ત્યારે આપણે ઘણી વાતો કરીશું હમણા તું આરામ કર.’

બરાબર ચારને ટકોરે આદિત્ય અને સોનાલી શેઠજીની રૂમ પર આવી પહોંચ્યા. શ્વેતાએ જ ડોર ખોલ્યું. સુંદરલાલને તો હગ કરવાનો ઉમળકો થઈ આવ્યો, પણ સોનાલીએ બે હાથ જોડી નમસ્કાર કર્યા.

હા એ જ સુંદરલાલ હતા અને એ જ સોનાલી હતા. પણ સોનાલી તદ્દન અજાણ્યા હોય એમ વર્તતા હતા. સુંદરલાલે જ શરૂઆત કરી.

‘સોનાલીજી મને એવું લાગે છે કે મેં તમને ક્યાંક જોયા છે.’

‘હા શેઠજી. મને બરાબર યાદ છે કે તમે તમારા પત્ની સાથે ડોકટર જમશેદજીને ત્યાં આવતા હતા. મેં થોડો સમય એમની સેક્રેટરી તરીકે કામ કર્યું હતું. આ મારો દીકરો આદિત્ય છે. આદિત્યએ વાંકા વળી સુંદરલાલના ચરણ સ્પર્શ કર્યા. સોનાલીની આંખના ખૂણા પર બે હિરાકણી ચળકી અને નેપકિન વડે નૂછઈ ગઈ.

‘શેઠજી મારે આપની સાથે થોડી અંગત વાતો કરવી છે. જો આપને વાંધો ન હોયતો શ્વેતા અને આદિત્ય જરા બહાર ફરી આવશે.’

સુંદરલાલે કહ્યું મને પણ જરૂરી લાગે છે કે છોકરાંઓના ભવિષ્યમાટે વડીલો વાત કરી લે એ અગત્યનું છે.

આદિત્યે શ્વેતાને કહ્યું 'ચાલો શ્વેતાજી આપણે ઓક ટ્રી પર જઈ આવીએ. મને તો ખુબ ભુખ લાગી છે. શ્વેતાને બદલે શ્વેતાજીનું સંબોધન, શ્વેતાને ખૂચ્યું. બન્ને બહાર નીકળી ગયા.

પ્રકરણ ૨૫

સુંદરલાલ અને સોનાલીને ઘણી ઘણી વાતો કરવી હતી. બન્ને વર્તમાન ભુલીને ભૂતકાળમાં ભ્રમણ કરતા હતા. શેઠજીના મગજમાં વર્ષાભીનું ચુસ્ત યૌવન અને થોડી રાત્રીઓનો સહવાસ સળવળતો હતો. સોનાલીના માનસપટ પર માતૃત્વના અંકુર ફૂટ્યા તેની સ્મૃતિ જાગૃત થતી હતી. સુંદરલાલને આનંદના સમાચાર આપવાની વેળાએ જ ગણપતકાકાએ કુટુંબ અને સામાજીક વાસ્તવિકતાનો પાઠ ભણાવી દીધો હતો. સોનાલી છેલ્લી ઘડી સુધી સુંદરલાલને તેમના પિતૃત્વનો પદાફર્સ કરવો કે નહિ તેની દ્વિધામાં હતા. ....

છેવટે સોનાલીએ જ શરૂઆત કરી.

'શેઠજી આપની શ્વેતા ખુબ જ સુંદર છે. સુંદરલાલની દીકરી સુંદર જ હોય.'

સુંદરલાલ સમજી ગયા કે હજુ ડિપ્લોમેટિક સ્ટેઇજ પર જ વાત થાય છે.

એમણે પણ એવો જ જવાબ આપ્યો. ‘તમારો આદિત્ય પણ ઓછો હેન્ડસમ નથી. અમારી શ્વેતા બિઝનેશમાં ઘડાયલી છે અને આદિત્ય એના ક્ષેત્રમાં પારંગત છે.’

‘એતો બાપ જેવા બેટા અને વડ તેવા ટેટા. બરાબર તમારા પર જ પડ્યો છેને!.....

સુંદરલાલનું મોં અને આંખ પહોળા થઈ ગયા. થોડી ક્ષણો માટે જાણે પૃથ્વીએ એનું પરિભ્રમણ અટકાવી દીધું. એકદમ ચેરમાંથી ઊભા થઈ તેઓ સોફા પર સોનાલીની બાજુમાં બેસી ગયા. સોનાલીનો હાથ તેમના હાથમાં લઈ લીધો. તુંકારાની આત્મીયતા આવી ગઈ.

‘મને લાગે છે કે મારા કાન અને બુદ્ધિએ કામ કરવાનું બંધ કરી દીધું છે. સોનાલી, પ્લીઝ મને ફરી સંભળાવ અને સમજાવ કે તેં શું કહ્યું.’

સોનાલીનો ચહેરો સ્વસ્થ સ્મિત રેલાવતો હતો. ‘હું જો એમ કહું કે આદિત્યનું હૃદય, તમારું જ રક્ત એના એના શરીરમાં પરિભ્રમણ કરાવે છે તો તમે શું સમજશો?’

‘સોનાલી...શું આદિત્ય મારો દીકરો છે?..... આટલા વર્ષ હું મારા સંતાન વગર તડપતો રહ્યો. તેં એકલે હાથે મારા દીકરાને ઉછેર્યો. તું એકાએક મુંબઈ છોડીને ક્યાં અને કેમ ચાલી ગઈ. બે વખત બિઝનેશને બહાને ચંડિગઢ આવી ગયો, પણ તારો પત્તો ન લાગ્યો.’

‘હું ગણપતકાકાની સલાહ અનુસાર તમારા સુખી સંસારને સાચવવા મુંબઈ છોડી અમદાવાદમાં સ્થાયી થઈ હતી.’

‘બધી વાતો પછી.’

‘શ્વેતાએ મને કહ્યું હતું કે એને એક મોટો ભાઈ પણ છે અને તમારી સાથે બિઝનેશમાં જ છે. સુવર્ણા ખરેખર નશીબદાર હતી કે એના ખોળામાં એક છોકરો અને એક છોકરી રમાડ્યા.’

‘પુત્ર પુત્રી બન્નેએ ધંધામાં કુશળતા મેળવી. શ્વેતા જો આદિત્યની બહેન ન હોત તો શ્વેતાને અપનાવીને અમે ધન્ય થઈ ગયા હોત. આજ સુધીમાં મેં આદિત્યને એણે જે જે માંગ્યું તે બધું જ આપ્યું છે. ભાઈ બેન કેવી રીતે લગ્ન કરી શકે?’

‘સોનાલી,..મને લાગે છે કે તું સત્યથી અજાણ છે. સુવર્ણાની ગોદ પોતાના બાળક વિહોણી જ રહી હતી.’

‘ ‘પણ સુવર્ણા તો ડિલીવરી માટે પિયર ગઈ હતી.’

‘હા એ ગઈ હતી. તે એક બાળકને લઈને આવી હતી. તે બાળક પોતાનું નહિ પણ એના મામાની છોકરીનું હતું. છોકરી પર બળાત્કાર થયો હતો. નાની બહેનની

અને મોસાળની આબરૂ સચવાય અને પોતાનો ખોળો ભરાય એટલે એણે પોતાની પ્રેગનન્સીની વાત વહેતી મુકી હતી. ખરેખરતો સુવર્ણાને બાળક થવાની શક્યતા જ ન હતી. અમે એ બાળકને અપનાવી લીધો. એનુ નામ અક્ષય રાખ્યું. અક્ષયના મગજમાં અમારા પુત્ર હોવા અંગે શંકાના બી વવાયા. અભ્યાસમાં પાછળ પડતો ગયો. મારી અપેક્ષાઓ વધતી ગઈ. એ જ અરસામાં નાનકડી, સુંદર અને તેજસ્વી શ્વેતા પર મારું મન ઠર્યું. મેં મનોમન શ્વેતામાં મારી પુત્રવધૂ નિહાળી. એને મેં મારી રીતે ઘડવા માંડી. શ્વેતા મારી લોહીની દીકરી નથી, અક્ષય મારા લોહીનો દીકરો ન હતો.'

'શ્વેતા અમારે ત્યાં કામ કરતા યોગેશભાઈની નાની બહેન. યોગેશભાઈ ખુબ જ સજ્જન અને સંસ્કારી વૈષ્ણવ. મે શ્વેતાના લગ્ન અક્ષય સાથે કરાવ્યા. અક્ષયે શ્વેતાને અક્ષતયોની રાખીને આત્મહત્યા કરી. અક્ષયના આઘાતથી તરત જ સુવર્ણાનું જીવન સંકેલાઈ ગયુ. શ્વેતા મારી પુત્રી નથી, એ મારી પુત્રી સમાન પુત્રવધૂ છે. આદિત્ય અને શ્વેતા ભાઈ બહેન નથી. બાકીની વાત અક્ષયનો આ પત્ર કહેશે.'

સુંદરલાલે ધ્રુજતા હાથે અક્ષયે લખેલા પત્રની કોપી સોનાલીને આપી.

સોનાલીએ રડતી આંખે પત્ર વાંચ્યો. હવે કંઈ પૂછવા જેવું રહેતું ન હતું. એણે કહ્યું, 'શેઠજી આપણે શ્વેતાને એની મરજી પુર્વકનું સૌભાગ્ય આપીશું. એ આપણી પુત્રવધૂ જ રહેશે.'

'હવે આપણા સંબંધ અંગે હું થોડી સ્પષ્ટતા કરવા કરવા માંગું છું. આપણો પહેલી વારનો દૈહિક સંબંધ તદ્દન આકસ્મિક હતો. ત્યાર પછી જે થયું તેમાં સુવર્ણાની ગેરહાજરીમા તમારી વાસના યુક્ત શારીરિક ભૂખ હતી. હું પ્રતિકાર કરી શકતે પણ મારી સંતાનની ભૂખ જાગૃત થઈ હતી. મારા સહકાર બદલ મેં કદીયે અપરાધ અનુભવ્યો નથી. તમારું નામ આપ્યા વગર આદિત્યને એની ચૌદ વર્ષની ઉમરે એના જન્મની વાત સમજાવી દીધી હતી. એને એના સર્જક પિતા પ્રત્યે જરાપણ અનાદર નથી; તેમ એના પિતા કોણ એ જાણવાનુ પણ એને જરૂરી નથી લાગ્યું. એ રોજ પ્રાથના કરે છે કે પ્રભુ મારા જન્મદાતા સુખી અને તંદુરસ્ત રહે.'

‘સમગ્ર સમાજ જાણે છે કે શ્વેતા તમારી વિધવા પુત્રવધૂ છે અને હવે જાણશે કે તમે એને દીકરીની જેમ આદિત્ય અડવાણી નામના ડૉકટર સાથે પરણાવી છે. સમાજની નજરે તમે પિતાતુલ્ય રહેશો. પિતા નહિ. અને બીજી ખાસવાત. આજે તમે મારી પાસે બેઠા છો પણ હવેથી જાહેરમાં કે ખાનગીમાં આપણી વચ્ચે એક હાથનું અંતર રહેશે. લાગણીની વ્યક્તતાને અંકુશમાં રાખવી પડશે. આપણા પૂર્વ સંબંધની જાણ કોઈને પણ કરવાની જરૂર નથી. શું તમારાથી આટલું થઈ શકશે?’

સુંદરલાલ સોફા પરથી ઊભા થઈ ગયા. બે હાથ જોડી કહ્યું. ‘અત્યારથી જ તમને સોનાલીને બદલે મારી દીકરીના સાસુ અને મારા માનવંતા વેવાણનું સ્થાન આપું છુ. ઘણા લોકો જમાઈને દીકરા તરીકે જાળવે છે. હું મારા દીકરાને, દીકરા તરીકેનો વણબોલ્યો પ્રેમ આપીશ અને સમાજમાં જમાઈ તરીકેનો માન મરતબો જાળવીશ. તમને તૂકારાથી સંબોધન પણ નહીં કરું. તમને સમજાવવા મારી પાસે શબ્દો નથી. હું શબ્દોનો નહિ પણ આંકડાનો કરોળિયો છું. એટલું કહીશ કે આજે, પહેલા કદીયે ન અનુભવેલા સુખની ચરમ સિમા પર છું. છોકરાંઓને જ્યાં રહેવુ હોય ત્યાં રહેશે. મારા વંશવેલાના નામની ચિંતા નથી. આપણે અને આપણો ભગવાન જાણે જ છે કે અડવાણી નામ હેઠળ પણ સુંદરનું લોહી જ ફેલાશે. આપણે બધા સાથે રહીએ તે મને ગમશે પણ એમાયે મારો દુરાગ્રહ નથી. સુંદરલાલ ગળગળા થઈ ગયા.’

સોનાલીના સેલફોને ગાયત્રીમત્રનો વેદોચ્ચાર કર્યો.

આદિત્યનો ફોન હતો. 'મમ્મી, મોના અને મોહિત પણ આવી ગયા છે. તમારી મહામંત્રણામા ખલેલ ન પડે એટલે નીચે લોન્જમા બાંધી રાખ્યા છે. તમારી આજ્ઞા થશે ત્યારે ઉપર આવીશું.'

'હવે ચાંપલાસ કર્યા વગર સીધો બધાને લઈને ઉપર આવી જા'

...અને આદિત્ય, શ્વેતા, મોના અને મોહિત સુંદરલાલના સ્યૂટમા આવી પહોંચ્યા.

યુ શેઇપમાં ત્રણ સોફા હતા. એક સોફા પર સુંદરલાલ ગંભીર ચહેરે બેઠા હતા. સામેના સોફા પર સોનાલી એવી જ ગંભીર મુદ્રામાં બેઠા હતા. શ્વેતા સુંદરલાલની બાજુમાં બેઠી. આદિત્ય મમ્મીની બાજુમાં ગોઠવાયો. મોના અને મોહિતે વચ્ચેના સોફા પર સ્થાન લીધું. બન્ને વડિલો શાંત અને મૌન હતા. ચારે જુવાનીયાઓ ફફડતા હૈયે વડિલો કંઈક કહે એની રાહ જોતા હતા.

'દીકરા આદિત્ય! માની સાથે ગોળગોળ વાત કરવાનું ક્યાંથી શીખ્યો? શ્વેતા શ્રી સુંદરલાલ શેઠની દીકરી છે તો અક્ષય શ્વેતાનો શું સંબંધી હતો? મને જરા સમજ પાડને બેટા.' ચારે જણા સ્તબ્ધ થઈ ગયા. કોઈ પણ દિવસ મમ્મીએ આદિત્ય સાથે આવી રીતે વાત કરી ન્હોતી. આદિ! કેટલાક સત્યો છુપાવવાનો શું હેતુ હતો? શું તું એમ માનતો હતો કે શ્વેતાને એના વૈધવ્યને કારણે હું નહિ સ્વીકારીશ?

કવીશ્રી નાનાલાલે વર્ષો પહેલા ગાયું હતું-

"દેહલગ્નની વિધવાને, પુનર્લગ્ન સમી મુક્તિ નથી;

સ્નેહલગ્નની વિધવાને, પુનર્લગ્ન સમું પાપ નથી."

' શું હું એટલી જુનવાણી છું? જો જુનવાણી હોત તો તારો જન્મ જ થયો ન હોત. મેં તને મારી બધી જ વાત કરી છે. માત્ર તારા પિતાની ઓળખ મેં તેમના સુખી ગૃહજીવનને સલામત રાખવા માટે જ ન્હોતી કરી. સમય આવશે ત્યારે એ પણ જણાવીશ્. બેટા! મારા હાથમાંની આ વીંટી લે. અમારી હાજરીમાં શ્વેતાને પ્રપોઝ કર. શ્રી.સુંદરલાલ શેઠ આજે માત્ર શ્વેતાના જ નહિ પણ તારા પણ પિતાતુલ્ય છે. તમે બન્ને એમના આશીર્વાદ મેળવો.'

સુંદરલાલ સોનાલીના પ્રભાવશાળી અને જાજરમાન માતૃત્વને મનોમન વંદી રહ્યા હતા. હંમેશનો વાચાળ આદિત્ય બધાની હાજરીમાં પ્રપોઝ કરતી વખતે ગાંગાગૂંગી કરતો થઈ ગયો. માંડમાંડ ચાર શબ્દો બોલી શક્યો 'વિલ યુ મેરી મી?'

શ્વેતા જાણે બાપુજીની મંજુરી માંગતી હોય તેવી અશ્રુભીની નજરે સુંદરલાલ સામે જોયું. સુંદરલાલે આંખોથી આશિર્વાદ આપ્યા. એણે હળવેથી જવાબ આપ્યો 'સોનાલીમમ્મીની પુત્રવધૂ બનતા હું, ગૌરવ અનુભવીશ.'

શ્વેતા અને આદિત્ય સુંદરલાલને અને સોનાલીને પગે લાગ્યા. શ્વેતા સુંદરલાલને વળગીને મોકળે મને રડી પડી. સુંદરલાલે એને ધીમેથી સોનાલી પાસે બસાડી અને આદિત્યને ગાઢ આલિંગન આપ્યું.

મોના એકદમ સોફા પર ચઢી નાના છોકરીની જેમ કુદતા કુદતા તાળી પાડતી હતી. કોન્ગ્રેચ્યુલેશન આદિત્ય. કોન્ગ્રેચ્યુલેશન શ્વેતા. મોહિતે આદિત્ય સાથે હાથ મેળવ્યા અને શ્વેતાને નમસ્કાર કરી અભિનંદન આપ્યા. મોનાનો ઉમળકો થોડો અંકુશમાં આવ્યો. એણે સુંદરલાલની ચરણરજ માથે ચડાવી વંદન કર્યા. શેઠજી આપે મને ઓળખી નહિ. હું મોના મહેતા.

'દીકરી મને લાગે છે કે મેં તને ક્યાંક જોઈ છે પણ મને યાદ નથી આવતું.'

'હું આપના અમદાવાદના બ્રાન્ચ મેનેજર કુંદનલાલ મહેતાની દીકરી.'

‘ઓ..હો..હો. હવે યાદ આવ્યુ. આપણે ચારેક વર્ષ પહેલા મળેલા. તારો અભ્યાસ કેમ ચાલે છે બેટી?’

'આપની કૃપાથી સરસ ચાલે છે. હજુ દોઢ વર્ષ બાકી છે.'

મોનાએ સૌને શેઠજી સાથેનો પોતાનો પરિચય જણાવ્યો. મારા ફાધર લગભગ ચાર વર્ષ પહેલા જ શેઠજીની ફાઈનાન્સ કંપનીમાં જોડાયા હતા. મને MBBS કરવામાં એમની બધી બચત સાફ થઈ ગઈ હતી. મને અમેરિકા આવવાની તક મળતી હતી પણ એમાં સાંઠહજાર ખૂટતા હતા. ખૂબ ખંચકાટ સાથે મને લઈને શેઠજી પાસે લોન માંગવા ગયા. ફાધરની નવી નવી નોકરી હતી. કદાચ લોન ન પણ મળે. પણ શેઠજીએ તો બે લાખનો ચેક લખી આપ્યો. મને કહ્યું કે દીકરી આ લોન નથી. આ મારી તને સ્કોલરશિપ છે. ખુબ ભણજે. વધારે જરૂર હોયતો મને જણાવજે.

શેઠજીની આર્થિક સહાયને કારણે જ હું આજે અમેરિકામાં અભ્યાસ કરી રહી છું. અમદાવાદમા આદિત્ય અને આન્ટી અમારી અમારી સામે જ રહેતા હતા. આદિત્ય મારા ભાઈ જેવો છે. મને ખબર ન્હોતી કે શ્વેતામેડમ આપના ફેમિલી મેમ્બર છે. ઉમર અને આદિત્યની સાથેની નિકટતાને કારણે મારાથી એમની સાથે તુકારાથી વાત થઈ ગઈ છે. આઈ એપોલોઝાઈસ. સોરી આઈ વોઝ ઈગ્નોરન્ટ.

સુંદરલાલ મલકતા હતા. મારે માટે તો તું પણ દીકરી જેવી જ છે. કુંદનલાલની દીકરી એ મારી જ દીકરી. તારી ભાભીને જ પુછ, એને શું પસંદ છે.

મોનાએ શ્વેતા સામે જોયું.

શ્વેતાએ કહ્યું મોટા નણંદબાના અધિકાર પ્રમાણે મને માત્ર શ્વેતા જ કહેવાનું રાખજો. મારે તો તમને વંદન કરવાના છે. ખરેખર શ્વેતા પગે લાગવા માટે વાંકી વળવા જતી હતી પણ મોના તેને ભેટી પડી.

શ્વેતા, આ માતાજીને બહુ વળગવા જેવું નથી. એને તો દુરથી જ નમસ્કાર સારા. આદિત્યએ ટિખળ કરી. મોનાએ વડીલોની હાજરીની પરવા કર્યા વગર આદિત્યનો કાન આમળ્યો.

બસ હવે માતાજી નહિ કહું. હે રૌદ્રરૂપા દેવીજી કૃપા કરી મારો કાન છોડો. મોનાએ જરા વધારે અમળાવીને કાન છોડ્યો. આદિત્યએ હાથ જોડી કહ્યું. 'ક્ષમ્યતામ્ પરમેશ્વરી'. મોહિત જોઈ લેજે અને યાદ રાખજે તારી હાલત પણ આવી જ થવાની છે. બધા હસી પડ્યા.

ચાલો હવે મનેતો કકડીને ભુખ લાગી છે. ક્યાં જઈશું? રોયલ પેલેસમાં કે કોઈ બીજી જગ્યાએ.

ત્યાર પછી નિકુળને જોવા જવાનું છે. આદિત્યએ કહ્યું.

તને ખાવા સિવાય બીજો કાંઈ વિચાર આવે છે ખરો? મોનાએ આદિત્યને ટપોર્યો.

આન્ટી આજે બહારનો પ્રોગ્રામ બંધ. જો તમને વાંધો ન હોયતો આપણે પહેલા ઘેર જઈએ. દીવો કરી આ બન્નેને આપણા ભગવાનને પગે લગાડીયે. પછી બધા, શેઠ સર સાથે નિકુળને મળી આવે. તે દરમ્યાન આપણે બન્ને ફટાફટ રસોઈ બનાવી દઈએ. અમારા ઘરમાં જ્યારે જ્યારે શુભ સમાચાર કે શુભ પ્રસંગ હોય ત્યારે કંસાર રંધાય છે. આજે આપણે કંસાર, પુરી, બટાકાવડા, દાળ, ભાત શાક અને રાયતુ બનાવી દઈશું.

મોના તે સારુ યાદ કરાવ્યુ. સોનાલી બોલ્યા. એમણે શેઠજી તરફ નજર નાંખી પુછ્યું આપને ફાવશેને? મોનાને વ્યાવકારીક વાત પુછોને? મારાથી દીકરીને સાસરે જમી શકાય?

શેઠજી સર, હવેતો અમારા નાગર બ્રાહ્મણો પણ રૂઢીચુસ્ત નથી રહ્યા. ખાસતો આદિત્યએ આપને ફાધર-ઈન-લૉ ને બદલે ફાધર તરીકે જ ગણ્યા છેને? પુત્રને ત્યાં પિતાને જમવામાં શું બાધ હોઈ શકે?

બેટી તું માત્ર મૅડિસીનમાંજ નહિ પણ આપણી સામાજીક બાબતોમાં પણ ખુબ ઘડાયલી લાગે છે. મારે તને એક વાત કહેવાની છે અને એક વાત પૂછવાની છે.

આપને શું કહેવું પૂછવું છે?

પહેલી વાત. મને શેઠજી સર કહેવાને બદલે માત્ર અંકલ કે કાકા જ કહેજે. નાવ વી આર ફેમિલી.

બીજું, વાત પરથી નામ તો જાણ્યુ, પણ તમે કોઈએ મોહિતભાઈની ઓળખાણ ન કરાવી.

ડૉકટર મોહિત મહેતા અમદાવાદના જ છે. એ પિડિયાટ્રિકમાં પોસ્ટ ડોકટરેટ કરે છે. એમના ફાધર ડૉ.ફિરોઝશા મહેતા અમદાવાદના જાણીતા જાણીતા સર્જન છે. મમ્મી બહારબાનુ મૅડિકલ કોલેજમાં મારા પ્રોફેસર હતા. અમે વેવિશાળ કરવાનું નક્કી કર્યું છે. અમારા બન્નેના પેરન્ટ્સે આશીર્વાદ આપ્યા છે. સામાન્ય રીતે પારસીમાં બાહ્ય

લગ્ન થતાં નથી. પણ અમારી બાબતમાં અમે નસીબદાર છીએ. અમારા કુટુંબો સંકુચિત વિચાર વાળા નથી. અમે અમારી જન્મગત સંસ્કૃતિ જાળવીને પરસ્પર સાંસ્કારીક સમભાવ પુર્વક જીવીશું. અમે અગ્નિની સાક્ષીએ જોડાવાનું નક્કી કર્યું છે.

મોહિત ઊભો થયો. 'અંકલ અમને આશિષ આપો.' મોહિત શેઠજીને પગે લાગ્યો.

શેઠજીએ ઊભા થઈને મોહિતને પ્રેમભર્યું આલિંગન આપ્યું. માથે હાથ ફેરવતા કહ્યું 'બેટા ગોડ બ્લેસ યુ એન્ડ મોના, એન્ડ કીપ યુ બોથ હેપી એન્ડ હેલ્થધી ફોર એવર.

આદિત્ય, શ્વેતા, સુંદરલાલ અને સોનાલી એક કારમાં અને મોહિત અને મોના બીજી કારમાં આદિત્યના ઘેર પહોંચ્યા. સોનાલીએ દેવસ્થાન પાસે દિવો કર્યો. ધૂપસળી સળગાવી. ફ્રિઝમાંથી મિઠાઈ કાઢી પ્રસાદ ધરાવ્યો. મોનાએ સ્પષ્ટ અને શુધ્ધ ઉચ્ચારથી વેદોક્ત ભદ્રસુક્ત ભણવા માંડ્યું. સુંદરલાલ અચંબાથી મોનાને જોતા રહ્યા. આ બ્રાહ્મણની છોકરી ડૉકટર થયેલી છે. બ્રાહ્મણના સંસ્કાર સાચવીને પારસીને પરણવાની છે. ધન્ય છે એના માંબાપને. કુંદનલાલ આવી પુત્રી પામવા નસીબદાર છે. સુંદરલાલ મોના અને મોહિતથી ખરેખર પ્રભાવિત થયા હતા.

આદિત્ય અને શ્વેતાએ લાંબા થઈ ભગવાનને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સુંદરલાલ અને સોનાલીને વંદન કર્યા. બન્નેની આંખો સજળ હતી. દુન્યવી દૃષ્ટિએ સુંદરલાલ, માનેલી પુત્રી શ્વેતા અને જમાઈ આદિત્યને આશિષ આપતા હતા. અંતરથી પોતાના પીંડના પુત્ર અને પુત્રવધૂને આશિર્વાદ વરસાવતા હતા. સોનાલીને હૃદયમાં કયા સ્થાને બેસાડવી તે નક્કી કરવું તેમને માટે મુશ્કેલ હતું.

મોનાએ કહ્યું. 'હવે તમે બધા સર્જરી સેન્ટર પર જઈ નિકુળને મળી આવો.'

'મોનાબેન...'

શ્વેતા કંઈ કહેવા જતી હતી પણ મોનાએ એને અધવચ્ચે જ અટકાવી.

'મોના બેન નહિ. માત્ર મોના. યાદ રહેશેને? માત્ર મોના... બોલ શું કહેવું છે?

'હું એમ કહેતી હતી કે ભલે થોડુ મોડુ થાય પંણ આપણે બધા સાથે જ જઈએ. હું પણ રસોઈમાં હેલ્પ કરું અને નિકુળ માટે પણ ડિનર લઈ જઈયે. મારા ઘરમાં તમે કામ કરો અને હું બહાર ફરતી રહું એ યોગ્ય ન કહેવાય.'

મોનાએ બન્ને હાથ કમ્મર પર મુક્યા.... 'મારું ઘર!.... શોખ છેને?..... કાલથી ભાભી સાહેબ, તારે કુકીંગ, ક્લિનીંગ, ડિસીસ, લોન્ડ્રી, ગાર્બેજ, શોપિંગ, બધું જ કરવાનું. તારી સાસુ અને નણંદ હવેથી હિંચકે ઝુલશે.'

આદિત્યએ શ્વેતાના બચાવમાં ઝંપલાવ્યું. શ્વેતા ગભરાતી નહિ. એક નહિ ત્રણ હાઉસકિપર રાખીશું બધા જ હિંચકે ઝુલજો. પણ જલ્દી આજની રસોઈ તો કરો. મારા પેટમાંતો બિલાડા બોલે છે.

બધી રસોઈ થઈ ગઈ. બધા સાથે નિકુળને મળવા નીકળ્યા.

પ્રકરણ ૨૬

નિકુળ એની રૂમમાં સફેદ ગાઉન પહેરીને રિક્લાઈનર પર બેઠો હતો. ટીવી જોતો હતો. લિસા બેઠી બેઠી કોસ્મોપોલીટિનના પાના ઉથલાવતી હતી. શેઠજી સાથે બધા આવી પહોંચ્યા.

‘કેમ છે દીકરા? રાજુએ મને તારી સર્જરીની વાત કરી હતી. કંઈ તકલીફતો નથીને?’

નિકુળ ઊભો થયો. શેઠજી અને સોનાલીને પગે લાગ્યો. કંઈ કહેવા જતો હતો પણ બોલતા પહેલા ડૂસકું મુકાઈ ગયું. રીતસર રડી પડ્યો. શ્વેતા સંકોચ રાખ્યા વગર એને વળગી પડી. માથે હાથ ફેરવતી રહી.

'બડી, બી બ્રેવ. વી હેવ ટુ ડેવલપ મોર કરેજ ધેન ઓર્ડિનરી મેન. વી ઓલ આર વીથ યુ. શ્વેતાએ નિકુળના આંસુ નુછ્યા. અને બધાની હાજરીમાં જ એના ગાલ પર પોતાનો ગાલ લગાવી વહાલનો બુચકારો બોલાવ્યો. લિસાએ નિકુળને પાણી આપ્યું. આદિત્યનું પોતાનું જ સર્જીકલ સેંટર હતું. ફેમિલી માટે કોઈ રિસ્ટ્રિકશન ન હતુ. રૂમ મોટો હતો. બે સોફા અને ચાર પાંચ ચેર હતી. હૉસ્પિટલના સ્પેશિયલ રૂમ કરતાં ય વધુ સગવડ હતી.

શ્વેતાએ ટિફીન કાઢ્યું. પ્લેટમાં પિરસ્યું. આદિત્યએ નિકુળની પ્લેટમાંથી એક બટાકુંવડું લઈ પોતાના મોમાં મુક્યું. મોનાએ એના હાથ પર ટપલી મારી. 'ક્યારે સુધરશે આ ખાઉધર.'

‘મારા પેશન્ટ સાત્વિક ખોરાક લે છે કેમ તે જોવાની મારી ફરજ છે. ચોકસાઈ કરવા જ ચાખ્યુ હતું.’

‘હવેતો મને તમારી ટેવનો ખ્યાલ આવી ગયો છે. હું આ બીજા બોક્ષમાં ઘણાં બટાકા વડા લાવી છું.’ એણે બધાને માટે પેપર પ્લેટમાં બટાકાવડા અને ચટની કાઢ્યા.

'અરે વાહ ક્યા બાત હૈ. માસી હવે તમારા સુપુત્રની સુધરવાની આશા છોડી દેજો. પાંચ વર્ષમાં આદિત્યને બદલે માંટલું ગબડતું હશે એવું લાગશે.'

'તને ક્યાં ખબર નથી કે એ કેટલી એક્સર્સાઈઝ કરી કેલરી બાળે છે.' માતાએ બચાવ કર્યો.

શેઠજી નાનેરાંઓની મસ્તી ભરી લાગણી જોઈ રહ્યા હતા.

લિસાએ યુટીલિટી રૂમમાં જઈ, બધા માટે કોફિ બનાવી.

શેઠજીએ પોતાની ખુરસી નિકુળ પાસે ખેંચી. ‘બેટા આપણા ફાઈનાન્સિયલ બિઝનેશમાં હંમેશા તારું સ્થાન રહેશે જ. તું જરા પણ ચિંતા કરીશ નહિ. અમે બધા તારી સાથે જ છીએ. ઈન્ડિયામાં તારી સર્જરીની વાત કોઈને ખબર નથી. રાજુએ શીવુને, પાર્વતિને કે પ્રાચીને પણ કહ્યું નથી. તારે માટે સરસ પ્લાન ગોઠવીશું. મુંઝાવાની જરા યે જરૂર નથી.’

‘બીજી વાત. પારલામાં એક ફાઈવ સ્ટાર હોટેલનું ડીલ કર્યું છે એ પણ તારે અને શ્વેતાએ સંભાળવાનું છે.’

'અને ત્રીજી સૌથી અગત્યની વાત...' મોનાએ વચ્ચે ઝંપલાવ્યું. 'આ બળદને નાથવા શ્વેતા તૈયાર થઈ છે. વડિલોએ પરમિશન ગ્રાન્ટ કરી છે. 'નિકુળ અને લિસા એક સાથે બોલી ઉઠ્યા 'કોંગ્રેચ્યુલેશન'.

લિસાએ કહ્યું 'મોના, લેસ્ટ એરેન્જ એન્ગેઇજમેન્ટ પાર્ટી ફોર્ મોસ્ટ ડિઝર્વિંગ કપલ.'

મોનાએ કહ્યું ‘વેરી ગુડ આઈડિયા. બટ વ્હેર એન્ડ વ્હેન?’

લિસાએ કહ્યું ‘જો બધાને પરમ દિવસે શનીવારે ફાવતું હોયતો રાખીયે. મિ. શેઠ અને મામને ફાવશે?’

બન્નેની સંમતિ મળી ગઈ. હવે ક્યાં? શેઠજીએ આગ્રહભર્યું સૂચન કર્યું. 'હિલ્ટનમાં જ.' કેટરિંગનું તમે યોગ્ય જગ્યાએ નક્કી કરજો. ગેસ્ટ લિસ્ટ?

આદિત્ય અકળાયો. 'એને માટે આખી રાત બાકી છે. અહિ જ બધી વાતો કરીશું તો ખાઈશું ક્યારે?'

આદિત્યએ લેબકોટ ચઢાવ્યો. જતાં પહેલા નિકીનું ડ્રેસિંગ રિમુવ કરવાનું છે. કાલે સવારે એને રિલિઝ કરીશું. મોના, મોહિત તમે પણ જરા ચેક કરી જુઓ. લિસાએ બે નવા લેબ કોટ એ બન્નેને આપ્યા. ત્રણે ડૉકટરોએ ગ્લોઝ અને માસ્ક ચઢાવી દીધા. ડ્રેપ બંધ થયો. મોહિતનો એ વિષય ન હતો. એ માત્ર ઓબ્ઝરવર હતો. મોના અને આદિત્ય મેડિકલ વાતો કરતા હતા. બહાર બધાને સંભળાતું હતું પણ કોઈને સમજાતું ન હતું. સમજવાની જરૂર પણ ન હતી. સુંદરલાલ પુત્ર આદિત્યને માટે ગૌરવ અનુભવતા હતા.

ડ્રેઇપ ખુલ્યો. 'બધું ખુબ સરસ છે. હવે બીજી કોઈ સર્જરીની જરૂર નથી. હાર્મોન્સ ટ્રિટમેન્ટથી બરાબર થઈ જશે. રાજુભાઈએ નવું નામ સૂચવ્યું છે. આજથી જ એનું નામ નિકિતા બોલવાનું શરૂ કરીશું.

આદિત્ય, મોના, મોહિત અને લિસાએ બાય નિકિતા કહ્યું. શ્વેતાએ કહ્યું યુ વીલબી માય બડી ફોર એવર. બાય બડી. સી યુ ટુમોરો. સોનાલી અને શેઠજીએ માથે હાથ ફેરવી કહ્યું 'આપણે કાલે મળીશું'

ડિનર લેતાં લેતાં બધો પ્લાન ઘડાઈ ગયો. લિસાએ નિકિતાની જવાબદારી લઈ લીધી. સવારે સોનાલી અને આદિત્યએ ગેસ્ટને ફોન કે ઈ-મેઇલથી આમંત્રણ આપવાનું. શેઠજીએ હિલ્ટનમાંનો બેન્ક્વેટ હોલ બુક કરાવવાનું. મોનાએ અને મોહિતે કેટરિંગની વ્યવસ્થા કરવાનું માથે લઈ લીધું.

સુંદરલાલે ગજવામાંથી સેલફોન કાઢયો.

‘બાબુલાલ, બોમ્બે નોવાર્ક બોમ્બેની ફર્સ્ટક્લાસની ફર્સ્ટ અવેલેબલ ફ્લાઈટની ત્રણ ટિકીટ બુક કરાવીને સવારે યોગેશભાઈને પહોંચતી કરો. એઓ શનીવારે બપોર સુધીમાં આવી રહે એમ ગોઠવો.’

‘શેઠજી, સૌકુશળતો છેને? એકદમ શી ઈમરજન્સી આવી પડી? ચિંતા થાય છે.’

‘બાબુલાલ, શુભ સમાચાર છે. આપણી શ્વેતાના વેવિશાળ નક્કી કર્યા છે.’

‘શેઠજી, યોગેશભાઈનું તો થઈ જશે. એ ચાર વર્ષ પહેલા તમારી સાથે અમેરિકા ગયેલા એટલે એમના દશ વર્ષના વિઝા વેલીડ છે. પણ એમના મિસિસ અને સનના વિઝા માટે આશા નથી. ત્રણેક કલાકમાં અમેરિકન વિઝા ન મળે. ખોટી આશા આપતો નથી.’

‘બાબુલાલ, પ્રયત્ન કરો. મની ટોક્સ.’

‘સોરી શેઠજી, ઈટીઝ નોટ ગોઈંગ ટુ વર્ક આઉટ.’

સુંદરલાલે યોગેશભાઈને ફોન જોડ્યો.

‘જયશ્રી કૃષ્ણ યોગેશભાઈ, મેં બાબુલાલને તમારી અમેરિકાની ટિકિટ બુક કરવાનું કહી દીધું છે. આપણી દીકરીનું વેવિશાળ એને મનગમતા યુવાન સાથે નક્કી કર્યું છે. શનીવારે સાંજે પાર્ટી છે. તમારા આશીર્વાદ વગર આગળ ન વધાય. હું શ્વેતાને ફોન આપું છું એ તમને બધી વાત કરશે.’

ફોન પર શ્વેતાએ વિગતવાર ભાઈભાભીને વાત જણાવી. આદિત્ય, સોનાલીબેન અને મોનાનો પરિચય કરાવ્યો.

જ્યારે બધા યોગેશભાઈ સાથે વાત કરતા હતા ત્યારે આદિત્યના ફોન પર શેઠજી એ હિલ્ટનનો બેન્ક્વેટ હોલ બુક કરાવી દીધો.

શ્વેતાની યોગેશભાઈ સાથેની વાત પુરી થઈ. ડિનર પછી આઈસ્ક્રિમ અને કૉફિ લેવાતી હતી. સુંદરલાલના ફોન સંપર્ક ચાલુ હતા. એમણે ગણપતકાકાને

શુભસમાચાર આપી એમના આશિર્વાદ લીધા. પછી એણે રાજુને ફોન કર્યો. સામાન્યરીતે ગંભીર રહેતો રાજુ જાણે આનંદથી ઝુમી રહ્યો. ‘કાકા હું પણ આવું છું. આજે ઘરનો શુભ પ્રસંગ છે. અને તે પણ મારા નાના ભાઈ જેવા આદિત્ય સાથે. જાણે સોનામાં સુગંધ ભળી. મારે તમારી સાથે ઘણી વાતો કરવી છે. તમારી સલાહની જરૂર છે. નિકુળ, સોરી નિકુળ નહિ, નિકિતાને જોવી છે. બનશે તો યોગેશભાઈ સાથે જ આવીશ.’

‘બેટા હું માઈકને જણાવીશ. એ તમને એરપોર્ટ પર લેવા આવશે.’

જમ્યા પછી મોનાએ સૂચન કર્યું માસી 'આજે સંગીતનો જલસો થઈ જાય.'

સોનાલીએ આદિત્યને પૂછ્યુ,'સાથ આપશે?'

‘તમે તૈયારી કરો હું મારી સ્વિમ એક્સરસાઈઝ કરીને આવી પહોંચું છું.’

'કાલે વહેલી સવારે મારે હોપકિન્સમાં પહોંચવાનું છે એટલે હું રજા લઈશ.' મોહિતે રજા લીધી. ડિનર પછીની સાફસુફી મોના અને શ્વેતાએ પતાવી દીધી. આદિત્યએ ઝડપી પ્રવાહની વિરૂધ્ધમાં સ્વિમ કરી ત્રણ કલાકની કસરતથી બળતી કેલરી ચાળીસ મિનીટમાં બાળી બેઝમેન્ટમાં પહોંચી ગયો. સોનાલીએ સૂર મળેવ્યા. સુંદરલાલ અને શ્વેતાના આશ્ચર્ય વચ્ચે આદિત્યયે તબલાના તાલ મેળવ્યા. સુંદરલાલ અને સુવર્ણાએ આપેલી સિતાર સોનાલીના હૈયા સાથે વળગીને રાગ કેદાર ખરજનો આલાપ ઘૂંટતી હતી. કદાચ આ રાગ પછી જ આદિત્યનું જીવા રોપણ થયું હશે. સુંદરલાલ માતા પુત્રને જોઈ રહ્યા હતા. દીકરો સફળ ડૉકટર છે. સંસ્કારી છે. મારી જેમ ખાવાનો શોખીન છે. સંગીતનો શોખીન છે.

તબલા પર થાપ પડી આદિત્યના આંગળા રમતા થયા. ગત અને દરશન દો ઘનશ્યામ નાથ ભજનની ધૂન શરૂ થઈ. સુંદરલાલ ન્યુજર્સી અમેરિકામાં ન હતા. તેઓ મુંબઈની એક ચાલીમાં હતા. આ એમનું પ્રિય ભજન હતું. કેદારરાગ સોનાલીનો પ્રથમ પ્રેમ હતો.

શ્વેતાએ કલ્પ્યું ન હતું કે આદિત્યને સંગીતનું પણ જ્ઞાન છે.

મોનાએ સૂચવ્યું, 'શ્વેતા આ ઘરમાં રહેવું હોય તો અડધી રાત્રેયે, ગમે કે ન ગમે સંગીત સાંભળવવાની તૈયારી રાખવી પડશે.'

શેઠજીને યાદ આવ્યું. એમણે કહ્યું 'શ્વેતા નાની હતી ત્યારે મેં એને સ્કુલ ફંકસનમાં ગાતી સાંભળી છે. ખુબ સરસ કંઠ છે.'

'ઓકે...એ. શ્વેતા મેડમ કંઈક સંભળાવો.' મોનાએ કહ્યું.

'મેં તો ઘણા વર્ષોથી ગાયું નથી. હવે નહિ ગવાય.'

'જો શ્વેતા તું નહિ ગાય તો મારે ગાવું પડશે. તબલાના અવાજમાં અને મારા અવાજમાં ખાસ ફેર નથી.' આદ્વિત્યે કહ્યું.

'બેટી, શરમા નહિ. હું અને આદિત્ય તને સાથ આપીશું.'

'ભલે મમ્મી, હું પ્રયત્ન કરીશ'....ફિલ્મ ગુડ્ડીનું મિયાકી મલ્હારમાં ગવાયલું વાણી જયરામનું આ ગીત છે. એણે ખુબ જ નમણાશથી ગીત ઉપાડ્યું...બોલે રે પપિહરા..સોનાલી અને આદિત્યએ સંગત આપી. સૂર, તાલ અને શબ્દનો સમન્વય થયો.

શેઠજી સિવાય કોઈને ખ્યાલ ન હતો કે શ્વેતા આવું સરસ ગાઈ શક્તી હશે. સોનાલી બહેને કહ્યું 'રિયાઝ વગર પણ આટલું સરસ ગાઈ શકે છે તો તું મારી સાથે થોડો સમય ગાળતી રહેજે. હું તને શીખવીશ.'

'શ્વેતા. આપણા વડિલો અહિ હાજર ન હોત તો મેં તને ખભા પર ઊચકી લીધી હોત. આદિત્યએ ઉમળકો વ્યક્ત કર્યો.'

'માસી, આ તમારો નમુનો બેશરમ અને નફ્ફ્ટ થતો જાય. ચાલો આપણે બધા ઉપર જઈએ. મેના પોપટે જે કરવુ હોય તે કર્યા કરશે.'

સુંદરલાલનો સેલ ફોન જાગૃત થયો અને મોનાનું માઉથ પીસ બંધ થયું.

'જેશ્રી ક્રિશ્ન દાદાજી, હું સૌરભ બોલું છું.'

'બોલ બેટા, તું અમેરિકા આવે છેને?'

'ના દાદાજી મારો પાસપોર્ટ જ નથી અને હોયતો પણ આ વીકમાં મારી એક્ઝામ છે. એકલા પપ્પા જ આવશે. પપ્પા કહેતા હતા કે એની સાથે રાજુ અંકલ પણ અમેરિકા આવે છે.'

'હા બેટા, મને ખબર છે.'

'દાદાજી મારી એક રિક્વેસ્ટ છે.'

'બોલ બેટા.'

'ફોઈના એન્ગેજમેન્ટ ઈવાન્ટને વેબ કેમથી ટ્રાન્સ્મિટ કરો તો અમે બધા અહીથી પાર્ટી જોઈશું.'

'એક્સલન્ટ આઈડિયા. તારા ડેડીને ફોન આપ.'

'હલ્લો યોગેશભાઈ, દીકરાએ ખુબ સરસ સજેશન કર્યું છે. પાંડુરંગને કહેજો કે આપણા ઘરના સેન્ટ્રલ હોલમા બીગ સ્ક્રિન સાથે કોમ્પુટર સેટ કરે. ગણપતકાકા અને ઘરનો સ્ટાફ પણ શુભ પ્રસંગ માણી શકે. શિવુ અને પાર્વતિને પણ રાત્રે સુવર્ણા વિલા પર બોલાવી લેજો. મળસ્કે લગભગ ચાર વાગે પ્રોગ્રામ શરૂ થશે. પાંડુરંગને કહેજો કે એ રીતનું સેટિંગ કરે કે અમે હોલ પર જવા નિકળીયે તે પહેલા આપણા ઘરના પંચદેવતાના દર્શન કરીયે અને ગણપત કાકાના આશિર્વાદ લઈએ. તમને અને રાજુને લેવા નોવાર્ક એરપોર્ટ પર માઈકલ આવશે. અહિનો એરાઈવલ ટાઈમ શું છે?'

'શનીવારે સવારે સવાસાત વાગ્યાની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં આવીશું.'

શુક્રવારની વહેલી સવારથી જ આદિત્ય અને સુંદરલાલ ફોન પર પાર્ટી ઈન્વિટેશન આપવા લાગી ગયા. અદ્વિત્યના સ્ટાફ, ડૉકટર મિત્રો, સુંદરલાલ શેઠના વોલ સ્ટ્રીટના મિત્રો બેત્રણ ગુજરાતી કુટુંબો મળી લગભગ સવાસો ગેસ્ટ કન્ફર્મ થઈ

ગયા. મોહિતે બોમ્બે પેલેસ પર વેજ,નોનવેજનો કેટરિંગ ઓર્ડર અને ડીજેની વ્યવસ્થા કરી દીધી. નિકુળ ઉર્ફે નિકિતા આદિત્યને ત્યાં આવી પહોચી. સોનાલી, મોના, શ્વેતા અને નિકિતા ખરીદી માટે લિટલ ઈન્ડિયા ગયા. સુંદરલાલને શોપીંગ માટે સાથે જવું જરૂરી ન લાગ્યું. એઓ પાછા હિલ્ટન એમના સ્યૂટમાં આવી ગયા.

શનીવારે સવારે માઈકે યોગેશભાઈ અને રાજુને આદિત્યને ત્યાં પહોંચાડી દીધા. સુંદરલાલ પણ આદિત્યને ત્યાં આવી પહોંચ્યા.

'માસી, પાર્ટી પહેલા જો ગણપતિ પૂજન થાય તો વધુ યોગ્ય કહેવાય.'

'તારી વાત સાચી છે પણ દીકરી, આપણા એરિયામાં છેલ્લી ઘડીયે બ્રાહ્મણ મળવા મુશ્કેલ છે'

'અરે હું છું ને! મને આવડે છે.'

મોનાએ આદિત્ય અને શ્વેતાને સાથે બેસાડી ષોડસોપચારી ગણેશ પૂજન કરાવ્યું. રાજુ વિચાર કરતો હતો કે હું પણ બ્રાહ્મણ છું. પુરુષ છું. ડોકટર છું. પણ મને આ બધું આવડતું નથી. મોના પણ બ્રાહ્મણ છે, ડૉકટર છે. પારસીને પરણનાર છોકરી છે પણ એણે બ્રાહ્મણના સંસ્કાર જાળવી રાખ્યા છે.

પૂજાને અંતે આદિત્ય અને શ્વેતા સૌ વડિલોને પગે લાગ્યા અને આશિર્વાદ લીધા.

મોનાને ટિખળ સુજ્યું. 'દીકરા આદિત્ય તું સામાન્ય વિવેક ચૂકી ગયો છે'

'બોલો માતાજી.'

'આજે હું બ્રાહ્મણના સ્થાને છું. મને પ્રણામ કરવાનું ભાન રહ્યું હોય એવું લાગતું નથી. હું દુર્વાસા પણ થઈ શકું છું. બીજું તું બ્રહ્મદક્ષિણા આપવા ટેવાયલો નથી પણ હવે તું સંસારી થયો છે. બચ્ચા થોડું થોડું શિખવા માંડ.'

આદિત્યે બે હાથ ઠોકીને દૂરથી નમસ્કાર કર્યા. શ્વેતાએ વાંકાવળી ભાવ પૂર્વક નણંદબાને પ્રણામ કર્યા.

યોગેશભાઈએ ગજવામાંથી સવાસો ડોલર કાઢીને મોનાના હાથમાં મુક્યા.

'આજે આ ફરજ મારી છે મોનાબેન.'

મોના પોતાના વ્યંગ બદલ જરા છોભિલી પડી ગઈ. મોટાભાઈ હું તો મશ્કરી કરતી હતી. મને મોનાબેન કહી શરમાવશો નહિ. માત્ર મોના જ કહેવાનું. એણે એ જ દક્ષિણા શ્વેતાના હાથમાં પકડાવી દીધી.

પ્રકરણ ૨૭

રવીવારે મળશ્કે સુવર્ણ વિલામાં આનંદનો માહોલ હતો. ઘરના સેન્ટ્રલ હોલમાં બીગ સ્ક્રિન પર અમેરિકાથી એન્ગેજમેન્ટ પાર્ટીનું જીવંત પ્રસારણ થવાનું હતું. હેમાલીભાભી, સૌરભ, ગણપતકાકા, લાલાજી શેરખાન, કિશન મહારાજ, કાંતામાસી, વલ્લભ અને વિમળા, પાંડુરંગ અને સાવિત્રી, જગદીશ અને જ્યોતિ બધાએ પોતપોતાની જગ્યા લઈ લીધી હતી. પાંડુરંગે વેબ કેમેરો ભગવાનના સ્થાન પર ફોકસ કરી રાખ્યો હતો.

કિશન મહારાજે ચ્હા, કોફિ, ચોકલેટ ડ્રિંકસ, ઈડલી, ચટણી, ફાફડા, ગોટા, જલેબી અને ગાજરનો ગરમ હલ્વો રાતભર જાગીને તૈયાર કરી બુફે ટેબલ પર ગોઠવી દીધા હતા.

હિંચકા પર શિવાનંદ અને પાર્વતિબાની વચ્ચે પ્રાચી બેઠી હતી. પાર્વતિબાનેતો રંડાયલી સ્ત્રીને એનો સસરો પરણાવે તે જ સ્વીકાર્ય નહતું. એઓ માનતા કે સાતે સાત જન્મમાં એક જ પતિનું પડખું સેવાય. પહેલા ધણીને મર્યાને હજુ તો માંડ વરસ થવા આવ્યું અને હાથે મહેંદી મુકાવાની. શિવાનંદ, પાર્વતિના જુનવાણી વિચારોને દલીલ વગર સહી લેતા અને ધારેલું પોતાનું જ કરતા. પાર્વતિબાને તો ન્હોતું આવવું પણ પ્રાચીની હટ સામે ન છૂટકે આવવું પડ્યું.

પાંડુરંગ સેલ ફોન પર અમેરિકાના વિડિયોગ્રાફર સાથે કોન્ટેક્ટમાં હતો. ....અને બેકગ્રાઉન્ડમા શહનાઈના સૂર સાથે સ્ક્રિન પર આદિત્ય, શ્વેતા, સુંદરલાલ, યોગેશભાઈ અને સોનાલી હતા. બધા શેઠજીના ઘરના દેવસ્થાનના દર્શન કરતા હતા. શેઠજીએ સૌ પ્રથમ બધાને આદિત્યની ઓળખાણ કરાવી. પછી એમણે સોનાલીની ઓળખાણ નામ વગર આદિત્યના મમ્મી તરીકે કરાવી.

પાંડુરંગે મળેલી સૂચના મુજબ વેબકેમ ગણપતકાકા પર ફોકસ કર્યો. સૌએ ગણપતકાકાના આશિર્વાદ લીધા. ગણપતકાકા સોનાલીને ઓળખી ચૂક્યા હતા પણ મૌન રહી મનમાંને મનમાં તાળો મેળવતા રહ્યા. તો બીજી તરફ સોનાલી પણ ગણપતકાકાને ઓળખીને મનોમન વંદન કરી રહ્યા હતાં, સોનાલી વિચારતા હતાં ક્યાં અંધેરીના સ્ટોકબ્રોકર્ને ત્યાંના કામ કરતા સુંદરલાલ શેઠ અને ક્યાં આજના શેઠ અટકને સાર્થક કરતા સુંદરલાલ.

ત્યાર પછી કેમેરો હેમાલી અને સૌરભ પર સેટ થયો. સોનાલી અને આદિત્ય સાથે વિડિયો પરિચય થયો. શિવાનંદ અને પાર્વતિબાના આશિષ મેળવાયા.

હિલ્ટનમાંનો વેબ કેમેરો હવે પાર્ટી હોલમાં ફરતો હતો. થોડી મિનિટોમાં મહેમાનોથી હોલ ભરાઈ ગયો. સુંદરલાલ અને આદિત્યના મમ્મી પ્રવેશદ્વાર પર આમંત્રિતોનું સ્વાગત કરતા હતા. આદિત્ય અને શ્વેતા સ્ટેજની નીચે ઉભા રહી નાના ગ્રુપ સાથે વાતો કરતા હતા. મોના અને મોહિત મહેમાનો સાથે વાતો કરવામા અને આજુબાજુની વ્યવસ્થામાં વ્યસ્ત હતા. માત્ર બે ત્રણ ભારતીય કુટુંબોને બાદ કરતા. મોટેભાગે ડોક્ટરો અને ફાઈનાન્સ પ્રોફેશનલ કુટુંબો જ હતા.

એક બુફે ટેબલ પર વેજીટેરિયન એપેટાઈઝર ગોઠવાયલું હતું. આછા પીળા રંગની સાડીમાં બોમ્બે પેલેસનો સ્ટાફ મહેમાનોની રૂચી પ્રમાણે સેવા આપતો હતો. બીજા લાંબા ટેબલ પર અમેરિકન અને પંજાબી નોનવેજ વાનગીઓ ખડકાયલી હતી. અમેરિકન યુવતીઓ નોનવેજ સર્વ કરતી હતી.

પ્રાચીએ એકદમ બુમ પાડી. “લુક, માય ડેડી ઇઝ ધેર.

બધાનું ધ્યાન રાજુ પર ગયું. રાજુ અને કોઈ બોયકટ હેર વાળી ઉંચી ગોરી યુવતી નોનવેજ ટેબલ પાસે ઉભા હતા. રાજુના હાથમાંની ડિસમાં કંઈ ચિકન જેવું દેખાતું હતું. યુવતીના હાથમાં વાઈનનો ગ્લાસ હતો. બન્ને એક જ ડિસમાંથી ખાતા હતા અને એક જ ગ્લાસમાંથી પીતા હતા. ખરેખરતો એકબીજાને ખવડાવતા પીવડાવતા હતા.

પાર્વતિબા એ જોઈને અકળાઈ ઉઠ્યા. સુંદરભાઈની સલાહથી શિવાનંદે રાજુને અમેરિકા ભણવા મોકલ્યો અને દીકરો વટલાઈ જઈને કોઈ અજાણી, કહેવાતી બ્રાહ્મણ નિરાલીને ઉપાડી લાવ્યો. એતો ભગવાનને ત્યાં પહોચી ગઈ પણ પ્રાચીને બહાને એના ભાઈને ઘરમાં ઘાલતી ગઈ.

સુંદરલાલે વહુને પરણાવવાનો જલશો માંડ્યો અને દીકરો કહ્યા મુક્યા વગર અમેરિકા પહોંચ્યો. સાત જન્મમા એક જ પતિને પામવાને બદલે એક જ જન્મમાં સાત પતિ કરવાનો જમાનો આવી ગયો. દીકરો માંસાહારી થઈ ગયો. કોઈ ગોરીના હાથે દારૂ પીતો થઈ ગયો. હે ભગવાન મારા એકના એક રાજુને સદબુદ્ધિ આપો. પાર્વતિબા મનોમન સંતાપ કરતા રહ્યા

શિવાનંદ રાજુને અજાણી સ્ત્રી સાથે જોઈને કંઈ સંતોષ અનુભવતા હતા. પોતાનો યુવાન પુત્ર સંસાર પ્રત્યે વૈરાગ્ય અનુભવે તે પિતા માટે અસહ્ય હતું. દુનિયાની કોઈ પણ સ્ત્રી સાથે જો દીકરો સુખી જીવન ગાળી શકતો હોય, આનંદમા રહી શકતો હોય તો એનો આત્મા આશિષ આપવા તૈયાર હતો. રાજુએ મુંબઈ છોડી ઉધનામાં ગુરુજી સાથે કેન્સર રિસર્ચ કરવાનું પસંદ કર્યું તેનુ કારણ પાર્વતિબા સાથે એનો જીવ ગુંગળાતો હતો; અને માતાનો અનાદર પણ કરી શકતો ન હતો. શિવાનંદ તો રાજુને જોઈને ખુશ હતા.

ગણપતકાકા અંધેરીની ચાલીના દિવસોને સોનાલી અને આદિત્યને સાંકળતા હતા. શેઠજીના યુવાનીના ચહેરાને આદિત્યના ચહેરા સાથે સરખાવતા હતા. સમયાનુસાર સોનાલીને દૂર રહેવાની સલાહ આપીને એમણે સુવર્ણાનો સંસાર સાચવ્યો હતો. આજે એ જ સોનાલી શેઠજીના જીવનમાં પાછી પ્રવેશતી હતી. સાથે એનો દીકરો હતો, ઘડાયલા ગણપતકાકાને બદલાયલા સમય અને પરીસ્થિતિને સ્વીકારવામાં કોઈ વાંધો ન હતો. અંતરથી શેઠ કુટુંબનું શ્રેય ઈચ્છતા હતા. અરે! પા સદી ઉપરનો સમય વીત્યા છતાં વૃધ્ધ આંખોએ ઓળખ તાજી કરી લીધી હતી.

હેમાલીભાભી, દીકરી સમાન નણંદ શ્વેતા, વૈધવ્યમાં બહાર આવી તેનો આનંદ માણતા હતા.

લાલાજી શેરખાનનું ધ્યાન ટૂકા સ્કટમાં નોનવેજ પિરસતી ગોરી અને ભરાઉ ઉરોજોવાળી લલનાઓ અને ખાસતો વાનગીઓ પર ઠરેલું હતું. કિશન મહારાજને કહ્યું પણ ખરુ 'કિશનજી ખાના તો ઈસે કહતે હૈ. સૌ પ્રસંગને પોતપોતાની રીતે મુલવતા હતા માણતા હતા. સોસિયલ અવર પુરો થયો.

રાજુએ સ્ટેજ પર આવીને શ્વેતાની ગિરિમાનો પરિચય આપ્યો. આદિત્યએ મેળવેલી સિદ્ધિઓને બિરદાવી. બન્નેને અભિનંદન અને શુભેચ્છા પાઠવી. મોનાએ રમતિયાળ અને તોફાની ભાષામા બન્નેને અભિનંદન આપ્યા. શ્વેતાની સો પ્રેગનન્સીની કાળજી રાખવાનું વચન આપ્યું. ત્યાર પછી વારાફરતી મોહિત, લિસા, ડો.દેસાઈ અને ડો.મારથા, અને માઈકલએ બન્નેને બિરદાવ્યા અને શુભેચ્છાઓ પાઠવી.. આદિત્યએ ફરીવાર પોતે ખરીદેલી ડાયમન્ડ રીંગ પહેરાવી. સોનાલીએ કિમતી હિરાનો હાર પહેરાવ્યો. યોગેશભાઈએ કાન માટે ડાયમન્ડના લટકતા ઝૂમખા આપ્યા. શેઠજીએ ખૂબ પહોળા હિરાના ચાર બ્રેસલેટ આપ્યા. કેક કપાઈ. બોલરૂમ સ્લો ડાન્સ શરૂ થયો.

ફરીવાર રાજુ પેલી યુવતી સાથે ડેન્સ કરતો દેખાયો. જ્યારે જ્યારે કેમેરો એમના પર ફરતો ત્યારે રાજુનો ચહેરો અને યુવતીની પીઠજ દેખાતી. શિવાનંદને એ યુવતી કોણ હતી એની પરવા ન હતી. રાજુને લાંબા સમય પછી મુક્ત રીતે આનંદ માણતો જોયો હતો. તે ખુશ હતા. પાર્વતિબા અકળાતા હતા.

વેસ્ટર્ન ડાન્સ પછી રંગ બદલાયો. ભાંગડા શરૂ થયા. અમેરિકન મહેમાનોએ પણ બિટ્સ માણ્યા અને ગુડ એક્ષરસાઈઝ તરીકે મન મુકીને ભાગ લીધો. સુવર્ણાવિલામાં પણ લાલાજી, પાંડુરંગ અને સાવિત્રી, જગદિશ અને જ્યોતિ, વલ્લભ અને વિમળા, સૌરભ અને પ્રાચીએ વહેલી સવારે ભાંગડાથી ઘર ગજવ્યું.

છેલ્લે સીટડાઉન ડિનર શરૂ થયું. ડિનરને અંતે આભાર વિધીથી પાર્ટીનું સમાપન થયું. શિવાનંદના મનમા ઘોળાતો પ્રશ્ન પ્રાચીએ પૂછ્યો. 'દાદાજી, નિકુળમામા પાર્ટીમાં કેમ નથી ગયા?'

મહેમાનોએ વિદાય લીધી. પાર્ટીહોલ ખાલી થયો. ફરીવાર બન્ને વેબકેમ સુંદરલાલના કુટુંબ પર અને સુવર્ણાવિલાના સ્વજનો પર મંડાયા. બધાએ દાદાજીના આશિષ લીધા. દાદાજીએ આંખો બંધ કરી ભગવાનને પાર્થના કરતા હોય એમ શેઠ કુટુંબ સંતાન, સમૃદ્ધિ અને સંસ્કાર વિસ્તરતું રહે એવા આશિષ આપ્યા. માત્ર સુંદરલાલ અને સોનાલી એનો મર્મ સમજ્યા.

‘શિવાનંદથી રહેવાયું નહિ. 'સુંદર! નિકુળ કેમ દેખાયો નહિ?'

'નિકુળ લંડન રોકાઈ ગયો છે. હું તને ફોન પર બધી વાત સમજાવીશ.'

પાર્વતિબાએ પુછ્યું 'સુંદરલાલ, મારો રાજુ કેમ દેખાતો નથી?

'મને ખબર નથી. હમણાં તો અહિ જ હતો. કદાચ એની ફ્રેન્ડ સાથે ફ્રેન્ડને ત્યાં જ ગયો હશે. 'બન્ને કેમેરા બંધ થયા.

ગણપતકાકાએ શિવાનંદ, પાર્વતી અને હેમાલીને લંચ લીધા પછી જ ઘરે જવાનું કહ્યુ.

પાર્વતિબાએ કહ્યું 'જગદિશ મને તું ઘરે મુકી જા. મારે સેવા પુજા બાકી છે.'

શિવાનંદ રોકાઈ ગયા. પાર્વતિબા મલબાર હિલ પહોંચી ગયા.

***

પાર્ટી પછી શ્વેતા આદિત્ય સાથે સાસરે ગઈ. મોના મોહિત સાથે એના રૂમ પર ગઈ. યોગેશભાઈ, નિકિતા અને રાજુ સુંદરલાલની સાથે હિલ્ટનમાં જ રોકાઈ ગયા. બધાએ આવતી કાલે લંચ માટે સોનાલીને ત્યાં મળવાનું નક્કી કર્યું.

'સુંદરકાકા, જો તમને ઊંઘ ન આવતી હોય તો મારે તમને થોડી વાત કરવી છે. સલાહ જોઈએ છે.'

'બોલ બેટા રાજુ, શું મુંઝવણ છે?'

‘કાકા, મરતા પહેલા નિરાલીએ મને નિકુળની જાતિય સમસ્યાની વાત કરી હતી. નિકુળને સંભાળવાની જવાબદારી મને સોંફતી ગઈ હતી. સેક્સ ચેઈન્જ પછી બા એને ઘરમાં નહિ અપનાવે એની મને સો ટકા ખાત્રી છે. પપ્પાના વિચાર આધૂનિક છે પણ એણે આખી જીંદગી બાને દુઃખ ન થાય એ માટે હંમેશા નમતું જોખ્યું છે. શું કરવું તે સમજાતું નથી. પણ બાના રૂઢિચુસ્ત વિચારોથી હું અસંતુલિત થઈ થઈ જાઉં છું. બોમ્બેમાં તકો સારી હોવા છતાં ઉધનામાં ગુરૂજી સાથે પડી રહ્યો છું. નિકુળમાંથી નિકિતા બનેલો નિકુળ સંપૂર્ણ સ્ત્રી બની ગયો છે. આદિત્ય સાથે ઘણી ચર્ચાઓ થઈ છે. એક માત્ર તે ગર્ભાધાન નહી કરી શકે. નિકુળને સથવારાની અને હૂફની જરૂર છે. હું એને પત્નિ તરીકે અપનાવવા માંગુ છું. હું એનું શારીરિક સુખ કેવું હશે તે કલ્પી શતો નથી પણ એનું સ્ત્રીત્વ સ્વીકારવાની સાચી શરૂઆત મારાથી જ થવી જોઈએ. પણ બા... બા એ કદી ન સ્વીકારે. નિરાલી અને નિકુળ યુપી ના હતા. શરૂઆતમાંતો બાપૂજીની સમજાવટથી સમાજની દૃષ્ટીએ અમારા લગ્ન કમને પણ સ્વીકારી લીધા; પણ નિરાલીથી સરખું ગુજરાતી પણ બોલી શકાતું નહીં એટલે પૂર્વગ્રહ વધતો ગયો. નિરાલીના નિધન પછી થોડો સમય સારું ચાલ્યું. નિકુળ પ્રત્યે પણ અણગમો વધતો ચાલ્યો. બાને પહેલેથી જ નિરાલી માટે પુર્વગ્રહ હતો. કાકા જીવ અકળાય છે. શું કરુ?’

‘સુંદરલાલ આંખો બંધ કરી વિચારતા રહ્યા.’

‘રાજુ, તું નિકુળ સાથે, સોરી! નિકિતા સાથે લગ્ન કરી શકશે. શક્ય છે કે નિરાલી સાથેના લગ્નજીવન જેવું દૈહિક લગ્ન નિકિતા સાથે ના પણ હોય, પણ એક નિર્દોષ જીવન સુધરી જશે.’

‘કાકા,,, આપ માનવીના વિચારો વાંચી શકો છો. હું પણ એજ વિચારતો હતો. પણ એ કેવી રીતે શક્ય બની શકે?’

‘બેટા, તારા આ સુંદરકાકા એ શક્ય બનાવશે. મારા પર છોડી દે. નિરાંતે ઉંધી જા. તારા પપ્પા મને ઘણીવાર કહે છે બનિયા તુ ઝૂઠેકા સરતાજ હૈ. તો હવે થોડા બહોત ઓર ઝૂઠ તેરે લીયે.’

***

બીજી દિવસે લંચ પછી બધા આનંદથી આગલા દિવસના પ્રસંગની વાતો વાગોળતા હતા.

શેઠજીએ કહ્યું ‘બેટા મોના, આપણે જરા બેકયાર્ડ ગ્રીન હાઉસમા બેસીને થોડી વાતો કરીયે. ચાલ રાજુ તું પણ ચાલ.’ ત્રણે ગંભીરતાથી વાતો કરતા રહ્યા. રાત્રે ફોન કરીશું એવું નક્કી કરી અંગત મંત્રણા પુરી કરી.

બધાને એમની વાતો જાણવાનું કુતુહલ હતું પણ પુછવાનું યોગ્ય ન લાગ્યું.

મોનાએ પુછ્યું 'રાજુભાઈ તમે ગઈ કાલે પાર્ટીમાં નોન્વેજ બુફે ટેબલ પરથી શું લઈને ખાતા હતા?'

‘તું શું માને છે?’

‘મને તો ફાઈ ચિકન જેવું લાગતું હતું’

‘થેન્ક્યુ. મારે પણ એ જ લગાડવું હતું. પપ્પા અને બાને પણ એવું જ લાગ્યું હશે. મેં વિડિયો અને વેબકેમ ટેકનિશીયન ને પણ કહી દીધું હતું કે મારી ડિસપર એ રીતે જ કેમેરો ફોકસ કરે. નિકિનો ફેઇસ ન આવે એ પણ ધ્યાનમાં રાખવાની સૂચના આપી હતી.’

‘કેમ એમ?’

‘બાને જરા શૉકટ્રિટ્મેન્ટની જરૂર છે. એઓ એમના પુત્રના બદલાયલા લક્ષણો જુએ એ જરૂરી લાગતું હતું,’

‘પણ રાજુભાઈ તમે ખરેખર ચિકન ખાતા હતા?’

‘ના તમે બધાએ આખા મરચાના ભજીયા ખાધા તે જ હું ને નિકિ ખાતા હતા. અને હાથમાં વર્જીન મૉકટૅલ હતું. અભી ભી મૈં, બમ્મનકા બેટા હિ હું’. બધા હસી પડ્યા.

મરચાના ભજીયાનું નામ સાંભળી આદિત્યની જીભ સળવળી. 'થોડા વધેલા હોય તો ગરમ કરોને. ચ્હા સાથે જરા મજા આવી જાય.'

'જનાબ થોડા વાસી ભજીયા છે તો ખરા પણ આપ નામદારને માટે નથી. એ માત્ર રાજુભાઈ અને નિકિતા માટે જ છે. યસ્ટર ડે આપ એક દિનકા સુલતાન થે. આજ આપકી કોઈ વેલ્યુ નહીં હૈ.' મોનાએ થંબ્સ ડાઉન નો સિગ્નલ આપીને જીભડો કાઢ્યો.

સોનાલીએ શ્વેતા પ્રત્યે સ્મિત સાથે ઈશારો કર્યો. શ્વેતાએ ફ્રિઝમાંથી ભજીયા કાઢી માઈક્રોવેવમાં ગરમ કર્યા. 'બસ માસી, આ ઘરમાં મારા બોલવાની કાંઈ ગણત્રી જ રહી નથી. પહેલા નંબર પરથી મને છેલ્લા નંબર પર ધકેલી દીધીને! હું હવે કાંઈ બોલવાની જ નથી.' મોનાએ છણકો કર્યો.

આદિત્યએ આંખમિંચીને કહ્યું 'ઓઉમ શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ'.

શ્વેતાએ બધાને માટે ચ્હા કૉફિ બનાવ્યા. યોગેશભાઈને બહેનના નવજીવન અંગે સંતોષ હતો. શ્વેતા, પોતાના પુત્ર આદિત્ય સાથે એકાકાર થતી હતી એ જોઈને શેઠજી માનસિક સુખ અને આનંદ અનુભવતા હતા. બધા વાતો કરતા હતા. આનંદમાં હતા અને શેઠજીનો ફોન રણક્યો. બધા શાંત થઈ ગયા.

'હલ્લો. કોણ શિવુ. અત્યારે તો ત્યાં રાત પડી છે. ઊંધ નથી આવતી?'

'અરે સુંદર જવા દેને! પાર્વતિ ઊંઘતી નથી અને મને ઊંઘવા દેતી નથી. એને રાજુ સાથે વાત કરવી છે પણ એનો ફોન બંધ છે. રાજુ ક્યાં છે?'

શેઠજીએ નાક પર આંગળી મુકી બધાને ચૂપ રહેવા ઈશારો કર્યો.

'શિવુ, એ ગઈ રાતથી એની અમેરિકન ફ્રેન્ડને ત્યાં ગયો છે.'

પાર્વતિબાએ શિવાનંદ પાસેથી ફોન લઈ લીધો.

'સુંદરભાઈ, રાજુ મારા બ્રાહ્મણ કુળનું સત્યાનાશ કરવા બેઠો છે. મારા ડાહ્યા દીકરાને કોણ ધોળીયણ વળગી છે.? મહેરબાની કરીને એને જલ્દી દેશમાં મોકલી

આપો. મેં તો કેટલી બાધા માની છે! એ આવે એટલે એની નજર ઉતરાવવાની છે અને પ્રાયસ્ચિત કરાવાવાનું છે. પ્રાચી કહેતી હતી કે પપ્પા ચિકન ખાતા હતા અને દારુ પીતા હતા. મારે એને તમારા અક્ષય જેવો નથી બનાવવો.'

સુંદરલાલ જરા હચમચી ગયા. આખરેતો અક્ષયને પુત્ર તરીકે પાળ્યો અને બાળ્યો હતો. પાર્વતિ પણ પોતાની ભૂલ સમજ્યા. બોલતા બોલાઈ ગયું. વાત વાળી લીધી. સુંદરભાઈ 'અક્ષયતો મને પણ વહાલો હતો પણ આપણે એને ગુમાવવો પડ્યો. રાજુ તમારું કહેલું બધું જ માને છે. કંઈક કરો. તમારા ભાઈબંધનું નામ શિવાનંદ છે પણ એને ત્રીજી આંખ જ નથી. બ્રહ્માજીની જેમ દુનિયાદારી પ્રત્યે આંખો બંધ કરીને બેસી રહે છે. આ છોકરો બગડી ચાલ્યો અને મને કહે એ મોટો છે. ભણેલો છે. સમજુ છે. એને એના સુખને ખાતર જે કરવું હોય તે કરવા દે.

સુંદરભાઈ! કેટલા કોટી અવતાર પછી મનુષ્ય અવતાર મળે અને તેમાંયે ખુબ પૂણ્ય કર્યા હોય તો બ્રાહ્મણનો અવતાર મળે. એને દારુ માંસના નરકમાં વહાવી દેવાય? 'સુંદરભાઈ પાર્વતિની સ્વભાવગત અકળામણ સમજતા હતા અને મલકાતા હતા.

'પાર્વતિ, હવે એકજ રસ્તો છે. એને ઉધનાથી બોલાવી લ્યો. કોઈ સારી બ્રાહ્મણની છોકરી સાથે પરણાવી દો. જુવાન મન ગમે ત્યારે, ગમે ત્યાં ભટકી જાય. હવે પ્રાચીને સાચવવા માટે પણ એણે પરણીને તમારી સાથે મુંબઈમાં રહેવું જોઈએ. હવે તો નિકુળ પણ નથી.'

‘હું તો કહી કહીને થાકી, પણ સાંભળતોજ નથીને. અરે! પણ નિકુળને શું થયું?'

નિકુળે કોઈ અંગ્રેજ છોકરી સાથે લંડનમાં લગ્ન કરી લીધા. હવે એ ઈન્ડિયા આવવાનો નથી. ખરેખર ખોટ તો મને ગઈ. તમે યોગેશભાઈ ને લઈ લીધા અને નિકુળ લંડન ચાલ્યો ગયો. શ્વેતા પરણીને સાસરે જશે. મારા ધંધાનું શું થશે? મારે બધું સમેટીને તમારા ગુરુજીના આશ્રમમાં ભરતી થઈ જવું પડશે.’

''સુંદરભાઈ એમાં જ તમારું કલ્યાણ હશે. પણ કોઈ સારા માણસને શોધી કાઢીને ધંધો ચાલુ રાખજો.'

'ચાલો હું તમને રાજુની બાબતમાં મદદ કરીશ તમે મને બિઝનેશમાં મદદ કરજો.' શેઠજીએ પ્રપોઝલ મુકી.

મને તો ઘર કામમાંથી જ ફુરસદ નથી મળતી બાકી હું પણ આઠ ધોરણ સુધી ભણેલી છું. પાર્વતિબાએ ખુબજ ભોળાભાવે ગંભીરતાથી કહ્યું.

શિવાનંદે ફોન લીધો. સુંદર મને મારા દીકરાના સંસ્કાર પર ભરોસો છે. એ જે કાંઈ કરશે તે સમજ પૂર્વકનું જ હશે. મને એની ચિંતા નથી. ચિંતા છે બિચારા નિકુળની. એ બ્રિટીશ છોકરી એને સાચવે તો સારું. મારી પ્રાચી એના વગર હિજરાશે. હું શું એટલો પારકો થઈ ગયો કે લગ્નની વાત પણ ન કરી!

ફોન બંધ થયો.

બધાને શેઠજીએ કરેલી વાતનો સંપૂણ અણસાર આવી ગયો હતો.

શેઠજીએ સિલીંગ તરફ જોઈને હ્યું 'હે પરમાત્મા આ અસત્ય બદલ મને માફ કરજો.'

પ્રકરણ ૨૮

તે રાત્રે શેઠજી અને મોનાએ મોનાના પિતા અને સુંદરલાલની અમદાવાદ બ્રાંચ ઓફિસના મેનેજર કુન્દનલાલ મહેતા સાથે ખુબ લાંબી વાતો થઈ.

બધો તખ્તો સરસ ગોઠવાઈ ગયો. કાલથી જ નિકિતાની ટ્રેઈનિંગ શરુ થઈ જવાની હતી. કેટલીક પોસ્ટ સર્જિકલ ટ્રિટમેન્ટ ત્રણ મહિના પહેલા પુરી થાય એમ ન હતી. હારમોન થેરેપી, વોઈસ ટ્રેનિંગ વગેરે બાકી હતું. એ ઉપરાંત સોનાલીમાસી, શ્વેતા અને મોના પાસે નિકિતાએ ગુજરાતી રસોઈ શીખવાની હતી.

મોના નિકિતાને રુદ્રાભિષેકના થોડા વેદોક્ત શ્લોક, મહિમ્ન સ્તોત્ર, ષોડસોપચારી પૂજા શીખવવાની હતી. સોનાલીમાસી થોડા ભજન શીખવાના હતા. નિકિતાને સંપૂર્ણ, ગુજરાતી બ્રહ્મ કન્યામાં ફેરવવાની હતી. 'રાજુભાઈ અને નિકિતાની વાત પૂરી થાય પછી મને પણ કંઈ બોલવાની તક આપશો?' આદિત્યે હાથ ઊંચો કરી પૂછ્યું.

મોનાએ એકાક્ષરી જજમેન્ટ આપી દીધું.'ના'

‘ચાંપલી, મેં તને નથી પૂછ્યું.’

સોનાલીએ કહ્યું 'તમે બન્ને ક્યારેયે સુધરવાના નહિ. નાનપણથી કુતરા બિલાડાની જેમ આખી જીંદગી લડ્યા કરવું છે? હવે તો મોટા થયા. વડીલોની આમન્યા રાખતા શીખો’.

‘હું પણ માસી એને એ જ સમજાવવા માંગુ છુ. બુદ્ધિનો બળદિયો સમજતો જ નથી. તમે જ એને છાપરે ચડાવ્યો છે.’

‘મોના હું એકલા આદિત્યને નહિ પણ તને પણ હવે ડાહી થવાનું કહું છું. તમે ગમે તેમ વાતો કરો તે શ્વેતાને ન ગમે એટલો તો વિચાર કરો!’ શ્વેતા બન્ને તરફ જોઈને મંદ મંદ હસતી રહી.

મોનાએ પોતાના બન્ને કાન પકડ્યા. 'ભાઈ સાહેબ તમારે જે પ્રસ્તુત કરવું હોય તે નિઃસંકોચ રજુ કરો.'

'થેક્યુ મહાકાલી, મહાદુર્ગા.... મમ્મી કાલે સવારની ફ્લાઈટમા એલ.એ. જવાનું છે. પ્રીસર્જરીના ચાર કન્સલ્ટેશન છે. જો તમને વાંધો ન હોયતો શ્વેતાને લઈ જાઉં.'

શ્વેતાએ મોટાભાઈ બાપુજી અને સોનાલી મમ્મી તરફ પ્રશ્નાર્થ નજરે જોયું. શેઠજી પ્રશ્ન સમજ્યા. 'હા બેટા ખુશીથી જાવ.' મોના શરારતી નજરે આદિત્ય તરફ જોઈને આંગળી હલાવતી હતી.

આદિત્યે સવારની ફ્લાઈટ માટે શ્વેતાનું રિઝર્વેશન કરાવી દીધું.

'બાપુજી, મેં શ્વેતા સાથે નક્કી કર્યું છે કે લગ્ન પછી અમે બોમ્બે જ સ્થાયી થઈશું. મમ્મીની પણ એ જ ઈચ્છા છે. હું દર મહિને એક વીક માટે વિઝીટીંગ સર્જન તરીકે કન્સલ્ટિંગ માટે અમેરિકા આવીશ. મારા ક્લાયન્ટ સર્જરી માટે ઈન્ડિયા આવશે. અહિના ઘણા પેશન્ટ સર્જરી માટે આર્થિક કારણોસર બીજા દેશમાં જાય જ છે. મને અમેરિકા, યુરોપ અને મિડલઈસ્ટના ધનિક ક્લાયન્ટ પણ મળી રહેશે. મુશ્કેલી માત્ર રેસીડન્સ અને સર્જરી સેન્ટર માટે લોકેશન શોધવાનું છે.'

'જો બેટા એ ચિંતા કરવાની જરૂર નથી. પારલામાં એક મોટી ફાઈવ સ્ટાર હોટેલનું અમેરિકન કંપની સાથે ડીલ થઈ ગયું છે. એના અઠ્ઠાવીસમાં માળે આપણે મેડિકલ સર્જીકલ સેન્ટર બનાવીશું. એમાં તારું સર્જીકલ સેન્ટર, રાજુનું કેન્સર રિસર્ચ સેન્ટર, અને મોના મોહિતની હૉસ્પિટલનો સમાવેશ પણ કરીશું.'

'ના શેઠજીકાકા અમે તો અમદાવાદમાં સેટલ થઈશું. અમારા બન્નેના ફેમિલી ત્યાં જ છે. ફાધર ઈન લૉએ બધું પ્લાનિંગ કરીજ રાખ્યું છે. શ્વેતાએ પણ ડિલીવરી માટે અમદાવાદ જ આવવું પડશે.'

‘સમય આવ્યે તમેજ નક્કી કરજો. કેટલીક બાબતોમાં સોનાલીજી અને હેમાલીભાભીના અભિપ્રાયની અવગણના પણ નહિ થઈ શકે. અને જ્યાં સુધી મુંબઈના રેસિડન્સનો પ્રશ્ન છે તે પ્રશ્ન જ નથી. સુવર્ણા વિલા તમારું જ છે.'

‘પણ બાપુજી, ઘરજમાઈ થઈને રહેવાનું કેટલું યોગ્ય છે?’

શેઠજીની આંખભીની થઈ.

સોનાલી શેઠજીની મુઝવણ સમજી ગયા. એણે કહ્યું ‘બેટા. તારે માત્ર જમાઈ તરીકે નહિ પણ એના પુત્રની જેમ પણ ફરજ બજાવવાની છે. તારે એની સેવા કરવા માટે પણ ત્યાં રહેવાનું છે. શેઠજીને વાંધો ન હોયતો હું પણ ત્યાં જ રહીશ.’

'આપણો એક આખો પરિવાર સાથે રહે એનાથીરૂડું શું?' શેઠજીએ ગળગળા થતાં કહ્યું. ‘શ્વેતા, આદિત્યને અને સોનાલીમમ્મીને આપણા ઘરનો ખ્યાલ નથી. તને તો છે. મારો માસ્ટર બેડરૂમ તમે વાપરજો. બાજુનો તારો મોટોરૂમ મમ્મી વાપરશે. તારી ઓફિસને મ્યુઝિક રૂમ બનાવીશું. એને સાઉન્ડ પ્રુફ રેકૉર્ડિંગ સ્ટુડિયો બનાવીશું. નીચેનો કોન્ફરન્સ રૂમ, હું ગણપતકાકા સાથે વાપરીશ. બરાબર છેને?’

‘બાપુજી તમારી સગવડ અને ઈચ્છા પ્રમાણે કરીશું.’

'આપણે લગ્ન ક્યારે રાખવા છે?' સોનાલીએ પુછ્યું

‘મારે કુંદનલાલ સાથે વાત થઈ ગઈ છે. નિકિતાની ટ્રિટમેન્ટ પુરી થાય પછી તરત જ મેળ પાડીશું. વસંત પંચમીને હજુ ત્રણ સાડાત્રણ મહિનાની વાર છે એટલામાંતો નિકિતા બધી રીતે તૈયાર થઈ જશે. મોનાના લગ્ન પણ સાથે જ કરવા વિચાર છે. આમાં યોગેશભાઈ, હેમાલી અને ડૉકટર ફિરોઝના અભિપ્રાય પણ લેવા પડશે.’

‘શેઠજી, હું શ્વેતાનો ભાઈ છું પણ આજે અમારા વડિલ તરીકે અમારા પિતાના સ્થાનેતો આપ જ છોને! તમે અને સોનાલીજી જે નિર્ણય કરશો તે મને અને હેમાલીને માન્યજ હશે.’

મોહિત, મોના, શેઠજી, સોનાલી, કુંદનલાલ અને ડૉ.ફિરોઝ સાથે કોન્ફરન્સ કોલ દ્વારા વાત થઈ ગઈ. વસંત પંચમીની સવારે ટૂંકી વૈદિક વિધીથી મુંબઈમાં જ લગ્ન કરવાનું. નક્કી થઈ ગયુ. રાજુ આદિત્યના કાનમાં ગણગણ્યો. 'અરે છોટેમિયાં! તેરા હુઆ, અબ મેરા ક્યા?'

નિકિતાએ આ સાંભળ્યું. તેનો ચહેરો શરમથી લાલચોળ થઈ ગયો. આદિત્યને મૅડિકલ સક્સેસનો સંતોષ થયો. હારમોન્સ ટ્રિટમેન્ટે નિકુળના સ્ત્રીત્વ બહાર લાવી તેને નિકિતા બનાવી દીધી હતી. હજુ એ ટ્રિટમેન્ટ ચાલુ રાખવાની હતી.

વહેલી સવારે શ્વેતા પ્લેનમાં, વચ્ચેનો હેન્ડરેસ્ટ ઉંચો કરીને આદિત્યની સોડમાં ભરાઈને લૉસએન્જલેસ તરફ ઉડી રહી હતી. શેઠજી, યોગેશભાઈ અને રાજુ પોતાનો સામાન પેક કરીને નૉવાર્ક એરપોર્ટ પર જઈ રહ્યા હતા.

****

એ વાતને આજે અઢી મહિના થઈ ગયા. દરમ્યાન રાજુ ત્રણવાર અમેરિકા જઈ આવ્યો. શિવાનંદને કુતુહલ તો થતું પણ ગંભીર રાજુની ગંભીરતા ઓગળતી જોઈ ખુશ હતા. રાજુ પ્રાચીની સાથે પ્રેમથી રમતો થઈ ગયો હતો. પાર્વતિબાના પેટમાં તેલ રેડાતું. એને ખાત્રી થઈ ગઈ કે વહેલો મોડો કોઈ ધોળી ચૂડેલને બ્રાહ્મણના ઘરમાં ઘાલવાનો છે. એણે ન્યાતીના સગાવહાલાઓમાં વાત વહેતી મુકી કે દીકરાને પરણાવવો છે.

ઘણી છોકરીઓની લાઈન લાગી પણ રાજુ બધીને રિજેક્ટ કરતો રહ્યો.

શ્વેતા પણ બોમ્બે આવી ગઈ હતી. ખરેખરતો શેઠજી, શ્વેતા, યોગેશભાઈ, હેમાલીભાભી અને રાજુએ ભવ્ય લગ્નનું આયોજન કરવા માંડયું હતું.

આજે સુંદરલાલ, શ્વેતા, ગણપતકાકા, શિવાનંદ, પાર્વતિબા, રાજુ અને પ્રાચી સુંદરલાલ શેઠના સેન્ટ્રલહૉલ દિવાનખાનામાં મહેમાનની રાહ જોતા બેઠાં હતાં.

બધુ સુંદરલાલે જ ગોઠવ્યુ હતું. અમદાવાદની બ્રાન્ચ ઓફિસના મેનેજર શ્રી કુંદનલાલ છોકરીને લઈને આવવાના હતા. લાલાજી શેરખાન એમને એરપોર્ટ પર લેવા ગયો હતો.

બરાબર ચાર વાગ્યે કાર પોર્ચમાં આવી ઉભી રહી. શેઠજી જાતે એમને લેવા ગયા. કુંદનલાલ એક ઉંચી સૌંદર્યવાન યુવતિ સાથે સુવર્ણાવિલામાં દાખલ થયા. એ સ્વરૂપવાન સુંદરી ફોયરમાં સ્થાપિત ગણપતિ પરિવારની મુર્તિઓએ બે મિનીટ પ્રણામ કરીને ઉભી રહી. પાર્વતિબા એને જોઈ જ રહ્યા.

કુંદનલાલ શેઠજીના બંગલામાં પહેલી વાર આવતા હતા. આખરેતો શેઠજી એના બોસ હતા. એઓએ ઘણા ઉપકાર કર્યા હતા. શેઠજી એમનો હાથ પકડી પ્રેમથી ઘરમાં લઈ આવ્યા. શિવાનંદ પણ એમને ઓળખતા હતા. શેઠજીએ પરિચય કરાવ્યો. ‘કુંદનલાલ, આ મારા બાળપણના જિગરજાન મિત્ર શિવાનંદને તો તમે ઓળખો જ છો.’

‘આ એમના ધર્મપત્ની પાર્વતિબહેન છે. અત્યંત ધર્મનિષ્ઠ છે. આ એમનો પુત્ર રાજેન્દ્ર છે જેને અમે બધા રાજુ કહીએ છીએ. એઓએ અમેરિકામાંથી ઓન્કોલોજીમાં સ્પેશિયાલીટી મેળવી છે. દશ વર્ષ પહેલા એમના પહેલા પત્ની નિરાલીબહેન આ દીકરી પ્રાચીના જન્મ પછી દેવલોક પામ્યા હતા. નિરાલીબહેનના ભાઈ નિકુળભાઈ પ્રાચીની સંભાળ રાખતા હતા. તેઓ હવે લગ્ન કરીને લંડનમાં સ્થાયી થયા છે. પરિવારને લાગે છે કે પ્રાચીને ખાતર પણ રાજુએ પુનર્લગ્ન કરવા જરૂરી છે. પ્રાચીએ એની નિરાલી મમ્મીને તો જોઈ જ નથી. એને પણ, પ્રેમથી મમ્મી કહી શકે એવી વ્યક્તિની હુંફની જરુર છે.’

‘કુંદનભાઈ હવે તમે તમારી ભત્રીજીનો પરિચય કરાવો.’

કુંદનલાલ બોલવાનું શરૂ કરે તે પહેલા નિકિતા ઉભી થઈ અને માથે સાડી ઓઢી વડિલોને પગે લાગી. એ પ્રાચીની પાસે બેસી ગઈ. પ્રાચીનો હાથ પોતાના

હાથમાં લઈ લીધો. પ્રાચી એની પોતાની લાગણીઓને સમજી શકે એટલી પુખ્ત ન હતી પણ એને પરિચિત સ્પર્શનો અહેસાસ થયો.

કુંદનલાલે શરૂ કર્યું. 'અમે વડનગરી નાગર બ્રાહ્મણ. અમારા કુળદેવતા હાટકેશ્વર મહાદેવ. ઘરના સંસ્કાર શિવપુજાના. મારા પિતાનો ધંધો એકાઉન્ટિંગનો એટલે અટક મહેતા થઈ ગયેલી. મને એક ભાઈ હતા. કેદારનાથ. મારા કરતા પાંચ વર્ષ મોટા. અઢાર વર્ષની ઉંમરે એ ઇંગ્લેન્ડમાં હાટકેશ્વર મહાદેવના મંદિરમાં પુજારી તરીકે ચાલ્યા ગયેલા. ત્યાર પછી આ નિકિતાના જન્મ પછી એક જ વાર અમદાવાદ આવેલા. ખુબજ ધાર્મીક જીવ. આ નિકીતાને ઉચ્ચ શિક્ષણ આપ્યું પણ એને બ્રાહ્મણ સંસ્કારમાં જુનવાણી રીતે જ ઉછેરી. ગયે વર્ષે એ અને મારા ભાભી કાર એક્સિડન્ટમાં ઘાયલ થયા. ભાભી તો સૌભગ્ય સાથે તે સ્થળે જ દેવલોક પામ્યા. પણ મોટાભાઈના પ્રારબ્ધમાં એક અઠવાડિયું વધારે લખાયલું હશે. એમણે ફોન પર નિકિતાની સોંફણ નોંધણ મને કરી. કોઈક બ્રાહ્મણ સાથે પરણાવવાની જવાબદારી મને સોંફી છેલ્લો શ્વાસ મુક્યો.' કુંદનલાલની આંખો ભરાઈ આવી.

એનો અંતર આત્મા જાણતો હતો કે નિકિતા સિવાયની બધી જ વાત સાચી હતી. એમની સાચી ભત્રીજી દેવાંગીએ ગયે વર્ષે જ લંડનમાં બ્રાહ્મણ એન્જીનીયર સાથે લગ્ન કર્યા હતા. પોતે તો જઈ ન્હોતા શક્યા પણ અમેરિકાથી મોનાએ લગ્નમાં હાજરી આપી હતી. જમાઈના પિતા મૂળ પોરબંદરના હતા. જ્ઞાતિ મિત્ર હતા. લંડનમા જ સેટ થયેલા હતા.

સમગ્ર જૂઠાણાની કોરિયોગ્રાફી શેઠજીએ મોના સાથે ગોઠવી હતી.

સુંદરલાલ લગ્ન પછી જ શિવાનંદને સાચી વાત જણાવવાના હતા.

'અમારી નિકિતા પણ લંડન સ્કુલ ઓફ ઇકોનોમિક્સની ગ્રેજ્યુએટ છે. આપણા બિઝનેશ અંગે પણ સારું એવું વાચ્યું છે.' કુંદનલાલે નિકિતાના વખાણ કરવા માંડ્યા. એ મોટાભાઈ પાસે વેદોક્ત મંત્રો પણ શીખી છે. તમારે એને કંઈ પણ પુછવું હોય તો પુછી શકો છો.'

‘બેટી, મારે પુછવાનું તો કશું જ નથી. માત્ર કહેવાનું જ છે. સુંદરકાકાએ જ મને આ ધંધામા પલોટ્યો છે. નહિતો હું તો કોઈ કારકુની કરી ખાત અને થોડી યજમાન વૃત્તિ કરી લેત. તું ભણેલી છે. હવેતો બે કંપનીનું મર્જીંગ પણ પુરું થઈ જશે. તું બિઝનેશમાં મદદ કરશે?‘

‘એ તો મારી ફરજ છે કે વડિલોની ઈચ્છાને આજ્ઞા માનીને સમજ અને શક્તિ પ્રમાણે કામ કરવું. આઈ વીલ ટ્રાઈ માય લેવલ બેસ્ટ. અલ્ટીમેટલી ઈટ ડિપેન્ડ ઓન યોર સનસ્ વીશ.’

‘બેટી એક બીજી વાત. મારી પ્રાચીને સગી માનું વહાલ મળે એટલી જ ઈચ્છા છે.’ શિવાનંદનો અવાજ ગળગળો થઈ ગયો.

પાર્વતિબાએ કહ્યું 'નિકિતા માત્ર પ્રાચીની જ મા નહિ. પણ મારા બે-ત્રણ પૌત્રની મા પણ બની રહે એ આશા છે.’

સૌ સ્તબ્ધ થઈ ગયા. તેઓ જાણતા હતા કે નિકિતા ગર્ભવતી થઈ શકે એમ નથી. અત્યાર સુધી ચૂપ બેઠેલા રાજુએ બાજી સંભાળી લીધી.

‘મારે એક વાત કહેવી છે. પ્રાચીના ઉછેરમાં વાંધો ન આવે એટલે એના જન્મ પછી મેં ઓપરેશન કરાવી નાખ્યું છે. હવે મને સંતાન થઈ શકે એમ નથી. બીજા સંતાનની ઈચ્છા પણ નથી. કાકાશ્રી અને નિકિતાને એ મંજુર નહિ હોય તો આ સંબંધમા આગળ વધવાની જરૂર નથી.’ રાજુ ઊભો થઈ ગયો.

પાર્વતિબાના માથા પર પહાડ તૂટી પડ્યો. શું મારો વંશ અહિથી જ અટકી જશે?. ખરેખરતો બહારથી સારો દેખાડો કરતા દીકરાએ સ્વચ્છંદી જીવન જીવવા માટે જ ઓપરેશન કરાવી નાંખ્યું હશે. દીકરાએ પુછવાની વાત તો બાજુએ પણ આજ સુધી કહ્યું પણ નહિ! બધાની હાજરીમાં પાર્વતિ બા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. ‘મારે નિર્દોષ નિકિતાનું જીવન બગાડવું નથી.’

કુંદનલાલ ઘડાયલા હતા. સ્ક્રિપ્ટ વગરનો ડ્રામા ચાલુ રહ્યો. એ ઊભા થયા. ‘બેટા નિકિતા, આપણે જઈશું?‘

‘કાકાજી જો આપના આશિર્વાદ હોય તો મારે એમની સાથે જ રહીને વડિલોની સેવા કરવી છે. આજના સમયમા સંસ્કારી હોય અને પ્રેમાળ પણ હોય એવા વડિલો મળવા મુશ્કેલ છે. હું એને નિરાલીબહેન કે એના નિકુળમામાની ખોટ સાલવા નહીં દઉં. હું પ્રાચીને મારા લોહીની દીકરી છે એમ ઉછેરીશ. થોડા વર્ષોમાં એ મોટી થશે. એના બાળકો બાના ખોળામાં રમશે.‘

‘મેમ, મે આઈ કોલ યુ મમ્મી?’ પ્રાચી નાની હતી પણ છેક નાદાન ન હતી.

‘યેસ ડિયર આઈ એમ યોર મમ્મી. પ્લિઝ કોલ મી મમ્મી ઓર મામ વોટએવર યુ લાઈક.’

‘ઓહ નાઈસ..... આઈ'લ કોલ યુ મામ.’

બધા મા દીકરીનો સંવાદ સાંભળી ભાવવિભોર થઈ ગયા.

‘મામ, ડુ યુ નો ડેન્સ?’

‘યેસ, ...આઈ નો કથ્થક.’

‘રિયલી?’

‘યસ. ...’

નિકુળ નાનો હતો ત્યારે કથ્થક શિખ્યો હતો અને નિરાલી ભારત નાટ્યમ શીખી હતી.

‘મને કરી બતાવોને.’

‘બેટી કોઈ વાર કરી બતાવીશ.’

‘નો મામ. આઈ વોન્ટ ટુ સી નાવ.’

નિકિતાએ પાર્વતિબા સામે જોયું. પાર્વતિબાએ પણ આગ્રહ કર્યો. 'બે લાઈન બતાવી દેને! જીદ્દી છોકરી છે.'

નિકિતાએ રાવણ રચિત તાંડવ સ્તોત્રની બે લાઈનના બોલ બોલી મુદ્રા કરી બતાવી. સૌએ તાળી પાડી. પ્રાચી નિકિતાને વળગી પડી. પાર્વતિબાએ ઉઠીને બન્નેને બાથમાં લઈ લીધા.

'આપ સૌને મારે એક બીજી સ્પષ્ટતા કરવાની છે. મારી પોતાની દીકરી મોનાના વસંતપંચમીના લગ્ન છે. શેઠજીની કૃપાથી તે અમેરિકા ગઈ. ત્યાં એક પારસી ડૉક્ટરના પ્રેમમાં પડી. મારી મરજી વિરૂધ્ધના આ આંતરજાતીય સંબંધ છે. હું એ લગ્નમા હાજરી પણ આપવાનો નથી. હું એકલી નિકિતાનું જ કન્યાદાન કરીશ.' કુંદનલાલ હાથ જોડી ઊભા રહ્યા.

'ના કાકાજી, અમે બન્ને બહેનો એક જ માંડવામા સાથે જ લગ્ન કરીશું. અને તમારે જ કન્યાદાન કરવું પડશે. નહિતો હું લગ્ન કરવાનું માંડી વાળી લંડન ચાલી જઈશ. કાકાજી તમેતો શાસ્ત્ર ભણ્યા છો. તમે આધૂનિક વિચારના છો. મોના તો મારા કરતાએ વધુ ભણેલી છે. વેદ પુરાણમા પણ આપણા કરતા વધુ જાણકાર છે. મને એણે જ સમજાવેલું કે જેમણે અઢાર પુરાણ અને ચાર વેદોનું સંપાદન કર્યું છે એ ભગવાન વેદ વ્યાસજીના પિતા પરાશર બ્રાહ્મણ અને માતા માછીમારની પુત્રી મત્સ્યગંધા હતી. આપણે બ્રાહ્મણો ક્ષત્રીયો કરતાં ઊચા હોવા છતાં રામ અને કૃષ્ણને પુજીએ જ છીએને. ઈન્દીરા ગાંધી બ્રાહ્મણ હતા અને એ પણ પારસીને પરણેલા જ ને! મેં પરદેશમાં અને અહિ ભારતમાં પણ વંઠેલ બ્રાહ્મણ પુત્રોને દારૂ પીતા, માંસાહાર કરતા અને હલકી કક્ષાની છોકરીઓ સાથે નાચતા જોયા છે. એના કરતાતો મોનાએ પસંદ કરેલો પારસી પુત્ર ખુબ જ સંસ્કારી છે. કાકાજી પાર્વતિબાને જ પુછી જુઓ. એ તમારા જેવા જુનવાણી તો ન જ હોય. કેમ બા હું સાચી છુંને?'

પાર્વતિબાની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ. એમને કહેવું પડ્યું 'કુંદનભાઈ આપણે બન્ને દીકરીઓના લગ્ન સાથે જ કરીશું અને બન્ને દીકરીઓના કન્યાદાન પણ મનમોટું રાખી તમારે જ કરવાના.'

...અને પુજારી વલ્લભે ગૃહમંદિરમા દિવો કર્યો. વલ્લભની સાથે કુંદનલાલ અને નિકિતાએ સ્પષ્ટ ઉચ્ચારો સાથે પ્રભુ પ્રાર્થના કરી. વાતાવરણ મંગલમય બની ગયું. કુંદનલાલે રાજુને તિલક કરી શુકનના સવાસો રૂપિયા અને શ્રીફળ આપ્યું. પાર્વતિબાએ નિકિતાને ચાંલ્લો કરી આશિર્વાદ આપ્યા. એઓ આ માટે તૈયાર ન હતા પણ રાજુ તૈયાર હતો. એણે ગજવામાંથી હીરાની વીંટી કાઢી નિકિતાને પહેરાવી.

તે સાંજે કિશનમહારાજે શુકનના કંસાર સાથે ત્રણ મિષ્ઠાન અને ચાર ફરસાણનું ભોજન કરાવ્યું. શેઠજીએ અને શ્વેતાએ બધાને રાત્રે સુવર્ણા વિલામાં જ આગ્રહ કરીને રોકી પાડ્યા. આવતી કાલે સોનાલી, આદિત્ય, મોના અને મોહિત આવવાના હતા. મોહિતના માતા પિતાને ફોન કરી કાલે બોમ્બે બોલાવ્યા હતા. લગ્નનું ફાયનલ આયોજન કરવાનું હતું.

બીજી સવારે શ્વેતા બધાને લેવા એરપોર્ટ પર પહોંચી ગઈ. શ્વેતાનો તલસાટ જોઈને શેઠજીએ સોનાલી અને આદિત્યને લેવા જવાનો ઉમળકો અંકુશમાં રાખ્યો.

બધા આવી ગયા.

ડોમેસ્ટિક એરપોર્ટ પર, મોનાના મમ્મી અને સાસુ સસરાને લેવા લાલાજી શેરખાન ગયા હતા.

લાલાજીની કારમાંથી ત્રણ મહેમાનને બદલે પાંચ મહેમાન ઉતર્યા. સૌએ સાનંદાશ્ચર્ય અનુભવ્યું.

પ્રકરણ ૨૯

લાલાજીની કારમાંથી ડૉ.ફિરોઝ, ડૉ.બહારબાનુ, મોનાના મમ્મી કુમુદગૌરી ઉપરાંત વધારાના મહેમાન ડૉ.જમશેદજી બાવા, તેમના બહેન અને શેઠજીના પર્સનલ સેક્રેટરી દીનાબહેન પણ ઉતર્યા.

'શેઠજી ટમે ડરેક વખટે પોરીયાઓના લગનમાં મને જ બોલાવટા નઠી. પન આ વખટે ટો હું આવી જ પરીયો. માન ન માન મૈં ટેરા મે'માન' ડૉકટર બાવાએ શેઠજીને મીઠો ઠપકો આપ્યો.

દીનાબહેને બધાને ડૉ. ફિરોઝની પોતાના સગપણની નવી ઓળખાણ કરાવી. 'ડૉ.ફિરોઝ અમારા ભાણેજ થાય. એમનો દીકરો મોહિત કુંદનલાલની દીકરી મોનાને પરણવાનો છે. કુંદનલાલ તો આપણા સ્ટાફના માણસ કહેવાય પણ મોના એમની દીકરી છે તે તો અમને પણ ખબર જ ન હતી.'

'તો હું તમને બીજા એક ગુડ ન્યુઝ આપું.' શેઠજીએ ઓળખવિધી ચાલુ રાખી. એ જરૂરી પણ હતું, 'કુંદનલાલની ભત્રીજી નિકિતાના લગ્ન આપણા ડૉ.રાજુ સાથે નક્કી કર્યા છે.'

રાજુ અને નિકિતા બધા વડીલોને વાંકા વળી પગે લાગ્યા.

'આટો સુંડરલાલે બઉ સુંડર પેંડા ખાવા જેવી વાટ કીધી. ડૉકટર ટેં બીજા લગન કરવાનું ડિસાઈડ કરીને, ટારી ડિકરીને એની નવી મા આપ્પાનો, ટે બઉ સોજ્જુ કરીયું.'

'અવે ડિકરી શ્વેટા! ટેં તારા નવા ડાક્ટર ધનીને કાં સંતારી રાખેલો છે. એને બા'ર કાઢ્. ' આદિત્ય આગળ આવ્યો. એ પણ શ્વેતાની સાથે વડિલોને પગે લાગ્યો. એણે ખુણામાં ઉભેલી સોનાલી તરફ આંગળી ચીંધીને કહ્યુ, 'આ મારા મમ્મી સોનાલીજી છે'

સોનાલીએ ડૉ.જમશેદજીને ત્યાં જ સેક્રેટરી તરીકે નોકરી કરેલી. ડોકટરબાવાએ ચશ્મા કાઢ્યા. કાચ નૂછ્યા. 'આઈ ડોન્ટ બિલીવ ઈટ. શેઠજી આ એજ મારી ડિકરી સોનાલી છે મારે ટાં સેક્રેટરી ઉટી તે જ ને?'

'હા બાવાજી હું એ જ આપની સેક્રેટરી સોનાલી છું.'

'ટું મારા દેસ્ક પર ચીઠ્ઠી મુકીને એકાએક કાં ડિસએપીયર ઠઈ ગયેલી. ટને કઈ ટકલિફ હટી? ટારા લગ્ન કીયારે ઠીયા. આવો મજ્જેનો ડીકરો આપ્પાવારો ટારો ધની કાં છે?'

સોનાલીએ જવાબ ન આપ્યો. પિતા સમાન જમશેદજીને વળગીને રડી પડી.

એટલામાં યોગેશભાઈ અને હેમાલી આવી પહોંચ્યા. સોનાલીએ ડૉકટર જમશેદજીને કોઈ ખુલાશો આપવો ન પડ્યો. વાતના વહેણ બદલાઈ ગયા.

બધા બેસીને વેડિંગ પ્લાનની ચર્ચા કરતા હતા. એટલામાં બહાર ગુરખા સાથે બેઠેલા લાલાજીનો ફોન આવ્યો. 'શેઠજી, હમારી પડૌશન નિલીમાજી, સોનાલીજીસે મિલના ચાહતી હૈ. દરવાજે પર ખડી હૈ. ઉનકો અંદર ભેજુ?'

સૌ વિચારમાં પડી ગયા. નિલીમા બોલીવુડની જાણીતી અને ઠરેલ અભિનેત્રી છે. ટેરેસમાં કોઈક વાર નજર મળી જાય તો હાથ ઊંચો કરી હાય હલ્લો કરી લે છે. અક્ષયના અને સુવર્ણાબેનના મૃત્યુ વખતે શેઠજી અને શ્વેતાને આશ્વાસન આપવા આવેલી અને ચા, કૉફી બિસ્કિટ મોકલેલા. એની સાથે એવો ખાસ અંગત સંબંધ તો હતો નહિ. અને આતો શેઠજી કે શ્વેતાને નહિ પણ સોનાલીજીને મળવા માંગતી હતી. સોનાલીજી પણ વિચારતા હતા કે આ નિલીમા કોણ હશે.

શેઠજીએ કહ્યું. 'આને દો.'

નિલીમાએ અંદર આવી સૌને વિવેક પૂર્વક નમસ્કાર કર્યા. સોનાલીજીની ચરણ રજ લઈને માથે ચડાવી. 'સોનાદીદી મને ઓળખી કે નહિ?' સોનાલીની સ્મૃતિ એકદમ જાગૃત થઈ ગઈ માત્ર એક જ વ્યક્તિ એને સોનાદીદી કહેતી હતી અને તે નીલી

આહુજા. અમદાવાદમાં જ્યારે આદિત્ય માત્ર દોઢ વર્ષનો હતો ત્યારે આઠ વર્ષની નીલીને સોનાલી સંગીત શિખવવા જતા હતા..

રૂપાળી ઢીંગલી જેવી નીલી કોઈકવાર સોનાદીદીનેત્યાં આવતી અને આદિત્ય અને મોનાને રમાડતી. પણ નીલીના પિતાની બદલી મુંબઈ થતા સંપર્ક તૂટી ગયો હતો. આજે સોનાલીને શેઠજીના બંગલામાં દાખલ થતા જોઈને બાળપણની ટીચરને મળવા દોડી આવી.

સોનાલીએ મોટા થઈ ગયેલા આદિત્ય અને મોનાની ઓળખાણ કરાવી. લગ્ન પ્રસંગની વાતો કરી. સુંદરલાલે નિલીમાને લગ્નપ્રસંગના ત્રણે દિવસનું આમંત્રણ આપ્યું.

શ્વેતાએ ધીમે રહીને કહ્યું 'જો નિલીમાજી માર્ગદર્શન આપે તો ત્રણે દિવસનો મ્યુઝિકલ પ્રોગ્રામ સરસ રીતે ગોઠવાઈ જાય. મેં એક ફિલ્મ મેગેઝિનમાં વાંચ્યું હતું કે નિલિમાજીએ માત્ર અભિનય જ નહિ પણ “સ્વર મંદિર” ફિલ્મમાં પોતાનો કંઠ પણ આપ્યો છે.’

‘એ જવાબદારી મારી. વર્ષો સૂધી પાડોસમાં રહ્યા પણ પરદેશની જેમ જ અત્યાર સૂધી એકબીજાથી અળગા અને અજાણ્યા રહ્યા. આજે હું અનુભવી રહી છું કે હું તમારી પાડોસી છું. આદિત્ય અને મોનાને મેં રમાડ્યા છે. એઓ તો મને ના ઓળખે. મને મારા કુટુંબનો પ્રસંગ છે એવું અનુભવું છું. આપણા સંબધને વ્યાવહારિક બનાવવા માટે મારી એક શરત છે.’

શેઠજીએ જ જવાબ આપ્યો 'જાણ્યા વગર પણ હું કહીશ કે તમારી બધી શરતો અમને મંજુર છે. આટલા વર્ષે પ્રેમાળ પાડોસીની સાથે આત્મીય સંબંધ થયો એ અમારા સદભાગ્યની વાત છે. બોલો તમારી શી શરત છે?'

‘શેઠજી આજે તમારે બધાએ સાંજનું ડિનર મારે ત્યાં લેવાનું. માત્ર તમે જ નહિ પણ દાદાજીને પણ લઈ આવવાના. તમારા ઘરના સૌ નોકર ચાકરને પણ મારું. આમંત્રણ છે. એઓ પણ મારા પાડોસી કહેવાય. કહેવાય છે કે પહેલો સગો પાડોસી.’

‘શરત જાણ્યા વગર હા તો કહી દીધી. પણ આતો તમે તમારી તકલીફ વધારવાની શરત કરી છે.’

‘આજે મારા ભઈલાને અને તોફાની મોનાને હું પીરસીસ. અમારે ત્યાં લક્ષ્મીમાસી બધી વ્યવસ્થા અડધા કલાકમાં કરી દેશે. આપણે સાંજે સાત વાગ્યે મળીશું. અત્યારે મારે ડબીંગ માટે જવાનું છે સાંજે પાંચ વાગ્યે પાછી આવી જઈશ.’

શેઠજીએ લાલાજીને બોલાવી સ્ટાફમાં બધાને સાંજના ડિનરની વાત કરવાનું કહ્યું. કિશન મહારાજને પણ કહેડાવ્યું કે લક્ષ્મી બહેનને જે કાંઈ મદદ જોઈતી હોય તે આપજો.

તે જ સાંજે નિલીમાને ત્યાં ડિનર વખતે લગ્નના આયોજનને આખરી ઓપ અપાઈ ગયો.

અમેરિકા, ઈંગ્લેન્ડ ફોન અને ઈ-મેઇલ દ્વારા આમંત્રણ અપાયા. ઈન્ડિયામાં કુરિયર મારફતે લગ્નની આમંત્રણ પત્રિકાઓ રવાના થઈ ચુકી હતી. આમંત્રણ પત્રિકાનું ગોલ્ડન ગિફ્ટ બોક્ષ હતું. એમાં પહેલા કાર્ડ પર ત્રણ વરકન્યાના ફોટા અને લગ્નની તારિખ, તીથી અને ‘કુર્યાત્ સદા મંગલમ્’ લખેલું હતું. લેમિનેટેડ કાર્ડની નીચે ગણેશ મુર્તી અને ગણેશ સ્તવન હતું. એની નીચે વેડિંગ બેલ આકારની મોટી સ્વિસ ચોકલેટ હતી. ચોકલેટની નીચે શિવાનંદ કુટુંબના ગુરુજી તથા નવસારીના ધર્મનિષ્ઠ પણ આધૂનિક વિચારના દસ્તુરજીના આશીર્વચનો હતા. એની નીચે જુદા જુદા અંગ્રેજી અને ગુજરાતી આમંત્રણ કાર્ડ હતા. લગભગ ૨૦૦૦ રિસેપ્શન આમંત્રણો બોક્ષ હતા. સવારનું લગ્નનું આમંત્રણ માત્ર ૫૦૦ વ્યક્તિ માટે હતું. એમાયે બે દિવસ પહેલાના મહેંદી અને ગરબાનું આમંત્રણ માત્ર ખાસ અંગત ૧૦૦ વ્યક્તિને જ અપાયું હતું.

મહેંદી અને લગ્નની વચ્ચેના દિવસે ગ્રહશાંતિ અને રાત્રે લગ્નગીતો, સોનાલીજીના સિતાર અને સંગીત અને કોરિયોગ્રાફીવાળા બોલીવુડ ડેન્સપાર્ટીનુ આયોજન થયું હતું. એમાં લગભગ ૩૦૦ જેટલાને આમંત્રણ અપાયું હતું.

મહેંદી ઉત્સવ સુવર્ણા વિલાની વિશાળ ટેરેસમાં ગોઠવાયો હતો. ગ્રહશાંતિ અને મ્યુઝીકલ નાઈટ 'ગ્રાન્ડ હ્યાટ'ના બેન્ક્વેટ હોલમા આયોજીત થઈ હતી. લગ્ન અને રિશેપ્સન ડિનર, લીલા એસ્ટેટમાં રાખવામાં આવ્યા હતા. સમગ્ર આયોજનનો ખર્ચો સુંદરલાલ શેઠ જ ઉપાડતા હતા. ખરેખરતો એના એકના એક પુત્રના લગ્ન હતાને!

લગ્નોત્સવની શરૂઆત સુવર્ણા વિલામા મહેંદીથી થઈ.

ટેરેસ ગાર્ડનમાં રંગીન ફુવારાઓની સુગંધીત હવા વાતાવરણને ખુશનુમા બનાવતી હતી. મધ્યમાં ત્રિકોણાકારમા ગોઠવેલી ત્રણ ખુરશી પર શ્વેતા, મોના અને નિકીતા મહેંદી મુકાવતા હતા. તેની બાજુમાં નાના વર્તુળમા સોનાલી, હેમાલીભાભી, મોનાના મમ્મી કુમુદગૌરી, મોહિતના મમ્મી બહારબાનુ, દીનાબેન, અમેરિકાથી આવેલા ડૉ.માર્થા અને માઈકના પત્ની સુઝન, હમણાં જ આસિસ્ટન્ટ કમિશ્નર બનેલા મલહોત્રાની પત્ની અને શ્વેતાની કોલેજ ફ્રેન્ડ કાશ્મિરા તથા પાડોસી અભિનેત્રી નિલીમાને હાથે મહેંદી મુકાતી હતી. પ્રાચીએ નિકીતા મામ પાસે જ બેસવાનો આગ્રહ રાખ્યો હતો.

સ્ટાફમાં યુવાન વિમળા અને જ્યોતિ પણ બાકી રહ્યા ન હતા. કાંતામાસી અને પાડોસી લક્ષ્મીબેને શુકનના હાથ રંગ્યા હતા. એક માત્ર પાર્વતિબાએ મહેંદી મુકાવી ન હતી. એમની માન્યતા હતી કે જેના લગ્ન થવાના હોય તેને જ મહેંદી મુકવાની હોય. અને આમ પણ મારી ઉંમરે આવું સારું ન લાગે.

આ સિવાયની અન્ય આમંત્રિત મહિલાઓને માટે ટેમ્પરરી મહેંદી સ્ટીકર્સ તૈયાર હતા. રૂચી પ્રમાણે લગાવવાનો આનંદ સૌ માણતાં હતાં.

નિલીમાએ લગ્નગીતોમાં સ્પેશિયાલિસ્ટ એવી ચાર આર્ટિસ્ટને એના નાના ઓર્કેસ્ટ્રા સાથે બોલાવી હતી. સાથે બોલીવુડનું ડેન્સ ગ્રુપ હતું. ટેરેસમાં બે વિડિયોગ્રાફર અને ત્રણ ફોટોગ્રાફર ફરતા હતા. ટેરેસમાં લગ્ન ગીતો, ગરબા અને નૃત્યની મહેફિલ જામી હતી. માત્ર મહિલાઓ જ હતી. ક્યારેક મર્યાદા બહારના

શૃંગારિક ટોળ ટપ્પા પણ થઈ જતા. પાર્વતિબા શિવ શિવ રટતાં કેટલો ખરાબ જમાનો આવી ગયો છે તેનો સંતાપ કરતા.

બધા પુરુષો નીચે સેન્ટ્રલહોલમાં ખાણાપીણાની મોજ માંણતા હતા. ઉપરનો ક્લોઝસર્કિટ વિડિયો નીચે સેન્ટ્રલહોલમાં બીગ સ્ક્રિન પર બ્રોડકાસ્ટ થતો હતો. પુરુષો માત્ર મહિલાઓના આનંદના દર્શક બની રહ્યા.

જલસો રાત્રે અઢી વાગ્યા સુધી ચાલ્યો.

બીજે દિવસે સવારે શાંતાક્રુઝ વેસ્ટમા આવેલી હ્યાટ ગ્રાન્ડના બૉલરૂમમાં લગભગ પાંચસો સ્વજનોની હાજરીમાં વેદના મત્રો સાથે ગણેશ પૂજન થયું. હિદુ અને પારસી રીત રિવાજોનું કુશળતા પૂર્વક સંયોજન થયું હતું કોઈ પણ પક્ષે ચોક્કસ પ્રણાલિકા જળવવાનો દુરાગ્રહ નહોતો તેમ કંઈ ચૂકી ગયાનો અફસોસ ન હતો..

શ્વેતા, નિકીતા અને મોનાએ લીલા અને કિરમજી રંગના ઘેરવાળા રાજસ્થાની ડિઝાઈનર લહેંગા-ચોલી અને મેચિંગ ઓઢણી પહેરી હતી. સમગ્ર ડ્રેસ પર વેલ્વેટ, સોનેરી ઝરી અને રેશમથી ભરેલા કલાત્મક મોર હતા. એના પ્રમાણમા ત્રણે વરરાજાઓએ સાદા સફેદ અચકન સલવાર પહેર્યા હતા.

ગૃહપુજારી વલ્લભનું આજે મોટુ માન હતું. પિતાંબર અને પાઘડી પહેરી ગ્રહશાંતી અને અગ્નિપૂજન કરાવ્યું હતું. સુંદરલાલ દીકરાના લગ્નનો આનંદને હૈયામાં સાચવીને, ભંડારીને આવેલા સ્વજનોને કહેતા મારી દીકરી શ્વેતાના લગ્ન છે.

મહેમાનો, વિધવા પુત્રવધૂને દીકરીની જેમ પરણાવનાર સસરાજી સુંદરલાલ શેઠની પ્રસંસા કરતાં હતાં

ગ્રહશાંતી પછી લંચ; અને સાંજે શાસ્ત્રીય સંગીતનો અને ક્લાસીકલ ડાન્સનો પ્રોગ્રામ હતો. પ્રાચીએ સરસ રજુ કર્યો. પ્રાચી નિકીતાને ડેન્સ ફ્લોરપર ખેંચી ગઈ. બન્ને મા-દીકરીએ બધાને ડોલાવી દીધા. સોનાલીએ મન મુંકીને સિતાર વાદન કરી બધાને ભાવુક બનાવી દીધા. છેલ્લે શેઠજીના પ્રીય કેદાર રાગ વાળા ગુડ્ડી ફિલ્મના

'હમકો મન કી શક્તિ દેના' ની ગત સાથે સમાપન કર્યું. રાત્રે સીટડાઉન ડિનર લઈ ત્રીજા દિવસના લગ્ન સમારંભની તયારી માટે સુવર્ણા વિલા પર પહોંચ્યા.

૦૦૦

ત્રીજા દિવસે લીલા રિસોર્ટ એસ્ટેટના ગ્રાઉન્ડ પર સવારે વૈદિક લગ્ન વિધી શરૂ થઈ ગઈ. આદિત્ય, શ્વેતા, રાજુ અને નિકીતાએ રજવાડી આઉટફીટ પહેર્યો હતો. મોના અને મોહિતે પાઘડી સાથેનો પારસી લગ્ન પરંપરા પ્રમાણે પહેરાતો સફેદ આઉટફીટ પહેર્યો હતો. મધુર મંગળ શરણાઈના સૂરો સાથે ત્રણ દંપતીના હસ્તમેળાપ થયા. શાર્દૂલવિક્રીડિતમાં મંગળાસ્ટક ગવાયા. અગ્નિની સાક્ષીએ સપ્તપદીના ફેરા ફરાયા.

એક ક્ષણ માટે શ્વેતાને અક્ષય સાથે ફરેલા ફેરાની યાદ આવી ગઈ. કમકમા આવી ગયા. પણ ના એ અક્ષય સાથે નહિ પણ આદિત્ય સાથે ફેરા ફરતી હતી. નવજીવનનો આરંભ હતો. સ્વયં સ્વસ્થ થઈ ગઈ.

સુંદરલાલ શેઠ સોનાલીની બાજુમાં જ ઊભેલા હતા. અનાયાસે લાગણીવશ થયેલા શેઠજીથી સોનાલીનો હાથ પકડાઈ ગયો. સોનાલીએ ધ્યાન બહાર કે ઈરાદાપુર્વક હાથ છોડાવાની કોશીષ ન કરી. બધાનું ધ્યાન મંગળ ફેરા ફરતા દંપતી પર હતું. શ્વેતાનું ધ્યાન શેઠજીના હાથ પર ગયું. શેઠજીની નજર શ્વેતા સાથે મળી. પકડેલો હાથ છૂટી ગયો.

થોડી મહિલા વર્ગની રીતો શરૂ થઈ. નવવધૂના કાનમાં 'અખંડ સૌભાગ્યવતી' ની શુભેચ્છાની શરૂઆત થતી હતી. આદિત્યે એ રીત અટકાવી દીધી. અણે કહ્યું બહેનો, માતાજીઓ, અજાણ પણે તમે પતિ કરતાં નાની ઉંમરની નવવધૂઓને વહેલી મરવાનો શ્રાપ આપી રહ્યા છો. જમાનો બદલાયો છે. કાનમાં નહિ પણ મોટેથી અમને બન્નેને સુખદ દાંપત્ય સાથેના દિર્ઘાયુષ્યના આશીર્વાદ આપો. જુનવાણી સ્ત્રીઓ, ખાસ કરીને પાર્વતિબા, સુંદરભાઈના જમાઈની વાતથી ડગાઈ ગયા. પાર્વતિબાએ શિવ શિવ કરતા કળીયુગને દોષ દીધો. પણ યુવતિઓએ તાળીથી નવો વિચાર વધાવી લીધો.

ooo

સાંજે રિસેપ્શન શરૂ થયું. રિસેપ્શન ટેન્ટના મુખ્ય દ્વાર પર બે શુશોભિત હાથીઓ ઝૂલતા હતા. ટેન્ટમાં દાખલ થવાના લાંબા રસ્તા પરથી આવતા આમંત્રિતો પર ગુલાબની પાંખડીઓ અને ગુલાબ જળનો છંટકાવ થતો હતો. સુંદરલાલ શેઠ અને સોનાલીજી, શિવાનંદ શર્મા અને પાર્વતિજી, ડૉ ફિરોઝશા મહેતા અને ડો.બહારબાનુ, ડો.જમશેદજી દારુવાલા અને દીનાબહેન ભરૂચા, કુંદનલાલ અને તેમના પત્ની સૌનું સ્વાગત કરતા હતા. અગ્રગણ્ય દેશનેતાઓ, બોલીવુડના કલાકારો, વ્યાપાર જગતના માધાંતો, અને ડોકટરોથી એસ્ટેટ પરનો મોટો શામિયાણો ઉભરાતો હતો. મીઠું પણ માદક સંગીત લાઈવ ઓર્કેસ્ટ્રા સાઉન્ડ્ સિસ્ટિમમાં વહાવતા હતા.

એકાએક શામિયાણાની તમામ લાઈટ ઝબૂકવા લાગી. ઓર્કેસ્ટ્રાનો ડ્રમ રોલ થયો અને થ્રીટાયર સ્ટેજ પર શિવાનંદ કુટુંબના ગુરુજી, નવસારીના દસ્તુરજી અને વ્હિલચેરમાં દાદાજી પ્રવેશ્યા. ગણપતદાદાની વ્હિલચેર લાલાજી પુશ કરતા હતા.

ફરી ડ્રમરોલ થયો. કુંદનલાલ અને કુમુદગૌરી, ડો.ફિરોઝશા અને ડો. બહારબાનુ, શિવાનંદ અને પાર્વતિબેન, પછી સોનાલીજી, યોગેશભાઈ, હેમાલીભાભી અને સૌરભ બીજા નંબરના સ્ટેજ પર ગોઠવાયા. બધી લાઈટ્સ ફરીથી લાંબો સમય સુધી ઝબક્યા કરી. ફ્લડ લાઈટ શેઠશ્રી સુંદરલાલ પર કેન્દ્રિત થઈ. શેઠજીએ આમંત્રિતોને વંદન કરતા સ્ટેજ પર સૌની મધ્યમાં સ્થાન લીધું. ઓર્કેસ્ટ્રાએ હી ઈઝ જોલી ગુડ ફેલો ની ધુન જમાવી. બધાએ તાળિઓના અને ફુટસ્ટ્રોકના તાલથી શામિયાણો ગજાવી મુક્યો.

ઓર્કેસ્ટ્રા શાંત થઈ ગયું.ઝબુકતી રોશનીએ થાકીને વિરામ લીધો.

મધ્યમાં એક સ્ટેજ ઉપસી આવ્યું. પાંચ શણગારેલા ઊંટ પર બેઠેલા સાજીંદાઓ શહનાઈ પર મંગલ સૂરો છોડતા હતા.

છેક પાછળથી એક ચાર ઘોડાની બગી દાખલ થઈ. એમાં શ્વેતા અને આદિત્ય હતા. ધીમે ધીમે લાલ ફ્લડલાઈટના વર્તુળ સાથે બગી સ્ટેજ તરફ સરતી હતી. એમાં

શ્વેતા અને આદિત્ય ઊભેલા હતા. ઊભા થયેલા સૌ તરફ હાથ હલાવતા એને વૃદ્ધ આમંત્રિતો પ્રત્યે નમસ્કાર કરતા હતા.

ડાબી બાજુ પરથી એવી જ બગી ભૂરી ફ્લડ લાઈટમા સ્ટેજ તરફ આગળ વધતી હતી. એમાં રાજુ અને નિકીતાની વચ્ચે પ્રાચી બધાને વેવ કરતી હતી.

જમણી બાજુપરથી લીલી ફ્લડલાઈટમાં આવતી ત્રીજી બગીમાં મોના અને મોહિત હતા. મોના બધાને સ્મિત સાથે ફ્લાઈંગ કિસ આપતી હતી.

ત્રણે વરરાજાએ ગ્રે ટક્ષિડો પહેર્યો હતો. નવ પરિણીતાઓએ વેસ્ટર્ન લોંગ વેડિંગ ગાઉન પહેર્યા હતા.

માત્ર અગાઉથી નક્કી કરેલા મર્યાદિત આમંત્રિતોએ જ સ્ટેજ પર જઈ નવપરિણીત દંપતિ સાથે હસ્ત ધૂનન કરવાનું હતું.

ગ્રીટિંગ્સ પુરા થયે સૌથી પહેલા ફ્લોર પર આવી ત્રણ દંપતિએ સ્લો ડાન્સ કર્યો. ત્યાર પછી સ્ટેજના સેકંડ ટયરમાં બેઠેલા વડિલોએ વિવેક પુરતો ડાન્સ્ કર્યો. સુંદરલાલને ડાન્સના માધ્યમ દ્વારા હજારોની હાજરીમાં સોનલીના સ્પર્શસુખનો લાભ મળ્યો. પાર્વતિને બદલે શિવાનંદે પૌત્રી પ્રાચી સાથે ડાન્સ કર્યો. શિવાનંદ બેસી ગયા. એમની જગ્યા સૌરભે લઈ લીધી. નિલીમાએ જોયું કે લાલાજી હતાશ ચહેરે ખૂણા પર અદબ વાળીને ઊભા હતા. 'ક્યા હુવા લાલાજી? ડેન્સ નહિ કરના?' ઊંડો શ્વાસ મુકતા લાલાજીએ કહ્યું 'કોઈ પાર્ટનરભીતો ચાહીયેના!'

'આપ મેરે સાથ ડેન્સ કરોગે?' લાલાજીને માટે જીવનની એ અણમોલ ઘડી હતી. સામાન્ય લાલાજી એક પ્રસિધ્ધ અભિનેત્રી સાથે ડેન્સ કરી રહ્યા હતા. શ્વેતા મેડમની રિશેપ્સન પાર્ટિ જીવન ભરનું સુખદ નજરાણું આપી ગઈ. ભલે એ ડેન્સ વિવેક પૂરતો પાંચ મિનિટનો જ હતો.

અને પછીતો બધું જ યુવાન થનગંતુ લોહી બે કલાક નાચતું રહ્યું. દરેક ઉત્સાહને થાક તો હોય જ. બધા થાક્યા. ડિનર શરૂ થયું.

.....ભવ્ય રિશેપ્સન પછી ત્રણ લિમોઝિન ત્રણ દંપતીને તાજના હનીમુન સ્વિટ પર લઈ ગઈ. બીજી સાંજે કુટુંબીજનો તાજમા આવી પહોંચ્યા. સાથે ડિનર લેવાયું.

શ્વેતા અને આદિત્ય હનીમુન માટે હવાઈ ઊપડ્યા. રાજુ અને નિકીતા ન્યુઝિલેન્ડ ગયા. મોહિત અને મોનાએ હનીમુન અમેરિકામાં પોતાના એપાર્ટમેન્ટમાં જ ઉજવવાનું નક્કી કર્યું હતું. એક વર્ષનું પોસ્ટ ગ્રેજ્યુએશન માટેનું રિસર્ચવર્ક પુરું કરવાનું હતું. તેઓએ મુંબઈ, ઉદવાડા, નવસારી અને સુરતના આતસબહેરામની મુલાકાત લઈ ચંદન કાષ્ટ અર્પણ કર્યા. ત્યાંથી વડનાગરના હાટકેશ્વર મહાદેવમાં રૂદ્રાભિષેક કર્યો. અંબાજીમા અંબામાતા દર્શન કરી બે દિવસ માઉન્ટ આબુ પર હનીમુન માણ્યું બે દિવસ અમદાવાદમાં વડિલો સાથે ગાળી મોના અને મોહિત અમેરિકા પહોંચ્યા.

અંતિમ પ્રકરણ ૩૦

[મારા વાચક મિત્રો, શ્વેતા નવલના અંતિમ પ્રકરણ પહેલાં..કંઈક વાત.

એક નાનકડા વાર્તા બીજમાંથી કોઈપણ જાતના પ્રીપ્લાન વગર વિસ્તરેલી વાર્તા સાહજિક રીતે એક લઘુનવલ બની ગઈ. ગુજરાત દર્પણના તંત્રીશ્રી સુભાષભાઈ શાહે પ્રેમ પુર્વક ૩૦ મહિના સુધી એમના માસિકમાં પ્રગટ કરી હતી. એમના હસ્તે જ "શ્વેતા" નું લોકાર્પણ થયું હતું.

આ તકે શ્રી સુભાષભાઈ, મારા સૌ વાચક મિત્રો અને અવારનવાર પ્રતિભાવ આપી મને ઉત્સાહીત કરનાર માનનીય મિત્રોના આભાર સહિત રજુ કરું છું]

હનીમુન પછી સૌ પોતપોતાની પ્રવૃતિમાં વ્યસ્ત થઈ ગયા. નવી સંયુક્ત ફાઈનાન્સિંગ કંપનીનું નવું નામકરણ થઈ ગયું. "'આદિરાજ ફાયનાન્સિંગ'" અગ્રગણ્ય કંપનીઓમા ગણાતી હતી. સર્વાનુમતે યોગેશભાઈને સી.ઈ.ઓ.બનાવવામાં આવ્યા. શ્વેતા અને નિકીતાને મનેજીંગ ડાયરેક્ટર બનાવાયા. ચેરમેન ઓફ ધ બોર્ડ ઓફ ડિરેકટર સુંદરલાલ શેઠ રહ્યા. શિવાનંદ વાઈસ ચેરમેન બન્યા.બોર્ડમાં યોગેશભઈ, શ્વેતા, નિકીતા, પાર્વતિબા, સોનાલીજી, રાજુ, આદિત્ય, કુંદનલાલ, વર્ષો જુના એમ્પ્લોયી ગુપ્તાજી અને દીનાબેનની નિમણુંક કરવામાં આવી.

મેનેજમેન્ટ અને બોર્ડ ઓફ ડિરેક્ટરની પહેલી મિટીંગ પુરી થયા પછી કુંદનલાલને અમદાવાદનું પ્લેન પકડવાનું હતું ગુપ્તાજી કુંદનલાલને એરપોર્ટ પર લઈ ગયા. પાર્વતિબાને સાંજની આરતીનું મોડું થતું હતું. દીનાબેન એને મલબાર હિલ પર ઉતારી એને ઘેર ગયા. કોન્ફરન્સ રૂમમાં હવે બિઝનેશ મિટીંગને બદલે ફેમિલી મિટીંગ થઈ ગઈ.

‘સુંદર! મને ઘણીવાર નિકુળ યાદ આવે છે. પાર્વતિને પણ પહેલાતો નિકુળ વ્હાલો હતો પણ ધીમે ધીમે એનો સ્વભાવ બદલાતો ગયો. મને લાગે છે કે એટલે જ એ લંડન ચાલ્યો ગયો. ભલે એણે કોઈ બ્રિટીશ છોકરી સાથે લગ્ન કર્યા પણ મને ખબર આપવાની પણ દરકાર ન રાખી. અરે રાજુના લગ્નમાં આવતે તો મામાને જોઈને પ્રાચી કેટલી ખુશ થતે! હું એને સમજાવીને મુંબઈમાં જ રાખતે. એને આપણા બિઝનેશમાં પણ ગોઠવી શકાતે. સુંદર, એ છોકરો હોશિયાર, તેજસ્વી, તંદુરસ્ત છતાંયે કેટલો કમળના ફુલ જેવો કુમળો હતો. નિરાલીના મૃત્યુ પછી એણે પ્રાચીની જવાબદારી લઈ લીધી. ઠરેલ વિચાર અને રમતિયાળ સ્વભાવ ને કારણે મને એના પર કુદરતી વહાલ ઉપજતું હતું. શિવાનંદની આંખો ભીની અને અવાજ ગળગળો થઈ ગયો. સુંદર, તું મને કોઈપણ રીતે એનો ફોન મેળવી આપ. મારે એને મુંબઈ બોલાવવો છે. એ હોત તો આપણા બિઝનેશનો કેટલો મોટો ભાર હલકો થઈ જાત. રાજુ બેટા’ તનેતો ખબર હશે જ. તું ધારેતો એની ભાળ મેળવી શકે. આપણે એને જુદો ફ્લેટ લઈ આપીશુ.’

રાજુએ પિતાને આટલા ભાવભીના કદીયે જોયા નહતા. નિકીતા લગભગ રડી પડવાની તૈયારીમાં જ હતી. એણે પાસે બેઠેલા રાજુનો હાથ જોરથી પકડી રાખ્યો. સત્ય જાણનાર સૌની આંખ શેઠજી પર મંડાયલી હતી.

‘શિવુ, હું વાત કરું તે પહેલા બે ઘૂટ પાણી પી લે અને જે કહું તે શાંતીથી સાંભળ.’ શિવાનંદને બે ઘડી અશુભ વિચાર આવી ગયો. પાણી પીને એ સુંદરલાલને તાકી રહ્યા.

‘દોસ્ત, નિકુળ, નિકુળ ન હતો.’

‘એટલે?’

‘નિકુળ નેવું ટકા સ્ત્રી અને દશ ટકા પુરુષ હતો.’

‘આઈ ડોન્ટ બીલીવ ઈટ. કોટા બકવાસની પણ હદ હોય છે’

‘હા શિવુ. એણે કોઈ અંગ્રેજ સાથે લગ્ન નથી કર્યા. એણે પુરુષમાંથી સ્ત્રી થવાનું ઓપરેશન કરાવી લીધું છે. એ ઓપરેશન આપણા આદિત્યેજ કર્યું છે. હવે તે પુરુષ નથી. તે સંપૂર્ણ સ્ત્રી છે.’

‘શું એવું ઓપરેશન થઈ શકે? તને જાત જાતની સ્ટોરી બનાવવાની કુટેવ છે. પ્લીઝ મારી લાગણીની મજાક ના કર. નિકુળનામાં મેં કદીયે બાયલાપણું જોયું નથી; મર્દને મહિલા બનાવાય જ નહિ’

નિકુળ મહિલા બની ચૂક્યો છે. બનાવનાર મારા જમાઈ ડો. આદિત્ય છે. અને ‘હા, આદિત્યની એમાં સ્પેશિયાલીટી છે.’

‘તારા લવારા માનવા હું તૈયાર નથી; જાણતો હોય તો કહે હાલ નિકુળ ક્યાં છે?’

‘એણે સ્ત્રી તરીકે લગ્ન પણ કરી લીધા છે. શારિરીક, માનસિક અને આર્થિક રીતે સુખી છે. ઈન્ડિયામાં જ છે.’

‘ઈન્ડિયામાં?.. ઈન્ડિયામા કઈ જગ્યાએ? મને ખબર હોત તો હું એને અને એના વરને જમાઈ તરીકે રાજુના લગ્નમાં બોલાવતે. અત્યારે મારે એની નરનારીના સ્વરૂપ સાથે લેવાદેવા નથી. એ મને વ્યક્તિ તરીકે વહાલો હતો. એ ક્યાં છે? ‘

‘એ મુંબઈમાં જ છે.’

‘તો તો આપણે કાલે જ એને ઓફિસમાં બોલાવીએ. બધી વાતની ખરાખરી થઈ જશે. રાજુ તું પણ નિકીતાને લઈને ઓફિસમાં આવી રહેજે. આપણે નિકીતાને પણ નિકુળની ઓળખાણ કરાવીશું.’

આદિત્ય, સોનાલી, શ્વેતા, નિકીતા અને રાજુ જાણે ચંપાયલી જામગરી બળતી બળતી બોમ્બના અંતર્ભાગ પાસે પહોંચીને બોમ્બ ફાટવાની હોય એમ સુંદરલાલ અને શિવાનંદને જોઈ રહ્યા હતા.

શેઠજી રિવોલ્વિંગ હાઈબેક રિક્લાઈનર પર પાછળ ઢળ્યા. બોચી પર બન્ને હાથપર માથું ટેકવ્યુ. ટેવ મુજબ આંખો બંધ કરી. 'શિવુ કાલે શા માટે? આજે જ કેમ નહી?'

'આજે જ?'

'હા આજે જ.'

'તો ફોન કર. અત્યારે જ જઈને એને મળીયે'

થોડી ક્ષણો શાંતી પથરાઈ ગઈ.

સુંદરલાલે એજ અદામાં બંધ આંખે નિકીતા તરફ મોં ફેરવી કહ્યું 'બેટા નિકુળ, તારા પેમાળ પિતાતુલ્ય સસરાને પ્રણામ કર.'

નિકીતા ઊભી થઈ. ખુરસી પર બેઠેલા શિવાનંદના પગે વળગી રડવા લાગી. શિવાનંદ એકદમ આશ્ચર્યાઘાતથી સ્તબ્ધ થઈ ગયા. એનો હાથ, પગ પકડીને બેઠેલા નિકુળ/નિકીતાના માથા પર હતો. નિકિતાને ઉભી કરી એનું મોં ધ્યાનથી જોયા કર્યું. માથાથી પગ સૂધી એની નજર ફરતી રહી. ચહેરો ઉંચાઈ, જ્યાં નજર ના નાંખવી જોઈએ ત્યાં પણ એની નજર પહોંચી ગઈ. ભરાઉ પણ સપ્રમાણ સ્તન, નિરાલીમાં એને તો નિકુળ જ દેખાયો.

શિવાનંદનો ચહેરો એકદમ લાલ હતો. પરસેવો રેલાતો હતો. શેઠજી ઊભા થયા. શિવાનંદની ખુરસી પાછળ જઈ એમના ખભા પર હાથ મુકી કહ્યું. 'દોસ્ત મને માફ કર.'

'બાપુજી સંપુર્ણ સત્ય છે.'

'આ નિકીતા ખરેખર આપણો નિકુળ છે? એને કુંદનલાલ મહેતા સાથે કાંઈ જ સંબંધ નથી? બધા શું ગોટાળા છે? તને આ બધી ખબર હતી? તમને બધાને જ આ ખબર હતી?'

‘બાપુજી આપના બધા જ પ્રશ્નનો ઉત્તર હા છે.’

શિવાનંદે ફરી પાંચ મિનીટ સુધી એના મોં સામું જોયા કર્યું. પછી એને ભેટી પડ્યા. પછી એના કપાળ પર આશિષ ચુંબન કર્યું.

‘બસ હવે મારે કશું પુછવું નથી. મારે કશું જાણવું નથી. મારે સુંદર સાથે લડવું છે.’

સુંદરલાલે હાથ જોડી હસતા હસતા કહ્યું, 'માફ કરો ભોળાનાથ, આ સત્ય તમારા કૈલાસમાં શાંતી જળવાય એટલે જ ગુપ્ત રાખ્યું હતું. હવે જાણ્યા પછી તમારે પણ ગુપ્તતાના સોગંદ લેવા પડશે.'

'વોટ ડુ યુ મીન?'

'જ્યાં સુધી પ્રાચી એકવીશ વર્ષની થાય ત્યાં સુધી એને આ વાતની જાણ ન થવી જોઈએ. સુખી સંસાર માટે આખી જીંદગી તમારા પાર્વતિદેવીને અંધારામાં જ રાખીશું.'

'બનિયા! તેરે ભેજેમેં અભી કિતને સિક્રેટ છૂપાયે રખ્ખે હૈ?'

પ્રશ્ન ઈરાદા પુર્વક અનુત્તર જ રહ્યો. આદિત્ય સાથે ચહેરાની સામ્યતા છૂપાવવા અમેરિકાથી આવ્યા પછી સફેદ દાઢી વધારવાનું શરૂ કરી દીધું હતું. સુંદરલાલ અને સોનાલી એકબીજા સામે જોતા હતા જે શ્વેતાની નજર બહાર ન હતું.

OOOOXXXOOOO

વેસ્ટપારલામાં ફાઈવ સ્ટારહોટલ 'પાર્ક વ્યુ' સંયુક્ત મેનેજમેન્ટ હેઠળ ધમધમાટ બિઝનેશ કરતી હતી. હોટલના અડતાળીસમાં માળ પર આદિત્ય અને રાજુએ મેડિકલ સર્જીકલ સેન્ટર બનાવ્યું હતું. હોટેલના પાછળના ભાગે ત્રણ એલિવેટર હતા જે નોન સ્ટોપ અડતાળીસમા માળે જ અટકતા. સેન્ટરનું ઉદઘાટન ડૉ.જમશેદજી દારુવાલાએ કર્યું હતુ અને અતિથી વિશેષ તરીકે અમેરિકાથી ડૉ.દેસાઈ અને ડો.માર્થા આવ્યા હતા.

બીજા ખાસ મહેમાનોમાં ડો.ફિરોઝશા, ડૉ.બહારબાનુ, મહારાસ્ટ્રના મુખ્ય મંત્રી અને આરોગ્યમંત્રી પણ હાજર હતા.

આદિત્ય કંસ્લટિંગ માટે મિડલ ઈસ્ટ, યુરોપ અને અમેરિકા ફરતો હતો. સર્જરી અને પોસ્ટ સર્જીકલ ટ્રિટમેન્ટ પારલામાં થતી. SRS સર્જરી પછીની ગાયનેક કાળજી માટે અમદાવાદથી ડો.મોના મહેતા આવતી. પ્રોફેશનલ ડૉકટરો સુવર્ણા વિલા પર પહોંચતા અને નાદાન છોકરાઓની જેમ તોફાન કરી લેતા.

રાજુએ પોતાની કેન્સર રિસર્ચ લેબ પારલામાં ખસેડી. ઊધનામાં કેન્સર ટ્રિટ્મેન્ટ સેન્ટર આસિસ્ટન્ટ ડોકટરો દ્વારા ચલાવતો હતો. ટાટા હોસ્પિટલ સાથે એફિલીયેશન હતું.

શેઠજીનું ઓફિસમાં જવાનું ઓછું થઈ ગયું હતું. ફોન અને ઈન્ટરનેટ પર ઘરેથી ધંધા પર નજર રાખતા. યોગેશભાઈ, શ્વેતા અને નિકીતાની મેનેજમેન્ટ હેઠળ 'આદિરાજ' નો ઝડપી વિકાશ થતો હતો. શેઠજી, એમના સુંદરનગરમાં બંધાતા 'ગણપતાશ્રમ' પોતાનો ફ્લેટ અને અક્ષય રિહેબ સેન્ટરના અંગે લાલાજી સાથે અવારનવાર દોડાદોડી કર્યા કરતા હતા. સુદરલાલની ઈચ્છા હતી કે સોનાલી એમની સાથે આવે પણ એમનાથી એ ઈચ્છા વ્યક્ત કરી શકાઈ નહિ.

આજે સુંદરલાલને થોડો તાવ હતો. શરીર દુખતું હતું. પાંડુરંગ પગ દાબતો હતો. સોનાલીના હૈયે શબ્દો આવી ગયા પાડુરંગ તું જા હું પગ દાબીશ. ગણપતકાકા ત્યાં જ હતા. હૈયે આવેલા શબ્દો હોઠ પર આવીને અટકી ગયા.

આદિત્ય અને શ્વેતા રાત્રે જુના આલ્બમ જોતા હતા.

શ્વેતા કહેતી હતી, 'લુક આ પિક્ચર બરાબર તારા જેવો જ છેને! એ જ હેર સ્ટાઈલ, એ જ આંખો, એ જ નાક. એક્ઝેટલી સેમ.'

'એમા શું? મારો ફોટો છે એટલે સેમ જ હોયને?'

શ્વેતાએ એનો કાન આમળ્યો. જો મોના હોત તો કહેત 'હજુએ બુદ્ધિનો બળદીયો જ રહ્યો. મારાથી તો એવું ના કહેવાય. પણ ધ્યાનથી જો. આ આપણું આલ્બમ નથી. આ બા બાપુજીનું જુનુ આલ્બમ છે. જો બીજો ફોટો સુવર્ણાબા સાથેનો પણ આ જ ફોટો છે.'

'હંઅઅઅ....અ. યુ આર રાઈટ...બટ વોટ્સ ધેટ મીન્સ?'

'આદિ! ટેઇક ઓફ યોર શર્ટ પ્લીઝ.'

'ઓહ, આઈ એમ લકી માય સ્વીટી, આઈ વીલ ટેઇક ઓફ માઈ પેન્ટ એન્ડ બ્રીફ ટુ.'

'યુ નોટી. ડોન્ટ બી ટુ સ્માર્ટ. આઈ સેડ ઓન્લી શર્ટ.' આદિત્યે શર્ટ ઉતાર્યું. શ્વેતા એની પીઠ પર હાથ ફેરવી ધ્યાનથી જોવા લાગી. એ નિરાશાજનક શ્વાસ મુકી ગણગણી 'કંઈ નથી. શર્ટ પહેરી લે.'

'હની, શું નથી? શું ખોવાયલું શોધે છે?

'લાલ મસો કે મોટો તલ.'

'ઓહ. હતો પણ ડર્મિનોલોજીસ્ટ પાસે કઢાવી નાંખ્યો હતો.'

'આદિ, બાપુજીના વાંસા પર પણ મોટો મસો છે. મેં એક ફિલ્મ ઘરવાલી બહારવાલી મા જોયું હતું કે ત્રણ જનરેશનમાં જાંગ પર મોટો તલ હતો. આદિ, મને શંકા છે કે બાપુજી જ તારા પિતા છે. તારા જન્મ પહેલા બાપુજી અને મમ્મી અંધેરીમાંજ રહેતા હતા. બાપુજી અને મમ્મી, બન્નેના પ્રિય રાગ કેદાર છે. કદાચ...'

'મને તો બાપુજી માટે આવી કલ્પના પણ ન હતી. જો એઓ જ મારા પિતા હોયતો? મમ્મી સાથેના એમના સંબંધો? શું એ મારા ખરેખર પિતા હોઈ શકે? સમજાતું નથી. એ આનંદની વાત કહેવાય? મમ્મીએ તો એકવાર મને કહી દીધું હતું કે આદી તું મારા પાપનું કે કોઈ બળાત્કારનું સંતાન નથી, મારા પ્રેમનું સંતાન છે.

મારી ઈચ્છાનું સંતાન છે. હું કોઈ પણ પરિવાર વગરની હતી. શું ફેર પડે? મેંતો એમને પિતા તુલ્ય સ્વીકારી જ લીધા છે. એ પણ મને દીકરાની જેમ જ વહાલ કરે છે. એ ખરેખર મારા પિતા હોય તો હું મારી જાતને ભગ્યશાળી સમજીશ. અને એ પિતા ન હોયતો પણ એમને માટેના માન પ્રેમમાં કશો ફેર પડવાનો નથી. મમ્મીએ મને કહ્યું હતું કે એક સજ્જન સંગીતપ્રેમીની સાથેના મારા સંબંધથી તેમણે મને તારી ભેટ આપી છે. મારા પર બળાત્કાર થયો નથી. કોઈ પ્રેમીએ મને દગો દીધો નથી. મારી ઈચ્છાથી મેં તને મેળવ્યો છે. મને મા-બાપ નથી, મને ભાઈ બહેન નથી, મારા કોઈ સગા નથી. મને તું કદીયે પૂછતો નહીં કે તારા પિતા કોણ છે. એ મિત્ર હતા, એની પત્ની મારી મિત્ર હતી.'

' આદી, ભલે તને અને મને ભલે ફેર ન પડે; પણ બાપુજી અને મમ્મીને તો ફેર પડે જ. મને લાગે છે કે એઓ બન્ને પરસ્પર પ્રત્યેની અંગત લાગણી કચડીને એક છત્ર નીચે જીવી રહ્યા છે. મારે એમને એક કરવા છે'

'તું કઈ પણ કરે તે પહેલાં સત્ય જાણવું જરૂરી છે. એક નિર્ણાયક માર્ગ છે. બાપુજીને ઠીક નથી લાગતું. આવતી કાલે સવારે એમને તપાસવાના બહાને એમના મોંના સલાઈવા સ્વેબ પર લઈ મારા અને બાપુજીના સેમ્પલ DNA કંપેરિઝન માટે મોકલી આપીશ સાંજે બધું કન્ફર્મ થઈ જશે.'

અને ખરેખર બીજે દિવસે DNA ટેસ્ટ રિઝલ્ટે શ્વેતાનું અનુમાન સાચું ઠેરવ્યું.

'શ્વેતા, મનેતો કોઈપણ સમયે આવો વિચાર આવ્યો જ ન હતો. તેં ખરેખર મને મારા પિતાની ભેટ આપી છે. મારે અત્યારે જ એમને પગે લાગીને બાથમાં લેવા છે.'

'પ્લીઝ ધીરજ રાખ. બાપુજી અને મમ્મીને એમનું પૂર્વ જીવન અને સંબંધ જાહેર કરવા નથી. અત્યારે આપણે સત્ય જાણીયે છીએ તે જાણતા જ નથી, એ જ રીતે વર્તવાનું છે. આદિ, મને એક વિચાર આવે છે, મારે દાદાજી સાથે વાત કરવી છે. બસ હું જે કાંઈ કરું એમાં મારે તારો સહકાર જોઈશે.'

‘હું એક પણ સવાલ કર્યા વગર સાથ આપીશ તેં તો મને મારા સાચા પિતાની ભેટ આપી છે.’

‘ઓકે, હવે હું તને એક બીજી પણ ભેટ આપવાની છું. મારા EPT ટેસ્ટમા HCG હોર્મોન્સ પોઝીટીવ આવ્યા છે.’

‘ઓહ...રિયલી?’

શ્વેતાએ આંખો નચાવતા સ્મિત સાથે ડોકું હલાવ્યું. આદિત્યે એને ઊંચકીને ગોળ ગોળ ફેરવીને બેડ પર નાંખી. આખા શરીરે ચુંબનથી નવડાવી નાંખી. બન્ને દેહ વસ્ત્રવિહિન થઈ ગયા. શ્વેતા 'નો' 'નો' કરતી આદિત્યનો પ્રેમરસ માણતી રહી. બે દેહના ઐક્યની સંતૃપ્તી પછી બન્ને બેડમાં સૂતા સૂતા ઉત્સવની યોજના કરી રહ્યા હતા. પંદર દિવસ પછી વસંત પંચમી આવતી હતી.

ત્રણ દંપતિની લગ્ન જયંતિ. વળી એ ફેબ્રુઆરીની ચૌદમી તારિખ પણ હતી. વેલેન્ટાઈન ડે. શેઠકુટુંબ તરફથી શિવાનંદ, યોગેશભાઈ, કુંદનલાલ, ફિરોઝશા ફેમિલી, પાડોસી અભિનેત્રી નિલીમા અને ડોક્ટર જમશેદજી તથા દીનાબહેન ને યથાયોગ્ય આમંત્રણ અપાઈ ગયા. આદિત્ય અને શ્વેતા, રાજુ અને નિકીતા, મોહિત અને મોના સવારથી સજીધજીને વિશિષ્ટ ઉજવણી માટે તૈયાર હતા. ત્રણે દંપતિએ સાથે બેસીને ટ્રૂકમા ગણેશ પુજન કર્યું. વડીલોને પગે લાગ્યા.

ડોક્ટર જમશેદજી એ ત ટ, દ ડ, ન અને ણની અદલાબદલી ભાષામા બધાને આશીર્વાદ આપ્યા. પછી તેઓ સોનાલી પાસે પહોંચ્યા. તેને પુછ્યું 'ડિકરી, હું ટારો બાપ જેવો કેવાઉં ને?

‘હા બાવાજી મેં તો મારા જન્મદાતાને જોયા જ નથી. તમે જ મને મારા કપરા દિવસોમાં દીકરી ગણીને સહારો આપ્યો. આજે તો તમે જ મારા પિતા છો.’

‘ટો ડિકરી જરા માથા પર સાલ્લો ઓઢી ડે. સોનાલીએ સમજ્યા વગર સૂચન માથે ચડાવ્યું.’

‘ડિકરી, મેં ટો લગન જ ની કીઢા. ટમે જ મારા પોઈરિયાઓ. મને આજે આ બઢા જુવાનીયાને જોઈને કન્યાડાન કરવાનું ડિલ થયું છે. હું ટારો હાઠ આ સોજ્જા માનસ સુંડરલાલને આપ્પાનો છું. કોઈના વાઢાને ગનકારવાનો નઠી. ગનપટભાઈ, ટમને ટો કંઈ વાંઢો નઠીને?

સૌ સ્તબ્ધ થઈ ગયા. ગણપતકાકા બાવાજી સામે હાથ જોડીને હર્ષાશ્રુ વહાવતા હતા. માત્ર શ્વેતા મરક મરક હસતી હતી. સુંદરલાલને ગણપતકાકાએ હાથ પકડી પાટલા પર બેસાડ્યા. જમશેદજી બાવાએ સોનાલીને પાટલે બેસાડી એનો હાથ સુંદરલાલના હાથમાં મુકી દીધો. શ્વેતાએ સાસુજીની સાડીના છેડાની ગાંઠ સસરાજીના ખેસ સાથે વાળી. મોનાએ થાળી વગાડી. હાજર રહેલા સૌએ તાળીથી નવદંપતિને વધાવી લીધા. સુંદરલાલે હળવેથી સોનાલીને પુછ્યું આ બધા શું કરી રહ્યા છે મને સમજાતું નથી. તમે તો મારા વેવણ કહેવાવ, આ સ્વપ્ન છે કે હકિકત?

‘સોનાલીએ જવાબ આપ્યો, મને યે સમજાતું નથી કે આવું થઈ શકે? દાદાજી આ યોગ્ય કહેવાય? આ તમારી લાડકી શ્વેતાનું જ કારસ્તાન લાગે છે.’

દાદાજીએ કહ્યું ‘આતો બાવાજીએ એમના સમાજ અને સમજ પ્રમાણે જે કહ્યું એમાં પ્રભુની જ મરજી હશે. આપણે તો રામના રમકડાં છે. એ રમાડે તેમ રમવાનું છે.’

પાર્વતિબા શિવશિવ, શિવશિવ કરતા રહ્યા. સુંદરલાલની આતે પરણવાની ઉમ્મર છે? અને તે પણ, જાતભાતની જાણ વગરી વેવાણ સાથે? શિવશિવ. જૂની આંખે નવા તમાશા.

વલ્લભે ટૂંકી પણ શાસ્ત્રોક્ત વિધીથી લગ્ન કરાવ્યા. લગ્નગીતો ગવાયા. સુંદરલાલ અને સોનાલી ગણપતકાકાને પગે લાગ્યા. ગણપતકાકાએ સોનાલીના માથા પર હાથ મુકતા કહ્યું 'બેટી હૈયાની વ્યક્ત થતી દરેક વાત સમય અને સંજોગો પર આધાર રાખે છે.' એમની નજર સુવર્ણાબેનના લેમિનેટેડ ફોટા પર હતી. એમણે આશીર્વાદ આપતા કહ્યુ.'શેઠજી સુખદ દિર્ગાયુષ્ય ભોગવો.'

'કાકા આજથી મને શેઠજી કહેવાને બદલે દીકરા, બેટા કે સુંદર જ કહેજો.'

'સારું બેટા, તમે કહેશો એમ કરીશ.'

'તમે નહિ, તું કહેવાનું'

ગંણપતકાકાથી રડી પડાયું.

એક ખૂણા પર આદિત્ય અને શ્વેતા શુભપ્રસંગને અહોભાવ પૂર્વક માણતા હતા. આદિત્ય, સુંદરલાલનું સંતાન છે તેની સ્પષ્ટતા મેળવવાની કે કરવાની જરૂર જ ન હતી. શ્વેતાએ ગૌરવ અને વડિલોનું સન્માન જળવાય એ રીતે આદિત્યને સુંદરલાલના પુત્ર તરીકે સ્થાપિત કરી દીધો હતો. દાદાજીના પહેલા ચરણ સ્પર્શ સમયે તેમણે આશિષ આપ્યા હતા 'બેટી, સુખી રહે અને શેઠ કુટુંબની વૃદ્ધિ કર' શ્વેતાએ એ આશિર્વાદને સાર્થક કરવાની હતી. ટૂંકા સમયમાં જોયલા જીવનના રંગો અકલ્પિત હતા. ખરેખર માત્ર ભગવાનને જ નિયતીની ખબર હતી. શ્વેતા વિચારતી હતી; "ન જાણું હું જાનકી નાથ, પ્રભાતે શું થવાનું છે."

આદિત્ય શ્વેતાને મનોમન બિરદાવી રહ્યો. 'શ્વેતા, આજ સુધી મારા જીવનમાં માત્ર મમ્મી જ હતા. તેં મને સાચા પિતાની ભેટ આપી છે. તેં મને મારું પોતાનું કુટુંબ આપ્યું છે. તેં મને મારો પોતાનો સંસાર અને પોતાની દુનિયા આપી છે. થેન્ક્યુ ડાર્લિંગ. થેન્ક્યુ હની. બબડતાં બબડતાં શ્વેતાના બાવડા પકડી ચુમી લીધી. ભાવાવેશમાં આદિત્ય બધાની હાજરી ભુલી ગયો.

મોનાના જોયું. સ્વભાવગત તોફાની ટીકા કરી. 'માસી આ તમારા નંગને વિવેક મર્યાદાનું ભાન ક્યારે આવશે? આવતી દિવાળીમાં બાપ બનવાનો છે પણ હજુ અક્કલ આવતી નથી કે વડીલોની હાજરીમા આવા ગાંડા ના કઢાય, શું કળીયુગ આવ્યો છે.'

આદિત્ય મોના સામે મુક્કો ઉગામી ડોળા કાઢતો હતો. “ચાંપલી”

સોનાલીએ પછ્યું 'ખરેખર?'

‘હા માસી, મેં ગઈકાલે ચેક કરી કન્ફર્મ કર્યું છે. દિવાળીમાં ડ્યુ છે. હું નામ પાડવા આવી પહોંચીશ.' બધાએ તાળીથી આનંદના સમાચાર વધાવી લીધા. સોનાલી અને હેમાલીભાભી શ્વેતાને વળગીને તેના માથે વહાલભર્યો હાથ ફેરવતા હતાં.

શ્વેતાએ પર્સમાંથી એક મોટું કવર કાઢ્યું. બાપુજી અને મમ્મીના હાથમાં મુક્યું.

'બાપુજી, આમાં મુંબઈથી ઉપડતી ક્રુઝલાઈનરની બે ટિકીટ અને બધી માહિતી છે. સિત્તોતેર દિવસનો પ્રવાસ છે. મુંબઈથી ફારઈસ્ટ, ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલીયા, સાઉથઆફ્રિકા, મિડલીસ્ટ, યુરોપ અને ત્યાંથી યુએસએ ન્યુયોર્ક જવાનું છે. ત્યાં પ્રિન્સ્ટોનમાં થોડો સમય આરામ કરીને યુ ફ્લાઈ બેક ટુ બોમ્બે... જસ્ટ રિલેક્ષ એન્ડ એન્જોય....

ડોકટર ફિરોઝશા, બહારબાનુ, મોહિત-મોના અને જમશેદ બાવાએ શરૂ કર્યું.... હી ઈઝ અ જોલી ગુડ ફેલો...સૌ એમા જોડાયા. નાચગાનથી ઉજવણી રંગે ચડી. નિલીમાએ લાલાજીને હસતા હસતા હાથ લંબાવી પુછ્યું 'મેરે દોસ્ત, ડેન્સ નહી કરોગે?' શેઠ કુટુંબના બબ્બે લગ્ન લાલાજીને માટે યાદગાર બની ગયા.

એક ફુલોથી શણગારેલી લિમોઝિન ફ્રન્ટ પોર્ચમા આવીને ઉભી રહી. શ્વેતા, સુંદરલાલ અને સોનાલીને લિમોઝિન તરફ દોરી ગઈ. લિમોઝિન નવા દંપતીને તેમની પાર્ક વ્યુ હોટલના હનીમુન સ્યુટ પર લઈ જતી હતી. લિમોઝિનની પાછળ જસ્ટ મેરિડને બદલે લખ્યું હતું

'ટુ ગેધર ફોર એવર."

।। कुर्यात सदा मंगलम ।।

સમાપ્ત

હજુ જરા બાકી છે.

આપ સૌ વાચક મિત્રોના આભાર સાથે ક્ષણિક વિરામ.....

મને વાર્તા બીજ આપનાર માધવી પંડ્યા દવેની એક પૃથ્થકકર્ણીય સમીક્ષા.

માધવી દવે

એક અંગત પ્રતિભાવ-રસાસ્વાદ

મારે માટે આ બહુ મોટી વાત છે.

પ્રવીણ શાસ્ત્રી અને વહેતી વાર્તા....

"શ્વેતા"

પ્રવીણ શાસ્ત્રીનો અલ્પ પરિચય તો હતો જ. એમની નવલિકાઓએ એને ઘનિષ્ઠ સ્વરૂપ આપ્યું. એમની લઘુનવલ પુસ્તક સ્વરૂપ પામે તે પહેલા વાંચવાની તક મળી. સાથે સાથે એમના અંગત જીવનના પુસ્તકનાં પૃષ્ઠો પણ ઉઘડ્યાં. પ્રતિભાવ દર્શનની લાલચ રોકી શકાઈ નહિ. બસ....લાગ્યું તેવું લખ્યું.

#

મારે માટે આ બહુ મોટી વાત છે.

સિત્તેરમે વર્ષે નિવૃત થઈને માણસ સામાન્ય રીતે ઘરની આરામ ખુરશી - હિંચકો, બગીચાનો બાંકડો, લાકડી કે ઘરનો ખાટલો કે કોઈક તો વળી વ્હીલ ચેર પકડે છે. પણ આતો અમેરિકા. અહીં અમેરિકામાં વસતા પ્રવીણ શાસ્ત્રીએ નિવૃત્તિની પ્રવૃત્તિ તરીકે કલમ પકડી છે! આ મારે માટે બહુ મોટી વાત છે.

હાઈસ્કુલ અને કૉલેજ જીવનમાં ઈન્ટર સાયન્સના વર્ષ પછી લેખન પ્રવૃત્તિને લાંબો, ઘણો જ લાંબો, લગભગ ૪૪-૪૫ વર્ષનો વિરામ આપ્યો. સંસાર-સાધનામાં વ્યસ્ત પ્રવીણ શાસ્ત્રીએ ગુજરાતી સાહિત્ય સાથેનો સંપર્ક સદંતર ગુમાવી દીધો. વિવિધ કારણોસર છ-સાત વાર ભારત યાત્રા થઈ પણ સાહિત્યિક વાંચનનો કે સંપર્કનો અવકાશ ન હતો.

...અને અચરતભરી વાત તો એ, કે એમના હૃદયમાં ગુપ્ત પણે વહેતું સર્જનનું ઝરણું લુપ્ત ન થતા લાંબા વિરામ પછી એક જીવન વર્તુળ પૂર્ણ કરવા જાણે કે નવલિકાઓ દ્વારા પ્રગટ થયું. આ પ્રાગ્ટ્ય દ્વારા ૭૦ વર્ષના પ્રવીણકાંત શાસ્ત્રી સાહિત્યરસિક કિશોર સાથે ફરીથી જોડાઈ ગયા અને પુનર્જન્મ થયો ૭૦ વર્ષના એક નવોદિત વાર્તાલેખકનો!

લેખક પોતાની વાત કરતાં શરૂઆતમાં જણાવી દે છે કે "સાહિત્ય શબ્દ મારાથી ન ઊંચકી શકાય એટલો વજનદાર છે. હું સાહિત્યકાર નથી જ." આ કેવળ એમનું નિરાભિમાન જ નથી, નિખાલસતા પણ છે. તેઓ નિજાનંદ માટે લખનારા લેખક છે અને એમના આ આનંદનો છેડો 'ગુજરાત દર્પણ' અને 'તિરંગા ઈન ન્યુ જર્સી' દ્વારા બહોળા વાચક વર્ગ સુધી લંબાઈને સહુને પણ એક વાર્તા માણ્યાનો આનંદ આપવાનો એમનો નમ્ર પ્રયાસ છે. એઓ એમની વાર્તાને નવલિકા ગણવાને બદલે માત્ર કૌટુંબિક જીવનની વાતો જ કહે છે.

એવી જ એક વાત, વહેતી વાર્તા "શ્વેતા" લઘુનવલનો ફલક પામીને ગુજરાત દર્પણમા હપ્તાવાર પ્રગટ થવા માંડી. આજે પુસ્તક સ્વરૂપે એ કૃતિ આપણા હાથમાં છે.

વાર્તાની શરૂઆત ખૂબ જ રસપૂર્ણ છે. કોડિલી નવવધૂ શ્વેતા, પતિ અક્ષય સાથેના સુખમય દામ્પત્યની શરૂઆતની પળોની મનોરમ કામના કરતી બેઠી છે. પરંતું પ્રથમ રાત્રિથી જ એનો, સંસાર સાથેનો સ્વપ્નભંગનો સિલસિલો શરૂ થાય છે. પતિની નફ્ફટાઈ, પરસ્ત્રી સાથેનો સંબંધ, છીછરાપણું, વ્યસંગ વ્યાસંગનો પરિચય પામીને થયેલો આઘાત હૈયામાં છુપાવીને એ મૌન રહેવાનું પસંદ કરે છે.

પહેલી રાત્રિના કટુ અનુભવ પછીની સવારે એ પરંપરાગત ભારતીય સ્ત્રીની જેમ વિચારે છે કે અક્ષયને પ્રેમ અને સેવાથી એ જીતી લેશે. પરન્તુ એજ સવારે જ્યારે અક્ષય એને નફ્ફટાઈથી કહે છેઃ

"ગુડ મોર્નિંગ હની. હાઉ વોઝ યોર નાઈટ? હોપ યુ સ્લેપ્ટ વેલ" ત્યારે પતિની ક્રૂર મનોવૃત્તિથી પરાજિત થવાને બદલે, "શ્વેતાને ઉત્તર વાળવાનું જરૂરી ન લાગ્યું. તે ઊઠીને ડાઈનીંગ રૂમમાં ગઈ." આ બે વાક્યો મૂકીને લેખક શ્વેતાના ચરિત્રચિત્રણની જાણે કે દીવાદાંડી ખડી કરી દે છે. સુજ્ઞ વાચકને અહીં અણસાર મળી જાય છે કે હવેથી એ કોઈ રડતી-કકળતી લાચાર નારીને નથી જોવાનો. આગળ બનતી ઘટનાઓ દરમ્યાન નાયિકા શ્વેતાનું પાત્ર આત્મવિશ્વાસથી ભરપૂર શક્તિશાળી મનોબળવાળી સ્ત્રી તરીકે વિકસતું રહે છે એનો અણસાર ઉપરના બે વાક્યો દ્વારા કરાવી દેવો એ લેખકની સિધ્ધિ છે.

પછીની ઘટનાઓ ખૂબ ઝડપથી વહેતી રહે છે. આ સાચે જ ઘટનાત્મક લઘુનવલ છે.

શ્વેતા અક્ષયનું હનીમૂન પર સ્વિટ્ઝરલેન્ડ જવું, કેથીનું પણ સામેલ થવું, પરસ્ત્રી સાથે વ્યસ્ત અને મસ્ત રહેતા પતિની અવહેલના અને અપમાન ચૂપચાપ સહન કરવાને બદલે ભારત પરત આવતા રહેવું; એ બધું ત્વરાથી બની જાય છે. અપમાન - અવમાનથી બળતી શ્વેતા માટે વાક્યો આવે છેઃ “ભૂખ લાગી હતી, હ્યુમીલીએશનને અવગણીને પેટમાં ઓરી લીધું" આ જ હ્યુમીલીએશનથી ભાંગી પડવાને બદલે લેખક શ્વેતાને નાટ્યાત્મક રીતે ભારત પાછી લાવે છે.

સાસુ-સસરા સ્વરૂપે શ્વેતાને માતા-પિતા મળી રહ્યા છે એની જાણ એને ત્યારે થાય છે કે હકીકત જાણ્યા પછી પોતાના પુત્રને બદલે પુત્રવધુને તેઓ સાથ આપે છે.

શ્વેતા અહીં એક વેધક પ્રશ્ન કરે છેઃ "તમે મને પુત્રી માનતા હો તો આવા ચારિત્ર્યહીન જમાઈ સાથે મને રહેવા દો ખરા?" અહીંથી સબંધના સમીકરણ બદલાઈ જાય છે. પુત્રના નામનું નાહી નાંખી પિતા જણાવે છે કે તું હવે વિધવા છે. વિધવાનું પુનર્લગ્ન હું કરાવીશ.

શેઠ સુંદરલાલ અને એમની પત્ની સુવર્ણાના પ્રસન્ન દાંપત્યની વાત છે. શ્વેતાના દુઃખદ વર્તમાનને સુખદ ભવિષ્યમાં પરિવર્તિત કરવા માટે તેઓ બન્ને દ્રઢ નિર્ણય કરે છે. શ્વેતાને એની બધી જ કુશળતા, ભણતરનો ઉપયોગ કરવાની તક સર્જે છે.

શરૂઆતમાં વાર્તા લેખક પોતાની કથનીમાં કહે છે કે હું કોઈ સાહિત્યકાર નથી પણ સોફામાં બેસીને કરાતી વાતોને આત્મીયતા પૂર્વક આલેખું છું.

લેખક અહીં એથી પણ એક ડગલું આગળ વધી જાય છે. સોફામાં બેસીને વાતોથી આગળ જઈને આ લઘુનવલ સોફામાં બેસીને જોઈ શકાતી એક સોપ-ઓપેરા બની જાય છે.

લેખકની કલમ એક કેમેરાની જેમ ફરે છે, જ્યારે તેઓ બંગલાનું, ઓફિસનું કે અન્ય વાતાવરણનું વર્ણન કરે છે. ડેકોરેશન, ડીઝાઈનનું એવું ઝીણવટ ભર્યું વર્ણન છે કે જાણે સહુ દ્રશ્યો વાચકની આંખ સામે ઊઘડતાં આવે છે. તમે તમારા મનમાં દ્રશ્યો સાથે સુમેળ સાધે તેવું પાર્શ્વ સંગીત સાંભળતા હો એવી અનુભૂતી અનુભવો છો.

દેશ્-વિદેશના વિશાળ ફલક સાથે ધરગથ્થુ અંગ્રેજીની ભરમાળ વાળી ભાષા સાથે લેખકની આંખથી આપણે દૃશ્યો જોઈએ છીએ અને શ્વેતાની વાર્તા સાંભળીએ છીએ. જે વાંચવાની વાત છે એ આમ વાચકના મનમાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમની સોપ-ઓપેરા બની જાય છે.

વાર્તા ઝડપથી આગળ વધે છે. પોલીસ ઓફિસર મલ્હોત્રાના સહકારથી સુંદરલાલ અને શ્વેતા અક્ષયને પાંસરો કરી કેથીથી છૂટો પાડવાની સફળ યોજના બનાવે છે. ત્યાર બાદ અક્ષયનું ભાંગી પડવું, ડ્રગ રેકૅટ્સનો પર્દાફા સ થવો, કેથીની ધરપકડ, અક્ષયની બિમારી, કુટેવોને કારણે એઈડ્સ ડેવલપ થવો અને અંતે એની છિન્નવિછિન્ન જિંદગી પોતે જ સંકેલી લેતો બતાવવો - આ સર્વમાં ભારોભાર ડ્રામા ભરવામાં આવ્યો છે.

ડ્રોઇંગરૂમના સોફામાં બેસીને નિહાળાતી લઘુનવલરૂપી આ સોપ ઓપેરાને રસપ્રદ બનાવવામાં લેખકે કોઈ કસર છોડી નથી. એમાં તન-ધન લાલસા છે, મનના ઉદ્વેગો છે, ડ્રગ અને લગ્નેતર સંબંધો છે, એઈડ્સ અને અત્યંત આધુનિક સેક્સ ચેઈન્જની વિગતો છે. આ વિશાળ આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રસારિત છે.

આપણામાં એક બહોળો વાચક વર્ગ એવો પણ છે કે જેઓને માનવ જીવનના આ સર્વ પાસાઓમાં બેહદ રસ છે, તેઓને તો આ લઘુનવલ ઘણી જ ગમશે એવું મારૂં માનવું છે.

લેખક પ્રવીણ શાસ્ત્રીની છણાવટ જીવનરસથી ભરપૂર છે.

હવે શું?...વાચકની ઉત્સુક્તાનો દોર તેઓ પોતાના હાથમાં રાખી શકે છે. નવલના અંત સુધી પહોંચ્યા પહેલા વાચક પુસ્તક નીચે મુકી શકતો નથી.

એક પછી એક ઝડપથી બનતી જતી ઘટનાઓ શ્વેતાને હ્યુમનમાંથી સુપરહ્યુમન બનાવતી જાય છે જેમાં એ એક સામાન્ય ઘરની દીકરીમાંથી સુંદરલાલ શેઠે રૂપાંતરિત કરેલી મોટા ઘરની વહુ, એક સફળ બિઝનેસવુમન, સંવેદનશીલ હૃદયની નિકુળની મિત્ર અને પ્રેમોત્સુક આદિત્યની પ્રેમિકા અને પત્ની બની શકી છે. આની સાથે વાર્તામાં આવતો સ્મગરનો ખજાનો કે શેઠ સુંદરલાલનો નબળી પળોમાં સોનાલી સાથે બંધાતો લગ્નેતર સંબંધ, સુવર્ણા અને સોનાલીની સંતાન પ્રાપ્તીની ઝંખના અને મેળવેલા પુત્રો પ્રત્યેનુ વાત્સલ્ય, સુંદરલાલના જ લોહીના પુત્રનું શ્વેતાના જીવનમાં આગમન વિગેરે ઘટનાઓ લઘુનવલના હાર્દને વફાદાર રહેવા કરતાં સોપઓપેરાના ફોર્મેટને વધુ વફાદાર રહેતું હોય એમ લાગે છે.

વાર્તામાં આવતાં પાત્રો શ્વેતાના પાત્રના આધાર સ્તંભ તરીકે ઊભરે છે. સુંદરલાલ શેઠ, સુવર્ણાબેન, યોગેશભાઈ, ભાભી, શિવુકાકા, ગણપતકાકા, નિકુળ, સોનાલીબેન અને અંતે આદિત્ય પણ શ્વેતાના પાત્રને નિખારે એ રીતે આલેખાયલા છે. માત્ર શ્વેતા જ નહીં પણ સુંદરલાલ શેઠ વિશિષ્ઠ વ્યક્તિત્વ ધરાવે છે. પારકા જણ્યા અક્ષયને પોતાનો જ પુત્ર ગણી સફળતાના શિખરે જોવા ઈચ્છે છે. નાહિ નાંખ્યા પછી પણ હાર્દિક લાગણી જળવાઈ રહે છે. ઘરના નોકરવર્ગને સ્ટાફ મેમ્બર અને પરિવારના સભ્યો ગણે છે તો ગણપતકાકાને વડિલ તુલ્ય માન આપે છે. વાર્તામાં સુંદરલાલ અને શિવાનંદ, શ્વેતા અને મલહોત્રા, શ્વેતા અને નિકુળ, રાજુભાઈ અને આદિત્ય, આદિત્ય અને મોનાની મૈત્રી પણ ઉચિત રીતે આલેખાયલી છે. લેખકની કલમના કેમેરામાંથી સૌ પાત્રોને વેશભૂષા સહિત જાણે કે વાચક પામી સકે છે. હળવા પાત્રો લાલાજી અને રાજુના સાળામાંથી સાળી બનેલ નિકિતાને જોઈને પાર્વતીબાના પ્રત્યાઘાત રમુજની પળ પૂરી પાડે છે.

લેખકની સાહજિક બોલીમાં લખાયલી આ વાર્તા અમેરિકામાં વસતા ગુજરાતી વાચકોને તો રસપ્રદ લાગશે જ પરન્તુ ભારતમાં વસતા વાચકોને પણ ગમશે એવી આશા રાખું છું. લેખકની આંખે લંડન જ નહિ પણ અમેરિકાના અમુક વિભાગોની સફર કરવાની પણ બહુ મજા આવી. વાર્તાના અંતિમ ચરણોમાંનું અમેરિકન જીવનનું વિગત પ્રચુર વર્ણન ઘણું આકર્ષક છે. સુંદરલાલ-સોનાલીનું પુનર્મિલન - આદિત્યને પુત્રરૂપે પામવો - પુત્રી સમાન પુત્રવધુ શ્વેતાને એ જ પદવી ફરીથી આપવી પરન્તુ સંબંધોની મર્યાદા જાળવીને રહસ્યોદ્ઘાટન ન થવા દેવું એ લેખકના વહેતા વાર્તારસની ટોચ છે.

વાર્તામાં આધુનિક વિચારસરણી ધરાવતા વડિલો છે જે બદલાતી જતી સામાજિક વિચારધારાના પ્રતિનિધિ સમાન ઊભરી આવે છે. બાળકો પ્રૌઢવયના વડિલોના લગ્ન કરાવે અને હનીમૂન પર પણ મોકલે એ પરિસ્થિતિ પશ્ચિમના જગતમાં સામાન્ય છે જેને ભારતમાં પણ સુપેરે દાખલ થતી દર્શાવી છે જે જરા પણ અજુગતું નથી લાગતું. લેખકની ભાષામાં સહજતા છે. વિગતપ્રાચૂર્ય છે પરંતુ એને કેમેરાના દ્રુષ્ટિકોણથી જોતાં અપ્રસ્તુત ન પણ લાગે. લેખકના કહ્યા પ્રમાણે વિસ્તરેલી વહેતી વાર્તાની ઘટનાઓ કોઈ પણ પ્રયાસ વગર કુદરતીરીતે જ સર્જાતી રહી. લેખક અને તેના પાત્રોને સ્વીકારવું પડ્યું કે "ન જાણું હું જાનકીનાથ, પ્રભાતે શું થવાનું છે.

જેને જીવનની અનિશ્ચિત ઘટમાળમાં રસ પડે અને વળાંકો લેતી પરિસ્થિતિઓની રોમાંચકતામાંથી પસાર થવાનું ગમે, તેમજ સાંપ્રત સમયના મનુષ્યોની જીવનરીતિમાં ભરપૂર આનંદ આવે તે સર્વ વાચકગણને આ લઘુનવલ જરૂરથી ગમશે!

સિત્તેર વર્ષે લેખનકાર્ય શરૂ કરનાર આ યુવાન લેખક પ્રવીણકાંતને અને તેમની પહેલી પ્રકાશિત થતી લઘુનવલ વહેતી વાર્તા – “શ્વેતા”; ને આવકારતા હર્ષ અનુભવતા વાચકગણોમાંની એક હું પણ તેમનું સ્વાગત કરતા ગૌરવ અનુભવું છું.

માધવી પંડ્યા દવે

પસાઈક, ન્યુ જર્સી, યુ.એસ.એ. (હાલમાં; હવે ક્લિફ્ટન, ન્યુ જર્સી.)

શ્વેતાને શુભાશિષ

મારા મિત્ર અને ન્યુ જર્સીથી પ્રગટ થતા “તિરંગા” માસિકના તંત્રીશ્રી નીતિન ગુર્જરે મારી નવલ “શ્વેતા”. બાળ સાહિત્યના જાણીતા માનીતા સર્જક અને ગુજરાત સમાચારના ઝગમગમાં “મધપૂડોના લેખક સંપાદક પૂજ્યશ્રી હરીશ(દાદા) નાયકને પહોંચાડી. એમની સાથે મારો કોઈ જ પરિચય નહી. મને ખબર પણ નહિ હે મારું પુસ્તક એમને પહોંચ્યું છે. થોડા દિવસ પછી એમનો હસ્તલિખીત પત્ર મળ્યો. જે આપને માટે રજુ કરું છું.

Unsolicited review of Shri Harish Naik (Gujarat Samachar)

વહેતી વાર્તા “શ્વેતા” માટે બાળ સાહિત્યના જાણીતા માનીતા સર્જક અને ગુજરાત સમાચાર ઝગમગના લેખક સંપાદક પૂજ્યશ્રી હરીશ(દાદા) નાયક ના પ્રેરણા દાયક શબ્દો...

***

Harish Naik

C/O Meeta Joshi
28 W.3rd Steet. Apt 1209
South Orange. NJ 07079
973-763-3687
Nov. 1st, 2011

ભાઈશ્રી,

અત્યાર સુધી ક્યાં છૂપાયા હતા તમે?

આવી સુદર રહસ્ય રોમાંચ-ભરી નવલકથા લખવામાં આટલું મોડું થાય? ભલે થયું, હવે ચાલુ જ રાખશો. આશા રાખું, બીજી નવલ શરુ જ કરી દીધી હશે. હવે નોન-સ્ટોપ ચાલવા દો.

થોમસ હાર્ડી મોટી ઉમ્મરે લેખક થયો હતો. બાવન વર્ષે તેની લેખન-પ્રક્રિયા શરૂ થઈ, પછી તો આ જુઓ—

Two on A Tower, Tess of the D’Urbervilles, The madding world. A Pair of t he blue eyes, Far from the Meddling Crowd. Woodlanders. અમે કોલેજમાં ભણેલા અને અમારા પ્રોફેસર

એસ.આર. ભટ્ટ તો થોમસ હાર્ડીના વખાણ કરતા થાકે નહિ. કહે, Story must move. If story does not move you move.

મિત્ર! આને લઘુ-નવલ ના કહેશો. સંપૂર્ણ નવલકથા છે. એ – ત્રિઅંકી નાટક, કોઈ પ્રવેશ ચૂક્યો નથી. ચિત્રપટની પટકથાની જેમ ઝાટકાથી શરૂ થઈ છે. રચના, દરેક પ્રકરણ, નવો વળાંક, પાટા બદલાય, પણ ગાડી એજ, પ્રવાસીઓ એજ, (જૂના) વાસી થાય નહિ; નવા પોતપોતાની આઈડેન્ટીટી સાથે ઉમેરાતા રહે. દરેકનું સંધાણ, કોઈ એલફેલ કે અમસ્તુ નહિ. ફ્લેશ-બેક તો એવા કે ધપ્પા અને ધપ્પા મારીને પાછી ગતીને વેગમાં લાવી દે!

તા. ૨૦ ઓક્ટોબરથી ૨૮ ઓક્ટોબર હું હોસ્પિટલ હતો. ૨૮મીએ ૮૫ પૂરા કર્યા. માથું ઊંચું રાખી, દીવો ચોપડી પર ખેંચી વાંચવા માંડ્યું. એક મિનિટના એક લેખે પાના વંચાતા ગયા. દરેક પ્રકરણે થાક ખાવા શ્વા લેવા રોકાતો અને ફરી શરૂ. ૨૨૦ મિનિટમાં ચોપડી પૂરી. એક્કી બેઠકે કહે છે તે યથાર્થ.

નવીનતા ભરપૂર છે, સાથે દરેક પ્રકરણે વાર્તા ફંટાઈ શકે; નાયિકા જો વિચારવંત ન હોય તો ફેંકાઈ જાય. અમેરિકામાં એવી ફેંકાયલી-નગવાયલી પાત્રિકાઓ ઘણી.

પહેલા મુખ્ય-પાત્રના મૃત્યુ-આપઘાત-થી તો રહસ્યકથા જ શરૂ થઈ શકે. અગાથા ક્રિસ્ટી તો ત્યાંથી જ શરૂ કરે. તમે ય કરી શકત. પણ તમારે તો અમારી ગુર્જરી ભારતીય સામાજિક કથા લખવી હતી. રહસ્યનો લોભ જતો કરી મૃત્યુનું રહસ્ય ટૂંકાણમાં જ પતાવી દીધું કે વાર્તા ચાલી આગળ.

શ્વેતાને જો આદિત્ય ન મેળવી આપ્યો હોત તો દુઃખ થતે. કેટલી સહનશીલ, સાહસિક, વિચારશીલ. ઘોડેસવારી વખતે મજા આવી ગઈ પણ તમે તેની વ્યાયાત્મક કારકીર્દીનો પાયો ચણી એ ઘટનાને વાસ્તવિક બનાવી દીધી. નહિ તો ફેન્ટસી બની જાત.

વયસ્ક પાત્રોને પણ આપે ચેતનવંતા બનાવ્યા છે. ના, તેમની જુવાની કંઈ ઓછી તિકડમ વાળી ન હતી!

શુધ્ધ ભારતીય લગ્ન સંસ્કારો સાથે આધુનિક રીત રસમોને જોડીને સમોસાને ચિકન યા ચિકનને સમોસાનો અણસાર આપી શેડો-પ્લેની કરામત ગમી.

૬૦ વર્ષથી સંપાદક-લેખક રહ્યો છું. ઘણું લખી શકું. પણ મોટ્ટા અક્ષરે લખાયેલા 'ધન્યવાદ' માં બધું સમાવી લેશો.

આટલી સ્ફૂર્તિદાયક કથા મન્થલી મેગેઝિનમાં ન લખાય. હવેથી આખી હસ્તપ્રત એક્કી વખતેજ લખી નાંખશો. પછી ભલે તે હપ્તાવાર છપાયા કરે.

શાસ્ત્રીને શીશ,

વીણાની ઝણકે વીણ,

પ્ર હેલ સામે છે ટહેલ,

લખતા રહો, લખતા રહો, લખતા રહો.

હરીશ નાયક.

Harish Naik

C/O Meeta Joshi28 W.3rd Steet. Apt 1209

South Orange. NJ 07079

973-763-3687

Nov. 1st, 2011

હરીશ દાદાનો એક માણવા જેવો વિડીયો.

http://www.youtube.com/watch?v=JvlKpP2N-4k

“શ્વેતા”- સ્વ. શ્રી તુષાર ભટ્ટ અને શ્રી રમેશ જાદવ.

શ્વેતા નવલકથાની પૂર્ણાહુતિ પહેલાં સદ્ગત શ્રી તુષાર ભટ્ટના પ્રતિભાવ મુકવાની લાયચ રોકી શકતો નથી.. હું મારા નાનાભાઈ મહેશભાઈ ભટ્ટ સાથે એમના અંતિમ દિવસોમાં એમની ખબર કાઢવા ગયો હતો. “શ્વેતા”ની વાત નીકળતાં મેં એમને એ પુસ્તક આપ્યું. એમણે એમની બહેન શીલાબેન ભટ્ટ દ્વારા ઈ-મેઇલથી એમનો પ્રતિભાવ મોકલી આપ્યો....એમની વિદાયના માત્ર પંદર દિવસ પહેલા. શ્વેતાના અંતિમ પ્રકરણ પહેલા મારી સદગત્ તુષારભાઈ ભટ્ટને હાર્દિક અશ્રુભીની શ્રદ્ધાંજલી. ભટ્ટ પરિવારના આભાર સહિત એમનો પ્રતિભાવ આપને માટે રજુ કરું છું.

From: Tushar Bhatt

J-3/14, Patrakar Colony, Naranpura Ahmedabad.

Dear Pravinbhai/Maheshbhai,

It was very nice of you both to have paid a visit to my house to enquire after my health. The following are few lines I have send regarding "Shweta". Hope my views will be useful to you.

"Shweta", an action-based novel is set in India and in USA where the author lives and is using a various mixture of Gujarati as spoken in America and English in Gujarat by NRIs.

It is a welcome effort because very few attempts have been made to document new immerging Gujaratis as in USA. Also devoid of pompus Gujaratis, which is ornamental and as if same special language is used in literature. It is not so. Mr. Shashtri is a Surti and after 42 years still loves his motherland.

Pravinbhai as he is known among friends is an unassuming man. It is a good marketing tactic. His style does not possess, literary embellishment and easy to read. It also keeps in pace with modern trend in world literature. He deserves a better noticed. Gujaratis in America have a habit of using literature as social stepping stone, which evalues both literature and writers. Pravinbhai is mercifully free from this.

Tushar Bhatt

Former Editor, Times of India

અને આ છે ...શ્વેતાના લોકાર્પણ સમયે સાહિત્યકાર, પત્રકાર શ્રી રમેશભાઈ જાદવ તરફ થી મળેલો શુભેચ્છા સંદેશ.

રમેશ જાદવ

“શ્વેતા”ના લોકાર્પણ સમયની શુભેચ્છા.

પ્રવીણ શાસ્ત્રી રચિત પ્રથમ લઘુનવલ ‘શ્વેતા‘ અતિ રસપૂર્ણ અને પ્રેરણારૂપ નવલ છે. ૨૧મી સદીના સમાજલક્ષી ગુણધર્મોને તેમણે વાર્તાના રસપ્રદ પ્રવાહમાં આબેહૂબ પ્રગટ કર્યા છે. આધુનિક જીવનના રંગ-તરંગોને મેઘધનુષ્યની જેમ કથામાં વણી લઈ સપ્તરંગોથી તેને ઝળહળિત કર્યા છે. કથાના પ્રસંગો, તેના બનેક પાત્રો અને જીવનની ઘટનાઓને, તેમના મનો ભાવોને વાણીના અસ્ખલિત પ્રવાહની જેમ અતિસય વેગીલા બનાવ્યા છે અને તેથી કથાનો પ્રવાહવાચકના મનને સતત જકડેલું રાખે છે. માનવ જીવનની સાંસારિક પરંપરાની અનુભૂતિ કરાવે છે.

નવલની ભાષા ગુજરાતી છે, અંગ્રેજી શબ્દોથી પ્રચુર છે, પણ વાચકના મનમાં ખટકે એવી નથી. આજના વર્તમાન જીવનની એ નક્કર વાસ્તવિકતા છે. તેમના સાહિત્યિક લેખનના શબ્દો, ભાષા અને શૈલીપણ રસાળ છે. ઔચિત્યસભર છે. તેથી વાર્તાનો પ્રવાહ પણ રસમય બની સતત વહેતો રહે છે છે.

‘શ્વેતા‘ના લેખક પ્રવીણભાઈએ તેમના જીવનનો શ્રેષ્ઠ સમયગાળો અમેરિકામાં વીતાવ્યો અને ભૌતિકજગતના જ્ઞાનીપુરુષ બની ગયા હોય એમ નથી લાગતું? લઘુનવલમાં સાંસારિક દૃશ્ય-શ્રાવ્ય વર્ણનોની વણજારો ઊભી થતી જાય ત્યારે વાચકોને તેનો જરૂર અહેસાસ થવાનો! તેમની કલમમાંથી ભૌતિક જગતની સર્વે ચીજવસ્તુઓ અને સુવિધાઓની માહિતીપૂર્ણ અને અસરકારક વિગતો શબ્દે શબ્દોમાં સતત પ્રગટ થતી જાય ત્યારે તે વાંચીને વાંચકને જરૂર આશ્ચર્ય થશે! વાહ, અદભૂત વર્ણન છે.

યુવાન વયે વાર્તાલેખનના વ્યસને પ્રવીણભાઈનું ઈન્ટર સાયન્સનું વર્ષ બગાડ્યું હતું, એવી ટકોર એમણે જાતે કરી છે. પણ એમને એ સમયે કદાચ ખબર નહિ હોય કે તેમના પ્રારબ્ધે જ તેમને ગુજરાતી ભાષાના વાર્તાકાર કે નવલકથાકાર બનાવવા તેમના જીવનને વળાંક આપ્યો હતો. તેથી ભલે ૭૦ વર્ષની ઉમર સુધી તેઓ ગુજરાતીભાષાની કલમથી વંચિત રહ્યા, પણ જેવા સાંસારિક જીવનની કારકિર્દીમાંથી નિવૃત્ત થયા કે તરતજ તેમણે ગુજરાતી ભાષા અને સાહિત્યમાં પ્રવૃત્ત થવા ઝંપલાવ્યું, ભલે હું નિવૃત્ત થયો, હું વૃધ્ધજન થયો પણ ગુજરાતી સાહિત્ય પ્રત્યેના મારા મનોભાવ મરી પરવાર્યા નથી, એવા દૃઢનિરધાર સાથે તેમણે ૭૦ વર્ષની વયે કલમ ઉપાડી અને જીવનનો નવો પ્રવાહ વહેતો કર્યો.

****

(તેમની આ ટકોરે મારા જીવનના ઈન્ટર સાયન્સના વર્ષને મળેલા અણધાર્યા વળાંકની યાદને તાજી કરી છે. ૧૯૫૭માં વિશ્વના પ્રથમ ઉપગ્રહ સ્પુતનિકના ઉડાણ સાથે વિશ્વની બે મહાસત્તાઓ વચ્ચે અવકાશી દોડ શરૂ થઈ અને તેમાં હું આકર્ષાયો. અવકાશ વિજ્ઞાનનો ચાહક અને સાથે વિજ્ઞાન લેખક પણ બન્યો. તેથી થવું હતું ડૉક્ટર પણ થયો વિજ્ઞાન સ્નાતક અને પછી તરત જ પત્રકારત્વમાં ઝંપલાવ્યું. વિજ્ઞાન મને તેની પરાકાષ્ઠા રૂપે અધ્યત્મ ભણી દોરી ગયું. બાહ્ય જગતના સત્યોને બદલે આંતરિક જગતના સત્યોની ખોજ કરવા તથા એ અધ્યાત્મ પથને સાદી-સરળ ગુજરાતી ભષામાં લોકો સૂધી પહોંચાડવા માટે પ્રવૃત્તિશીલ બન્યો. એજ તો પ્રભુએ ઘડેલું મારું પ્રારબ્ધ છે. કશું બગડ્યું નથી)

****

૭૦ વર્ષની વયે લખેલી આ પહેલી લઘુનવલ બદલ પવીણભાઈને અભિનંદન પાઠવું છું અને જીવનના એ નવતર પ્રવાહને સતત જીવંત રાખી ગુજરાતી ભાષા અને ગુજરાતી પ્રજાની લોકસેવા માટે વધુ અને વધુ પ્રયત્નશીલ બનતા જશે એવી શુભકામના!

રમેશ જાદવ, તંત્રીઃ ગુજરાત ટાઈમ્સ.

માનનીય શ્રી રમેશભાઈ જાદવના સાહિત્ય સંગમ દ્વારા અપાયલા એક અછડતા પરિચય માટે નીચેની લિન્ક પર ક્લિક કરો

http://gujaratisahityasangam.wordpress.com/2009/02/19/ramesh-jadav-ek-achhadato-parichay/

Philosopher writer Mr. Bharat Mehta.

SWETA is a fictional story.

Aristotle had said that fiction is greater then history, because in fiction, writer is free to show as man ought to be and might be, where as history writer has to show man as appear in society. A man — nature's wonder creation, has to conceive in artist's free mind and not in society's no mind!!!

SWETA is a fictional character, presented in novel as a stronger and larger then life. She is not a traditional woman, who marries to a man and got her husband from just marriage, but has to resists lot of block, a drug addict husband, and what and what not ? She proved super woman by using her super brain! She is not a woman, as presented in this story, who go to temple and pray, but sit silent, give thought and consideration, and make choice and act with confidence and get all what is best to come to her life.

What is most noticeable is about drug culture. The lust for money, lust for short way, and destruction came on every step…all detail relevant and nicely described.

Fiction—as is said by Ayn Rand—is soul of philosophy. And, Sweta is lovely story—alive and enlightening !

Please read it and kept it in heart !

Philosopher writer Mr. Bharat Mehta. Surat.

શ્વેતા અંગે ફેસબુક વાચક મિત્રોના થોડા પ્રેમાળ પ્રતિભાવો

54 Kaushik Mulsha, Mihir S Patel અને 52 અન્ય લોકો ની ટિપ્પણીઓ

Jagdish Thakur હવે શું ?
૨૯ દિવસ જકડી રાખ્યા હવે શું થશે ને કલ્પનાઓના ક્યારે ક સાચા તો ક્યારે ક ખોટા ઘોડાઓ દોડાવ્યા સાચા પંડયાનો આનંદ તો ખોટા પડયાનો ઉત્સવ કર્યો
અંતે બધુ સારું થયું એક પાર્વતીબેન ને બધા એ છેતરા ખુદ ભોળા શંભુ એ પણ
સરસ વાર્તા ને કેટલાક વર્ણન તો અદભૂત હતા
હા લેખક અમેરિકામાં હતા છતાં મુંબઈ નું ચિત્ર સરસ રજુ કર્યું
પહેલા વાચકો પણ અમેરિકાના હોય અમેરિકાની સેર નહી કરાવી બાકી ભારતના વાચકોને જલસો પડશે
એકાદ બે જગ્યાએ એકરાગીતા ખૂટી લગ્ન શ્રાદ્ધ પક્ષ મા થયા તે ને કમિશ્નર હિરો હોન્ડા પર આવ્યા
બાકી ખૂબ સરસ રહી શરૂઆતના વળાંકો ને પાછળથી શાંત પ્રવાહ ગમ્યો
બીજી વાર્તા ફક્ત અહીં માટે લખો અથવા જૂના લખાણો અમારી વચ્ચે વહેંચો

લાલાભાઇ પટેલ સુરત
આભાર દાદા એક રસભરી યાત્રા કરાવવા બદલ
એક વિનંતી ફરી જલ્દી નવી કુતિ લાવશો

Naitik Dave Thank you very much dadaji

Jagdish Manilal Rajpara
Superb Sir no words comment please you have blessed of Ma Sarswati

Sudhir Sairam Sairam. .....

Maza Aavi.....enjoyed 30 days. .....સમાપ્ત.. sabda gamyo NAHI. ....|| कुर्यात सदा मंगलम ||. last word Barabar Hata.....ok....JAISAIRAM.....HAPPY JOINT FAMILY.....Heart touching

Sanjay Ravani વાહ મજ્જા આવી ગઈ ....

સ્વેતા ભાગ 2 નો ઇંતેજાર રહેશે

Mansukhlal Gandhi

Nice

Mitul Parmar

ત્રીસે-ત્રીસ દીવસ વાંચવાની મજા આવી

આભાર આપનો

Dilip Ek'love Memory

पीडीएफ aapsho??

Pravin S Dharaiya

Nice story.

Have 2nd story kyare chhaku karo chho?

Fb ma book read karva ni aadat jo padi gai chhe!!!

Gohil Pravinshinh પ્રીપ્લાન વગર જે થાય એ કુદરતી છે , જે કુદરતી માં છે તે કૃત્રીમમાં નથી , માટે જ શ્વેતા એક સારી લઘુ નવલ કથા બની છે.

Rupa Arvind Joshi I loved waiting to read this novel. I would like to give it my name. "Mahashweta Kadambari" Of recent age. Thanks a lot Pravinbhai. 🙏🌸🇮🇳...

Kirit Vachhani 👉💐 અદ્ભૂત.

Bhupendera Kumar Yadav પારિવારિક કથા !
ખૂબ મજા પડી; ખાસ તો વિકલી ને બદલે ડેઇલી એપિસોડ ને કારણે !!

Dhiraj Panchal
શું આજે ખરેખર ત્રીસ દિવસ થયા !! વાર્તા ના ઘણા પાત્રો એ જીવંત બની હર્યા, ફર્યા અને સમૃદ્ધ થય. વાહ, લાજવાબ.

Shashikant Vanikar
Wah...what a MeLoDy...bestm best. Thnx a lot. Fully enjoyed with full passion, so FULL THANK YOU 4 FULL STORY. Thnx a lot.
And, now onwards, am missing UR PRECIOUS JOY of sweta as its imbibed with me - my daily life.....MISS YOU : My SWETA.
Purely my opinion - the NAME, SWETSUNDAR also may suit coz u know ver well than mee. By d way, its ur PURE choice N right.
SaLuTe....4m Direct Dil Se....2 ur BEAUTIFUL MIND n SPIRIED HARD WORK...again..hats off.

Kaushik Purani

Pravinkant Shastri.....Waah...Excellent....અદ્ભુત ખુબ જ મઝા આવી

Rajul Kaushik કુર્યાત સદા મંગલમ. જેનો અંત સારો એનું સૌ સારું.

Anila Patel Shetane parnavata aapane navneja avi gaya ane matrutva bahu zadapathi aapi didhu. What a miracal?.....
Game tem pan varta vachavani ane roj roj intejar karvaniye maja aavati hati.

Suresh Patel Pandavomanthi pasandagi karavani hati, Akshaya, Malhotra, Raju, Nikul ane Aditya! Ane antma Adi! Adi thi anta! Pravinkant Shastri, shun aap to safed dadhi vadharata nathine Kai chhupavava!

Vijay Patel સુખાંત....શ્વેતા...

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

Ranjan Gandhi 30 દિવસ કયા પૂરા થઇ ગયા ને આપની લઘુનવલ કથા પૂરી પણ થઇ ગઈ.ખરેખર ખુબ ખુબ મજા આવી ,ઘણા સમય બાદ આટલી મનને જકડી રાખનાર વાર્તા વાંચવા માં આવી તે બદલ ખુબ ખુબ આભાર શાસ્ત્રીજી.

Prakash Vyas Thanks Pravinbhai , Great Sweta Story Set With Lovely Characters , Emotional Happy End, Will Wait To Read Next Story 🙏

Hasmukh G. Chaudhary Good..👍👍Jordar

Bansilal Dhruva Pravinkant,many congrats. I did not imagine your 'Literatury' personality. One little social'Kathavastu' ,and very interesting, where in emotions are also beautifully described, each character also nicely behaved. You deserved all the kudos. Awaiting one more.

Manish Desai હાસ.... હવે હું નેક્ષ્ટ સનડે.. આખી વારતા એક સાથે વાંચી શકીસ.. સાલી કીસ્તોમેં ક્યા પઢના..!! જબ શાસ્ત્રીજી લીખતે હે યું બેહીસાબ..

Vijay Patel હુંય તે...આદિત્ય પ્રકરણે અટકી જ ગયો...
આમ ન ચાલે સળંગ વાંચીશ એમ... આજે હમણાં જ પૂરી કરી... નિમિત્ત શ્વેતા નું...

Mansukhlal Gandhi Nice

Mihir S Patel આપણું અદ્ભુત લેખન વાંચ્યું. આજે એક સામટા 3 પ્રકરણ વાંચીને કથા પૂર્ણ કરેલ છે..

Reema Naik Pachi 2 navi varta lakhjo

Shashikant Vanikar Read N its SUPRB....hearty SALUTE.

Satish T Parikh દાદા, અભિનંદન આપવા માટે ના શબ્દો પણ ખુટી પડે તેવી લાવણ્યમય શ્વેતા અને સુંદરલાલ શેઠજી એ પુરા ૨૯ દિવસ સુધી જકડી રાખ્યા. હવે શુ? હેટ્સ ઓફ ટુ ઔર ઇમેજીનશન.

Minal Red Ruby
ઓહ્હ, પુરી થઇ ગઇ નવલકથા!
છેલ્લા બે ભાગ આપે બુલેટ ટ્રેનની ઝડપે પુરા કરી લીધાં! બે ભાગમાં જાણે ફટાફટ બધું સંકેલી લીધું! છેલ્લા ૩,૪ ભાગમાં જો કે અંદાજો આવી ગયેલો કે હવે વાર્તા કઇ ગતિએ અને કેવો વળાંક લેશે, અને થયું પણ એવું જ!
જે હોય તે પણ, આ લઘુ નવલકથા વાંચવાની મજા આવી અને કમેન્ટસ કરવાની પણ!
હવે તમે જે ટેવ પાડી છે સવારે ઉઠતા જ તમારી વાર્તા વાંચવાની, તો હવે એનું શું!!

Nayana Shah Many many thanks Pravinkant bhai. You posted such a nice story Sweta. All characters and occasions description very good from the beginning to end story excellent and in the morning first thing to read Sweta from last 30 days and now we missed it. Hope you put some other story after some time all the best

DrNishit H Ambalia Superb.

Sanjay Nanani Pravinbhai superb varta.. Chelle sudhi pakad jamavi rakhi.....

હવે મિત્રો આપનો વારો,આપને મારી નવલ “શ્વેતા” કેવી લાગી? શક્ય એટલા આપના પ્રતિભાવો ઈ-બુકમાં આપના આભાર સહિત સમાવીશ. તો લખવા માંડો. સીધું મારી વૉલ પર લખવા માંડો. પ્લીઝ નોટ ઈન મેસેન્જર ઓર ઈન-બોક્ષ.

લેખકનો પરિચય

જન્મ :– ૧૫ સપ્ટેમ્બર ૧૯૩૯, સુરત, ગુજરાત
અભ્યાસ :- બી. એસસી., સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત, ગુજરાત
વ્યવસાય :- R & D Analyst (નિવૃત્ત)
૧૯૬૮ લંડન યુ. કે.
૧૯૭૦ ન્યુજર્સી, યુ. એસ. એ.
પ્રથમ નવલિકા 'પાગલની પ્રેયસીઓ' (નવવિધાન) ૧૯૫૭
પ્રથમ એકાંકી નાટ્યકૃતિ 'જુલીના ચક્કરમાં લંડન' ૧૯૬૮
પ્રથમ નવલિકા 'સ્પેસ' ગુજરાત દર્પણ યુ.એસ.એ. ૨૦૦૮
પ્રથમ નવલકથા 'વહેતી વાર્તા' ગુજરાત દર્પણ

શ્વે તા

નવાઈ જ લાગે, એવું સાંભળીએ તો કે નિવૃત્ત થયા પછી સુપુપ્ત સાહિત્યપ્રીતિ સર્જનાત્મકતાને સથવારે અનેક નવલિકાઓ અને નવલકથાનું નજરાણું સાહિત્ય પ્રેમીઓને સાદર કરે.

હા, હું વાત કરવા ઈચ્છું છું ભાઈ પ્રવીણકુમાર શાસ્ત્રીની. શાળામાં મારા વિદ્યાર્થી અને સહકર્મી રહી ચૂકેલા પ્રવીણભાઈ શિક્ષક-પરિવારની સંસ્કારપ્રીતિ સમાજનું ઋણ અદા કરવાની નિષ્ઠા અને નિતનવું કરતાં રહેવાના અરમાનો સાથે જીવનપથ પર આગળ વધતા રહ્યા. આપબળે જ અડગ નિર્ધાર સાથે ઈંગ્લેંડ અને અમેરિકાની ધરતી પર પુરુષાર્થ કરતા રહ્યા. એમણે એમના જ નહીં પણ અનેક પરિવારોને અમેરિકામાં સ્થાયી વસવાટ માટે પ્રેર્યા, સહાય કરી અને માર્ગદર્શન પણ પૂરું પાડ્યું. આજે નિવૃત્તિનો નિજાનંદ માણતા પ્રવીણભાઈ અનેક પરિવારોના પ્રેરણામૂર્તિ છે.

પ્ર વી ણ

વિપરીત સંજોગો સામે ઝઝુમી એમણે પ્રતિષ્ઠા, યશ અને સમૃદ્ધિ તો પ્રાપ્ત કરી જ પણ સાથે સાથે જીવનમાં શું કરવું જોઉએ, શું કરી શકાય અને અંતર્નિહિત સમૃદ્ધિને શી રીતે યોગ્ય દિશા ચીંધી શકાય એના આદર્શ પણ સામાન્યતામાં રાચતા અને આંતરિક શક્તિઓને અવગણતા યુવાધનને પૂરો પાડ્યો, એમ કહેવામાં જરા ય અતિશયોક્તિ નથી.

શા સ્ત્રી

જીવનના સાત દાયકા પછી માણસની આર્થિક અને અનુભવ સમૃદ્ધિ વધી જ હોય જો એણે સાચી દિશામાં પ્રયાણો કરી મબલખ પુરૂષાર્થ કર્યો હોય. પ્રવીણભાઈએ પોતાના અનુભવ સાગરમાંથી પ્રાપ્ત મોક્તિકો સમાજને સાદર કરવાનું નક્કી કર્યું હોય એવું લાગે છે.

'શ્વેતા' એમની પ્રથમ લઘુનવલ છે. પ્રસંગો અને પાત્રોથી છલકાતી આ કૃતિ સાદ્યંત આસ્વાદ્ય છે. ઘટનાક્રમની ઝડપ અને વૈવિધ્ય વાચકને કુતૂહલ પ્રેરિત રાખે છે અને એકી બેઠકે જ સમગ્ર કૃતિને માણી લેવા પ્રેરે છે.

ભાઈ પ્રવીણની કલમ આવી અનેકાનેક આસ્વાદ્ય અને સમાજલક્ષી કૃતિઓ સમાજને ભેટ ધરે એવી હાર્દિક શુભેચ્છાઓ હું પાઠવું છું.

– પ્રો. હરિકૃષ્ણ ર. જોષી
ભૂતપૂર્વ આચાર્ય (વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરત)